BAOU
Education for All

Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)

# માસ્ટર ઓફ કોમર્સ

સેમેસ્ટર-૧

# ભારતીય નાણાકીય વ્યવસ્થા

## MC01ECN102



## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.


**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિશ્રી,**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**BAOU** Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ સેમેસ્ટર એમ. કોમ.

**MC01ECN102**

## બ્લોક – 1

## ભારતીય નાણાકીય વ્યવસ્થા


| | | |
|---|---|---|
| એકમ-1 | ભારતીય નાણાકીય વ્યવસ્થા | 1-15 |
| એકમ-2 | મૂડી બજાર – I | 16-26 |
| એકમ-3 | મૂડી બજાર – II | 27-43 |
| એકમ-4 | ગૌણ બજાર | 44-55 |
| એકમ-5 | ઋણ બજાર (Debt Market) | 56-71 |

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. શૈલેજા પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રીમતી એમ.પી પટેલ કોલેજ ઓફ કોમર્સ,કડી,મહેસાણા. |
| | ડૉ. શ્રીદા શાહ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.એલ.એસ. યુનિવર્સીટી, અમદાવાદ. |
| | ડૉ. મનીષ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રી એમ.વી.પટેલ બી.એ.પટેલ ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ. |
| પરામર્શક (વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રો. ધર્મેન્દ્ર મિસ્ત્રી | પ્રિન્સિપાલ,<br>એમ. સી. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. દીપક રાસ્તે | એસોસિયેટ પ્રોફેસર,<br>સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| પરામર્શક (ભાષા) : | ધનશ્યામ કે ગઢવી | નિવૃત્ત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા |
| | ડૉ. લિનાબેન સ્વાદિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર. |
| | ધીરજ સી. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ. |
| સંયોજક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

આવૃત્તિ : સુધારેલ પુનઃ આવૃત્તિ - 2026

ISBN: 978-81-947654-4-8

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી;દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે.આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધાંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ : 1 ભારતીય નાણાકીય વ્યવસ્થા

## : રૂપરેખા :


1.1 પ્રસ્તાવના, વ્યાખ્યા

1.2 ભારતીય નાણાકીય વ્યવસ્થા

1.3 ભારતીય નાણા વ્યવસ્થાના મુખ્ય ઘટરકો

1.3.1 નાણાકીય બજારો

1.3.2 નાણાકીય મધ્યસ્થીઓ

1.3.3 નાણાકીય સાધનો

1.3.4 નાણાકીય સેવાઓ

1.4 નાણાકીય બજારોના પ્રકારો

1.4.1 સંગઠિત બજાર

1.4.2 બિનસંગઠિત નાણા બજાર

1.5 નાણાકીય વ્યવસ્થાના કાર્યો

- ટૂંકમાં સમજૂતી
- સ્વાધ્યાય


## 1.1 પ્રસ્તાવના, વ્યાખ્યા

**નાણાકીય વ્યવસ્થા એટલે શું ?**

નાણાકીય વ્યવસ્થા વ્યક્તિને, ધંધાને અને સરકારને નાણાકીય સ્રોત પૂરા પાડે છે. નાણાકીય વ્યવસ્થા આંતરસંબંધિત પ્રવૃત્તિઓની શૃંખલા છે જે એક સાથે મળીને કામ કરતી સેવાઓના સમૂહ છે. જે પૂર્વ નિર્ધારિત લક્ષ્યાંક સિદ્ધ કરવાનું કાર્ય કરે છે. તેમાં જુદી-જુદી બજારો, નાણાકીય સંસ્થાઓ, નાણાકીય સાધનો, નાણાકીય સેવાઓ તથા બચતોના ઉત્તેજનને અસર કરતી પદ્ધતિઓ, રોકાણ, મૂડી રચના અને વૃદ્ધિનો સમાવેશ થાય છે.

**Definitions :**

વાન હોર્નના મતાનુસાર -

"નાણાકીય વ્યવસ્થાનો હેતુ અર્થતંત્રમાં બચતોની અસરકારક રીતે ફાળવણી કરીને અંતિમ ઉપભોક્તાને રોકાણો કરવા માટે, સ્થાવર મિલકત માટે અથવા ઉપભોગ કરવાના માટેનો છે."

રોબિનસનના મતાનુસાર -


"નાણાકીય વ્યવસ્થાનું પ્રાથમિક કાર્ય નવી સંપત્તિના સર્જન માટે તથા વર્તમાન સંપત્તિના પોર્ટફોલિયોમાં ફેરફાર કરવા માટે બચતો તથા રોકાણો વચ્ચે જોડતી કડી પૂરી પાડવાનું છે."

નાણાકીય વ્યવસ્થાનું મુખ્ય કાર્ય બચતોને ઉપયોગમાં લેવા માટે ગતિશીલ કરવાનું છે. તેમજ લાંબા અને ટૂંકાગાળા માટેના ઔદ્યોગિક રોકાણો માટે નાણાની વહેંચણી કરવી અને ઔદ્યોગિક ક્ષેત્ર તથા આર્થિક વૃદ્ધિનો વિકાસ કરવા માટે મૂડીરચનાને પ્રોત્સાહિત કરવાનું છે.

## 1.2 ભારતીય નાણાકીય વ્યવસ્થા

નાણાકીય વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ જરૂરિયાતમંદ લોકોને નાણાભંડોળ પૂરું પાડવાનો છે. નાણાકીય વ્યવસ્થાતંત્રનું માળખું એવી રીતે રચાયું છે કે તે જરૂરિયાતમંદ લોકોની વિવિધ નાણાકીય જરૂરિયાતો પૂરી કરે છે. અર્થતંત્રની પ્રત્યેક વ્યક્તિને જુદા-જુદા હેતુઓ માટે નાણાની જરૂર પડે છે. તેવી જ રીતે કોઈપણ ધંધાકીય એકમને કોઈ ફેક્ટરીને વર્કશોપને પગાર ચૂકવવા માટે, કાચો માલસામાન ખરીદવા માટે, નવી યંત્રસામગ્રી ખરીદવા માટે અથવા જૂના યંત્રસામગ્રી બદલવા માટે નાણા ભંડોળની જરૂર પડે છે તેમજ વેપારીઓને જુદા-જુદા સોદાઓ કરવા માટે તથા વેપાર ધંધો વિકસાવવા માટે નાણા ભંડોળ જરૂરી પડે છે.

નાણાકીય વ્યવસ્થા તેના વિવિધ ઘટકોની મદદથી જેવાકે, નાણાબજાર, નાણાકીય મધ્યસ્થીઓ, નાણાકીય સાધનો વગેરેની મદદથી આ ઉદ્દેશ પાર પાડવાના પ્રયત્નો કરે છે. નાણાકીય વ્યવસ્થાના વિવિધ ઘટકો પરસ્પર આધારિત હોય છે. નાણાકીય વ્યવસ્થાતંત્રનું માળખું નીચેની આકૃતિની મદદથી સ્પષ્ટ થાય છે.




(CBLO = Collateralized Borrowing & Lending Obligation)

### ➪ નાણાકીય બજાર

નાણા બજાર એવું બજાર છે કે જેમાં નાણાકીય મિલકતોનું સર્જન અને ફેરબદલી થાય છે. નાણા બજારો રોકાણકારો પાસેથી ભંડોળ આકર્ષે છે અને તેને ગતિશીલ કરે છે. નાણાબજારમાં નાણાકીય મિલકતો અથવા નાણાકીય સાધનો નાણાની અમુક રકમ પરના દાવાનું પ્રતિનિધિત્વ કરે છે. નાણાબજાર અર્થતંત્રનો વિકાસ દર્શાવે છે. દા.ત. ટેકનોલૉજીના વિકાસ માટે, વિસ્તરણની યોજનાઓ માટે, ચાલુ મૂડીની જરૂરિયાત વગેરે માટે નાણા બજાર એના વિવિધ સાધનો મારફતે ઉદ્યોગપતિઓને નાણાકીય ટેકો પૂરો પાડે છે. તે નાણા બજારમાં સરળ પ્રવેશ પૂરો પાડે છે.

સામાન્ય રીતે ઉદ્યોગપતિઓને નાણા ઊભા કરવા માટે મૂડીબજારમાં પ્રક્રિયા કરવી પડે છે. પરંતુ નાણા બજારમાં આ પ્રક્રિયા ઘટી જાય છે. અને વ્યક્તિ કે સંસ્થા ઝડપથી અને ઓછા ખર્ચે નાણા ભંડોળ ઉભું કરી શકે છે.

નાણા બજાર નીચે મુજબ બે વિભાગમાં વહેંચાયેલું છે.

**i) સંગઠિત વ્યવસ્થા :**

નાણાબજારની સંગઠિત વ્યવસ્થામાં એવા બજારોનો સમાવેશ થાય છે કે જે યોગ્ય રીતે વ્યવસ્થિત હોય અને જે એક કે વધુ નિયંત્રકોના નિયંત્રણ હેઠળ હોય.

**ii) બિનસંગઠિત વ્યવસ્થા :**

બિનસંગઠિત વ્યવસ્થામાં બજાર કોઈ નિયંત્રકના નિયંત્રણ વગર કામ કરે છે. સામાન્ય રીતે બિનસંગઠિત બજારમાં વ્યાજનો દર ઉંચો હોય છે.

**નાણાકીય બજારના પ્રકારો**

**a) નાણા બજાર :**

નાણા બજાર એ ટૂંકાગાળાની નાણાકીય મિલકતોનું બજાર છે. જે નાણું અને નાણાની ગાઢ અવેજી રૂપ હોય તેવા નાણાના હસ્તાંતરની સગવડ પ્રાથમિક અને ગૌણ બજારોમાં કરી આપે છે. નાણા બજારએ ટૂંકાગાળાના લેણદેણ માટેનું વૈશ્વિક નાણા બજાર છે. નાણા બજાર નિશ્ચિત આવક બજારનો પેટા વિભાગ છે.

**b) મૂડી બજાર :**

કોઈપણ દેશની નાણાકીય વ્યવસ્થામાં મૂડી બજાર એક અત્યંત મહત્ત્વનો ભાગ છે. તે વિવિધ વિસ્તરણ યોજનાઓ માટે તથા લાંબાગાળાની યોજનાઓ માટે લાંબાગાળાનું નાણા ભંડોળ પૂરું પાડે છે. મોટાભાગના નાણાકીય સાધનો માલિકીલક્ષી હોય છે. અને મૂડીમાં ફાળા તરીકે આપવામાં આવે છે.

**c) વિદેશી નાણા બજાર :**

વિદેશી નાણા બજાર વિવિધ ચલણની જરૂરિયાતો સંતોષવાનું કામ કરે છે જે ચલણની ફેરબદલી કરી આપે છે. અહીં નાણાની ફેરબદલી સોદાની તારીખે હૂંડિયામણનો દર કેટલો છે તેના આધારે થાય છે. વિશ્વસ્તરે આ એક ખૂબ જ વિકસિત અને આંતરગ્રંથિત બજાર છે.

**d) શાખ બજાર :**

શાખ બજાર એવું બજાર છે જેમાં બેંકો, વિદેશી નાણા સંસ્થાઓ FIIs અને નોન- બેંકિંગ ફાયનાન્સ કંપનીઓ કોર્પોરેટ ક્ષેત્રને તથા વ્યક્તિઓને ટૂંકા, મધ્યમ અને લાંબા-ગાળા માટે ધિરાણો આપે છે.

**➭ નાણાકીય મધ્યસ્થીઓ :**

નાણાકીય વ્યવસ્થાના વિકાસમાં વિવિધ નાણાકીય મધ્યસ્થીઓ અગત્યની ભૂમિકા ભજવે છે. તે રોકાણકારોને તેમના રોકાણના નિર્ણયમાં સહાય કરે છે અને તેમને માર્ગદર્શન પૂરું પાડીને રોકાણ માટે પ્રોત્સાહિત કરે છે. મ્યુચ્યુઅલ ફંડો, વેપારી બેંકો જેવા વિવિધ નાણાકીય મધ્યસ્થીઓ હોઈ શકે છે. નાણા બજારમાં સાહસ મૂડી અગત્યની ભૂમિકા ભજવે છે.

નાણાકીય મધ્યસ્થીઓ ભરણાં બહાર પાડનાર અને રોકાણકાર જેવા સોદાઓના બન્ને પક્ષકારોને જુદી-જુદી સેવાઓ પૂરી પાડીને સોદાઓ સહેલાઈથી અને અસરકારક રીતે પાર પાડવામાં મદદ કરે છે. આ બાબત નાના રોકાણકારોને પણ ફાયદાકારક છે કારણકે આ

મધ્યસ્થીઓ તેઓને તેમના રોકાણના નિર્ણયો લેવામાં રોકાણ અંગેના સલાહસૂચનો આપીને નિષ્ણાંત પોર્ટફોલિયો સંચાલક તરીકેના લાભો પણ પૂરા પાડે છે. નાણાકીય મધ્યસ્થીઓ મૂડી બજારના વિકાસ અને વૃદ્ધિ માટે સહાયક અને પ્રસંગોચિત સેવાઓ પૂરી પાડે છે. નાણા બજારના મધ્યસ્થીઓ નિયંત્રકો, ભરણાં બહાર પાડનારાઓ તથા રોકાણકારો વચ્ચે એક જીવંત કડી પૂરી પાડે છે. તેઓ નાણા બજારના વિકાસ શક્ય બનાવે છે.

નાણાકીય મધ્યસ્થીઓ વિવિધ નિયંત્રકોના અંકુશ હેઠળ હોય છે. નાણા બજારના કિસ્સામાં, નાણાકીય મધ્યસ્થીઓ રિઝર્વ બેંકના અંકુશમાં હોય છે. અને મૂડી બજારના સંદર્ભમાં તેઓ સેબીના અંકુશ હેઠળ હોય છે. નાણાકીય મધ્યસ્થીઓ ઉપરનો અંકુશ નાણાકીય વ્યવસ્થાને વધુ અસરકારક બનાવે છે.

**૫ નાણાકીય સાધનો :**

નાણાકીય સાધનોથી વિવિધ પક્ષકારોની નાણાકીય જરૂરિયાતો સંતોષી શકાય છે. તેનો ઉપયોગ નાણા ભંડોળ ઉભું કરવા માટે કરવામાં આવે છે. અસરકારક નાણાકીય વ્યવસ્થાનું સૌથી અગત્યનું પાસું તો યોગ્ય સાધનોની ઉપલબ્ધતા છે. નાણાકીય બજારના સાધનો એવા પ્રકારના હોય છે કે તેઓ ભરણાં બહાર પાડનાર તથા રોકાણકાર બન્નેની જરૂરિયાતો સંતોષ સાથે સાથે તે યોગ્ય સમયે સહેલાઈથી અને વાજબી ખર્ચે ઉપલબ્ધ હોવા જોઈએ. નાણાકીય સાધનો ભરણાં બહાર પાડનાર અને રોકાણકારની સંચાલકીય નીતિઓની જરૂરિયાત પર આધાર રાખે છે. નાણાકીય સાધનો દરેક બજારમાં જુદા-જુદા હોય છે. દા.ત. નાણા બજારના સાધનોમાં કોલ નોટિસ નાણા, તિજોરી બીલો, મુદ્દતી નાણા, થાપણનાં પ્રમાણપત્રો અને વેપારી કાગળોનો સમાવેશ થાય છે. મૂડી બજારના નાણાકીય સાધનોમાં શેર, ડિબેન્ચર, બોન્ડ અને ડિપોઝીટરીઝનો ઉપયોગ થાય છે. સામાન્ય રીતે આ સાધનો લાંબાગાળાના હોય છે અને સાધનની પસંદગી વિવિધ પરિબળો પર આધાર રાખે છે. આથી અલગ રીતે એમાં વિવિધ સરકારી જામીનગીરીઓનો પણ સમાવેશ થાય છે. નાણા ભંડોળ ઊંભુ કરી શકાય એવા સાધનોની પસંદગી ઘણાં પરિબળ પર આધાર રાખે છે. જેમકે યોજના સાથે સંકળાયેલ જોખમ, માલિકીપણા અંગે સંચાલકોનો આશય, સાધનોથી પરિણમતા કરવેરા વગેરે. રોકાણકારોને આકર્ષવા માટે સાધનોની પ્રવાહિતા પણ વધારે હોવી જરૂરી છે.

## 1.3 ભારતીય નાણા વ્યવસ્થાના મુખ્ય ઘટકો

નાણા વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ ભંડોળની ફેરબદલી બચત કરનાર તરફથી જેમને ભંડોળની જરૂર છે તેમના તરફ કરવાનો છે. મૂડી ઉભી કરવા માટે ભંડોળના બચતકારો અને ભંડોળ માંગનાર વચ્ચે આંતિરક જોડાણ હોવું જરૂરી છે. નાણા ઉછીના લેનાર અને નાણાનું રોકાણ કરનાર વચ્ચે નાણા ધીરનાર અને લેનારની કડી હોવી જોઈએ. નાણાકીય મધ્યસ્થીઓ જેવાકે વીમા કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ, બેંકિગ અને નોન બેંકિંગ નાણાકીય સંસ્થાઓ, દલાલો વગેરે વિવિધ પ્રકારની નાણાકીય સેવાઓ જેવીકે શાખ ગુણાંકન, ભાડે ખરીદ, ભાડાપટ્ટો, બાંયધરી દલાલ, કબજેદાર, વેપારી બેંક, પોર્ટફોલિયો સંચાલન વગેરે પૂરી પાડે છે.

### 1.3.1. નાણાકીય બજારો :

ભારતીય નાણાકીય બજારો અર્થતંત્રમાં મોટી રકમની બચતોને પ્રોત્સાહન આપે છે અને રોકાણકારોની બચતો આ રીતે ગતિશીલ બનાવીને તેને અસરકારક પ્રોત્સાહન પૂરું પાડી આપે છે.

**નાણા બજારની વ્યાખ્યા :**

નાણા બજાર એ એવું બજાર છે કે જેમાં નાણાકીય મિલકતો અને સાધનોનું સર્જન અને હસ્તાંતર થાય છે. વાસ્તવિક સોદામાં નાણાની સામે ચીજ-વસ્તુઓ કે સેવાઓનું હસ્તાંતર થાય, તેની વિરુદ્ધમાં નાણાકીય સોદામાં નાણાકીય મિલકતોનું સર્જન કે હસ્તાંતર થાય છે.

1) નાણાકીય બજારો ભંડોળોની પ્રાપ્તિ અને વિવિધ મિલકતોમાં તેના રોકાણોને શક્ય બનાવે છે. નાણાકીય બજારની મુખ્ય પ્રવૃત્તિઓ શૅર અને સ્ટોક, બોન્ડ, વિદેશી ચલણ, કોમોડિટીઝ, વિનિમયપત્ર તથા વાયદો અને વિકલ્પની ખરીદી તથા વેચાણ કરવાની છે.

2) નાણાકીય મિલકતો અથવા નાણાકીય સાધનો અમુક રકમના નાણાકીય દાવાનું પ્રતિનિધિત્ત્વ કરે છે. તે કેટલીકવાર જે ભવિષ્ય અથવા વ્યાજ અને ડિવિડન્ડની ચૂકવણીના સ્વરૂપે હોય છે.

3) નાણા બજાર જેવાં અન્ય બજારો હોય છે જેમકે મૂડી બજાર, ફેરેક્ષ (ફોરેન એક્ષચેન્જ), શાખ બજાર અને સરકારી જામીનગીરીઓનું બજાર.

4) બજારના નાણાકીય સાધનો અને તેમાં ભાગ લેનારાના પ્રકાર પ્રમાણે પ્રત્યેક બજાર એક અજોડ બજાર હોય છે. નાણાકીય ક્ષેત્રની સુધારાની પ્રક્રિયા લગભગ પ્રત્યેક બજારોના વિસ્તાર વધારીને આ બજારોને દેશના તેમજ આંતરરાષ્ટ્રીય બજારો સાથે સુગ્રથિત કરવાના ઇરાદાથી ચાલતી હોય છે.

5) આમ નાણાકીય બજારને મૂડી અને શાખના બજાર તરીકે ગણાવી શકાય. તેમાં નાણા બજારો અને મૂડી બજારોનો સમાવેશ થાય છે.

**1.3.2. નાણાકીય મધ્યસ્થીઓ :**

સંસ્થાઓએ નાણાકીય સાધનોનું સર્જન થયા પછી, તે બહાર પાડનારે ખાતરી કરવી જોઈએ કે આ નાણાકીય મિલકતો છેલ્લે રોકાણકારને પહોંચે અને તેઓને જરૂરી રકમ પ્રાપ્ત થાય. જ્યારે નાણા ઉછીના લેનાર ભંડોળ ઊભું કરવા નાણાકીય બજારમાં આવે છે ત્યારે જામીનગીરીઓ માત્ર બહાર પાડવાનો જ આશય હોતો નથી. આ ભરણાંની તથા ભરણું બહાર પાડનારની પૂરતી જાણકારી સહિત જામીનગીરી પ્રાપ્ત કરવી જોઈએ. આ માટે અર્થતંત્રમાં એક યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ કે જે આવા હસ્તાંતરની ચોકસાઈ અંગે ખાતરી આપે. આ હેતુ સિદ્ધ કરવા માટે નાણાકીય મધ્યસ્થીઓ અસ્તિત્ત્વમાં આવ્યા છે.

નાણાકીય મધ્યસ્થીઓ નાણાકીય સંસ્થાઓ ગણી શકાય. તેમને બે વર્ગમાં વહેંચી શકાય છે. એક સંગઠિત નાણાકીય મધ્યસ્થીઓ અને બીજા અસંગઠિત નાણાકીય મધ્યસ્થીઓ. સંગઠિત ક્ષેત્રમાં નાણાકીય મધ્યસ્થીઓ વિશાળ ક્ષેત્ર-વિસ્તારની સંસ્થાઓ છે અને તે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, સિક્યુરીટિઝ બોર્ડ ઓફ ઇન્ડિયા, સિક્યુરીટિઝ કોન્ટેક્ટ રેગ્યુલેશન એક્ટ અને 1956ના કંપની ધારાના સમગ્રતયાના નિરીક્ષણ હેઠળ કામ કરે છે. અસંગઠિત નાણાકીય સંસ્થાઓ આ નિયંત્રણ રાખનાર સત્તાઓ હેઠળ આવતી નથી અને આવી અસંગઠિત સંસ્થાઓ છે સ્થાનિક ધીરધાર કરનારાઓ, લેણદારો અથવા નાણા દલાલો, શાહુકારો વગેરે. સંગઠિત નાણાકીય મધ્યસ્થીઓનું બેંકિંગ સંસ્થાઓ, નોન બેન્કિંગ નાણાકીય સંસ્થાઓ, વીમા કંપનીઓ અને હાઉસિંગ (ગૃહ) નાણા કંપનીઓમાં વર્ગીકરણ કરી શકાય. આરંભના તબક્કાઓમાં મધ્યસ્થીઓની ભૂમિકા લેણદારો પાસેથી દેણદારો તરફ ભંડોળના હસ્તાંતરની ખાતરી આપવાની જ હતી. બેંક્સ, નાણાકીય સંસ્થાઓ, દલાલો તથા વેપારીઓ આ સેવાઓ પૂરી પાડતા. પરંતુ નાણા બજારોમાં વિકાસને પરિણામે નાણાકીય વ્યવસ્થાનો કાર્યવિસ્તાર પણ વધતો ગયો. નાણા બજારોમાં કાર્ય કરતાં કેટલાક મહત્ત્વના મધ્યસ્થીઓમાં ઈન્વેસ્ટમેન્ટ બેન્કર્સ, અંડરરાઈટર્સ, શૅર બજારના રજિસ્ટ્રારો, ડિપોઝીટરો, કબજેદારો (કસ્ટોડિયન), પોર્ટફોલિયો સંચાલકો, મ્યુચ્યુઅલ ફંડ્સ, નાણાકીય સલાહકારો, પ્રાથમિક ડિલરો, સેટેલાઇટ ડિલરો, સ્વનિયંત્રિત સંસ્થાઓ વગેરેનો સમાવેશ થાય છે.જો કે બજારો જુદા-જુદા હોય તેમ છતાં થોડાક મધ્યસ્થીઓ એક કરતાં વધુ બજારોમાં પણ તેમની સેવાઓ આપતા હોય છે. જેમકે અંડરરાઇટરો. જો કે તેમની સેવાઓ પણ બજારો પ્રમાણે બદલાતી રહે છે. આમ, નાણાકીય મધ્યસ્થીઓ બચતોને ગતિશીલ કરીને ભંડોળોની અસરકારક રીતે ફાળવણી કરીને મૂડી સર્જનની ખૂબ અગત્યની ભૂમિકા ભજવે છે.

### 1.3.3. નાણાકીય સાધનો :

નાણાકીય સાધનોને વ્યાપક રીતે બે વર્ગમાં વર્ગીકૃત કરી શકાય. તે છે પ્રાથમિક બજાર સાધનો અને ગૌણ બજાર સાધનો. પ્રાથમિક બજારની જામીનગીરીઓને સામાન્ય (equity) શૅર, પ્રેફરન્સ શૅર, દેવાના સાધનો અને આ બધાના જોડાણથી બનતાં સાધનો ગણાવી શકાય. ગૌણબજારોમાં આ સાધનો ઉપરાંત વીમા પોલીસી, ટાઈમ ડિપોઝીટો, મ્યુચ્યુઅલ ફંડ્સ વગેરેનો સમાવેશ થાય છે. વિદેશી નાણાકીય સાધનો કેટલાક આંતરરાષ્ટ્રીય બજારો સાથે સંબંધ ધરાવે છે. જેમાં યુરો બોન્ડ, વિદેશી દલાલો, સંપૂર્ણ તેજ બોન્ડ, ફ્લોટિંગ રેટ્સ નોટ્સ, યુરો કોમર્શિયલ પેપર્સ, ફોરેન કરન્સી વિકલ્પ, ફોરેન કરન્સી ફ્યુચર્સ વગેરેનો સમાવેશ થાય છે.

a) **નાણા બજારના સાધનો :** નાણા બજારની વ્યાખ્યા એ પ્રમાણે કરી શકાય કે ટૂંકાગાળાના નાણા માટેનું તથા લગભગ નાણાની અવેજીરૂપે હોય તેવી નાણાકીય મિલકતો (ટૂંકાગાળાનો અર્થ લગભગ 1 વર્ષ કહેવાય.) એવા કેટલાક નાણાકીય સાધનો જેવાકે કોલ / નોટિસ બજાર, આંતર બેંક ટર્મ મની, ટ્રેઝરી બીલ્સ, સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ્રસ, કોમર્શિયલ પેપર વગેરે છે.

b) **મૂડી બજારના સાધનો :** મૂડી બજાર સામાન્ય રીતે લાંબાગાળાના અર્થાત્ એક વર્ષથી વધારે સમયનાં નાણાકીય સાધનોનું બનેલું હોય છે. શૅરબજારના ક્ષેત્રમાં ઈક્વિટી શૅર, પ્રેફરન્સ શૅર, કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર, નોન કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર વગેરેનો સમાવેશ થાય છે. અને દેવા ક્ષેત્રમાં ડિબેન્ચર્સ, ઝીરો કુપન બોન્ડ, ડીપ ડિસ્કાઉન્ટ બોન્ડ વગેરેનો સમાવેશ થાય છે.

c) **મિશ્ર સાધનો :** આવા સાધનોમાં ઈક્વિટિ શૅર અને ડિબેન્ચર્સ બન્નેના લક્ષણો હોય છે. આવા સાધનોને મિશ્ર સાધનો કહેવાય છે. જેના ઉદાહરણોમાં કન્વર્ટિબલ ડિબેન્ચર્સ, વોરંટો વગેરે ગણાવી શકાય.

### 1.3.4. નાણાકીય સેવાઓ :

એવી તમામ સેવાઓ કે જે નાણાકીય સ્વરૂપે કોઈપણ ધંધા ઉદ્યોગ, સરકાર કે ઘર-કુટુંબક્ષેત્રને પૂરી પાડવામાં આવતી હોય તેને નાણાકીય સેવા કહી શકાય. તેમાં ગૃહ નાણા સેવા, વાહન નાણા સેવા, ગીરો લૉન, વેપારી બેન્કિંગ, રોકાણ બેન્કિંગ, વીમા સેવા, મ્યુચ્યુઅલ ફંડ, હપ્તા પદ્ધતિ, ભાડે ખરીદ, ભાડા પટ્ટો, દલાલી, જામીનગીરી, પોર્ટફોલિયો સંચાલન, વીમો, ગ્રાહક શાખપાત્રતા, ઉઘરાણી, દલાલી, કબજેદાર, સાહસિક મૂડી વગેરે તમામનો સમાવેશ થાય છે.

ઉપર મુજબના ઘટકો સ્વયં વ્યક્તિગત રીતે એકલા કામ કરી શકતા નથી. તેઓ એકબીજા પર પરસ્પર આધારિત છે. જો બધા ઘટકો પરસ્પર આંતરક્રિયા કરતા હોય તો જ નાણાકીય વ્યવસ્થા સરળતાથી ચાલી શકે છે. નાણાકીય સંસ્થાઓ જુદા-જુદા પ્રકારના નાણાકીય સાધનો બહાર પાડીને રોકાણકારોની બચતોને ગતિશીલ કરે છે. આ સાધનોનું નાણાકીય બજારમાં ખરીદ-વેચાણ થતું હોય છે. શાખ ફાળવણીની પ્રક્રિયા પૂરી પાડવા માટે અને સેવાઓ પૂરી પાડવા માટે આ નાણાકીય સંસ્થાઓ જે-તે ક્ષેત્રમાં નિપુણતા ધરાવતી હોય છે.

નાણાકીય અને વેપારી ઉદારીકરણ, આધુનિકીકરણ, ઝડપી ટેકનોલોજિકલ ફેરફાર અને વૃદ્ધિ પામતા બજારમાં નવા નાણા સાધનોના ઉપયોગને કારણે નવા રોકાણ પ્રવાહોની સ્થાપના સાથે નાણાકીય સેવાઓ ઝડપથી વધી રહી છે.

## 1.4 નાણાકીય બજારોના પ્રકારો

નાણા બજાર રોકાણકારો પાસેથી નાણાભંડોળ એકત્રિત છે અને તેને બજારમાં ગતિશીલ કરે છે. નાણાકીય સોદાઓમાં નાણાકીય સંપત્તિનું સર્જન અથવા ફેરબદલી થાય છે. નાણા બજારમાં નાણા સંપત્તિ કે નાણાકીય સાધનો નાણાની અમુક રકમ પરના દાવાનું પ્રતિનિધત્વ કરે છે. બજાર નાણા ઊભા કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. ભરણું બહાર પાડનાર નાણાકીય બજારની જરૂરિયાત પારખીને જરૂરી નાણા ઊભા કરી શકે છે. નાણા બજાર અર્થતંત્રનો વિકાસ દર્શાવે છે. ઉદ્યોગપતિઓને વિવિધ હેતુએ દા.ત. ટેકનિકલ વિકાસ, વિસ્તરણ યોજનાઓ, ચાલુ મૂડીની જરૂરિયાતો વગેરે માટે નાણાની જરૂરિયાત ઊભી થાય છે. નાણા બજાર એના વિવિધ સાધનો દ્વારા ઉદ્યોગપતિઓને નાણાકીય આધાર પૂરો પાડે છે. સામાન્ય રીતે ઉદ્યોગપતિઓને મૂડી બજારમાંથી નાણા ઊભા કરવા માટે લાંબી પ્રક્રિયા અનુસરવી પડે છે. જ્યારે નાણા બજારમાં લાંબી પ્રક્રિયા અનુસરવી પડતી નથી. અને વ્યક્તિ- સંસ્થા ઝડપથી અને ઓછા ખર્ચે નાણા ઊભા કરી શકે છે. નાણા બજાર નીચેના બે ભાગોમાં વહેંચાયેલું છે. **(a) સંગઠિત બજાર (b) બિનસંગઠિત બજાર.**

### 1.4.1. સંગઠિત બજાર :

નાણા બજારની વ્યવસ્થા એવા બજારોની બનેલી છે કે જે એક કે વધુ નિયંત્રકો હેઠળ વ્યસ્થિત રીતે કામ કરે છે. સંગઠિત બજાર નાણા ભંડોળ ઊભું કરવા માટે કાયદેસરનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. સંગઠિત નાણા વ્યવસ્થા નાણા ભંડોળ ઊભું કરવા માટે ઓછા ખર્ચે અગત્યનો સ્રોત ગણાય છે. જુદા-જુદા બજારોના વિવિધ સાધનો દ્વારા ભરણું બહાર પાડનાર વાજબી ખર્ચે અને ઝડપથી ભંડોળ ઊભું કરી શકે છે.

સંગઠિત બજારના અગત્યના લક્ષણો નીચે પ્રમાણે છે.

→ આ બજાર નાણા ભંડોળ ઊભું કરવા માટે વિવિધ કાયદામાન્ય સાધનોનું બનેલું હોય છે.

→ આ બજાર વિવિધ નિયમો અને ધારાકીય જોગવાઈઓના નિયંત્રણ હેઠળ હોય છે.

→ આ બજાર એક કે વધુ નિયંત્રકોના અંકુશ હેઠળ હોય છે.

#### 1.4.1.1. નાણા બજાર :

નાણા બજાર એ ટૂંકાગાળાના લોન અને ધિરાણ માટેનું વૈશ્વિક નાણાકીય બજાર છે. નાણા બજાર ટૂંકાગાળાની નાણાકીય મિલકતોનું બજાર છે કે જે મિલકતો નાણાની ગાઢ અવેજી તરીકે હોય છે અને પ્રાથમિક તેમજ ગૌણ બજારોમાં નાણાની હેરફેરની સગવડ કરી આપે છે. નાણા બજારએ નિશ્ચિત આવકોનો પેટા વિભાગ છે. ઘણા લોકોમાં એવી માન્યતા છે કે ‘‘નિશ્ચિત આવક’’ પદ તથા બોન્ડ બન્ને એક પ્રકારની નિશ્ચિત આવકની જામીનગીરી છે. જથ્થાબંધ દેવા બજાર ઘણું પ્રવાહી અને ઓછા જોખમવાળું છે. આ બજારમાં એક દિવસથી માંડીને એક વર્ષના સમય માટે નાણા ભંડોળ ઉપલબ્ધ હોય છે.

➢ **નાણા બજારના લક્ષણો :**

નાણા બજારના લક્ષણો નીચે પ્રમાણે નોંધી શકાય.

a) આ બજાર ટૂંકાગાળાની જરૂરિયાતો સંતોષવા માટેના સાધનોનું બજાર છે.

b) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા આ બજારને નિયંત્રિત કરે છે.

c) આ બજારના સાધનોની પાકતી મુદ્દત ટૂંકાગાળાની હોય છે.

d) આ બજારના સાધનો ઓછા ખર્ચાળ છે અને તેના સોદાઓનો ખર્ચ પણ ઓછો હોય છે.

e) આ બજારમાં જોખમ ઓછું હોય છે અને રોકાણકારોને વળતર પણ ઓછું મળે છે.

➢ **નાણા બજારના સાધનો :** (1) તિજોરી બીલો (2) થાપણનું પ્રમાણપત્ર (3) વેપારી બીલો (4) વેપારી કાગળો (5) માંગ પ્રમાણે નાણા બજાર (6) આંતરબેંક ભાગીદારી પ્રમાણપત્રો (7) રેપો સાધન (8) બેંકરોની સ્વીકૃતિ (9) સદ્ધર જામીનગીરી વગેરે.

**1.4.1.2. મૂડી બજાર :**

મૂડી બજાર એ એવું બજાર છે કે જે ધંધાકીય સાહસો માટે લાંબાગાળાનું મૂડી ભંડોળ લોન અને ધિરાણ માટે પૂરું પાડે છે. મૂડી બજાર એ કોઈપણ દેશની નાણાકીય વ્યવસ્થાતંત્રનો સૌથી અગત્યનો ભાગ છે. તે વિવિધ વિસ્તૃતીકરણ યોજનાઓ તેમજ લાંબાગાળાની યોજનાઓ માટે લાંબાગાળાનું નાણા ભંડોળ પૂરું પાડે છે. મોટાભાગના સાધનો માલિકીહક લક્ષી હોય છે. અને મૂડીના ભાગરૂપે આપવામાં આવે છે. મૂડી બજાર એવી પ્રક્રિયાને પણ આવરી લે છે કે જેમાં બાકી લેણાં જામીનગીરીઓની ફેરબદલી કરવામાં આવે છે. આ બજાર જેઓ નાણા ભંડોળની માંગણી કરે છે અને જેઓ નાણા ભંડોળ પૂરું પાડનારા છે, તેઓનું બનેલું છે.

**મૂડી બજારના લક્ષણો :**

a) આ બજાર નાણાની લાંબાગાળાની જરૂરિયાતો સંતોષે છે.

b) આ બજારના વિવિધ સાધનોની પરિપક્વતાની મુદ્દત લાંબાગાળાની હોય છે.

c) સેબી મૂડી બજારનું નિયંત્રણ કરે છે.

d) મૂડી બજારને બે ભાગમાં વહેંચી શકાય છે. એક ઔદ્યોગિક મૂડી બજાર અને બીજું સરકારી જામીનગીરીઓનું બજાર. મૂડી બજારના સાધનો મૂડીના ભાગ તરીકે ભંડોળ પૂરું પાડતા હોવાથી રોકાણનું કદ મોટું હોય છે.

e) આ બજારના બે પેટા બજારો હોય છે. **i) નવા ભરણાનું બજાર ii) ગૌણ બજાર.**

**1.4.1.3. ઔદ્યોગિક નાણા બજાર :**

આ બજારમાં વિવિધ ઔદ્યોગિક એકમો તેમની જરૂરિયાતો સંતોષવા સાધનો બહાર પાડે છે. મોટાભાગના બહાર પડાતાં સાધનો લાંબાગાળાની મુદ્દતના હોય છે. ભંડોળોની જરૂરિયાત અને સંચાલકોની નીતિના આધારે સાધનોની પસંદગી કરવામાં આવે છે.

➢ **ઔદ્યોગિક નાણા બજારના સાધનો :**

**i) ઈક્વિટી શૅર :**

કંપની માટે નાણા ભંડોળનું આ કાયમી સ્રોત છે. કંપનીને તેના જીવનકાળ દરમિયાન ઈક્વિટી શૅરના નાણાની પરત ચૂકવણી કરવાની જરૂર હોતી નથી. વળી, ડિવિડન્ડ કે વ્યાજ જેવી નાણાકીય બાંયધરી પણ તે ઉત્પન્ન કરતી નથી. જો કંપનીએ નફો કર્યો હોય તો જ તે ડિવિડન્ડ ચૂકવે છે. આ માલિકની જામીનગીરી છે.

**ii) પસંદગીના (પ્રેફરન્સ) શૅર :**

પ્રેફરન્સ શૅર મૂડી પણ કંપનીની શૅરમૂડીનો ભાગ હોય છે. ઈક્વિટી અને પ્રેફરન્સ શૅર વચ્ચેનો મુખ્ય તફાવત એ કે પ્રેફરન્સ શૅર એવા પ્રકારનો શૅર છે જે ઈક્વિટી શૅર ધરાવનાર કરતાં નીચેની બાબતોમાં અગ્ર પસંદગીનો હક ધરાવે છે.

A) નિશ્ચિત દરે ડિવિડન્ડ મેળવવાનો અગ્ર હક.

B) કંપની બંધ કરવામાં આવે ત્યારે, તે કિસ્સામાં મૂડી પરત મેળવવાનો અગ્ર હક.

**iii) બોન્ડઝ :**

ડિબેન્ચર અને બોન્ડને દેવાં ગણવામાં આવે છે. ડિબેન્ચર અને બોન્ડમાંથી જે ભંડોળ ઊભું થાય તેની પાકતી મુદ્દતે પુનઃ ચૂકવણી કરવી પડે છે. અને તે કંપની પર વ્યાજ અને નાણા પરત કરવાનો કંપની પર બોજ ઊભો કરે છે.

**iv) વૈશ્વિક થાપણ રસીદો :**

યુ.એસ. ડોલરના અંકિત મૂલ્યવાળું હસ્તાંતરીય પ્રમાણપત્ર કે જેના બિન યુ.એસ. કંપનીના ઇક્વિટી શૅરનો જાહેરમાં સ્થાનિક ચલણમાં સોદા થાય છે.

**v) અમેરિકન થાપણ રસીદો :**

અમેરિકન થાપણ રસીદો એ જીડીઆર. જેવા જ હોય છે. તેમની વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે જીડીઆરને યુરોપીય બજારમાં પ્રવેશ માટે બહાર પાડવામાં આવે છે. ત્યારે એડીઆર અમેરિકન બજાર માટે બહાર પાડવામાં આવે છે.

**vi) એફ.સી.સી.બી. :**

વિદેશ ચલણ પરિવર્તનક્ષમ બોન્ડ એ કોઈપણ કોર્પોરેટ સંસ્થા બહાર પાડી શકે છે. તે દેવાં જેવું સાધન છે જે વિશ્વના તમામ રોકાણકારો માટે હોય છે.

ઔદ્યોગિક બજાર બે ભાગમાં વહેંચાયેલું હોય છે.

**A) નવા ભરણાનું બજાર B) ગૌણ બજાર.**

**A) નવા ભરણાનું બજાર :** અહીં નવા ભરણાના બજારમાં નવી બહાર પડેલી જામીનગીરીઓના સોદા થાય છે. અને આ બજાર નવી જામીનગીરીઓના વેચાણ માટેની ચેનલ પૂરી પાડે છે. નાણાના રોકાણ માટે ભરણું બહાર પાડનાર નવા ભરણાંના બજારમાં જામીનગીરીઓ વેચે છે. આમ, આ બજાર નવી જામીનગીરીઓ બહાર પાડવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. બજારમાંથી મૂડી ઊભી કરવા માટે તે નહિ બહાર પાડેલા વિવિધ સાધનો માટે બજાર પૂરું પાડે છે. આ બજારના વિવિધ સ્રોતો નીચે પ્રમાણે છે.

**I) જાહેર ભરણું :**

ભરણાંનો અર્થ છે જાહેર જનતા પાસેથી જામીનગીરીઓમાં ભંડોળ ઊભું કરવા કંપની જાહેર જનતાને તેમનો શૅર ફાળો આપવા જાહેર આમંત્રણ આપે છે, ભંડોળ ઊભું કરવાનો આ એક સામાન્ય સ્ત્રોત છે. અને ગૌણબજારના વિકાસ પછી તે વધારે લોકપ્રિય બન્યું છે.

**II) હક્કનું ભરણું :**

રાઈટ એટલે હક્કના શૅરનો અર્થ એ છે કે હયાત કંપનીઓ તેમના હયાત શૅર ધરાવનારાઓને પ્રમાણસરના ધોરણે શૅરો ફાળવે છે. કંપનીધારા 1956ના કાયદા અનુસાર કંપનીએ તેના હયાત શૅર ધરાવનારાઓને નવા શૅર ખરીદવાનો વિકલ્પ આપવો જોઈએ. બીજાઓને તેમાં ફાળો આપવા આમંત્રણ આપતા પહેલાં પોતાના હયાત શૅર હોલ્ડરોને ફાળો આપવાનો વિકલ્પ આપવો જોઈએ.

**III) બોનસ શૅર :**

બોનસ શૅર એટલે નફાનું મૂડીકરણ. અહીં કંપની કોઈપણ જાતના વળતર વગર જ પોતના હયાત શૅરહોલ્ડરોને પ્રમાણસર ધોરણે વિના મૂલ્ય ફાળવે છે. તેનાથી કંપનીમાં કોઈ રોકડ નાણાનો પ્રવાહ આવતો નથી. પરંતુ તેના દ્વારા કંપની અમાનત ખાતે રાખી મૂકેલા નફાને કંપનીની મૂડીમાં ફેરવી નાંખે છે.

**IV) ખાનગી ધોરણે શૅર ફાળવણી :**

નાણાકીય ભંડોળ ઊભું કરવા માટે કેટલીકવાર કંપની જાહેરમાં શૅર ભરણું કરવાને બદલે અમુક જૂથના લોકોને ખાનગી રાહે પોતાના શૅરમાં ફાળો આપવાનું આમંત્રણ આપે છે. અહીં કંપની માત્ર પસંદગીના લોકો પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. આ જૂથને કંપની શૅર ફાળવે છે. આ પદ્ધતિ ઓછો સમય લેતી તથા ઓછી ખર્ચાળ અને વધુ અસરકારક પદ્ધતિ ગણાય છે.

**V) વેચાણનો પ્રસ્તાવ :**

બજારમાંથી નાણા ઊભા કરવાની આ એક પરોક્ષ પદ્ધતિ છે. આ પદ્ધતિમાં કંપની અગાઉથી નક્કી કરેલી કિંમતે શૅર વેચે છે. ત્યારબાદ મધ્યસ્થીઓ પોતે ખરીદેલા ભાવ કરતાં વધારે કિંમતે જાહેર પ્રજાને એ જ શૅરો વેચે છે.

**B) ગૌણ બજાર :** પ્રાથમિક મૂડી બજારમાં જે જામીનગીરીઓ બહાર પડી ચૂકી હોય તેના સોદા ગૌણબજારમાં થાય છે. જેઓ જામીનગીરીઓ ધરાવતા હોય તેવા રોકાણકારોને ગૌણબજાર તેમની જામીનગીરીઓ જોખમ તથા વળતરના મૂલ્યાંકન મુજબ તેમના પોર્ટફોલિયોમાં ફેરફાર કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. તેમની રોકડ પ્રવાહિતાની જરૂરિયાત સંતોષવા તેઓ જામીનગીરીઓ રોકડમાં પણ વેચે છે. "ગૌણબજાર એવું નાણાકીય બજાર છે જેમાં અગાઉ બહાર પાડેલી જામીનગીરીઓ જેવીકે, શૅર સ્ટોક બોન્ડ વિકલ્પો ઓપશન્સ અને વાયદાઓનું ખરીદ-વેચાણ થાય છે." તેના પશ્ચાત બજાર પણ કહેવામાં આવે છે. ગૌણબજારમાં જામીનગીરીઓના સોદા બે રીતે થાય છે. પ્રથમ શૅરબજાર મારફતે થાય છે. જ્યારે દ્વિતિય ઓવર-ધ-કાઉન્ટરમાં થાય છે. જે જામીનગીરીઓની નોંધણી શૅરબજારમાં થઈ હોય તેના સોદા શૅરબજારમાં થાય છે. જ્યારે જેની નોંધણી થઈ હોતી નથી તેના સોદા ઓવર-ધ-કાઉન્ટર બજારમાં થાય છે. ગૌણબજારની પ્રાથમિક પાયાની સંસ્થા શૅરબજાર છે. આપણા દેશમાં આવા 23 નોંધાયેલા શૅરબજાર છે.

**1.4.1.4. સરકારી જામીનગીરીઓનું બજાર :**

સરકારને દેશના વિકાસ અને આર્થિક વૃદ્ધિ માટે નાણા ભંડોળની જરૂર હોય છે. વળી કયા હેતુ માટે નાણાની જરૂર છે તેના પર પણ નાણા ભંડોળની જરૂરિયાત આધાર છે. નાણા ભંડોળની જરૂરિયાત પૂરી કરવા સરકાર બજારમાં વિવિધ પ્રકારની જામીનગીરીઓ બહાર પાડે છે. સરકારી જામીનગીરીઓનું બજાર એ સરકારી અને અર્ધસરકારી જામીનગીરીઓનું બજાર છે. આ બજારમાં જે જામીનગીરીઓના સોદા થાય છે, તેની કિંમતમાં મોટી વધ-ઘટ થતી નથી. અને બેંકોની થાપણો પછી સૌથી વધારે લોકપ્રિય આ નાણાકીય સાધન છે. આ બજાર પણ બે ભાગમાં વહેંચાયેલું છે. નવા ભરણાંનું બજાર અને ગૌણબજાર.

**(i) નવી બહાર પાડેલી સરકારી જામીનગીરીઓનું બજાર :**

આ નવા ભરણામાં બજારમાં નવી બહાર પડેલી જામીનગીરીઓના સોદા થાય છે. આ બજાર નવી બહાર પડેલ જામીનગીરીઓના વેચાણ માટેની ચેનલ પૂરી પાડે છે. જે ભરણાં બહાર પાડનાર રોકાણ માટે ભંડોળ ઊભું કરવા માંગે છે, તે પોતાની જામીનગીરીઓ નવા ભરણાંના બજારમાં વેચે છે અને આમ તે નવી બહાર પડેલી જામીનગીરીઓ માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. તે બજારમાંથી નાણા ભંડોળ ઊભું કરવા માટે વિવિધ નહીં બહાર પડેલ જામીનગીરીઓ માટે પ્રવેશ પૂરો પાડે છે.

➢ **સરકારી જામીનગીરીઓના બજારના વિવિધ સાધનો :** (1) તિજોરી બીલો (2) તારીખયુક્ત સરકારી જામીનગીરીઓ (3) શૂન્ય કુપનના બોન્ડઝ (4) નિશ્ચિત વ્યાજના બોન્ડઝ (5) તરતાં બોન્ડઝ (6) મૂડી ઇન્ડેક્ષ બોન્ડઝ (7) માંગ-પૂટ-વિકલ્પ સાથેનો બોન્ડઝ.

**(ii) ગૌણબજાર :**

ગૌણબજાર એવું નાણાકીય બજાર છે કે જેમાં સ્ટોક, બોન્ડઝ, ઓપશન્સ અને વાયદાના શૅરો જેવા અગાઉ બહાર પડી ચૂકેલા નાણાકીય સાધનોનું ખરીદ-વેચાણ થાય છે.

આ બજારમાં અગાઉ બહાર પડેલી જામીનગીરીઓના સોદા થાય છે. જે લોકો પાસે જામીનગીરીઓ છે. તેઓના માટે ગૌણબજાર જોખમના અને વળતરમાં થતા ફેરફાર અનુસાર જામીનગીરીઓ બદલવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. તેઓ તેમની રોકડ નાણાની જરૂરિયાત તાત્કાલિક પૂરી કરવા માટે રોકડમાં જામીનગીરીઓનું વેચાણ કરે છે.

A) નિશ્ચિત દરે ડિવિડન્ડ મેળવવાનો અગ્ર હક.

B) કંપની બંધ કરવામાં આવે ત્યારે, તે કિસ્સામાં મૂડી પરત મેળવવાનો અગ્ર હક.

**1.4.1.5. મુદ્દતી લોનનું બજાર :**

નાણાની જરૂરિયાત લાંબા કે ટૂંકાગાળા માટે હોય છે. સામાન્ય રીતે નાણા બજાર ધંધાની ટૂંકાગાળાની જરૂરિયાતો સંતોષતા હોય છે. જ્યારે લાંબાગાળાની અને મધ્યમગાળાની ધંધાની જરૂરિયાત મૂડી સંતોષે છે. મૂડી બજારના મોટાભાગના સાધનો લાંબાગાળાના હોય છે. અને તેની પાકવાની મુદ્દત એક વર્ષથી માંડીને પાંચ વર્ષ સુધીની હોય છે. ઇક્વિટી શૅર જેવા સાધનો જીવનભરનું નાણા ભંડોળ પૂરું પાડે છે. તેથી તે ધંધાના લાંબાગાળાના નાણા પૂરા પાડનાર તરીકે સેવા આપે છે. જો કે સાધનોની પસંદગી સંચાલકોની નીતિ પર આધાર રાખે છે. નાણાકીય વ્યૂહરચના નાણા ભંડોળ અને ટૂંકાગાળા ભંડોળ ઉપર આધાર રાખે છે.

☞ **ટૂંકાગાળાનું દેવા બજાર :**

ટૂંકાગાળાનું દેવા બજાર વેપારી શાખ (Trade Credit) અથવા દેવા હિસાબોના સ્વરૂપના સાધનોનું બનેલું હોય છે. કંપની, માલ પૂરો પાડનાર પાસેથી શાખ પર માલ લઈને તેને પાછળથી નાણા ચૂકવી શકે છે. તો વળી જો કંપની બેંક લોન મેળવ્યા પછી વાજબી સમયમાં માલ રવાના કર્યા પછી નાણા ચૂકવે તો માલ પૂરો પાડનાર કંપનીને વટાવ પણ કાપી આપી શકે છે. કંપની પોતાના ધંધા માટે નાણા મેળવવા માટે બેંક પાસેથી ટૂંકાગાળાનું લોન ધિરાણ પણ મેળવી શકે છે. બેંક પાસેથી કંપનીએ લીધેલ ધિરાણ ક્યાં તો ગીરોયુક્ત અથવા ગીરોમુક્ત હોઈ શકે છે. તેના આધાર કંપનીની પ્રતિષ્ઠા અને ઉધાર આપનારની ધિરાણનીતિ પર રહેલો છે.

☞ **લાંબાગાળાનુે દેવા બજાર :**

આ બજાર લાંબાગાળાના વિસ્તરણ અને વિકાસના આયોજનો માટે નાણા પૂરા પાડે છે. કંપનીઓ પોતાના લાંબાગાળાની મિલકતો જેવીકે માલસામાન, મકાનો અને જમીન વગેરે માટે લાંબાગાળાનું ધિરાણ લે છે. લાંબાગાળાના ધિરાણમાં કંપનીઓને પુનઃ મસલત કરવાની જરૂર પડતી નથી. લાંબાગાળાની લોનના વ્યાજનો દર ગેરંટેડ કે નિશ્ચિત હોય છે. ધિરાણ (લોન) બજારને જામીનગીરી તારણ બજાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

**1.4.2. બિનસંગઠિત નાણા બજાર :**

બિનસંગઠિત નાણા બજાર નાણાની અવિધિસરની વ્યવસ્થાનું બનેલું હોય છે. બિનસંગઠિત બજારમાં વ્યાજનો દર ખૂબ ઊંચો હોય છે. આ બજારોમાં ટૂંકાગાળાના અને લાંબાગાળાના ધિરાણ અને વાસ્તવિક ધંધાનું બીલ અને માત્ર નાણાની લેવડ-દેવડ વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા હોતી નથી. પરંતુ રાષ્ટ્રીયકરણ પછી તેમજ દેશમાં બેંકોના વિકાસ પછી અસંગઠિત બજારનો ફાળો ઘણો ઓછો થઈ ગયો છે. અસંગઠિત બજાર દેશી શરાફો, નાણા ધીરધાર કરનારાઓ, ચીટ ફંડો - બનાવટી ફંડવાળા અને નિધિ કંપનીઓનું બનેલું છે.

➢ બિનસંગઠિત નાણા બજારના લક્ષણો નીચે પ્રમાણે છે.

**બિનસંગઠિત વિભાગ :**

બિનસંગઠિત વિભાગ નાણાની લેવડ-દેવડની અવિધિસરની વ્યવસ્થા-થી બનેલો છે. સામાન્ય રીતે આ પ્રકારના બજારમાં વ્યાજનો દર ઊંચો હોય છે. આ સંસ્થાઓમાં ટૂંકાગાળાના ધિરાણ અને લાંબાગાળાના ધિરાણ વચ્ચે તેમજ અસલી ધંધાદારી સોદો અને માત્ર નાણાની પરસ્પર સગવડ ખાતર લેણદેણ વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા હોતી નથી. આવા બિનસંગઠિત વિભાગો વ્યવસ્થિત વિભાગ સાથે આંતરગ્રથિત થવા જોઈએ.

**નિયંત્રણોની ગેરહાજરી :**

સામાન્ય રીતે બિનસંગઠિત બજારો કોઈ નિયંત્રકોના નિયંત્રણ હેઠળ હોતા નથી. નિયંત્રકોની ગેરહાજરી અસરકારક નહિ હોવાથી બિનસંગઠિત બજારો ઉત્પન્ન કરે છે. ભરણાં બહાર પાડનાર અને રોકાણકાર બન્ને માટે આ બજાર સારું અને સલામત બજાર નથી. એ વ્યસ્થિત બજાર છે કે જ્યાં નિયમનકાર એનું નિયમન કરતો હોય. સુવ્યવસ્થિત અને વિકસિત નાણાકીય બજાર માટે કડક નિયમનકાર જરૂરી છે. નિયમનકારો અને નિયંત્રકોની ગેરહાજરી એ અસંગઠિત બજારોનું સૌથી અગત્યનું લક્ષણ છે.

**અવિધિસરનું બજાર :**

સામાન્ય રીતે અસંગઠિત નાણાકીય કાર્યવ્યવસ્થા વ્યવસ્થિત હોતી નથી અને કોઈ નિયંત્રકો વડે નિયંત્રણમાં લેવાતી નથી. નાણા ભંડોળ ઊભું કરવાની આ એક અવિધિસરની રીત છે.

**વ્યાપ :**

અસંગઠિત બજારને વ્યવસ્થિત કરવાના પગલાં લેવામાં આવે છે તો પણ આ બજારનો વ્યાપ આખા દેશમાં ફેલાયેલો છે.

**વ્યાજનો દર :**

આ બજાર ઉપર નિયંત્રણ ન હોવાથી તેમજ નિયંત્રકો વડે નિયંત્રિત કરાયેલું ન હોવાથી મહત્તમ વ્યાજ અંગે કોઈ મર્યાદા હોતી નથી. અને વ્યાજનો દર માંગ અને પુરવઠાના બજારના પરિબળથી નક્કી થાય છે. સામાન્ય રીતે અસંગઠિત બજારમાં વ્યાજનો દર ઊંચો હોય છે.

## 1.5 નાણાકીય વ્યવસ્થાના કાર્યો

**બચતપ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું :**

દેશની નાણાકીય જરૂરિયાતો જો તે મોટી રકમની બચત કરતો હોય તો જ સંતોષી શકાય. તેથી લોકોની બચતપ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું જોઈએ. જો દેશના લોકો બચત કરવાનું શરૂ કરે તો જ તેને રોકાણમાં ફેરવી શકાય અને ઉદ્યોગોની નાણાકીય જરૂરિયાત સંતોષી શકાય. આર્થિક વૃદ્ધિની ગતિ વધારવા દેશને મજબુત બચત સ્ત્રોતોના ટેકાની જરૂર હોય છે. નાણાકીય વ્યવસ્થા બજારમાં વિવિધ સાધનો મારફતે રોકાણ માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે.

**નાણા ભંડોળની ગતિશીલતા :**

સમાજમાં એવા ક્ષેત્રો અથવા લોકો હોય છે, જેમની પાસે વધારાના પૈસા હોય છે અને બીજા નાણાની અછતવાળા લોકો પણ હોય છે. અર્થતંત્રમાં નાણાકીય વ્યવસ્થા મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે. અને તે વધારાના નાણાવાળા ક્ષેત્રો તરફથી અછતવાળા નાણાના ક્ષેત્રો તરફ નાણાના પ્રવાહને ગતિશીલ કરવાની સગવડ કરી આપે છે. નાણાકીય વ્યવસ્થા

રોકાણકાર અને ઉછીના લેનાર વચ્ચે પ્લેટફોર્મ પૂરું પાડે છે. નિષ્ક્રિય પડી રહેલી બચતો ધરાવનારાઓ પાસેથી જરૂરિયાતમંદ લોકો તરફ નાણાના પ્રવાહને ગતિશીલ કરે છે. ભંડોળની ગતિશીલતાની ગેરહાજરીમાં બચતો ઉપયોગ વગરની પડી રહે છે, ગતિશીલતાના કાર્ય દ્વારા નાણાકીય વ્યવસ્થા દેશના આર્થિક વિકાસને ગતિમાન કરે છે.

- **ઉત્પાદક રોકાણોને પ્રોત્સાહિત કરવા :**

નાણા બજાર તેના વિવિધ સાધનો દ્વારા ઉત્પાદક રોકાણ માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. નાણાકીય વ્યવસ્થાતંત્રના સાધનો ઉછીના આપનાર તથા લેનાર બન્ને માટે ફાયદાકારક છે. ઉછીના આપનારને સારું વળતર કમાવાની તક ઓછા ખર્ચે મળે છે. કારણકે નાણા બજારમાં દલાલ વગર સોદા કરી શકાય છે. અને તે બીજી રોકાણ તકોની સરખામણીમાં સલામત રોકાણ ગણાય છે. તો બીજી બાજુ, ઉછીના લેનાર માટે પણ એ નાણા ઊભાં કરવાનો સરળ સ્ત્રોત ગણાય છે. તેના વિવિધ સાધનો બચતની ટેવોને પ્રોત્સાહન પૂરું પાડે છે, ભંડોળને ગતિશીલ કરે છે અને તેનું લાભકારક રોકાણમાં રૂપાંતર કરે છે. તે રોકાણકારોને વિવિધ સાધનો દ્વારા આકર્ષે છે અને એવું પ્લેટફોર્મ પૂરું પાડે છે જ્યાંથી ભરણું બહાર પાડનાર તેની નાણાકીય જરૂરિયાત સંતોષી શકે છે.

- **શાખના સર્જક :**

આર્થિક વિકાસ માટે નાણાકીય સહાયની જરૂર પડે છે. આ સહાય કંઈ હંમેશા રોકડ સ્ત્રોતના સ્વરૂપમાં હોતી નથી. ઘણીવાર તે શાખી નાણા કે થાપણ નાણાના સ્વરૂપમાં હોય છે. આ શાખી નાણા (ધિરાણ) પણ ઔદ્યોગિક વિકાસની પ્રગતિમાં મદદરપ નીવડે છે. આ કાર્ય આખરે આર્થિક પ્રગતિની પ્રક્રિયાને ગતિશીલ બનાવે છે.

- **ઉદ્યોગ સાહસિકને ઉત્તેજન :**

નાણાકીય વ્યવસ્થા જેઓ રોકડ નાણાની સમસ્યાથી પીડાતા હોય એવા યુવા ગતિશીલ ઉદ્યોગ સાહસિકોને પ્રેરણા પૂરી પાડવામાં મદદરૂપ થાય છે. તેમને તેમની જરૂરી યોજના માટે નાણા ઊભાં કરવામાં સહાય કરે છે. સાહસિક મૂડી મ્યુચ્યુઅલ ફંડ જેવા વિવિધ નાણાકીય મધ્યસ્થીઓ તેમના ઉદ્યોગસાહસમાં રોકાણ કરે છે અને તેમ કરીને દેશની ઉત્પાદક શક્તિમાં વધારો કરે છે, જે આર્થિક વિકાસ માટે આવશ્યક છે.

- **નાણાકીય સેવાઓ પૂરી પાડવી :**

નાણા બજાર તેના વિવિધ ઘટકોમાં પહેલું છે. નાણાકીય મધ્યસ્થીઓ આ ઘટકો પૈકી એક ઘટક, નાણા ભંડોળ ઊભું કરવા માટે તેમજ રોકાણ કરવા માટે પણ તે વિવિધ અનુષાંગિક અને આકસ્મિક સેવાઓ પૂરી પાડે છે. તે જામીનગીરીઓ બહાર પાડનાર તથા રોકાણકાર બન્નેને તેમના ઉદ્દેશ સિદ્ધ કરવામાં મદદ કરે છે.

## ટૂંકમાં સમજૂતી

- ☺ **નાણાકીય વ્યવસ્થા :** વિવિધ ઘટકો જેવાં કે નાણાકીય બજાર, નાણાકીય મધ્યસ્થીઓ, નાણાકીય સાધનો અને નાણાકીય સેવાઓની મદદથી જરૂરિયાતવાળા લોકોની નાણાકીય જરૂરિયાતો સંતોષવાની વ્યવસ્થા એટલે નાણાકીય વ્યવસ્થા.

- ☺ **નાણાકીય બજાર :** નાણાકીય બજાર એટલે એવુ બજાર કે જ્યાં નાણાકીય મિલકતો અને નાણાકીય સાધનો ઊભા કરવામાં આવે છે.

- ☺ **નાણા બજાર :** નાણા બજાર એ ટૂંકાગાળાની નાણાકીય મિલકતો કે જે નાણાંનો નજીકનો વિકલ્પ છે, તેનો પ્રાથમિક અને ગૌણબજારમાં નાણાનો વિનિમય કરે છે.

☺ **મૂડી બજાર :** મૂડી બજાર એટલે એવું બજાર કે જે વિવિધ વિસ્તૃતિકરણની યોજના તથા લાંબાગાળાની યોજના માટે લાંબાગાળાનું ભંડોળ પૂરું પાડે છે. ઇક્વિટી શૅર અને બોન્ડ એ મૂડી બજારના માલિકીલક્ષી નાણાકીય સાધનો છે.

☺ **શાખ બજાર :** તે એક એવું સ્થળ છે કે જ્યાં બેંકો, નાણાકીય સંસ્થાઓ નોનબેંકિંગ નાણાકીય કંપનીઓ ટૂંકાગાળા, મધ્યમગાળા અને લાંબા સમયગાળા માટે કોર્પોરેટ ક્ષેત્રને અને વ્યક્તિઓને લોન પૂરી પાડે છે.

☺ **ગૌણ નાણા બજાર :** ગૌણ નાણા બજાર એ એવું બજાર છે કે જેમાં અગાઉ બહાર પાડેલા નાણાકીય સાધનો જેવાકે શૅર, ડિબેન્ચર, બોન્ડ, વિકલ્પ અને વાયદાની ખરીદી અને વેચાણ થાય છે.

☺ **ટૂંકાગાળાનું દેવાનું બજાર :** ટૂંકાગાળાના દેવાના બજારમાં ટૂંકાગાળા માટેની લોનના નાણાકીય સાધનો જેવાકે વેપારી શાખ અને ચૂકવણીપાત્ર હૂંડી કે રકમનો સમાવેશ થાય છે. કોઈપણ પેઢી વેપારી પાસેથી શાખ ઉપર માલ ખરીદે છે અને કરાર મુજબ તે રકમ ભવિષ્યમાં ચૂકવી આપે છે.

## સ્વાધ્યાય

**ખાલી જગ્યા પૂરો.**

1. .................. એટલે એવું બજાર કે જ્યાં નાણાકીય મિલકતો અને નાણાકીય સાધનો ઊભા કરવામાં આવે છે.
2. .................... એ ટૂંકાગાળાની નાણાકીય મિલકતો કે જે નાણાનો નજીકનો વિકલ્પ છે, તેનો પ્રાથમિક અને ગૌણ બજારમાં નાણાનો વિનિમય કરે છે.
3. .................... એટલે એવું બજાર કે જે વિવિધ વિસ્તૃતીકરણની યોજના તથા લાંબાગાળાની યોજના માટે લાંબાગાળાનું ભંડોળ પૂરું પાડે છે.
4. ................... એવું નાણાકીય બજાર છે કે જેમાં સ્ટોક, બોન્ડ્ઝ, ઓપશન્સ અને વાયદાના શૅરો જેવા અગાઉ બહાર પડી ચૂકેલા નાણાકીય સાધનોનું ખરીદ-વેચાણ થાય છે.
5. .................... એટલે નફાનું મૂડીકરણ.
6. ..................... એટલે કે હક્કના શૅરનો હયાત કંપનીઓ તેમના હયાત શૅર ધરાવનારાઓને પ્રમાણસરના ધોરણે શૅરો ફાળવે છે.
7. ...................... આ બજાર લાંબાગાળાના વિસ્તરણ અને વિકાસનાં આયોજનો માટે નાણા પૂરાં પાડે છે.

ખાલી જગ્યાના જવાબો

1. (નાણાકીય બજાર) 2. (નાણા બજાર) 3. (મૂડીબજાર)

4. (ગૌણ બજાર) 5. (બોનસ શૅર) 6. (હક્કનું ભરણું )

7. (લાંબાગાળાનું દેવા બજાર)

**ટૂંકમાં જવાબ લખો.**

1. વિદેશ નાણા બજારનું શું કામ છે ?
2. ભારતીય નાણા વ્યવસ્થાના મુખ્ય ઘટકોના નામ લખો.
3. સંગઠિત બજારના લક્ષણો જણાવો.

4. નાણા બજારના સાધનો લખો.
5. મૂડી બજારના લક્ષણો લખો.
6. ઔદ્યોગિક નાણા બજારના સાધનો જણાવો.
7. નવા ભરણાનું બજારની વ્યાખ્યા લખો.
8. ગૌણ બજાર એટલે શું ?
9. નાણાકીય વ્યવસ્થાનો અર્થ સમજાવો.
10. નાણાકીય વ્યવસ્થાનો હેતુ સમજાવો.

**સવિસ્તાર જવાબ આપો.**

1. નાણાકીય વ્યવસ્થા એટલે શું ? નાણાકીય વ્યવસ્થાના કાર્યો સમજાવો.
2. નાણા વ્યવસ્થાના મુખ્ય ઘટકો જણાવો.
3. ભારતીય નાણા વ્યવસ્થાનું માળખું સંક્ષિપ્તમાં સમજાવો.
4. ભારતીય નાણાકીય બજારના પ્રકારો વિશે ટૂંકનોંધ લખો.
5. વિવિધ પ્રકારના નાણા બજારોની સમજૂતી આપો.
6. નાણાકીય વ્યવસ્થાની વિવિધ ભૂમિકાઓ ટૂંકમાં સમજાવો.
7. ટૂંકનોંધ લખો : નાણાકીય મધ્યસ્થીઓ.

# એકમ : 2 મૂડી બજાર -I

## : રૂપરેખા :

2.1 પ્રસ્તાવના

2.2 મૂડીબજારના લક્ષણો

2.3 મૂડીબજારના કાર્યો

2.4 પ્રાથમિક મૂડીબજાર

2.5 શૅરનું જાહેર ભરણું

2.6 જાહેર ભરણાંના સંદર્ભમાં લીડ મેનેજરના કાર્યો

- સ્વાધ્યાય

## 2.1 પ્રસ્તાવના

### મૂડીબજાર

મૂડીબજાર એ જામીનગીરી બજાર કરતાં વિસ્તૃત છે અને તેમાં વટાવ ખત (નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ) હોય કે ન હોય તેવા નાણા ધિરાણના અને ઉછીના લેવાના તમામ નાણાકીય સાધનોનો સમાવેશ થાય છે. ધંધાકીય એકમોને જરૂરી એવા લાંબા સમયગાળાના ભંડોળો ઉછીના લેવા અને ધિરાણ કરવા માટેનું બજાર એટલે મૂડીબજાર. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મૂડીનો દાવો કરતા નાણાકીય રોકાણો કરતું બજાર એ મૂડીબજાર છે. મૂડીબજાર એ સંસ્થાઓ અને વ્યવસ્થાનું સંયુક્ત રીતે બનેલું છે જે મધ્યમગાળાના ભંડોળ અને લાંબાગાળાના ભંડોળ ધંધાકીય એકમો, સરકાર અને વ્યક્તિઓને પૂરા પાડે છે. મૂડીબજાર મધ્યમ અને લાંબાગાળાના ભંડોળ ઉછીના લેવા એન ધીરવા માટેની તમામ સગવડો અને સંસ્થાકીય વ્યવસ્થા દર્શાવે છે. મૂડીબજાર પ્રક્રિયા પણ ધરાવે છે જે દ્વારા જામીનગીરીઓનું હસ્તાંતર કરી શકાય છે. તે ભંડોળની માંગ કરનારાઓ અને ભંડોળ પૂરું પાડનારાઓનું બનેલું છે. મૂડીબજાર બાહ્ય રીતે નાણા મેળવવાનું આદર સ્થાન છે.

## 2.2 મૂડીબજારના લક્ષણો

- **લાંબાગાળાના ભંડોળનું પ્રાપ્તિસ્થાન :**

  મૂડીબજાર ધંધાની લાંબા અને મધ્યમગાળાની જરૂરિયાત સંતોષવા નાણુ પૂરું પાડે છે. આ બજારમાં તમામ નાણાકીય સાધનો લાંબાગાળાની પરિપક્વતા ધરાવે છે અને મોટાભાગના સાધનો મૂડીના ભાગ તરીકે આપેલા હોય છે. આ બજાર ધંધાના વિકાસ અને વિસ્તૃતિકરણની યોજના માટે નાણા પૂરા પાડે છે, જે લાંબા સમયગાળા માટે હોય છે. સામાન્ય રીતે આ બજારમાં બહાર પાડેલી જામીનગીરીઓનો સમયગાળો લાંબો હોય છે, તેથી રોકાણકારો કે જેઓને લાંબાગાળા માટે રોકાણ કરવું છે, તેઓ આ બજારમાં રોકાણ કરે છે.

**ભાગ લેનારાઓ :**

આ મૂડીબજારમાં ઘણાં ભાગ લેનારાઓ હોય છે. તેમાં મધ્યસ્થીઓ જેવાકે, વીમા કંપનીઓ, રોકાણ કંપનીઓ, પેન્શન ફંડ, બિન નાણાકીય ધંધાકીય એકમો, વ્યક્તિઓ અને સરકારનો સમાવેશ થાય છે. બજારને વધુ કાર્યક્ષમ બનાવવા વધારે સંખ્યામાં ભાગ લેનારા હોય તે હંમેશા ફાયદાકારક અને ઇચ્છનીય છે. મોટી સંખ્યામાં ભાગ લેનારા હોય તે એમ દર્શાવે છે કે કિંમત ઉપર કોઈ વ્યક્તિઓના જૂથનું પ્રભુત્ત્વ નથી.

**રોકાણનું કદ :**

મૂડીબજારમાં નાના અને મધ્યમ રોકાણકારો ભંડોળમાં ફાળો આપે છે. તેથી જામીનગીરીની અરજીનું મૂલ્ય નીચું રાખવામાં આવે છે કે જેથી વધુને વધુ રોકાણકારો અરજી કરી શકે. મૂડીબજારના કાર્યક્ષેત્રને વિસ્તૃત બનાવવામાં આ બાબત મદદરૂપ બને છે. તેને કારણે ભાગ લેનારની સંખ્યામાં વધારો થાય છે, જે અસરકારક બજાર માટે જરૂરી છે. આ સંદર્ભમાં **'સેબી'** એ પણ છૂટક વ્યક્તિગત રોકાણકારોને પણ પ્રમાણસર ધોરણે શૅરફાળવણી અંગે ગાઈડલાઈન (માર્ગદર્શિકા) દાખલ કરી છે.

**પેટા બજારો :**

મૂડીબજારને બે પેટા વિભાગો છે. એક છે સરકારી જામીનગીરીઓનું બજાર અને બીજું છે ઔદ્યોગિક જામીનગીરીઓનું બજાર. સરકારી જામીનગીરીના બજારમાં સરકારે બહાર પાડેલી જામીનગીરીઓના સોદા થાય છે અને ઔદ્યોગિક જામીનગીરીના બજારમાં ઉદ્યોગોએ બહાર પાડેલ શૅર કે ડિબેન્ચર, બોન્ડના સોદા થાય છે. સરકારી જામીનગીરીના બજારને પ્રાથમિક બજાર કહે છે. પ્રાથમિક બજારમાં નવી બહાર પાડેલી જામીનગીરીનો વેપાર થાય છે અને ઔદ્યોગિક જામીનગીરીના બજારને ગૌણ બજાર કહે છે. ગૌણ બજારમાં અગાઉ બહાર પાડી ચૂકેલ જામીનગીરીઓના સોદા થાય છે.

**મૂડીબજારના સાધનો :**

મૂડીબજારમાં વિવિધ સાધનો જેવા કે, શૅર, ડિબેન્ચર, બોન્ડ્ઝ અને ડિપોઝિટરીઝના સોદા થાય છે. સામાન્ય રીતે આ સાધનો લાંબા સમયગાળાના હોય છે. આ સિવાય તેમાં વિવિધ સરકારી જામીનગીરીઓનો પણ સમાવેશ થાય છે. કયા સાધન દ્વારા ભંડોળ ઊભું કરવું તેની પસંદગીનો આધાર વિવિધ પરિબળો જેવા કે પ્રોજેક્ટ સાથે સંકળાયેલું જોખમ, માલિકી ઢબ અંગે સંચાલકોનું વલણ, જામીનગીરીના સંદર્ભમાં કરવેરાની અસર વગેરે ઉપર છે.

**નિયમનકાર :**

ભારતમાં મૂડીબજારનું નિયમન 'સેબી' દ્વારા થાય છે. મૂડીબજારના સંદર્ભમાં 'સેબી' વિવિધ નીતિ-નિયમો ઘડે છે. તે રોકાણકારોની સલામતી માટે બજારમાં કામ કરનારાઓએ કઈ જરૂરિયાતો સંતોષવી પડશે તે અંગે ગાઈડલાઈન સેબી આપે છે. જામીનગીરીઓનું સંચાલન 1956ના કંપની ધારાની જોગવાઈઓ, વિદેશી હૂંડિયામણનો કાયદો તથા અન્ય લાગુ પડતા કાયદા મુજબ થાય છે. જામીનગીરી બહાર પાડનારે જામીનગીરી બહાર પાડવાની યોગ્યતા માટે લાગુ પડતી દરેક જોગવાઈઓનું પાલન કરવું જરૂરી છે.

**દલાલ :**

મૂડીબજારના વિકાસ અને અસરકારક કામગીરીમાં દલાલો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સોદાઓ સરળતાથી પૂરા કરવામાં દલાલ મદદરૂપ બને છે. દલાલો તેમની સેવા માટે દલાલી લે છે. તેમના માટે તે આવક ઊભી કરવાનું સાધન છે. દલાલોએ પણ સેબીની ગાઈડલાઈન

પ્રમાણે કાર્ય કરવાનું હોય છે. સેબી દલાલો ઉપર અંકુશ રાખે છે. દલાલોએ દલાલ તરીકેની સેવાઓ આપવા માટે નોંધણી કરાવવી જરૂરી છે.

આપણા દેશમાં મૂડીબજારનો સારો વિકાસ થયો છે. તે સેબીની ગાઈડલાઈન હેઠળ કાર્ય કરે છે. વિવિધ જામીનગીરીઓ જેવીકે, શૅર, ડિબેન્ચર, બોન્ડ અને ડિપોઝિટરીઝનો આ બજારમાં વેપાર થાય છે.

## 2.3 મૂડીબજારના કાર્યો

☞ **ફાળવણીનું કાર્ય :**

મૂડીબજાર અસંખ્ય રોકાણકારોની બચતોને વિવિધ ઉત્પાદકીય રોકાણો તરફ લઈ જવાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. મૂડીબજારનું આ એક મહત્ત્વનું કાર્ય છે. તે ઉત્તેજક અને દંડની પદ્ધતિથી ભંડોળની વહેંચણી કરે છે. ભંડોળની વહેંચણી ઔદ્યોગિક વૃદ્ધિને આગળ ધપાવે છે જે આખરે દેશની આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં પરિણમે છે.

☞ **નિર્દેશક તરીકેનું કાર્ય :**

મૂડીબજાર માત્ર અર્થતંત્રનો વિકાસ દર્શાવતું નિર્દેશકનું કાર્ય નહીં પણ જામીનગીરીઓની કિંમત વધ-ઘટ દ્વારા સમગ્ર સંપત્તિની સ્થિતિનો ખ્યાલ રજૂ કરે છે. કિંમતમાં ફેરફાર મોટેભાગે જે-તે કંપની અને સમગ્ર ઉદ્યોગની કામગીરી ઉપર આધારિત હોય છે. કંપનીના પરિણામોની અસર આખરે તો કંપનીની જામીનગીરીની કિંમત ઉપર પડે છે.

☞ **તરલતાનું કાર્ય :**

મૂડીબજાર પરસ્પર સમજૂતી દ્વારા માન્ય કિંમતે જામીનગીરી ખરીદનાર અને વેચનારને પ્લેટફોર્મ પૂરું પાડે છે. તેને કારણે જેનો વેપાર થાય છે તે જામીનગીરી તરલ (liquid) બને છે.

તરલતા એ જામીનગીરીનું સૌથી મહત્ત્વનું લક્ષણ છે અને તે જામીનગીરીને આકર્ષક બનાવે છે. આ લક્ષણ રોકાણકારોને જામીનગીરીમાં રોકાણ કરવા વધુ પ્રોત્સાહિત કરે છે જે બજારનું કાર્યક્ષેત્ર વિસ્તૃત બનાવે છે અને મૂડીબજારને વિકસાવવામાં મદદરૂપ બને છે.

☞ **બચત અને રોકાણનું કાર્ય :**

મૂડીબજારમાં લાંબાગાળાના રોકાણોનું ઝડપથી તરલ (liquid) ભંડોળમાં રૂપાંતર થાય છે. તે દ્વારા રોકાણકારોમાં વિશ્વાસ પેદા થાય છે અને તે બચત અને રોકાણોને ઝડપી બનાવે છે. તે બિન નોંધાયેલ બચતો ધરાવતા રોકાણકારોને કંપનીઓની જામીનગીરીઓમાં રોકાણ કરવા માટે આકર્ષે છે.

☞ **હસ્તાંતરનું કાર્ય :**

મૂડીબજાર હસ્તાંતરણ મિલકતો, દ્રશ્ય અને અદ્રશ્ય મિલકતો, વ્યક્તિની સંપત્તિની વ્યક્તિ કે જૂથને હસ્તાંતરણ (ફેરબદલી) કરવામાં મદદ કરે છે. રોકાણકારો પોતાની જામીનગીરીઓનું બજારના મધ્યસ્થીઓની મદદથી સરળતાથી હસ્તાંતરણ કરી શકે છે.

☞ **જોડાણનું કાર્ય :**

મૂડીબજાર બિનકાર્યક્ષમ કંપનીઓને સક્ષમ કંપનીઓના હાથમાં મૂકવા માટે સંચાલકોને કંપનીઓ ખરીદી લેવા અથવા જોડાણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. તેને કારણે કંપનીની કાર્યક્ષમતા સુધરે છે. લક્ષ્યાંકિત કંપનીઓમાં પોતાનો હિસ્સો વધે તે માટે વિવિધ કંપનીઓને મૂડીબજાર પ્લેટફોર્મ પૂરું પાડે છે.

## 2.4 પ્રાથમિક મૂડીબજાર

જ્યારે જાહેર કંપનીઓ જાહેર ભરણા દ્વારા જામીનગીરી બહાર પાડીને મૂડી એકત્રિત કરવા માંગતી હોય ત્યારે જામીનગીરીના પ્રાથમિક બજારમાં પ્રવેશવું પડે છે. જામીનગીરીના પ્રાથમિક બજારમાં જાહેર ભરણાને લગતી તમામ બાબતોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે જાહેર કંપનીઓ બજારની પરિસ્થિતિ અને રોકાણકારોની ક્ષમતા તથા મનોવૃત્તિ ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારની જામીનગીરીઓ જેવી કે ઇક્વિટી શૅર, પ્રેફરન્સ શૅર, બોન્ડ્ઝ, ડિબેન્ચર્સ વગેરે જાહેર ભરણા માટે બહાર પાડે છે.

### 2.4.1 જામીનગીરીનું પ્રાથમિક બજાર :

કંપનીઓ મૂડી મેળવવા માટે જે શૅર તથા અન્ય જામીનગીરીઓ બહાર પાડે છે તેને જામીનગીરીના પ્રાથમિક બજાર તરીકે ઓળખવામાં આવે છે. નવા ભરણાનું પ્રાથમિક બજાર રોકડેથી અથવા રોકડ સિવાયના અવેજ દ્વારા કંપનીઓ, સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના એકમો અને ભરણાનું કામ કરતી તમામ નાણાકીય સંસ્થાઓ અને અધિકૃત દલાલો દ્વારા ચાલે છે. સામાન્ય રીતે નવી મૂડી ઇક્વિટી શૅર, પ્રેફરન્સ શૅર, ડિબેન્ચર, બોનસ શૅર, થાપણો તથા લોન દ્વારા ઊભી કરવામાં આવે છે. નવી મૂડી ઊભી કરવા માટે બાંયધરી દલાલો, શૅર માટે અરજી કરનાર રોકાણકારો તથા IDBI, ICICI, LIC, GIC, UTI જેવી સંસ્થાઓની મદદથી ઊભી કરવામાં આવે છે.

આ કંપનીઓ નવા શૅર બહાર પાડીને ભરણું મેળવી શકે તે માટે કેટલીક બેંકોએ પોતાની બેંકમાં **મરચન્ટ બેન્કિંગ વિભાગ** શરૂ કર્યો છે. બાંયધરી દલાલો પોતાની આર્થિક શક્તિ પ્રમાણે કંપનીઓને નવા શૅર ખરીદવા અંગે બાંયધરી આપે છે અથવા ઇન્વેસ્ટમેન્ટ એન્ડ કન્સલ્ટન્સી માટે ખાનગી કંપનીની રચના કરીને નાણાનું રોકાણ કરે છે અને શૅર બહાર પાડવા અંગેની કાર્યવાહીનું સંચાલન પણ કરે છે. આ ઉપરાંત **સેબી**ની મંજૂરી મેળવીને બેંકમાંથી લોન મેળવી આપવાની સગવડ પૂરી પાડે છે.

### 2.4.2 પ્રાથમિક બજારમાં ધ્યનામાં લેવાની બાબતો :

કોઈપણ કંપનીઓ જામીનગીરી બજારમાં નવા શૅર બહાર પાડીને શૅરમૂડી એકત્રિત કરવી હોય ત્યારે નીચેની બાબતો ધ્યાનમાં લેવી પડે છે.

1) પ્રાથમિક ભરણાનો પ્રકાર નક્કી કરવો. દા.ત. જાહેર ભરણું, હકના શૅર બહાર પાડવા, ખાનગી ધોરણે શૅરની ફાળવણી, વેચાણની દરખાસ્ત વગેરે.

2) ભરણા માટેની જામીનગીરીઓનો પ્રકાર નક્કી કરવો.

3) ભરણું બહાર પાડવાની પદ્ધતિ નક્કી કરવી.

4) ભરણું બહાર પાડવાનો સમય અને અરજીની મર્યાદા

5) નવા શૅર બહાર પાડવાનો ખર્ચ

6) જાહેર ભરણા માટેની શૅરની કિંમત

**1) પ્રાથમિક ભરણાનો પ્રકાર નક્કી કરવો :**

**પ્રાથમિક ભરણા માટે નીચેના ત્રણ પ્રકારો છે.**

- જાહેર ભરણું
- હકના શૅર બહાર પાડવા
- ખાનગી ધોરણે શૅરની ફાળવણી

♦ **જાહેર ભરણું :**

જાહેર કંપની કે જે જાહેર જનતા પાસેથી જાહેર આમંત્રણ દ્વારા શૅરમૂડી પ્રાપ્ત કરવા માંગતી હોય તેણે વિજ્ઞાપનપત્ર બહાર પાડવું ફરજિયાત છે. વિજ્ઞાપનપત્ર એ જાહેર જનતાને શૅર ખરીદવા માટેનું જાહેર આમંત્રણ આપતો દસ્તાવેજ છે. આ પદ્ધતિ મૂડીને મેળવવા માંગતી કંપનીએ 1956ના કંપનીધારામાં જણાવેલ વિજ્ઞાપનપત્ર અંગેની તમામ જોગવાઈઓનું પાલન કરવાનું રહે છે.

♦ **હકના શૅર બહાર પાડવા :**

ચાલુ કંપનીઓને મૂડીની જરૂર પડે ત્યારે તેઓ જૂના શૅરહોલ્ડરોને નવા બહાર પાડેલ શૅર ખરીદવાનો જે હક આપે છે તેને હકના શૅર (Right Share)કહે છે.  ચાલુ શૅરહોલ્ડરો પાસે જેટલા શૅર હોય, તે સંખ્યા ધ્યાનમાં રાખીને તેઓને નિશ્ચિત સંખ્યામાં હકના શૅર ખરીદવાનો અધિકાર આપવામાં આવે છે. હકના શૅરો ખરીદ્યા પછી બજારમાં વેચી શકાય છે અને બીજાના નામે તેની ફેરબદલી પણ થઈ શકે છે. હકના શૅર બહાર પાડવા માંગતી કંપનીએ આ અંગે કંપની ધારામાં દર્શાવેલ જોગવાઈઓનું પાલન કરવું પડે છે.

♦ **ખાનગી ધોરણે શૅરની ફાળવણી** (Private Placement) **:**

આ પદ્ધતિમાં શૅર બહાર પાડતી કંપની અથવા દલાલો તેમના જ ગ્રાહકો કે જેમણે પહેલા જામીનગીરીઓ ખરીદી હોય તેમને વેચે છે. આ પદ્ધતિમાં શૅર બહાર પાડતી સંસ્થા અથવા દલાલો  પોતાના ગ્રાહકોને શૅર આપવા માટે મોટા જથ્થામાં શૅર ખરીદી લે છે. આ પદ્ધતિમાં દલાલો જથ્થાબંધ વેપારી તરીકે વર્તે છે. તેઓ લોકોને છૂટક સ્વરૂપે શૅરો વેચે છે અને નફો મેળવે છે. ખાનગીમાં આ રીતે શૅરનું વેચાણ કરવાની પ્રથા ભારતમાં બહુ જ મર્યાદિત છે, પરંતુ વિદેશમાં ઘણી લોકપ્રિય છે. ભારતમાં શૅરબજારમાં મંદી આવ્યા પછી 1997માં આ પ્રથા શરૂ થઈ હતી. જો કે કેટલાક સ્થાપકો લઘુત્તમ ભરણાની જોગવાઈનું પાલન કરવા પોતાના સગાસંબંધીઓ, મિત્રોને આ પ્રમાણે શૅરનું વેચાણ કરે છે.

**2) ભરણા માટેની જામીનગીરીઓનો પ્રકાર નક્કી કરવો :**

કંપનીની સ્થાપના વખતે મોટેભાગે ઇક્વિટી શૅર અને પ્રેફરન્સ શૅર બહાર પાડીને મૂડી ઊભી કરવામાં આવે છે. જૂની કંપનીઓ પોતાના અનામત ભંડોળનું મૂડીકરણ કરીને તથા બેંકો અને સંસ્થાઓ પાસેથી ઉછીની મૂડી મેળવીને પોતાની મૂડી જરૂરિયાત સંતોષે છે. નવી સ્થપાતી કંપની માટે ઇક્વિટી શૅર બહાર પાડવા ફરજિયાત છે. મૂડી પ્રાપ્ત કરવા માટે નીચે દર્શાવેલ જામીનગીરીઓ પૈકી જરૂરિયાત પ્રમાણે યોગ્ય જામીનગીરીઓ ભરણા માટે પસંદ કરવામાં આવે છે.

- ઇક્વિટી શૅર
- થાપણ પ્રમાણપત્રો
- નાણાકીય સંસ્થાની લોન
- પ્રેફરન્સ શૅર
- ડિબેન્ચર
- વિદેશી લોન
- વાણિજ્યક પેપર્સ
- બેંક લોન

- જાહેર થાપણો
- આંતરકંપની થાપણ

**3) ભરણું બહાર પાડવાની પદ્ધતિ નક્કી કરવી :**

નવી કંપની પ્રથમવાર જે શૅર બહાર પાડે તેને પ્રાથમિક ભરણા તરીકે ઓળખવામાં આવે છે. ચાલુ કંપનીઓ ત્યારબાદ નીચે દર્શાવેલ રીતે શૅર આપે છે.

i) રોકડની સામે આપવામાં આવતા શૅર

ii) યાંત્રિક જાણકારી અને જ્ઞાન માટે આપવામાં આવતા શૅર

iii) અન્ય કંપનીના શૅરની અવેજીમાં આપવામાં આવતા શૅર

iv) સ્થાપકો તથા એજન્ટોને તેમની સેવાઓ અને પરિશ્રમના બદલામાં અપાતા શૅર

## 2.5 શૅરનું જાહેર ભરણું

શૅરબજારમાં કંપનીના શૅરોની નોંધણી થાય તે પહેલા ઇક્વિટી શૅરના ભરણા માટે કંપની પ્રથમવાર જાહેર જનતા સમક્ષ જે દરખાસ્ત મૂકે તેને શૅરભરણા માટેની પ્રાથમિક જાહેર દરખાસ્ત તરીકે ઓળખવામાં આવે છે.

પ્રાથમિક જાહેર દરખાસ્ત IPO : એ બિન નોંધાયેલ કંપની માટે જનતા પાસેથી પ્રથમવાર ભંડોળ ઊભું કરવાનું પ્રાપ્તિ સ્થાન છે. કંપની દ્વારા સૌપ્રથમવાર કરવામાં આવતી આ જાહેર દરખાસ્ત છે.

જાહેર ભરણું એટલે જાહેર જનતા પાસેથી ભંડોળ ઊભું કરવું. કંપની જાહેર જનતાને શૅર અને જામીનગીરી ખરીદવાનું જાહેર આમંત્રણ આપે છે. ભારતમાં 1992 પહેલાં આ માટે મૂડી નિયામકની મંજૂરી લેવી પડતી હતી. પરંતુ 1992માં SEBIનો કાયદો પસાર થયા પછી જાહેર ભરણા માટે **સેબી**ની પરવાનગી લેવી જરૂરી છે. કંપની જાહેર જનતા પાસેથી નવા શૅર બહાર પાડીને (IPO) અથવા ફરીથી જાહેર દરખાસ્ત (FPO) કરીને ભંડોળ ઊભું કરી શકે.

ફરીથી જાહેર ભરણું FPO (Follow-on Public Offer) એ એવી કંપનીઓ માટે નાણાનું પ્રાપ્તિસ્થાન છે કે જેણે જાહેર ભરણા દ્વારા જામીનગીરી બહાર પાડી દીધી છે. બીજા શબ્દોમાં જ્યારે કંપની જનતાને શૅર આપી દીધા છે તે ફરીથી જનતાને આમંત્રણ આપે તેને FPO ફરીથી જાહેર આમંત્રણ કહે છે.

### 2.5.1 પ્રાથમિક જાહેર દરખાસ્તની યોગ્યતા :

જે કંપની નીચે દર્શાવેલ શરતોનું પાલન કરે તે પોતાના તમામ શૅર જાહેર જનતાને વેચી શકે છે.

1) અગાઉના ત્રણ વર્ષ દરમિયાન દરેક વર્ષે કંપનીની ભૌતિક મિલકત રૂ. 3 કરોડની હોવી જોઈએ.

2) અગાઉના પાંચ વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષમાં કંપનીને વહેંચણીપાત્ર નફો થયેલો હોવો જોઈએ.

3) અગાઉના ત્રણ નાણાકીય વર્ષમાં તેની ચોખ્ખી મિલકત રૂ. 1 કરોડની હોવી જોઈએ.

4) અગાઉ બહાર પાડેલ શૅરની કિંમત કરતાં પાંચ ગણો વધારો થવો જોઈએ નહીં.

જો નોંધણી ન થઈ હોય તેવી કંપની ઉપરની શરતોનું પાલન ન કરી શકે તો તેણે પ્રાથમિક જાહેર દરખાસ્ત કરવા માટે નીચે દર્શાવેલ બે શરતોનું પાલન કરવું જોઈએ.

1) જાહેર ભરણું ચોપડા કિંમત પ્રમાણે કરવું અને તેમાં 50% ભરણું યોગ્ય સંસ્થાકીય ખરીદનારાઓને ફાળવવું જોઈએ. જો તેમ કરવામાં નિષ્ફળતા મળે તો ભરણાની સંપૂર્ણ રકમ પરત કરવી પડશે અથવા પ્રોજેક્ટમાં ઓછામાં ઓછી 15% ભાગીદારી નાણાકીય સંસ્થાઓ / શિડ્યુલ્ડ બેંકો અને 10% ભરણું યોગ્ય સંસ્થાકીય ખરીદનારને ફાળવવું પડશે.

2) ભરણા પછીની ઈક્વિટી શૅરમૂડીની રકમ રૂ. 10 કરોડની હોવી જોઈએ અથવા ચોક્કસ શરતોને આધિન શૅરનોંધણી તારીખથી ઓછામાં ઓછા 2 વર્ષ સુધી ફરજિયાત બજાર બનાવવું (Market Making) જોઈએ.

જાહેર દરખાસ્ત દ્વારા શૅરભરણું મેળવવા ઈચ્છતી કંપનીઓએ ઉપર જણાવેલ બાબતોનું કાયદેસર રીતે પાલન કરવું જરૂરી છે. 'સેબી'ને આ શરતોમાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરવાની સત્તા છે.'

**2.5.2 જાહેર ભરણા માટે પ્રાથમિક જાહેર દરખાસ્તના મુખ્ય તબક્કાઓ :**

વિજ્ઞાપનપત્ર દ્વારા જાહેર જનતાને શૅર ભરણા માટે આમંત્રણ આપીને મૂડી મેળવવી એ એક લાંબી પ્રક્રિયા છે. તેમાં નીચેના તબક્કાઓનો સમાવેશ થાય છે.

⇨ **સંચાલક મંડળની મંજૂરી :**

સૌ પ્રથમ કંપનીના સંચાલકો જાહેર જનતા પાસેથી જાહેર આમંત્રણ દ્વારા મૂડી ઊભી કરવા અંગેનો સંચાલક મંડળમાં ઠરાવ પસાર કરે છે. અને મેનેજિંગ ડિરેક્ટરને અથવા સંચાલક મંડળની સમિતિને આ અંગે તમામ કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવે છે.

⇨ **ચાલુ કંપની હોય તો શૅરહોલ્ડરની મંજૂરી :**

ચાલુ કંપની હોય તો તે વર્તમાન શૅરહોલ્ડરની મિટિંગ બોલાવે છે અને નવા શૅર બહાર પાડવાની મંજૂરીનો ઠરાવ પસાર કરે છે. કંપનીધારાની કલમ (81) 1-A અન્વયે ચાલુ કંપની નવા શૅર બહાર પાડે ત્યારે તે અંગેની સત્તા આપતો ઠરાવ ચાલુ શૅરહોલ્ડરોની સભામાં મંજૂર કરાવવો જરૂરી છે.

⇨ **લીડ મેનેજરની નિમણુક :**

નવા શૅરભરણાની કામગીરી હાથ ધરવા માટે લીડ મેનેજર તરીકે કોઈ કંપની કે મરચન્ટ બેંકની નિમણુક કરવામાં આવે છે. આ અંગેની વિગત પણ વિજ્ઞાપનપત્રમાં જણાવવી જરૂરી છે.

⇨ **દસ્તાવેજોની ચકાસણી :**

જે કંપની કે બેંકની લીડ મેનેજર તરીકે નિમણુક થઈ હોય તે પ્રાથમિક જાહેર શૅર દરખાસ્ત માટે જરૂરી હોય તેવા તમામ દસ્તાવેજોની ધારાકીય દ્રષ્ટિએ તપાસ કરે છે અને ખૂટતી માહિતી કંપની પાસેથી મંગાવી લે છે.

⇨ **મધ્યસ્થીઓની નિમણુક :**

લીડ મેનેજર દસ્તાવેજોની ચકાસણી કર્યા પછી જો તે સંતોષકારક જણાય તો કંપનીને આ ભરણા માટેના રજિસ્ટ્રાર બેન્કર, મુદ્રક અને જાહેરાત કરનાર મધ્યસ્થીઓની નિમણુંક લીડ મેનેજરની સલાહ પ્રમાણે કરવામાં આવે છે.

⇨ **શૅર બહાર પાડવા માટેનું અંદાજપત્ર :**

શૅર બહાર પાડવા અંગે કેન્દ્ર સરકારના નાણાકીય વિભાગ દ્વારા ખર્ચ અંગે જે માર્ગદર્શન આપવામાં આવે છે તે પ્રમાણે લીડ મેનેજર આ અંગેનું અંદાજપત્ર તૈયાર કરે છે અને કંપની

આ અંદાજપત્ર મંજૂર કરે છે. શૅર બહાર પાડવાના ખર્ચમાં સામાન્ય રીતે નીચે દર્શાવેલ ખર્ચનો સમાવેશ થાય છે. (1) લીડ મેનેજર, બાંયધરી આપનાર, રજિસ્ટ્રાર, બેંકર વગેરેની ફી, (2) દલાલી ખર્ચ, (3) ટપાલ ખર્ચ, (4) લેખન સામગ્રી ખર્ચ, (5) શૅર બહાર પાડવાનો બજારીય ખર્ચ વગેરે.

⇨ **વિજ્ઞાપનપત્ર તૈયાર કરવું :**

સંચાલકો સાથે જરૂરી ચર્ચા વિચારણા કરીને લીડ મેનેજર વિજ્ઞાપન પત્ર અંગેનો મુસદ્દો તૈયાર કરીને સંચાલક મંડળની સભામાં મંજૂર કરાવે છે.

⇨ **મંજૂર કરેલ વિજ્ઞાપનપત્ર સેબીને મોકલવું :**

સંચાલક મંડળે મંજૂર કરેલ વિજ્ઞાપનપત્રનો મુસદ્દો લીડ મેનેજર અવલોકન માટે સેબીને મોકલી આપે છે. તે સાથે તેની ફ્લોપીની કોપી પણ આપે છે. સેબી પોતાની વેબસાઈટ ઉપર આ ફ્લોપીની કોપી જાહેર જનતાની આલોચના માટે મૂકે છે.

⇨ **શૅરબજારોમાં નોંધણી :**

જે શૅરબજારોમાં શૅરની નોંધણી કરાવવાની હોય તેને વિજ્ઞાપનપત્રની નકલ સાથે કંપની અરજી કરે છે. લીડ મેનેજર અને બાંયધરી આપનારની વેબસાઈટ ઉપર પણ વિજ્ઞાપનના મુસદ્દાને મૂકવામાં આવે છે.

⇨ **અભૌતિક સ્વરૂપે (De-mate) શૅરો અંગે :**

વર્તમાન સમયમાં કંપની થાપણદારો અને રજિસ્ટ્રાર સાથે અભૌતિક સ્વરૂપે શૅરો આપવા માટેની સગવડ કરી આપવા માટે કરાર કરે છે.

⇨ **શેર બાંયધરી અંગે :**

જો શૅરને બાંયધરી માટે સૂચિત કરવાના હોય તો લીડ મેનેજર બાંયધરી અંગેની ગોઠવણ કરે છે. તેમાં કુલ કેટલી રકમની, કેટલા શૅર અંગેની બાંયધરી વગેરે બાબતો સ્પષ્ટ કરવામાં આવે છે.

⇨ **વિજ્ઞાપનપત્રમાં સુધારા અંગે :**

વિજ્ઞાપનપત્રના મુસદ્દા ઉપર 21 દિવસમાં સેબી અવલોકન કરીને જો તેમાં કોઈ ફેરફાર હોય તો સૂચન કરે છે. આ ઉપરાંત શૅરબજાર પણ જરૂરી સૂચનો કરે છે. આ બંને સત્તાવાળાઓને સંતોષ થાય એ રીતે કંપની વિજ્ઞાપનપત્રના મુસદ્દામાં જરૂરી ફેરફાર કરે છે.

⇨ **કંપની રજિસ્ટ્રારને વિજ્ઞાપનપત્ર મોકલવું :**

વિજ્ઞાપનપત્રમાં જરૂરી ફેરફાર કરીને તથા કંપનીધારાની જોગવાઈઓનું પાલન થયું છે કે નહીં તેની ચકાસણી કરીને વિજ્ઞાપનપત્રની નકલ કંપની રજિસ્ટ્રારના કાર્યાલયને મોકલી આપવામાં આવે છે.

⇨ **વિવિધ પક્ષકારો સાથે મિટિંગ :**

લીડ મેનેજર અને કંપની નવા ઇસ્યુને બજારમાં મૂકવા માટે પત્રકાર પરિષદ, દલાલો તથા રોકાણકારોની જુદા-જુદા સમયે મિટિંગ યોજીને નવા ઇસ્યુને લગતી મહત્ત્વની વિગતો પૂરી પાડે છે અને જરૂરી ખુલાસા આપે છે.

⇨ **ભરણા અંગેની જાહેરાત :**

ભરણું ખુલ્લું મૂકવાનું હોય તેના દસ દિવસ પહેલાં કંપની 1956ના કંપનીધારાની જોગવાઈ

અનુસાર ભરણા અંગેની જાહેરાત દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરે છે. આ જાહેરાતને સંક્ષિપ્ત વિજ્ઞાપન તરીકે ઓળખવામાં આવે છે. તે મૂળ વિજ્ઞાપનપત્ર સાથે સુસંગત હોવું જોઈએ.

⇨ **અરજી ફોર્મ મોકલી આપવા :**

લીડ મેનેજર છાપેલા અરજી ફોર્મ તથા સંક્ષિપ્ત વિજ્ઞાપનની નકલ બધા શૅરબજારને, **સેબી**ને, દલાલોને, બાંયધરી આપનારાઓને અને રોકાણકારોના મંડળને મોકલી આપે છે.

⇨ **ભરણું ખુલ્લું રાખવાના દિવસો :**

નવા શૅર માટેનું ભરણું ઓછામાં ઓછા ત્રણ દિવસ અને વધુમાં વધુ એકવીસ દિવસ સુધી ખુલ્લું રાખવામાં આવે છે.

⇨ **સેબીના નિયમો મુજબ શૅર વહેંચણી :**

શૅરભરણું બંધ થાય ત્યારે લીડ મેનેજર **સેબી**એ નક્કી કરેલ, નિયમો પ્રમાણે શૅરોની વહેંચણી કરે છે.

⇨ **નિશ્ચિત સમયમાં ડીમેટ ખાતામાં નોંધણી :**

નવા શૅરભરણા અંગે લીડ મેનેજર બે દિવસમાં ડીમેટ ખાતામાં શૅર જમા કરાવે છે. અથવા શૅર નોંધણી થાય તેના સાત દિવસમાં રોકાણકારોના ડીમેટ ખાતામાં શૅર જમા કરવામાં આવે છે અથવા શૅર પ્રમાણપત્ર અને રિફન્ડના નાણા અરજદારને મોકલી આપવામાં આવે છે.

## 2.6 જાહેર ભરણાના સંદર્ભમાં લીડ મેનેજરના કાર્યો

નવા શૅરભરણામાં લીડ મેનેજરે મહત્ત્વની ભૂમિક ભજવવાની હોય છે. સમગ્ર શૅરભરણાની સફળતા કે નિષ્ફળતા માટે લીડ મેનેજરને જવાબદાર ગણવામાં આવે છે. નવા શૅરભરણાની સફળતા માટે લીડ મેનેજરે નીચેના કાર્યો કરવા પડે છે.

**1) નવા ભરણા માટે માળખું તૈયાર કરવું :**

કંપનીની મૂડી જરૂરિયાતોને તથા રોકાણકારોની અપેક્ષાઓ તથા અન્ય પરિબળો ધ્યાનમાં રાખીને લીડ મેનેજર નવા શૅરભરણાનું માળખું તૈયાર કરે છે.

**2) વિજ્ઞાપનપત્રનો મુસદ્દો :**

કંપની શૅર માટે રોકાણકારો અરજી કરે તે હેતુથી લીડ મેનેજર વિગતપૂર્ણ અને આકર્ષક વિજ્ઞાપનપત્રનો મુસદ્દો કંપનીધારાની જોગવાઈઓ પ્રમાણે તૈયાર કરે છે અને **સેબી**ને સુપ્રત કરે છે.

**3) બાંયધરી કરારો :**

કંપનીનું શૅરભરણું નિયત સમયમાં ભરાઈ જાય તે માટે નાણાકીય સંસ્થાઓ, વેપારી બેંકો તથા દલાલો સાથે બાંયધરી કરારો કરવાનું કાર્ય લીડ મેનેજર કરે છે.

**4) વિજ્ઞાપનપત્ર અંગે સલાહ-મસલત :**

વિજ્ઞાપનપત્રને આખરી સ્વરૂપ આપતા પહેલાં શૅરબજારના સત્તાવાળાઓ, સોલિસિટર તથા અન્ય નિષ્ણાંતો સાથે મસલત કરવાનું કાર્ય લીડ મેનેજર કરે છે.

**5) વિવિધ કાર્યોનું સંકલન :**

નવા શૅરભરણાની સફળતા માટે દલાલો, બેંકો, રજિસ્ટ્રાર, જાહેરાતના એજન્ટો, પ્રિન્ટર્સ

તથા અન્ય કાર્યો માટે જેમની સેવાઓ લેવાની હોય તે દરેકના કાર્યોનું સંકલન કરવાની જવાબદારી લીડ મેનેજરની છે.

6) વિવિધ પક્ષકારો સાથે મિટિંગો યોજવી : નવા શૅરભરણાને બજારમાં આવકાર મળે તે માટે પત્રકારો, દલાલો, નાણાકીય સંસ્થાઓ તથા રોકાણકારો સાથે મિટિંગો યોજવાનું કાર્ય લીડ મેનેજર કરે છે.

7) માહિતી પૂરી પાડવી : સેબીને, સરકારને, કંપની રજિસ્ટ્રારને, વેપારી બેંકો, દલાલો, પત્રકારો વગેરે પક્ષકારો જે પૂછપરછ કરે તેને લગતી માહિતી ટપાલ દ્વારા પૂરી પાડવાનું કાર્ય લીડ મેનેજર કરે છે.

8) નવા ભરણા ઉપર દેખરેખ : જ્યારે શૅરભરણું ખુલ્લું મૂકાય તે તારીખથી તે બંધ થાય ત્યાં સુધી ભરણાને લગતી તમામ પ્રવૃત્તિઓ ઉપર નિરિક્ષણ રાખવાની જવાબદારી લીડ મેનેજરની છે.

9) શૅરવહેંચણીનો આધાર નક્કી કરવા અંગે : શૅર માટેના અરજદારોને કયા આધારે કેટલા શૅરની ફાળવણી કરવી તે નક્કી કરવાના કાર્યમાં લીડ મેનેજર મદદરૂપ બને છે.

10) શૅર નોંધણી માટે મદદરૂપ બનવું : કંપની જે શૅરબજારમાં પોતાના શૅરની નોંધણી કરાવવા માંગે તે શૅરબજારો સાથે જરૂરી પત્રવ્યવહાર કરવો, જરૂરી દસ્તાવેજો મોકલવા વગેરે કાર્યોમાં લીડ મેનેજર મદદરૂપ બને છે.

ટૂંકમાં, લીડ મેનેજરે શૅરભરણાને લગતા તમામ કાર્યો કરવા પડે છે અને ભરણું સફળ બને તે માટે પ્રયત્ન કરવાના હોય છે.

**સ્વાધ્યાય**

**ટૂંકમાં જવાબ આપો.**

1. મૂડીબજારના કાર્યો લખો.

2. પ્રાથમિક બજાર એટલે શું?

3. પ્રાથમિક ભરણા માટેના પ્રકારો જણાવો.

4. પ્રાથમિક જાહેર દરખાસ્ત માટે કંપનીની યોગ્યતા લખો.

5. શૅર બહાર પાડવાના ખર્ચમાં કયા ખર્ચનો સમાવેશ થાય છે?

6. મૂડીબજારના લક્ષણો જણાવો.

**ખાલી જગ્યા પૂરો**

1. ..................... એ જાહેર જનતાને શૅર ખરીદવા માટેનું જાહેર આમંત્રણ આપતો દસ્તાવેજ છે.

2. ચાલુ કંપનીઓને મૂડીની જરૂર પડે ત્યારે તેઓ જૂના શૅરહોલ્ડરોને નવા બહાર પાડેલ શૅર ખરીદવાનો જે હક આપે છે તેને ........................ કહે છે.

3. ………………… એ બિન નોંધાયેલ કંપની માટે જનતા પાસેથી પ્રથમવાર ભંડોળ ઊભું કરવાનું પ્રાપ્તિસ્થાન છે.

4. ………………… એટલે જાહેર જનતા પાસેથી ભંડોળ ઊભું કરવું.

5. જ્યારે કંપનીએ જનતાને શૅર આપી દીધા છે તે ફરીથી જનતાને આમંત્રણ આપે તેને …………………… કહે છે.

**ખાલી જગ્યાના જવાબો**

1. વિજ્ઞાપનપત્ર

2. હક્કના શૅર

3. પ્રાથમિક જાહેર દરખાસ્ત

4. જાહેર ભરણું

5. ફરીથી જાહેર આમંત્રણ

**હેતુલક્ષી પ્રશ્નો**

1. મૂડીબજારનો અર્થ અને લક્ષણો સમજાવો.

2. મૂડીબજારના કાર્યો સમજાવો.

3. નવા ભરણા માટે નિમાયેલા લીડ મેનેજરના કાર્યો વિશે સમજૂતી આપો.

4. જાહેર ભરણા અંગે બાંયધરી દલાલોની નોંધણી, ફરજો અને જવાબદારી અંગે સેબીની જોગવાઈઓ જણાવો.

## એકમઃ 3 મૂડીબજાર- II

**રૂપરેખાઃ**

**3.1 પ્રસ્તાવનાઃ**

**3.2 બાંયધરી દલાલો**

**3.3 ગૌણ મૂડી બજાર**

**3.4 શેરબજાર**

**3.5 ભારતમાં શેરબજારના પ્રકારો**

**સ્વાધ્યાય**

### 3.1 પ્રસ્તાવનાઃ

મૂડીબજાર મધ્યમ અને લાંબાગાળાના ભંડોળ ઉછીના લેવા એન ધીરવા માટેની તમામ સગવડો અને સંસ્થાકીય વ્યવસ્થા દર્શાવે છે. મૂડીબજાર પ્રક્રિયા પણ ધરાવે છે જે દ્વારા જામીનગીરીઓનું હસ્તાંતર કરી શકાય છે.

### 3.2 બાંયધરી દલાલોઃ

જાહેર જનતા પાસેથી શૅર બહાર પાડીને મૂડી એકત્રિત કરવા માંગતી કંપનીએ નિશ્ચિત સમયમાં લઘુત્તમ ભરણા જેટલી રકમની શૅર અરજીઓ મેળવવી જરૂરી છે. જે કંપનીઓ લઘુત્તમ ભરણાની જોગવાઈઓનું પાલન કરી શકે નહીં તે અસ્તિત્ત્વમાં આવી શકતી નથી. આવી કંપનીઓને કંપની રજિસ્ટ્રાર નોંધણીનું પ્રમાણપત્ર આપતા નથી. પરિણામે શૅર માટે જેમણે અરજી કરી હોય તેઓને નાણા પરત કરવા પડે છે અને કંપનીના સ્થાપકોની તમામ મહેનત અને ખર્ચ વ્યર્થ જાય છે. આમ ન બને તે માટે સ્થાપકો જાહેર ભરણા અંગે બાંયધરી દલાલોની નિમણુક કરે છે. બાંયધરી દલાલ નવા ભરણા અને પ્રાથમિક બજારનો મહત્ત્વનો મધ્યસ્થી છે. બાંયધરી દલાલ, કે જે જ્યારે જાહેર ભરણું પૂરેપૂરું ભરાઈ ન જાય ત્યારે શૅર ખરીદવાની બાંયધરી આપે છે. તેઓ જાહેર ભરણું પોતાના દ્વારા પૂરેપૂરું ભરાઈ જાય અથવા અન્ય દ્વારા તેની બાંયધરી આપે છે. જો કે એપ્રિલ, 1995 પછી બાંયધરી ફરજિયાત નથી પણ તેમ છતાં તેની નિમણુક પ્રાથમિક બજાર માટે મહત્ત્વનું તત્ત્વ છે. જાહેર ભરણાના લીડ મેનેજર અને મરચન્ટ બેંકર્સને સલાહ સૂચનોને ધ્યાનમાં રાખીને જાહેર ભરણું જાહેર કરનારી કંપની બાંયધરી દલાલની નિમણુક કરે છે. લીડ મેનેજર દ્વારા એવી ખાતરી પણ આપવામાં આવે છે કે બાંયધરી દલાલ પાસેની અસ્કયામતો તેની જવાબદારી નિભાવવાની બાબત માટે પૂરતી છે અને તે બાબતની જાહેરાત વિજ્ઞાપનપત્રમાં પણ કરવામાં આવે છે.

**બાંયધરી દલાલની નોંધણી :**

બાંયધરી દલાલની ભૂમિકા અદા કરવા માટે સેબી પાસેથી નોંધણીનું પ્રમાણપત્ર મેળવવું અનિવાર્ય છે. આ પ્રમાણપત્ર આપતી વખતે સેબી બાંયધરી પ્રક્રિયા સાથે સંકળાયેલ અને બાંયધરી પ્રક્રિયા સાથે સંલગ્ન એવી તમામ બાબતો ગણતરીમાં લે છે. સેબીની ગાઈડલાઈન મુજબ નીચેની બાબતો બાંયધરી દલાલની ભૂમિકા અદા કરનાર પાસે હોવી જરૂરી બને છે.

- જરૂરી માળખાકીય સુવિધાઓ કે જેમાં કાર્યાલય, કાર્યાલયની જગ્યા, સાધનો અને અસરકારક રીતે જવાબદારી બજાવી શકે તેવા માનવ સાધનો (સ્ટાફ).
- બાંયધરી દલાલ તરીકેનો પૂર્વ અનુભવ તથા બાંયધરી પ્રક્રિયાનો અનુભવ ધરાવતા બે વ્યક્તિઓની બાંયધરી દલાલની સંસ્થામાં નિમણુક.
- બાંયધરી દલાલ તરીકેની અરજી કરનાર સંસ્થા / વ્યક્તિ સાથે સંકળાયેલી કોઈપણ વ્યક્તિ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે બાંયધરી દલાલ તરીકે સેબી સાથે નોંધાયેલો હોવો જોઈએ નહીં અથવા તો તે વ્યક્તિની અરજી સેબીએ રદ કરી હોય અથવા તેની સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા હોય (સેબીના નીતિ-નિયમો મુજબ) તો તે અવરોધરૂપ થઈ શકે છે.
- મૂડી પર્યાપ્તતાની જરૂરિયાત ઓછામાં ઓછી રૂ. 20 લાખ (મૂડી + મુક્ત ભંડોળ)
- નૈતિક બાબતે અથવા તો નાણાકીય ગોટાળાના આરોપસર અરજદાર / ડાયરેક્ટર / મુખ્યાધિકારી / ભાગીદાર કોઈ પણ દંડનીય કાયદાકીય કાર્યવાહી હેઠળ હોવો ન જોઈએ.

**ટૂંકમાં સમજૂતી**

**1) મૂડી બજાર :**

ધંધાકીય એકમને જરૂર પડતા ટૂંકાગાળાના અને લાંબાગાળાના નાણાકીય ભંડોળો ઉછીના લેવાનું અને ધિરવાનું બજાર એટલે મૂડીબજાર. મૂડીબજારમાં એવી પણ પ્રક્રિયા હોય છે જે દ્વારા જામીનગીરીઓનું હસ્તાંતરણ એટલે કે ફેરબદલી કરી શકાય છે.

**2) મૂડીબજારના લક્ષણો :**

મૂડીબજારના મુખ્ય લક્ષણો છે : (1) તે લાંબાગાળાના ભંડોળનું પ્રાપ્તિસ્થાન છે. (2) તેમાં ઘણા ભાગ લેનારાઓ હોય છે. (3) રોકાણનું કાર્યક્ષેત્ર ઘણું વિસ્તૃત છે. (4) તેના બે પેટાબજારો છે. (5) તેમાં વિવિધ નાણાકીય સાધનોનો વેપાર થાય છે. (6) તેનું નિયમન સેબી દ્વારા થાય છે. (7) તેમાં દલાલો કાર્ય કરે છે.

**3) મૂડીબજારના કાર્યો :** મૂડીબજારના મુખ્ય કાર્યો છે : (1) મૂડીબજાર ભંડોળની ફાળવણી કરે છે. (2) વિકાસનું નિર્દેશન છે. (3) તે જામીનગીરીને તરલ બનાવે છે. (4) બચત અને મૂડીરોકાણનું કાર્ય (5) હસ્તાંતરણની સગવડ આપવાનું કાર્ય (6) જોડાણનું કાર્ય.

**4) પ્રાથમિક મૂડીબજાર :**

જે બજારમાંથી કંપનીઓ શૅર અને અન્ય જામીનગીરીઓ બહાર પાડીને મૂડી પ્રાપ્ત કરતી હોય તેને પ્રાથમિક મૂડીબજાર કહે છે. સામાન્ય રીતે પ્રાથમિક મૂડીબજારમાં ઇક્વિટી શૅર, પ્રેફરન્સ શૅર, ડિબેન્ચર, હકના શૅર બહાર પાડીને નવી મૂડી ઊભી કરવામાં આવે છે.

**5) બાંયધરી દલાલ :**

બાંયધરી દલાલ એ એવી વ્યક્તિઓ છે કે જે કાયદાની જોગવાઈ પ્રમાણે લઘુત્તમ ભરણું ન ભરાય તો બાકીના શૅરો પોતે ખરીદી લેશે તેવી બાંયધરી આપે છે. આ માટે તેણે સેબી પાસેથી પોતાની નોંધણીનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે.

## 3.3 ગૌણ મૂડી બજાર (SECONDARY CAPITAL MARKET)

મોટાભાગના રોકાણકારો જોખમ ઉપાડવાની ક્ષમતાને બાદ કરતાં એવી જામીનગીરીમાં રોકાણ કરવાનું પસંદ કરે છે કે જેનું ઝડપથી રોકડમાં રૂપાંતર થઈ શકે. બહાર પાડવામાં આવેલી જામીનગીરીઓના સોદા કરીને તેનું રોકડમાં રૂપાંતર કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડવા જામીનગીરીનું ગૌણબજાર (SECONDARY MARKET) અસ્તિત્ત્વમાં આવ્યું છે.

ગૌણબજાર એ એવું સ્થળ છે કે જ્યાં અગાઉ બહાર પડી ચૂકેલી જામીનગીરીઓનો વેપાર થાય છે. અર્થતંત્રના વિકાસ માટે નાણાબજાર અને મૂડીબજારનો વિકાસ થવો જરૂરી છે અને આ બન્ને બજારોનો વિકાસ મોટેભાગે ગૌણબજારના વિકાસ ઉપર આધારિત છે. નાણા બજારઅને મૂડીબજારમાં બહાર પાડવામાં આવેલ જામીનગીરીઓના વેપાર માટે ગૌણબજાર પ્લેટફોર્મ પૂરું પાડે છે. તે રોકાણકારને કટોકટીના સમયમાં, પોતાના રોકાણોનું રોકડ કે રોકડની સમકક્ષમાં રૂપાંતર કરવામાં મદદરૂપ બને છે. ગૌણબજારમાં શૅરબજારો તથા અન્ય ઓવર ધ કાઉન્ટરમાં થતાં વેપારનો સમાવેશ થાય છે. જે જામીનગીરીઓની નોંધણી થઈ હોય તેનો વેપાર શૅરબજારમાં થાય છે અને જે જામીનગીરીઓ નોંધાયેલ નથી હોતી તેનો વેપાર ઓવર ધ કાઉન્ટર બજારમાં થાય છે. સરકારી જામીનગીરીઓનો વેપાર ગિલ્ટ એજ (Gilt Edged) બજારમાં થાય છે. ગૌણબજારના અસરકારક વિકાસ અને વૃદ્ધિ માટે કેટલાંક નિયમો નક્કી કરવા માટે સરકારે ઇ.સ. 1992માં **સેબી** ધારો પસાર કરેલો છે.

**ગૌણબજારની વ્યાખ્યા અને અર્થ :**

ગૌણબજાર એ કાર્યરત બજાર છે. અગાઉ બહાર પાડવામાં આવેલી જામીનગીરીઓ જેવીકે, શૅર, બોન્ડ, વિકલ્પ (Option) અને વાયદા (Futures)ની ખરીદી અને વેચાણ ગૌણબજારમાં થાય છે.

આમ, ગૌણબજારમાં જે જામીનગીરીઓ બહાર પડી ચૂકી છે, તેનો વેપાર થાય છે. ગૌણબજાર એવા રોકાણકારોને પ્લેટફોર્મ પૂરું પાડે છે કે જેઓ જોખમ અને વળતરમાં થયેલા ફેરફાર મુજબ પોતાની પાસે રહેલી જામીનગીરીઓ બદલવા માંગે છે. તેઓ પોતાની નાણાકીય જરૂરિયાતો સંતોષવા માટે પણ જામીનગીરીઓનું વેચાણ કરે છે.

**ગૌણ મૂડી બજારના લક્ષણો :**

**1) બહાર પડી ગઈ છે તેવી જામીનગીરીના વેપારનું બજાર :**

ગૌણબજારનું એક મહત્ત્વનું લક્ષણ એ છે કે આ બજારમાં કોઈ નવી જામીનગીરી બહાર પાડવામાં આવતી નથી. અહીં, બજારમાં માત્ર જે જામીનગીરી બહાર પડી ચૂકી છે તેનો જ વેપાર થાય છે. આ બજાર પ્રાથમિક નવા ભરણાના બજારમાં જે જામીનગીરીઓ બહાર પડી ચૂકી છે તેને રોકડ તરલતા પૂરી પાડે છે. આ બજાર રોકાણકારોને ઊંચું વળતર કમાવવાની તક પૂરી પાડે છે.

**2) ઇક્વિટી અને દેવાની જામીનગીરીનો વેપાર :**

નવા ભરણાના બજારમાં જરૂરિયાત અને અન્ય પરિબળો ધ્યાનમાં રાખીને જામીનગીરી બહાર પાડવામાં આવે છે. આ જામીનગીરીઓ ઇક્વિટી અથવા દેવા (ડિબેન્ચર, બોન્ડ)ના સ્વરૂપમાં હોય છે. ગૌણબજાર આ બન્ને પ્રકારની જામીનગીરીના વેપાર માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે.

**3) નવા ભરણાના બજારમાં ભરણું ભરાયા પછી આ બજારમાં સોદા થાય છે :**

ગૌણબજારની શરૂઆત નવા ભરણાના બજાર પછી થાય છે. સૌ પ્રથમ નવા બજારમાં ભરણું બહાર પાડવામાં આવે છે અને ત્યારબાદ તેને તરલતા આપવા માટે ગૌણબજાર અસ્તિત્ત્વમાં

આવે છે. આમ, ગૌણબજારના અસ્તિત્વનો આધાર નવા ભરણાના (પ્રાથમિક) મૂડીબજાર ઉપર છે. તેથી નવા ભરણાના બજારમાં વ્યવહારો થયા પછી ગૌણબજાર અમલમાં આવે છે.

**4) સેબી દ્વારા બજારનું નિયમન :**

બજારના વિકાસમાં નિયમનકારની મહત્ત્વની ભૂમિકા હોય છે. નિયમનકાર બજારનું નિયમન કરીને રોકાણકારોનો વિશ્વાસ વધારે છે અને બજારને વધુ કાર્યક્ષમ બનાવે છે. તેમાં દરેક ભાગ લેનારાઓને સરખી તકો પ્રાપ્ત થાય છે. ભારતમાં સેબીના કાયદા હેઠળ સેબીને ગૌણબજારનું નિયમન કરવાની સત્તા આપવામાં આવી છે.

**5) જામીનગીરીઓને તરલતા પૂરી પાડે છે :**

જામીનગીરીને વધુ આકર્ષક બનાવવા માટે તેમાં રોકડ તરલતાનું લક્ષણ હોવું જોઈએ. જો જામીનગીરીમાં તરલતાનો ગુણ ન હોય તો રોકાણકારોને આકર્ષવા મુશ્કેલ બને છે. નાણા બજાર અને મૂડીબજારમાં બહાર પાડવામાં આવેલ જામીનગીરીઓના વેપાર માટે ગૌણબજાર પ્લેટફોર્મ પૂરું પાડે છે. કટોકટીમાં રોકાણકારોને તેમની જામીનગીરીઓને રોકડ અથવા રોકડ સમકક્ષ ગણાતા નાણાકીય સાધનમાં રૂપાંતર કરી આપવામાં ગૌણબજાર સહાયરૂપ છે.

**6) માંગ અને પુરવઠાને આધારે કિંમત નક્કી થાય છે :**

ગૌણબજારમાં ખાસ મહત્ત્વની બાબત એ છે કે તે કાર્યક્ષમ હોવું જોઈએ અને દરેક રોકાણકારોને કમાવવાની સમાન તકો હોવી જોઈએ તથા અન્યને ભોગે કોઈને કમાવવાની તક ન મળવી જોઈએ. આદર્શ ગૌણબજારમાં ભાવ તફાવતમાંથી લાભ મેળવવાની તક મળે છે. આ બાબત એટલા માટે શક્ય બને છે કે જામીનગીરીના ભાવ માંગ અને પુરવઠાને આધારે નક્કી થાય છે અને કિંમતને અસર કરતી તમામ સંવેદનશીલ બાબતો આ બજારમાં સમયસર યોગ્ય રીતે જાહેર કરવામાં આવે છે.

**7) દલાલો મહત્ત્વની ભૂમિકા ભજવે છે :**

ગૌણબજારમાં દલાલોની મદદથી સોદાઓ થતા હોય છે. દલાલો પક્ષકારો વચ્ચેના સોદાઓ માટે એજન્ટ તરીકે કાર્ય કરે છે. તેઓ સોદાઓ કરાવી આપે છે. તેઓ ગૌણબજારમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સેબીએ દલાલોનું નિયમન કરવા માટે ગાઈડલાઈન બહાર પાડી છે.

**ગૌણબજારના કાર્યો :**

**1) વેપારની સગવડ :**

દેશના વિવિધ ભાગોમાંથી અસંખ્ય રોકાણકાર મૂડીબજારમાંથી બહાર પાડતી જામીનગીરીઓમાં રોકાણ કરે છે. મૂડીબજાર અને નાણા બજાર દ્વારા બહાર પડતી જામીનગીરીઓનો વેપાર ગૌણબજારમાં થાય છે. વેપારની આ સગવડ દેશના વિવિધ રાજ્યોમાં સ્થપાયેલા શૅરબજારો પૂરી પાડે છે. નવા સુધારાની પ્રક્રિયામાં વેપારની વ્યવસ્થા આધુનિક બનાવવામાં આવી છે. અને નવું માળખું તથા નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રોકાણકારો કમ્પ્યુટર ઉપર વેપાર કરવાની ઓન-લાઈન સગવડ પણ પૂરી પાડવામાં આવે છે. શૅરબજારે જામીનગીરીના વેપાર માટે સગવડતાઓ પૂરી પાડી હોવાથી જામીનગીરીની તરલતા વધી છે.

**2) મધ્યસ્થીઓ માટે આવકનું સાધન :**

ગૌણબજારમાં વિવિધ મધ્યસ્થી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેઓ પક્ષકારોને સોદાઓ કરવામાં મદદરૂપ બને છે. મધ્યસ્થીઓમાં દલાલો, રોકાણકારો, પેટા-એજન્ટો, દલાલના

અધિકૃત ક્લાર્ક વગેરેનો સમાવેશ થાય છે. તેઓ તેમની સેવાઓ માટે ફી અથવા કમિશન શૅરબજારના નીતિ-નિયમો પ્રમાણે વસુલ કરે છે. મધ્યસ્થીઓ માટે આ આવક ઊભું કરતું એક સ્થળ છે.

**3) જામીનગીરીઓનું મૂલ્યાંકન :**

નવા ભરણાના કે પ્રાથમિક બજારમાંથી બહાર પડેલી જામીનગીરીઓનો વેપાર ગૌણબજારમાં થાય છે. બજારના પરિબળો જેવાકે, માંગ અને પુરવઠાને આધારે કિંમત નક્કી થાય છે. આ વ્યવસ્થા જામીનગીરીના યોગ્ય મૂલ્ય નિર્ધારણ માટે મદદરપ બને છે. શૅરબજારની મદદથી જામીનગીરીઓનું મૂલ્ય નિર્ધારિત થાય છે. ગૌણબજારમાં જામીનગીરીઓની કિંમતને ઘણા પરિબળો જેવાકે, સરકારની નીતિ, નાણાકીય પરિણામો, ડિવિડન્ડની જાહેરાત, વેપાર ચક્ર વગેરે અસર કરે છે અને તે જામીનગીરીની કિંમતમાં દેખાઈ આવે છે. વિવિધ મધ્યસ્થીઓ આ પરિબળોની કિંમત ઉપર સંભવિત અસર શું થશે તેનો અંદાજ મૂકીને રોકાણકારોને વેપાર અંગે સલાહ આપે છે.

**4) કંપનીઓનું વર્ગીકરણ :**

શૅરબજારમાં કંપનીઓનું વર્ગીકરણ વિવિધ જૂથમાં થાય છે અને તે વિવિધ પરિબળોને આધારે થાય છે. દા.ત. A જૂથની કંપની, B જૂથની કંપની વગેરે. આ વર્ગીકરણ રોકાણકારોને રોકાણ અંગેના નિર્ણય લેવામાં ઉપયોગી બને છે.

**5) મૂડી અને નાણા બજારને પ્રોત્સાહન :**

જામીનગીરીને વધુ આકર્ષક બનાવવા માટે તેનામાં તરલતાનો ગુણ હોવો જોઈએ. મૂડીબજાર અને નાણા બજાર દ્વારા બહાર પાડવામાં આવેલ જામીનગીરીઓને ગૌણબજાર તરલતા પૂરી પાડીને તેને વધુ આકર્ષક બનાવે છે. આ કાર્ય મૂડીબજારઅને નાણાબજારના વિકાસમાં મદદરૂપ બને છે અને તે અર્થતંત્રના વિકાસ માટે ખાસ જરૂરી છે.

**6) રોકાણની તકો :**

જેમણે પ્રાથમિક બજારમાં રોકાણ કર્યું નથી તેવા રોકાણકારોને ગૌણબજાર રોકાણ કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. જે રોકાણકારો પોતાના વર્તમાન જામીનગીરીના પોર્ટફોલિયોમાં ફેરફાર કરવા માંગતા હોય તેમને પણ તક આપે છે. ગૌણબજારમાં સોદાઓની મદદથી આ કાર્ય થઈ શકે છે.

**7) ધંધાકીય ચક્રનું પ્રતિબિંબ :**

ગૌણબજાર ધંધાકીય એકમની ધંધાકીય પરિસ્થિતિનું પ્રતિબિંબ દર્શાવે છે. ગૌણબજારમાં જે કિંમતે જામીનગીરીઓનો વેપાર થાય છે, તેનાથી ધંધાની કામગીરી અને પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. જો કે જામીનગીરીની કિંમતને અન્ય ઘણા પરિબળો અસર કરે છે. પરંતુ તે પૈકી મુખ્ય પરિબળ એ ધંધાની પરિસ્થિતિ છે. કોઈપણ વ્યક્તિ કંપનીની જામીનગીરીનો વર્તમાન બજાર ભાવ શું છે, તેને આધારે તેની વર્તમાન પરિસ્થિતિ અંદાજી શકે છે.

**ગૌણબજારની ભૂમિકા :**

**1) મૂડીબજાર અને નાણાબજારના વિકાસકાર તરીકે :**

મૂડીબજાર અને નાણાબજારમાંથી બહાર પડેલી જામીનગીરીઓને ગૌણબજાર તરલતા પૂરી પાડે છે. તેને કારણે જામીનગીરીઓ વધુ આકર્ષક બનતી હોવાથી રોકાણકારો તેમાં રોકાણ કરવા પ્રોત્સાહિત થાય છે. રોકાણકારોને પોતાની જામીનગીરીઓના પુનઃ વેચાણ માટે પ્લેટફોર્મ જોઈતું હોય છે, જે ગૌણબજાર પૂરું પાડે છે. તેને કારણે મૂડી અને નાણા બજારનો

વિકાસ થાય છે, જે દેશના આર્થિક વિકાસમાં પરિણમે છે. દૈનિક વધ-ઘટ અને રોકાણકારોને મળતું વળતર હંમેશા નવા રોકાણકારોને આ બજારમાં આકર્ષે છે. આ રીતે ગૌણબજાર, મૂડીબજારના વિકાસ માટેનો મજબુત પાયો બની રહે છે.

**2) વેપાર માટેનું પ્લેટફોર્મ પૂરું પાડનાર તરીકે :**

નવા ભરણાના બજારમાંથી બહાર પાડેલ જામીનગીરીઓને ગૌણબજાર વેપાર માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. ગૌણબજારમાં શૅરબજારો અને ઓવર ધ કાઉન્ટરમાં થતા વેપારનો સમાવેશ થાય છે. જે જામીનગીરીઓની નોંધણી થયેલી હોય છે તેનો વેપાર શૅરબજારોમાં થાય છે અને જે શૅરબજારમાં નોંધાયેલી હોતી નથી તેનો વેપાર ઓવર ધ કાઉન્ટરમાં થાય છે. બજારમાં કામ કરતા વિવિધ મધ્યસ્થીઓ રોકાણકારોને સોદા કરી આપવામાં મદદરૂપ બને છે. ગૌણબજારમાં ખાસ કરીને શૅરબજારમાં કરેલા સોદાઓ વધારે સલામત પ્લેટફોર્મ પૂરું પાડતું હોવાથી રોકાણકારોમાં વિશ્વાસ પેદા થાય છે.

**3) સોદાઓના વ્યવસ્થાપક :**

ગૌણબજાર એ સંગઠિત બજાર છે, જે સોદાઓ કરવા માટે પદ્ધતિસરની પ્રક્રિયા પૂરી પાડે છે. તેમાં તમામ બજારના તમામ ભાગ લેનારાઓ એકત્રિત થઈને સોદાઓ કરે છે. તે સરળ રીતે સોદાઓ થાય એ માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ બજારમાં ભાગ લેનારાઓની નોંધણી **સેબી**માં થયેલી હોય છે અને સોદાઓ નક્કી કરેલા નીતિ-નિયમો હેઠળ થાય છે. આમ નક્કી કરેલ પ્રક્રિયા પ્રમાણે સોદાઓ થતા હોવાથી દરેક પક્ષકારોની સલામતી વધે છે.

**4) સેબી દ્વારા નિયમન :**

ગૌણબજારનું નિયમન **સેબી** દ્વારા થાય છે. **સેબી** ગૌણબજારને અને તેમાં ભાગ લેનારાઓને અસરકારક કામગીરી થાય તે માટે ગાઈડલાઈન પૂરી પાડે છે. આ બાબત રોકાણકારોના હિતની સલામતી માટે તથા બજારના વિકાસ માટે જરૂરી છે. સુગ્રથિત અને વિકસિત ગૌણબજાર માટે અસરકારક નિયમનકારની જરૂર પડે છે. ભારતમાં ગૌણબજારનું નિયમન **સેબી** કરે છે. નિયમનકાર બજારના વિકાસમાં અને રોકાણકારોના હિતનું રક્ષણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**5) મૂડી પૂરી પાડનાર :**

કંપનીએ બહાર પાડેલી જામીનગીરીઓનો વેપાર શૅરબજારમાં થાય છે. તે જામીનગીરી માટે બજાર ઊભું કરે છે. આ બાબત કંપનીઓને જાહેર જનતા પાસેથી ભવિષ્ય માટે ભંડોળ ઊભું કરવામાં મદદરૂપ બને છે. કારણકે રોકાણકારો કંપનીને તથા તેની જામીનગીરીઓની ક્ષમતાને જાણતા હોય છે. આ બાબત રોકાણકારોના રોકાણ અંગેના નિર્ણયોને અસર કરે છે. જામીનગીરીની શૅરબજારમાં નોંધણી દ્વારા કંપની જામીનગીરીના વેપાર માટેનો વિકલ્પ પૂરો પાડે છે. જે તેની જામીનગીરી માટે બજાર ઊભું કરે છે અને આખરે તેના દ્વારા વધારે ભંડોળ ઊભું કરી શકાય છે. નવા બજારમાં ભરણા માટે મૂકવાની તે જામીનગીરીઓ માટે બજાર ઊભું કરવાનું કાર્ય ગૌણબજાર કરે છે. આમ તે રોકાણકારોને નવા બજારમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે છે.

**6) જામીનગીરીનું મૂલ્ય :**

પ્રાથમિક બજારમાં જે જામીનગીરીઓ બહાર પાડવામાં આવતી હોય છે, તેનો વેપાર ગૌણબજારમાં થાય છે. બજારના પરિબળો જેવા કે, માંગ અને પુરવઠા દ્વારા તેની કિંમત નક્કી થાય છે. આ વ્યવસ્થા જામીનગીરીના યોગ્ય મૂલ્યનિર્ધારણ માટે મદદરૂપ બને છે. શૅરબજારની મદદથી જ જામીનગીરીઓનું મૂલ્ય નક્કી થાય છે. ગૌણબજારમાં કિંમતને ઘણા

પરિબળો અસર કરે છે, જેવાકે, સરકારની નીતિ, નાણાકીય પરિણામો, ડિવિડન્ડની જાહેરાત વગેરે. જે આખરે તો શૅરની કિંમતમાં પ્રતિબિંબિત થાય છે. વિવિધ મધ્યસ્થીઓ આ પરિબળોની કિંમત ઉપર સંભવિત અસરનો અંદાજ મૂકીને રોકાણકારોને વેપાર કરવાની સલાહ આપે છે.

**7) તરલતા :**

પ્રાથમિક બજારમાં બહાર પાડવામાં આવેલી જામીનગીરીઓને ગૌણબજાર તરલતા પૂરી પાડે છે. વિવિધ જામીનગીરીઓના વેપારને પ્લેટફોર્મ પૂરું પાડવાથી આ શક્ય બને છે. જામીનગીરીને વધુ આકર્ષક બનાવવા માટે તેની તરલતા એક મહત્ત્વનું લક્ષણ ગણાય છે. જો જામીનગીરીમાં તરલતા ન હોય તો રોકાણકારને આકર્ષવા મુશ્કેલ બને છે. ગૌણબજાર આ એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**8) માહિતી પૂરી પાડનાર તરીકે :**

શૅરબજાર વિવિધ માહિતી જેવી કે સોદાઓનું પ્રમાણ, દરેક જામીનગીરીની ઉંચી-નીચી તથા અંતની કિંમત, બજારમાં મૂડીરોકાણ વગેરે દૈનિક ધોરણે પૂરી પાડે છે. મધ્યસ્થીઓએ ગૌણબજારમાં કામ શરૂ કરતાં પહેલાં પોતાની નોંધણી સેબી સમક્ષ કરાવવી જરૂરી છે. ગૌણબજાર જે માહિતી પૂરી પાડે છે તે સરકારને નિર્ણયો લેવા માટે અને નિયમનકારોને નિયમન કરવા માટે ઉપયોગી બને છે. તે બજારની સ્થિતિનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે જે ઉદ્યોગ સાહસિકો કે જેઓ નવા ભરણાના બજારમાં પ્રવેશવાનું આયોજન કરી રહ્યા છે, તેમના માટે ઉપયોગી બને છે.

## 3.4 શૅરબજાર

શૅરબજાર એટલે ઔદ્યોગિક તથા નાણાકીય જામીનગીરીઓ જેવી કે સંયુક્ત હિસ્સાવાળી કંપનીઓના શૅર તથા ડિબેન્ચર્સ, સરકારી જામીનગીરીઓ, મ્યુનિસિપલ બોન્ડ વગેરે ખરીદવા તથા વેચવા માટેનું બજાર.

☞ શ્રી એસ. એ. શેરલેકરના મત પ્રમાણે,

**શૅરબજાર એ મુખ્ય જગ્યા અથવા એવું બજાર છે કે જ્યાં ઔદ્યોગિક એકમોની જામીનગીરીઓની ખરીદ-વેચાણ ચોક્કસ નીતિ-નિયમો હેઠળ થાય છે. તે એક સંયુક્ત હિસ્સાવાળા સાહસનું સ્વરૂપ છે.**

☞ શ્રી એસ. એલ. સિંહાના મત પ્રમાણે,

**શૅરબજાર જામીનગીરીઓ માટે સતત બજાર પૂરું પાડે છે કે જ્યાં ધંધાના કલાકો દરમિયાન ગમે ત્યારે તુલનાત્મક રીતે છેલ્લા બોલાયેલા ભાવમાં થોડા ફેરફારો મુજબ જામીનગીરીઓ ખરીદી અથવા વેચી શકાય છે.**

☞ 1956ના જામીનગીરી કરાર (નિયમન) ધારા પ્રમાણે

**શૅરબજાર એ એક મંડળ, વ્યવસ્થાતંત્ર અથવા વ્યક્તિઓની બનેલ કોર્પોરેટ કે બિનકોર્પોરેટ સંસ્થા છે કે જે જામીનગીરીઓ (શૅર, ડિબેન્ચર વગેરે)ના ખરીદ-વેચાણના ધંધાને મદદ કરવા તેમજ તેનું નિયંત્રણ કરવાના હેતુથી સ્થપાયેલ હોય છે.**

**શૅરબજારની લાક્ષણિકતાઓ :**

**1) વ્યવસ્થાપક સમિતિ દ્વારા સંચાલન :**

શૅરબજારનું સંચાલન તથા રોજબરોજની વહીવટી કાર્યવાહી વ્યવસ્થાપક સમિતિ દ્વારા થાય છે. આ વ્યવસ્થાપક સમિતિ શૅરબજારના સભ્યોએ ચૂંટેલા પ્રતિનિધિઓની બનેલી હોય છે.

શૅરબજારનું સંચાલન, વહીવટ, જામીનગીરી ખરીદ-વેચાણ, દલાલી, સોદાની પતાવટ વગેરે બાબતોને લગતા નિયમો આ સમિતિ ઘડે છે. સભ્યોના ગેરશિસ્ત કે નિયમભંગ બદલ શિક્ષા કે દંડ કરવાની સત્તા પણ આ સમિતિને હોય છે.

**2) જામીનગીરીની નોંધણી :**

શૅરબજારમાં જે કંપનીના શૅર નોંધાયેલા હોય તેના ખરીદ-વેચાણના જ સોદા થઈ શકે છે. શૅરબજારમાં નોંધાયેલ શૅરની શાખ તેમજ વિનિમય યોગ્યતા વધુ હોય છે. તેથી જ દરેક કંપની મોટાભાગે પોતાના શૅરની નોંધણી શૅરબજારમાં કરાવવાનો આગ્રહ રાખે છે. જાહેર જનતાનું હિત ધ્યાનમાં રાખીને શૅરબજારમાં શૅરની નોંધણી કરતા પહેલાં વ્યવસ્થાપક સમિતિ શૅરનોંધણી અંગેની અરજીની ખાસ ચકાસણી કરે છે. કંપનીએ કાયદાની જોગવાઈ પ્રમાણે દસ્તાવેજો તૈયાર કર્યા છે કે નહીં ? શૅર બહાર પાડવા અંગે 1956ના કંપનીધારાની જોગવાઈઓનું પાલન થયું છે કે નહીં ? કંપનીના ડિરેક્ટરોનો શૅરનોંધણી કરાવવા અંગેનો હેતુ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

**3) શૅરબજારમાં રીંગમાં સોદા :**

શૅરબજારમાં જામીનગીરી ખરીદ-વેચાણના સોદા થાય છે. પરંતુ એ બાબત ખાસ ધ્યાનમાં લેવી જોઈએ કે આ સોદા શૅરબજારના મકાનમાં અને નક્કી કરેલા સ્થળે (જેને શૅરબજારની રીંગ કહે છે) શૅરબજારે નક્કી કરેલા સમય દરમિયાન જ થઈ શકે છે. શૅરબજારની રીંગમાં થયેલા સોદા જ માન્ય ગણવામાં આવે છે.

**4) વેપારી સંસ્થા નથી :**

શૅરબજાર એ કોઈપણ પ્રકારનો ધંધો કરતી સંસ્થા નથી. તે માત્ર જામીનગીરીનું ખરીદ-વેચાણ કરવા માંગતા પક્ષકારોને મેળવી આપે છે. તે પોતે સોદા કરતી સંસ્થા નથી, પરંતુ સોદા કરવા માટેની સગવડ પૂરી પાડે છે. તે કોઈ ખાનગી સંસ્થા નથી. પરંતુ સરકારના કાયદા હેઠળ રચાયેલી સંસ્થા છે.

**5) નિયંત્રણ અંગેની જોગવાઈઓ :**

શૅરબજારમાં  જામીનગીરીની ખરીદ-વેચાણના સોદાઓ બજારના નીતિ-નિયમો પ્રમાણે થાય તે જોવાનું કાર્ય શૅરબજારનું છે. સોદાઓ કઈ રીતે નિયંત્રિત કરવા એ બાબત અંગેની જોગવાઈ તેના બંધારણમાં કરેલી હોય છે. સોદાની પતાવટ અંગેની જોગવાઈ પણ તેના બંધારણ પ્રમાણે થાય છે.

**શૅરબજારમાં સભ્યપદ અને સંચાલન**

કોઈપણ વ્યક્તિ શૅરબજારમાં પ્રત્યક્ષ રીતે જામીનગીરીના સોદા કરી શકે નહીં. આ માટે તેણે શૅરબજારનું સભ્યપદ પ્રાપ્ત કરવું પડે છે. શૅરબજારમાં થયેલા વ્યવહારોની પતાવટ તેના પેટાકાયદાઓની જોગવાઈ પ્રમાણે થાય છે. આ ઉપરાંત શૅરબજારનું કામકાજ નિયમિત રીતે અને કાયદા મુજબ ચાલે તે માટે તેનું વ્યવસ્થાતંત્ર અને સંચાલન સમિતિ હોય છે.

**શૅરબજારમાં સભ્યપદ** :

કોઈપણ વ્યક્તિ શૅરબજારનું સભ્યપદ મેળવી શકતી નથી. પરંતુ નીચેની શરતોનું પાલન કરે તે વ્યક્તિને સભ્યપદ માટે લાયક ગણવામાં આવે છે.

1) અરજદાર ભારતીય નાગરિક હોવો જોઈએ. તેની ઉંમર 16 વર્ષની હોવી જોઈએ અને તે નાદાર જાહેર થયેલ ન હોવો જોઈએ.

2) અરજદાર દગો કે અપ્રામાણિકતા માટે ગુનેગાર જાહેર થયેલ ન હોવો જોઈએ.

3) અરજદાર કોઈપણ લેણદાર સાથે સંબંધિત ન હોવો જોઈએ.

4) તે એજન્ટ કે દલાલી સિવાય અન્ય કોઈ ધંધા સાથે સંકળાયેલ ન હોવો જોઈએ.

5) અરજદારે ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ (ધોરણ - 12) મેળવેલું હોવું જોઈએ.

6) અરજદારનું કોઈપણ કંપની કે કોર્પોરેશનમાં હિત ન હોવું જોઈએ.

7) અરજદાર અન્ય કોઈ શૅરબજારમાં દેવું ચૂકવવા માટે બાકીદાર (Defaulter)જાહેર થયેલ ન હોવો જોઈએ.

**શૅરની નોંધણી**

શૅરબજારમાં જામીનગીરી નોંધણી એટલે જામીનગીરીનો સત્તાવાર રીતે વેપાર થઈ શકે અથવા તેના સોદાઓ થાય તે માટેની સત્તાવાર રીતે નોંધણી કરવી.

બીજા શબ્દોમાં કહીએ તો શૅરબજારમાં વેપારી સોદા માટે કંપનીની જામીનગીરીઓને આપવામાં આવતો વિશિષ્ટ હક્ક. જે શૅર અને જામીનગીરીઓની શૅરબજારમાં નોંધણી કરાવી હોય અને તેની યાદીમાં સમાવેશ થયો હોય તેના જ ખરીદ-વેચાણના સોદા થઈ શકે છે. આમ, નોંધણી એટલે માન્ય શૅરબજારમાં જામીનગીરીની લે-વેચ કરવા માટે તેને આપવામાં આવેલી અનુમતિ.

સરકારની અને સેબીની માન્યતા ધરાવતા શૅરબજારના અધિકૃત સભ્યો કે જેઓ શૅરદલાલ તરીકે ઓળખાય છે, તેમના દ્વારા જ શૅરબજારમાં નોંધણી કરાયેલ જામીનગીરીઓની ખરીદી તેમજ વેચાણના સોદાઓ થાય છે, જે કિંમતે આ જામીનગીરીઓની ખરીદ-વેચાણ થાય છે તેને ક્વોટેશન કહે છે. જે કંપની જાહેર જનતા માટે શૅરભરણું બહાર પાડે તે કંપનીએ કંપનીધારાની કલમ - 73પ્રમાણે જામીનગીરીઓની નોંધણી કરાવવી ફરજિયાત છે.

1) શૅરબજારમાં જામીનગીરીઓની નોંધણી દ્વારા નીચે દર્શાવેલ હેતુઓ સિદ્ધ થઈ શકે.

2) તૈયાર બજારની સગવડને કારણે જામીનગીરીઓની સરળતાથી ખરીદી-વેચાણ થઈ શકે.

3) જામીનગીરીઓના ભાવમાં મુક્ત રીતે વધ-ઘટ થઈ શકે.

4) જામીનગીરીની ખરીદી-વેચાણ ઉપર યોગ્ય દેખરેખ રાખીને સોદા ઉપર અંકુશ રાખી શકાય.

5) શૅરહોલ્ડરો અને રોકાણકારોના હિતનું રક્ષણ કરવું.

**શૅર નોંધણીના ઉદ્દેશો :**

**1) જામીનગીરીને તરલતા પૂરી પાડવી :**

કોઈપણ જામીનગીરીની મહત્ત્વની લાક્ષણિકતા તેની તરલતા છે. જેટલી તરલતા વધારે તેટલા પ્રમાણમાં જામીનગીરીનું આકર્ષણ વધુ રહેવાનું. શૅરબજારમાં થયેલી શૅર નોંધણી શૅરની ખરીદી-વેચાણ માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. તે જામીનગીરી માટે બજાર ઊભું કરે છે. શૅર નોંધણી વધુ સારી કમાણી કરવાની તક પૂરી પાડે છે અને જેઓને બજારમાંથી નીકળી જવું છે તેઓને પણ બહાર નીકળી જવાની તક આપે છે.

**2) આર્થિક વિકાસ માટે બચતને ગતિશીલ બનાવે છે :**

અર્થતંત્રનો વિકાસ એ મૂડીબજાર અને નાણાબજારના વિકાસ પર આધારિત છે. ગૌણબજાર નાણાકીય વ્યવસ્થાના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જામીનગીરીની નોંધણી જામીનગીરી માટે બજાર ઊભું કરીને તેની ઊંચી કક્ષાની તરલતા પૂરી પાડે છે. રોકાણકારો આ પ્રકારના લક્ષણોથી આકર્ષાય છે. રોકાણકારો હંમેશા એવી જામીનગીરી પસંદ કરે છે. જેની નોંધણી અન્ય શૅરબજારમાં થઈ હોય. તે આખરે તો બચતને ગતિશીલ બનાવીને તેનું રોકાણોમાં રૂપાંતર કરવામાં મદદરૂપ બને છે.

**3) સંપૂર્ણ જાણકારી આપીને રોકાણકારોના હિતનું રક્ષણ :**

વર્તમાન સમયમાં જામીનગીરીની નોંધણી કરાવવી ફરજિયાત છે. શૅરબજારમાં જામીનગીરીની નોંધણી કરાવવા માટે કંપનીએ શૅરબજાર સાથે કરાર કરવો પડે છે. આ કરારને ટેકનિકલ ભાષામાં **લિસ્ટીંગ એગ્રીમેન્ટ** (નોંધણી કરાર) કહે છે. આ બાબત કાર્યક્ષમ બજાર ઊભું કરે છે. જેમાં બીજાના ભોગે કોઈને પણ નફો કરવાની તક મળતી નથી.

**જામીનગીરીની નોંધણીના પ્રકાર :**

**1) શરૂઆતની નોંધણી :**

બિન નોંધાયેલ કંપની પોતાની જામીનગીરીઓની પ્રથમવાર નોંધણી કરાવે તેને શરૂઆતની નોંધણી કહે છે. શૅરબજારમાં સૌ પ્રથમવાર શૅર / ડિબેન્ચર / બોન્ડની નોંધણી કરાવતી વખતે શૅરબજાર સાથે નોંધણીના કરાર મુજબ તમામ માહિતી મોકલી આપવી પડે છે. જો કાયદા મુજબ તમામ માહિતી યોગ્ય અને પુરતી હોય તો જ તેની નોંધણી કરવામાં આવે છે.

**2) જાહેર ભરણા માટે નોંધણી :**

જે કંપનીની નોંધણી થઈ ચૂકી હોય તેની જામીનગીરીઓની નોંધણીને જાહેર ભરણા માટેની નોંધણી કહે છે. જે કંપનીના શૅરની નોંધણી શૅરબજારમાં થઈ હોય તેને જ જાહેર ભરણા માટે રજૂ કરી શકાય છે. આમ જાહેર ભરણું કરતા પહેલાં કંપનીએ પોતાની જામીનગીરીઓની નોંધણી શૅરબજારમાં કરાવવી જરૂરી છે.

**3) હક્કના શૅર માટે નોંધણી :**

કંપનીના હક્કના શૅર હેઠળ જે શૅરોની નોંધણી કરાવવામાં આવે તેને હક્કના શૅરની નોંધણી કહે છે. કંપની કે જે શૅરો શૅરબજારમાં નોંધાયેલ હોય તે જ શૅરો વર્તમાન શૅરહોલ્ડરને હક્કના ધોરણે આપી શકે છે. હક્કના શૅર બહાર પાડતા પહેલા કંપનીને તેની જામીનગીરીની નોંધણી શૅરબજારમાં કરાવી લેવી જરૂરી છે.

**4) બોનસ શૅરની નોંધણી :**

કંપની જે બોનસ શૅર બહાર પાડે તેની નોંધણી કરાવવી જરૂરી છે. જ્યારે બોનસ શૅર આપવામાં આવે છે ત્યારે તેટલી બોનસ શૅર દ્વારા મૂડીકરણમાં પરિણમે છે. કંપનીએ આ બોનસ શૅરોની નોંધણી પણ સંબંધિત શૅરબજારમાં કરાવવી પડે છે.

**5) જોડાણ અથવા સંયોજન માટે નોંધણી :**

કંપનીઓની પુનઃ સ્થાપનની યોજના હેઠળ જે નવા શૅરો આપવામાં આવ્યા હોય તેની પણ નોંધણી કરાવવી જરૂરી છે. સંયોજનની યોજના હેઠળ જે કંપનીનું મુખ્ય કંપની સાથે સંયોજન થતું હોય તેના શૅરહોલ્ડરોને મુખ્ય કંપનીના શૅર આપવામાં આવે છે. આ શૅરોની નોંધણી પણ સંબંધિત શૅરબજારમાં કરાવવી જરૂરી છે.

**શૅર નોંધણીના ફાયદા / મહત્ત્વ :**

**1) કંપનીની શાખમાં વધારો :**

કંપનીના શૅરોને ધારણ કરતા પહેલાં શૅરબજારના સત્તાવાળાઓ કંપનીની સદ્ધરતા તથા કાયદાની જોગવાઈઓના પાલન અંગે પૂરતી ચકાસણી કરે છે. તેથી જ નોંધાયેલા શૅરોવાળી કંપનીની પ્રતિષ્ઠા વધુ ગણાય છે અને તેની શાખમાં વધારો થાય છે.

**2) જામીનગીરીનું બજાર વિસ્તૃત બને :**

નોંધાયેલા શૅરોના સોદાઓ જ શૅરબજારમાં થઈ શકે છે, તેથી કંપનીની જામીનગીરીઓનું બજાર વિવિધ શહેરોમાં વિસ્તૃત બને છે.

**3) વિકેન્દ્રિત માલિકી :**

કંપનીના સંચાલકો જુદા-જુદા શહેરોમાં આવેલા શૅરબજારોમાં પોતાના શૅરોની નોંધણી કરાવી શકે છે. આમ કરવાથી શૅર ખરીદનાર વર્ગ વિવિધ શહેરોમાં વહેંચાઈ જાય છે. આમ, શૅરોની માલિકી વિકેન્દ્રિત થવાથી સંચાલનમાં ઓછી ખલેલ પડે છે.

**4) વિશાળ જાહેરાત :**

શૅરબજારમાં નોંધાયેલા શૅરોની વિનિમય યોગ્યતા વધવાથી અવારનવાર તેના સોદાઓ વિવિધ શહેરોના શૅરબજારમાં થાય છે. અને વિવિધ ખરીદનારાઓના નામે તેની ફેરબદલી થતી રહે છે. આ દ્રષ્ટિએ વિચારીએ તો જનતામાં તેની જાહેરાતો થતી જ રહે છે. બીજી દ્રષ્ટિએ જોઈએ તો નોંધાયેલા શૅરોના સોદાઓ શૅરબજારમાં થતા હોવાથી વર્તમાનપત્રોમાં તેના ભાવોની વધ-ઘટના સમાચાર નિયમિત રીતે છપાય છે. આમ પણ કંપનીની પરોક્ષ જાહેરાત ગણીએ તો ખોટું નથી.

**5) મૂડી ઊભી કરવામાં સરળતા :**

શૅરબજારમાં નોંધાયેલા શૅરોવાળી કંપનીની પ્રતિષ્ઠા વધુ હોય છે. તેની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જાહેરાતો થાય છે, તેથી જ આવી કંપનીઓને નવી મૂડી ઊભી કરવામાં સરળતા રહે છે.

**6) બાંયધરી કમિશન ખર્ચ ઘટે :**

શૅર નોંધણી કરાવવાથી કંપનીની વિનિમય યોગ્યતા વધે છે, તેની શાખ પણ વધે છે, તેથી જ જ્યારે નવા શૅર બહાર પાડીને મૂડી મેળવવાની હોય ત્યારે શૅર વેચાણ અંગે શૅર બાંયધરી ખર્ચ ઓછું આવે છે.

**7) રોકાણકારોને આકર્ષણ :**

સંસ્થાકીય રોકાણકારો તથા અન્ય રોકાણકારો મોટેભાગે નોંધણી થયેલા શૅરોમાં રોકાણ કરતા હોય છે, તેથી શૅર નોંધણી દ્વારા રોકાણકારોને આકર્ષી શકાય છે.

**8) રોકાણકારોને માહિતી :**

શૅરબજારના સત્તાવાળાઓ પોતાને ત્યાં નોંધણી થયેલા શૅરની માહિતી નિશ્ચિત સમયે શૅરદલાલોને તથા પોતાના નોટિસ બોર્ડ દ્વારા રોકાણકારોને જણાવતા હોય છે. આ માહિતીને કારણે કંપની માટે ભવિષ્યમાં નાણા ઊભા કરવાનું કાર્ય પણ શક્ય બને છે.

**9) જામીનગીરીનું બજાર મૂલ્ય :**

શૅરબજારમાં નોંધાયેલ જામીનગીરીઓના ખરીદ-વેચાણના સોદાઓ થતા હોય છે. આ સોદાઓ દ્વારા જામીનગીરીનું બજાર મૂલ્ય જાણી શકાય છે.

**10) મૂડી બહાર પાડવાનો ખર્ચ ઘટે :**

શૅર નોંધણી કરાવવાથી કંપનીની પ્રતિષ્ઠામાં વધારો થાય છે. તેથી જ નવા શૅર ખરીદવા માટે લોકો આપમેળે આકર્ષાય છે. પરિણામે મૂડી ઊભી કરવા માટે કોઈ ખાસ જાહેરાત કરવી પડતી નથી.

**શૅર નોંધણીથી રોકાણકારોને મળતા લાભ :**

**1) જામીનગીરીની પ્રવાહિતા વધે :**

નોંધાયેલી જામીનગીરીને રોકાણકારો ઇચ્છે ત્યારે શૅરબજારમાં જઈ વેચી શકે છે અને તેનું રોકડમાં રૂપાંતર કરાવી શકે છે, તેથી શૅર નોંધણી દ્વારા જામીનગીરીઓની રોકડ પ્રવાહિતા વધે છે.

**2) સરળ ફેરબદલી :**

રોકાણકાર પોતાના શૅરની સરળતાથી શૅરબજારમાં લે-વેચ કરી શકે છે, તેથી તેની ફેરબદલીનું કાર્ય સરળ બને છે.

**3) ધિરાણમાં સરળતા :**

નોંધાયેલી જામીનગીરીઓ ઉપર બેંક સરળતાથી ધિરાણ કરે છે, તેથી રોકાણકારો સરળતાથી ઉછીના નાણા મેળવી શકે છે.

**4) વિસ્તૃત બજારનો લાભ :**

નોંધાયેલી જામીનગીરીઓના વિવિધ શૅરબજારોમાં સોદા થતાં હોવાથી તેનું બજાર વિસ્તૃત બને છે. આ વિસ્તૃત બજારનો લાભ રોકાણકારોને પણ મળે છે.

**5) નફાકારક નિર્ણયો :**

શૅરબજારમાંથી રોકાણકારોને નોંધાયેલી જામીનગીરીઓના ભાવ વધ-ઘટ અંગે નિયમિત માહિતી મળતી રહે છે, તેથી નફાકારક દિશામાં જામીનગીરીઓના સોદા કરવા અંગે નિર્ણય લઈ શકાય છે.

**6) જામીનગીરીનું મૂલ્યાંકન :**

શૅરબજારમાં નોંધણી થયેલા શૅરના જે કિંમતે સોદાઓ થાય છે તે ધ્યાનમાં રાખી તેનું વર્તમાન મૂલ્ય આંકવામાં આવે છે. આ બાબત જામીનગીરીના મૂલ્યાંકન માટે ઉપયોગી છે.

**7) સટ્ટાનો લાભ :**

નોંધાયેલ જામીનગીરીઓના સોદા શૅરબજારમાં થતાં હોવાથી તથા તેમાં પણ વાયદામાં સોદા થતા હોવાથી રોકાણકારો સટ્ટાત્મક લાભ મળે છે.

**8) પ્રીમિયમનો લાભ :**

શૅરબજારની માહિતીને આધારે નવી કંપનીના શૅરો તથા જૂની કંપની દ્વારા બહાર પાડવામાં આવતાં નવા શૅરોમાં રોકાણ કરીને રોકાણકારો શૅર પ્રીમિયમ તથા ભાવ વધારાનો લાભ મેળવી શકે છે.

**9) રોકાણકારોના હિતનું રક્ષણ :**

શૅરબજારની નોંધણી સમિતિ શૅરની નોંધણી કરતાં પહેલાં કંપનીની આર્થિક સ્થિતિ તથા કંપનીધારાની જોગવાઈઓનું સંચાલકોએ પાલન કર્યું છે કે નહીં તેની પૂરતી તપાસ કરે છે, તેથી રોકાણકારોના હિતનું રક્ષણ થાય છે.

શૅર નોંધણીનું કાર્ય ફરજિયાત નથી. આમ છતાંય ઉપર જણાવેલ વિવિધ ફાયદાઓને ધ્યાનમાં રાખીએ તો એમ સ્પષ્ટ કહી શકાય કે શૅર નોંધણી એ બન્ને પક્ષકાર માટે અનેક દ્રષ્ટિએ આશીર્વાદ સમાન છે.

**જામીનગીરીની નોંધણીની પ્રક્રિયા**

1957ના જામીનગીરી કરાર (નિયમન)ની કલમ - 21માં જાહેર કંપનીની નોંધણી અંગેની જોગવાઈ કરવામાં આવી છે. કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ જ્યાં આવેલી હોય તે જ રાજ્યના શૅરબજારમાં શૅરોની નોંધણી કરાવવી ફરજિયાત નથી. પરંતુ તે ઇચ્છનીય છે.

**જરૂરી દસ્તાવેજ :** નોંધણીના હેતુ માટે કંપનીએ નીચેના દસ્તાવેજો શૅરબજારમાં નોંધાવવા જરૂરી છે.

1) આવેદનપત્ર અને નિયમનપત્ર તેમજ ડિબેન્ચર બહાર પાડવાના કિસ્સામાં ડિબેન્ચર ટ્રસ્ટ - કરારની નકલ.

2) તમામ વિજ્ઞાપનપત્રોની નકલો અથવા કોઈપણ સમયે કંપનીએ બહાર પાડેલ વિજ્ઞાપનપત્રના બદલાનું નિવેદન.

3) શૅરના વેચાણ દરખાસ્તની નકલ અને છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કોઈપણ જામીનગીરીના ભરણા માટે મોકલેલ પરિપત્ર અથવા જાહેરાતની નકલ.

4) છેલ્લા પાંચ વર્ષના ઓડિટ થયેલા હિસાબો અને સરવૈયાની નકલો અથવા નવી કંપનીના કિસ્સામાં ટૂંકા સમયગાળા માટે તૈયાર કરેલા હિસાબોની નકલ.

5) નીચેની બાબતો દર્શાવતા નિવેદનો :

   (અ) છેલ્લા દસ વર્ષમાં ચૂકવેલ ડિવિડન્ડ અને રોકડ બોનસ.

   (બ) ડિવિડન્ડ અથવા નહીં ચૂકવેલ વ્યાજ જો હોય તો.

6) કરારની પ્રમાણિત નકલ અથવા નીચેના વચ્ચે થયેલા કરાર સંબંધી દસ્તાવેજો.

   (અ) વેપારીઓ

   (બ) સ્થાપકો

   (ક) બાંયધરી દલાલો અને પેટા બાંયધરી દલાલો

   (ડ) દલાલો અને પેટા દલાલો

7) નીચેના સાથેની કરારની પ્રમાણિત નકલ

   (અ) મેનેજિંગ એજન્ટ અને સેક્રેટરીઝ અને ટ્રેઝરર્સ

   (બ) વેચાણ એજન્ટો

   (ક) મેનેજિંગ ડિરેક્ટર્સ અને ટેકનિકલ ડિરેક્ટર્સ

   (ડ) જનરલ મેનેજર, સેલ્સ મેનેજર, મેનેજર અથવા સેક્રેટરી

8) દરેક પત્રોની પ્રમાણિત નકલ, અહેવાલો, પાકુ સરવૈયું, મૂલ્ય નિર્ધારણ કરાર, કોર્ટના ચુકાદાઓ અથવા અન્ય દસ્તાવેજો, પુનઃ રજૂ થયેલ ભાગો અથવા વિજ્ઞાપન તરીકે ઓળખાવેલ છે તે વેચાણ પેઢીની દરખાસ્ત, પરિપત્ર અથવા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન જામીનગીરીના ભરણા અથવા વેચાણ માટે આપવામાં આવેલી જાહેરાતો

9) દરેક માલસામગ્રીના કરારો (જેમાં ટેકનિકલ સલાહ અને જોડાણનો સમાવેશ થાય છે.) તારીખ અને વિગતો દર્શાવતું નિવેદન, કન્સેશન અને તેના જેવા અન્ય દસ્તાવેજો (કંપનીના સામાન્ય ધંધાના વ્યવહાર માટે કરવામાં આવ્યા હોય અથવા તેવા ઇરાદાથી કરવામાં આવેલ હોય તે સિવાયની શરતો સાથેની ટૂંકી માહિતી વિષયક દસ્તાવેજોની સામાન્ય બાબતો.)

10) કંપનીની સ્થાપનાથી વર્તમાન સુધીની પ્રવૃત્તિઓની માહિતી આપતો ટૂંકો ઇતિહાસ જેમાં કોઈપણ મળેલી માન્યતાઓ પુનઃ રચના અથવા સંયોજન, મૂળ માળખામાં કરેલા પરિવર્તન (સત્તાવાર બહાર પાડેલી અને ભરપાઈ થયેલી મૂડી) અને ડિબેન્ચર્સ, ઉછીના લીધેલા નાણા વગેરેનો સમાવેશ થાય છે.

11) બહાર પાડેલ શૅર અને ડિબેન્ચર્સની વિગતો
   - રોકડ સિવાયનો અવેજ, સંપૂર્ણ કે તેનો ભાગ
   - પ્રિમિયમથી કે વટાવથી અથવા
   - વિકલ્પ પૂરો પાડવા માટે

12) કોઈપણ વ્યક્તિને મંજૂર કરેલી કોઈપણ પ્રકારની જામીનગીરીઓ કે જેમાં કમિશન, દલાલી, વટાવ અથવા અન્ય ખાસ શરતો તથા આપવામાં આવેલ વિકલ્પોનો સમાવેશ થાય છે.

13) જપ્ત કરેલા શૅરની વિગતો.

14) દરેક વર્ગના સૌથી વધુ શૅર ધરાવતા દસ શૅરહોલ્ડરો અથવા અરજીની તારીખથી કંપનીની જે વિવિધ પ્રકારની જામીનગીરી ધરાવતા શૅરહોલ્ડર્સના નામ તથા ધારણ કરેલ શૅર અથવા ડિબેન્ચર્સની વિગતો.

15) શૅર કે ડિબેન્ચરની વિગતો કે જેના વેપાર માટે મંજૂરી માંગવામાં આવી છે તેની વિગતો.

## 3.5 ભારતમાં શૅરબજારના પ્રકારો

વેપારી દ્રષ્ટિએ ભારતમાં શૅરબજારના ત્રણ પ્રકારો છે.

- મુંબઈ શૅરબજાર BSE (Bombay Stock Exchange)
- રાષ્ટ્રીય શૅરબજાર NSE (National Stock Exchange)
- ઓવર ધ કાઉન્ટર બજાર OTCE (Over The Counter Exchange)

### મુંબઈ શૅરબજાર (BSE) (Bombay Stock Exchange)

**મુંબઈ શૅરબજારની સ્થાપના** : ભારતમાં સૌ પ્રથમ 1877માં **The Native Share and Stock Broker Association of Bombay** ના નામે શૅરબજારની સ્થાપના થઈ હતી. વર્તમાન સમયમાં આ શૅરબજાર **The Bombay Stock Exchange (BSE)** તરીકે ઓળખાય છે. આ શૅરબજારને 1956ના જામીનગીરી કરાર નિયમનધારાની જોગવાઈ મુજબ કેન્દ્ર સરકારે 31 ઓગસ્ટ, 1957ના રોજ માન્યતા આપી છે. હાલમાં જામીનગીરીઓના કુલ સોદાઓ પૈકી 50%થી વધુ સોદાઓ મુંબઈ શૅરબજારમાં થતા હોવાથી ભારતનું તે સૌથી મોટું શૅરબજાર ગણાય છે.

### રાષ્ટ્રીય શૅરબજાર (NSE) (National Stock Exchange)

નવેમ્બર 1992માં કંપનીધારા હેઠળ નોંધાયેલ એક લિમિટેડ કંપની તરીકે રાષ્ટ્રીય શૅરબજારની સ્થાપના મુંબઈ ખાતે કરવામાં આવી. તેની ભરપાઈ થયેલી મૂડી રૂ. 25કરોડની છે. આ મૂડી ઔદ્યોગિક વિકાસ બેંકે તથા રાષ્ટ્રીય કક્ષાની અન્ય નાણાકીય સંસ્થાઓએ પૂરી પાડી છે. આ શૅરબજાર જૂન 1994થી કાર્યરત બન્યું છે.

આ રાષ્ટ્રીય શૅરબજાર સંપૂર્ણ રીતે કમ્પ્યુટરાઈઝડ એક આધુનિક અને વિશ્વના શૅરબજારો-માં પ્રથમ હરોળમાં ગણાતું આધુનિક શૅરબજાર છે. તેનું કાર્યક્ષેત્ર રાષ્ટ્રવ્યાપી છે.

તેના સભ્યો (દલાલો) દેશના જુદા-જુદા શહેરોમાં કમ્પ્યુટર ટર્મિનલો ધરાવે છે. તેની મદદથી ઓનલાઈન જામીનગીરીઓના ખરીદ-વેચાણના સોદા થાય છે. રાષ્ટ્રીય શૅરબજારને બે વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. (અ) મૂડીબજારના સાધનોનું બજાર કે જેમાં શૅર, બોન્ડ અને ડિબેન્ચરનો સમાવેશ થાય છે. (બ) નાણાબજારના સાધનોનું બજાર કે જેમાં સરકારી જામીનગીરીઓ, ટ્રેઝરી બિલ્સ, સર્ટિફિકેટ્સ ઓફ ડિપોઝીટ, કોલ મની વગેરેનો સમાવેશ થાય છે.

**રાષ્ટ્રીય શૅરબજારના હેતુઓ :** રાષ્ટ્રીય શૅરબજારના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે.

1) જાહેર ક્ષેત્રના એકમોના શૅરની નોંધણી કરીને તેનું ખાનગીકરણ કરવામાં મદદરૂપ થવું.

2) દેશમાં રાષ્ટ્રવ્યાપી બજારોનું નેટવર્ક ઊભું કરીને લોકોની બચતવૃત્તિ અને રોકાણવૃત્તિને પ્રોત્સાહન આપવું.

3) રોકાણકારોને ઊંચી ગુણવત્તાવાળી સેવાઓ મળે તે માટે આચારસંહિતા ઘડવી.

4) દેવાંના સાધનો જેવા કે સરકારી જામીનગીરીઓ, ટ્રેઝરી બિલ્સ, સિક્યુરિટી ઓફ ડિપોઝીટ, કોમર્શિયલ પેપર્સ, સરકારી કે અર્ધસરકારી કોર્પોરેશનના બોન્ડ્ઝ વગેરે માટેના બજારનો વિકાસ કરવો.

5) મૂડીબજારમાં રોજગારીની તકો ઊભી કરવી.

### ઓવર ધ કાઉન્ટર બજાર (OTCE) (Over The Counter Exchange)

ભારતમાં અત્યારે કુલ 21 શૅરબજારો કાર્યરત હોવા છતાંય જામીનગીરી બજારનો પૂરતો વિકાસ થયો નથી. આ માટે શૅરબજારની નબળાઈઓ અને ખામીઓને જવાબદાર ગણવામાં આવે છે. આ ઉપરાંત શૅરના સોદા થયા પછી તેની ડિલિવરી મેળવવામાં તથા વેચેલ શૅરના નાણા મેળવવામાં ઘણો વિલંબ થાય છે. સમગ્ર દેશમાં અમુક જ શૅરદલાલોનું વર્ચસ્વ જોવા મળે છે અને તેને કારણે પણ શૅરની કિંમતમાં સટ્ટાત્મક વધ-ઘટ થાય છે. આ બધી મર્યાદાઓ દૂર કરવા માટે અમેરિકાની જેમ ભારતમાં પણ ઓવર ધ કાઉન્ટર એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લિ.ની સ્થાપના કરવામાં આવી છે. ઓવર ધ કાઉન્ટર બજાર એ એક એવું બજાર છે, જ્યાં વેચનારા ખરીદનારાઓને અને ખરીદનારા વેચનારાઓને શોધી કાઢે છે. બન્ને પક્ષોને સ્વીકાર્ય હોય તેવી કિંમત અને શરતો નક્કી કરીને ખરીદ-વેચાણના સોદા કરે છે. ટૂંકમાં ઓવર ધ કાઉન્ટર બજાર પક્ષકારોને વાટાઘાટો દ્વારા ભાવ અને ખરીદ-વેચાણની શરતો નક્કી કરવાની તક પૂરી પાડે છે. જ્યારે અન્ય નિયમિત શૅરબજારોમાં હરાજી પદ્ધતિથી બોલી બોલાવીને શૅરના ભાવ નક્કી થાય છે.

ઓવર ધ કાઉન્ટર એક્ષચેન્જમાં ટેલિફોન, ટેલેક્ષ, પત્રો કે મૌખિક રજૂઆત દ્વારા શૅરની ખરીદ-વેચાણ માટેનો ઓર્ડર મૂકી શકાય છે. આ બજારમાં વેપાર કરવા માટે ખાસ ટ્રેડિંગ ફ્લોર કે સોદા માટેની રીંગ હોતી નથી. આ બજારમાં શૅરના સોદાઓ રોકડના ધોરણે અથવા વધુમાં વધુ છ દિવસમાં નાણા ચુકવવાની શરતે થાય છે. આ શૅરબજારની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા માટે જે કમિટિની રચના કરવામાં આવે છે, તેને ઓટીસી કમિટી કહે છે.

**ભારતમાં OTCEની સ્થાપના :**

ભારતમાં ઓવર ધ કાઉન્ટર એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લિ.ની સ્થાપના 1990માં કંપનીધારા હેઠળ કંપની સ્વરૂપે થઈ છે. અને 1956ના જામીનગીરી કરાર નિયમન ધારા હેઠળ તેને માન્યતા આપવામાં આવી છે. તેની સ્થાપના રૂ. પાંચ કરોડની મૂડી સાથે થઈ છે. આ મૂડી નાણાકીય સંસ્થાઓ, જાહેર ક્ષેત્રની બેંકો તથા મરચન્ટ બેંકોએ પૂરી પાડી છે.

1992માં ઓટોમેટેડ સિક્યુરિટિઝ ટ્રેડિંગ ઓવર ધ કાઉન્ટર પ્રથા દાખલ કરવામાં આવી છે.

આ શૅરબજારના હેતુઓ નીચે પ્રમાણે નોંધી શકાય :

1) ભારતીય મૂડીબજારમાં બીજી હરોળનું બજાર ઊભું કરવાનો હેતુ.
2) જામીનગીરી બજારમાં જે શૅરોના સોદા ન થતાં હોય તેને સક્રિય બનાવીને જામીનગીરીની તરલતામાં વધારો કરવો.
3) નાની તથા જોખમી કંપનીના શૅરોની પણ નોંધણી કરવી.
4) ઓછા ખર્ચે નવા શૅર બહાર પાડવા અંગે કંપનીઓને જરૂરી સુવિધાઓ પૂરી પાડવી.
5) જામીનગીરી ખરીદ-વેચાણની પ્રક્રિયા સરળ બનાવવી.
6) નાના રોકાણકારોને દલાલોની ગેરરીતિઓથી બચાવવા.
7) રોકાણકારોને તેમના રોકાણના વાજબી ભાવની ખાતરી આપવી.
8) નાના ઉદ્યોગ સાહસિકોને કંપની રચવા પ્રોત્સાહન આપવું.

- **તફાવત : પ્રાથમિક મૂડીબજાર અને ગૌણ મૂડીબજાર**

| | **પ્રાથમિક મૂડીબજાર** | **ગૌણ મૂડીબજાર** |
|---|---|---|
| 1) *અર્થ* | *શૅર-ડિબેન્ચરના જાહેર ભરણા દ્વારા લાંબાગાળાની મૂડી પ્રાપ્ત કરવામાં આવે તે બજારને પ્રાથમિક મૂડીબજાર કહે છે.* | *કંપનીમાંથી ખરીદેલા શૅર-ડિબેન્ચરનું વેચાણ તથા પુનઃ ખરીદી જે બજારમાં થાય છે તેને ગૌણ મૂડીબજાર કહે છે.* |
| 2) *સેવાઓ* | *પ્રાથમિક બજારમાંથી મૂડી પ્રાપ્ત કરવા માટેની સેવાઓ બાંયધરી દલાલો, લીડ બેંક, મધ્યસ્થીઓ પૂરી પાડે છે.* | *શૅરની લે-વેચ કરવા માટે શૅરદલાલો તથા તેમના અધિકૃત ક્લાર્ક સેવા પૂરી પાડે છે.* |
| 3) *રોકાણકારો* | *જામીનગીરીઓમાં વાસ્તવિક રોકાણ કરવા ઈચ્છતા રોકાણકારો મોટેભાગે આ બજારમાં જોવા મળે છે.* | *શૅરની લે-વેચના સોદામાંથી નફો કરવાની ઈચ્છા ધરાવતા રોકાણકારો આ બજારમાં જોવા મળે છે.* |
| 4) *શૅર અરજી* | *શૅર ખરીદવા માંગતા રોકાણકારોએ જાહેર ભરણા વખતે શૅર અરજી કરવી પડે છે.* | *શૅર ખરીદવા ઈચ્છતી વ્યક્તિએ શૅર ખરીદવા માટે અરજી નહીં પણ બજાર ભાવે ખરીદીનો સોદો કરવો પડે છે.* |
| 5) *ખરીદી વેચાણ* | *આ બજારમાંથી શૅરની માત્ર ખરીદી થઈ શકે છે.* | *આ બજારમાં શૅરની ખરીદી અને વેચાણ બન્ને થઈ શકે છે.* |
| 6) *વાયદાના સોદા* | *પ્રાથમિક બજારમાં શૅરની ખરીદી અંગે વાયદાના સોદા થઈ શકતા નથી.* | *ગૌણબજારમાં શૅરની ખરીદ- વેચાણ અંગે વાયદાના સોદા થઈ શકે છે.* |
| 7) *કેન્દ્રસ્થાને* | *પ્રાથમિક બજારમાં કંપની કેન્દ્રસ્થાને છે* | *ગૌણબજારમાં શૅરબજાર કેન્દ્રસ્થાને છે.* |
| 8) *મધ્યસ્થીઓ* | *પ્રાથમિક બજારમાંથી શૅર ખરીદવા કે અરજી કરવા મધ્યસ્થીની જરૂર પડતી નથી.* | *ગૌણબજારમાંથી શૅર ખરીદવા કે વેચવા માટે દલાલોની સેવા લેવી પડે છે.* |
| 9) *શૅર ફાળવણી* | *શૅર ખરીદી માટેના અરજદારોને કંપનીએ નક્કી કરેલ નીતિ પ્રમાણે શૅર ફાળવણી થાય છે.* | *શૅર ખરીદવા માંગતી વ્યક્તિ બજારભાવે પોતે ઈચ્છે તેટલા શૅર નિશ્ચિત રીતે ખરીદી શકે છે.* |
| 10) *પ્રવાહિતા* | *પ્રાથમિક બજારમાં શૅરનું વેચાણ થતું નથી તેથી પ્રવાહિતાનો પ્રશ્ન નથી.* | *ગૌણબજારમાં શૅરનું વેચાણ અને પુનઃ ખરીદી થતી હોવાથી તે રોકડ પ્રવાહિતા સર્જે છે.* |

**સ્વાધ્યાય**

**ટૂંકમાં જવાબ આપો.**

1. ગૌણબજારની વ્યાખ્યા લખો.

2. ગૌણબજારના કાર્યો લખો.

3. શૅરબજાર એટલે શું ?

4. શૅરબજારમાં સભ્યપદ માટેની લાયકાત જણાવો.

**ખાલી જગ્યા પૂરો**

1. .................... નવા ભરણાં અને પ્રાથમિક બજારનો મહત્ત્વનો મધ્યસ્થી છે.

2. ........................... એ એવું સ્થળ છે કે જ્યાં અગાઉ બહાર પડી ચૂકેલી જામીનગીરીઓનો વેપાર થાય છે.

3. મુંબઈ શૅરબજાર (BSE- Bombay Stock Exchange)ની સ્થાપના ........... વર્ષમાં થયેલ છે.

**ખાલી જગ્યાના જવાબો**

1. બાંયધરી દલાલ
2. ગૌણબજાર
3. 1877

**હેતુલક્ષી પ્રશ્નો**

1. બાંયધરી દલાલો વિશે સમજૂતી આપો.
2. ગૌણ મૂડી બજાર વિશે સમજૂતી આપો.
3. શૅરબજાર વિશે સમજૂતી આપો.
4. ભારતમાં શૅરબજારના પ્રકારો વિશે સમજૂતી આપો.

# એકમ : 4 ગૌણબજાર

## : રૂપરેખા :

4.1 પ્રસ્તાવના, અર્થ

4.2 ગૌણબજારનાં કાર્યો

4.3 ગૌણબજાર પર નિયંત્રણ

4.4 સ્ટોક એક્ષચેન્જની માન્યતા

4.5 જામીનગીરી સૂચિઓ (યાદીઓ)

4.6 જામીનગીરીની યાદીનાં નિયમો

4.7 દલાલોની નોંધણી

4.8 ભારતમાં શૅરબજારનો વિકાસ

4.9 ભારતનાં શૅરબજારો (NSE, BSE)

4.10 શૅરબજારમાં વેપાર કરવાની પધ્ધતિઓ

4.11 ભારતમાં ડિપોઝીટરીની સ્થાપનાની જરૂરિયાત

4.12 ડિમેટ શૅર અને ભૌતિક શૅર વચ્ચેનો તફાવત

4.13 ડિપોઝીટરી પધ્ધતિનાં ફાયદાઓ

● સ્વાધ્યાય

### 4.1 પ્રસ્તાવના

પ્રથમ વખત કોઈ કંપની દ્વારા બહાર પાડેલ જામીનગીરી રોકાણકારોને પ્રાથમિક (મૂડી) બજારમાં આપવામાં આવે છે. કંપનીના શૅર સૂચિબદ્ધ થઈ જાય, ત્યારબાદ તેમનો વેપાર ગૌણબજારમાં થાય છે. બંને વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે પ્રાથમિક બજારમાં, કોઈ રોકાણકાર નવી જામીનગીરી સીધી કંપની પાસેથી મેળવે છે, જ્યારે ગૌણબજારમાં, તે જ વેચવા ઈચ્છતા અન્ય રોકાણકારો પાસેથી જામીનગીરી ખરીદે છે.

**અર્થ :**

ગૌણબજાર એ એક એવું બજાર છે કે જ્યાં કંપનીએ અગાઉ બહાર પાડેલ જામીનગીરીઓનું ખરીદ-વેચાણ થાય છે. ગૌણબજાર સરકારી, અર્ધસરકારી અને ખાનગી કંપનીઓએ અગાઉ બહાર પાડેલ જામીનગીરીઓનું ખરીદ-વેચાણ કરે છે.

ભારતીય જામીનગીરી કરાર (નિયમન) ધારા 1956 મુજબ :

**"ગૌણબજાર (શૅરબજાર) એટલે જામીનગીરીના ખરીદ-વેચાણના વ્યવહારોને મદદ કરવા, નિયમન કરવા અને નિયંત્રિત કરવાના હેતુથી સંસ્થાપિત સંગઠન, સંસ્થા અથવા વ્યક્તિઓનો સમૂહ."**

### 4.2 ગૌણબજારનાં કાર્યો

ગૌણબજારના પ્રાથમિક ઉદ્દેશો જામીનગીરીઓના ખરીદ-વેચાણની વ્યવસ્થા અને કંપનીઓને મૂડી સંપાદનની સુવિધા આપવાના છે. આ ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા માટે ગૌણબજાર આ મુજબના કાર્યો કરે છે :

**1) આર્થિક પારાશીશી:**

ગૌણબજાર એ દેશની આર્થિક સ્થિતિ માપવા માટે એક વિશ્વસનીય સાધન છે. દેશ અને અર્થતંત્રમાં થતાં દરેક મોટા પરિવર્તન જામીનગીરી (શૅર)ના ભાવમાં પ્રતિબિંબિત થાય છે. શૅરના ભાવોમાં વધારો અથવા ઘટાડો અર્થતંત્રના તેજી અથવા મંદીના ચક્રને સૂચવે છે. ગૌણબજારને અર્થતંત્ર અથવા આર્થિક વિકાસના પ્રતિબિંબ તરીકે પણ ઓળખવામાં આવે છે, જે દેશની આર્થિક પરિસ્થિતિ સૂચવે છે.

**2) જામીનગીરીઓની કિંમત:**

ગૌણબજારમાં માંગ અને પુરવઠાના પરિબળોને આધારે જામીનગીરીઓનું મૂલ્ય નક્કી થાય છે. નફાકારક અને વૃદ્ધિલક્ષી કંપનીઓની જામીનગીરીઓનું મૂલ્ય વધારે છે કારણકે આવી જામીનગીરીઓની વધુ માંગ છે. જામીનગીરીઓનું મૂલ્ય રોકાણકારો, સરકાર અને લેણદારો માટે ઉપયોગી છે. રોકાણકારો તેમના રોકાણોનું મૂલ્ય જાણી શકે છે, લેણદારો પણ ધિરાણનું મૂલ્ય માપી શકે છે અને સરકાર જામીનગીરીઓના મૂલ્ય પર કર નક્કી કરે છે.

**3) વ્યવહારોની સલામતી:**

ગૌણબજારમાં ફક્ત સૂચિબદ્ધ જામીનગીરીઓનો જ વેપાર થાય છે. શૅરબજારના અધિકારીઓ કંપનીની નાણાકીય તરલતાની ચકાસણી કર્યા પછી જ કંપનીનું નામ ખરીદ-વેચાણની યાદીમાં સામેલ કરે છે. જે કંપનીઓ સૂચિબદ્ધ છે તેઓએ કડક નિયમોનું પાલન કરવું પડે છે. આમ, શૅરબજાર રોકાણકારોને સલામતીની ખાતરી આપે છે.

**4) આર્થિક વિકાસમાં ફાળો:**

શૅરબજારમાં વિવિધ કંપનીઓની જામીનગીરીઓનું ખરીદ અને વેચાણ થાય છે. વિનિવેશ અને પુનઃરોકાણની આ પ્રક્રિયામાં મોટાભાગના રોકાણકારો મૂલ્યવર્ધક રોકાણ કરવામાં મદદ કરે છે અને તેનાથી મૂડીની રચના અને આર્થિક વિકાસને વેગ મળે છે.

**5) ઈક્વિટી શૅરના રોકાણકારોને ઉત્તેજન:**

શૅરબજાર રોકાણકારોનું નિયમન કરીને અને રોકાણ અંગે શિક્ષણ આપીને જામીનગીરીઓમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

**6) પ્રવાહિતા:**

શૅરબજારનું મુખ્ય કાર્ય એ છે કે જામીનગીરીઓના વેચાણ અને ખરીદી માટે તૈયાર બજાર પૂરૂં પાડવાનું છે. શૅરબજાર રોકાણકારોને ખાતરી આપે છે કે જ્યારે તેઓ ઈચ્છે ત્યારે તેમનું રોકાણ રોકડમાં બદલી શકાય છે. રોકાણકારો કોઈ ખચકાટ વિના લાંબાગાળાનું રોકાણ કરી શકે છે કારણકે શૅરબજારને કારણે તેઓ લાંબાગાળાના રોકાણને ટૂંકાગાળાના અને મધ્યમગાળામાં રૂપાંતરિત કરી શકે છે.

**7) મૂડીનું યોગ્ય રોકાણ:**


નફો કરતી કંપનીઓના શૅર ઊંચાભાવે ટાંકવામાં આવે છે જેથી આવી કંપનીઓ સરળતાથી શૅરબજારમાંથી નવી મૂડી એકત્રિત કરી શકે. સામાન્ય લોકો નુકસાન કરતી કંપનીમાં રોકાણ કરવામાં ખચકાટ અનુભવે છે. તેથી શૅરબજાર રોકાણકારોને તેમની મૂડીનું નફાકારક રોકાણ કરવાની સુવિધા આપે છે.

**8) બચત અને રોકાણને પ્રોત્સાહન:**

શૅરબજાર વિવિધ જામીનગીરીઓમાં રોકાણની આકર્ષક તકો પ્રદાન કરે છે. આ આકર્ષક તકો લોકોને વધુ બચત કરવા અને સોના, ચાંદી વગેરે જેવી અનુત્પાદક સંપત્તિમાં રોકાણ કરવાને બદલે કંપનીની જામીનગીરીઓમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

## 4.3 ગૌણબજાર પર નિયંત્રણ

ગૌણબજારની કાર્યવાહી પર સખત નિયંત્રણ જરૂરી છે તેથી, 1956ની શરૂઆતમાં, કેન્દ્ર સરકારે શૅરબજારને માન્યતા આપવા માટે જામીનગીરી કરાર (નિયમન) ધારો પસાર કર્યો. સરકારની મંજૂરીને આધિન તેમની કામગીરીના નિયમન અને નિયંત્રણ માટે દરેક શૅરબજાર દ્વારા યોગ્ય કાયદા ઘડવાની પણ જોગવાઈ છે. દરેક શૅરબજારે સરકારને સમય-સમય પર જરૂરી બાબતો સંબંધિત માહિતી આપવી જરૂરી છે. સરકારને અસાધારણ/અસામાન્ય પરિસ્થિતિઓમાં, જામીનગીરીની સૂચિ, કાયદા બનાવવા અથવા તેમાં સુધારો કરવા, માન્યતા પાછી ખેંચી લેવાની અથવા શૅરબજારના સંચાલક મંડળને હસ્તગત કરવાને લગતી વિશાળ સત્તા આપવામાં આવી છે. આ કાયદા હેઠળ, સરકારે જામીનગીરી નિયમો 1957 પણ પસાર કર્યા, જેમાં શૅરબજારની માન્યતા, સમયાંતરે રિટર્ન જમા કરાવવા અને માન્ય શૅરબજાર દ્વારા વાર્ષિક વળતર, માન્યતા પ્રાપ્ત બાબતોનો સમાવેશ થયેલ છે. તેમાં શૅરબજાર અને તેના સભ્યો અને જામીનગીરીઓને સૂચિબદ્ધ કરવાની જરૂરિયાતો વગેરે અંગે માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત, ગૌણબજારના નિયમન માટેની જવાબદારી, આર્થિક બાબતોના વિભાગ, ભારત સરકાર, કંપની બાબતોના વિભાગ તથા રિઝર્વ બૅંક ઓફ ઇન્ડિયાની રહે છે. ગૌણબજારના નિયમન માટે સિક્યોરિટીઝ અને એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ની સ્થાપના - સેબી એક્ટ 1992ની કલમ 3 હેઠળ જામીનગીરીઓના રોકાણકારોના હિતોની સુરક્ષા કરવા અને ગૌણબજારના વિકાસને પ્રોત્સાહન આપવા માટે થઈ હતી. ભારતમાં ગૌણબજાર પર નિયંત્રણ માટે ત્રિસ્તરીય રચના છે.




**(1) નાણા મંત્રાલયઃ**

નાણા મંત્રાલયના સ્ટોક એક્ષચેન્જ વિભાગને 1956ના જામીનગીરી કરાર (નિયમન) ધારાની જોગવાઈનો અમલ અને અન્ય ક્ષેત્રમાં વેપારના પરવાના આપવાને લગતી સત્તાઓ છે. સેબી એક્ટ મુજબ નાણા મંત્રાલય પાસે સેબીની દેખરેખ રાખવાની સત્તાઓ છે. તેની પાસે શૅરબજારના મુખ્ય અધિકારીઓની નિમણૂક અને નામાંકનને મંજૂરી આપવાની પણ સત્તા છે.

**(2) સિક્યોરિટીઝ અને એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા** (સેબી)**:**

સિક્યોરિટીઝ અને એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયાની વર્ષ 1988માં સ્થાપના થઈ. પરંતુ તેને વૈધાનિક સત્તાઓ 30મી જાન્યુઆરી 1992ના રોજ પ્રાપ્ત થઈ હતી. સેબી એક્ટ હેઠળ, વિવિધ પ્રકારની સત્તા સેબીના હાથમાં છે.

**સેબીના વિભાગોની ભૂમિકા**

સેબી હેઠળ વિવિધ વિભાગો સ્થાપિત છે જે ખાસ કરીને ગૌણબજારના સંચાલન માટે છે. જે નીચે મુજબ છે.

**(અ) બજાર મધ્યસ્થીઓની નોંધણી તથા દેખરેખ વિભાગઃ**

આ વિભાગ ઇક્વિટી, ઇક્વિટી ડેરિવેટિવ્ઝ, ઋણ અને ઋણ સંબંધિત મધ્યસ્થીઓની નોંધણી, દેખરેખ અને નિરિક્ષણનું સંચાલન કરે છે.

**(બ) બજાર નિયમન વિભાગઃ**

આ વિભાગ નવી નીતિઓ ઘડવી, સલામત વિનિમય, પેટાકંપનીઓ અને બજાર સંસ્થાઓ સાથે સમાશોધન (ક્લીયરીંગ) અને સમાધાન અને થાપણોની દેખરેખ માટે જવાબદાર છે.

**(ક) ડેરિવેટિવ્ઝ અને નવા ઉત્પાદનોનો વિભાગઃ**

આ વિભાગ વ્યવહારોની દેખરેખ, નવા ઉત્પાદનોને સંબંધિત વેપાર અને નીતિગત ફેરફારો માટે જવાબદાર છે.

**(3) સંચાલક મંડળઃ**

સંચાલક મંડળમાં ચૂંટાયેલા સભ્ય ડિરેક્ટર, સરકારના નામાંકિત લોકપ્રતિનિધિઓ હોય છે. શૅરબજારના નિયમો જાળવવાની જવાબદારી સંચાલક મંડળની છે. શૅરબજારના સંચાલક મંડળમાં 13 સભ્ય હોય છે. જેમાંથી 6 સભ્ય શૅરબજારના સભ્યો દ્વારા પસંદ કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર ત્રણ કરતાં વધારે સભ્યોની નિમણૂક કરે છે, સંચાલક મંડળ ત્રણ જાહેર પ્રતિનિધિઓની નિમણૂક કરે છે, સેબી બે થી ત્રણ વ્યક્તિઓની નિમણૂક કરે છે અને શૅરબજાર એક કારોબારી સંચાલક (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર)ની નિમણૂક કરે છે. સંચાલક મંડળના સભ્યો પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી કરે છે જેના માટે કેન્દ્ર સરકારની મંજૂરીની જરૂર નથી.

## 4.4 સ્ટોક એક્ષચેન્જની માન્યતા

કોઈપણ શૅરબજાર માન્યતા મેળવવા કેન્દ્ર સરકારને નિર્ધારિત રીતે અરજી કરી શકે છે. દરેક અરજીમાં નિયત કરેલી વિગતો હોવી જોઈએ, જેમકે, શૅરબજારના બંધારણને લગતાં નિયમો, સંચાલક મંડળનું બંધારણ અને વ્યવસ્થાપનની શક્તિ અને તેના વ્યવહારની પદ્ધતિ, શૅરબજારના પદાધિકારીઓની સત્તાઓ અને ફરજો, વિવિધ પ્રકારના સભ્યોને શૅરબજારમાં પ્રવેશ, સભ્યપદ માટેની લાયકાત, હકાલપટ્ટી અને ફરીથી પ્રવેશ, શૅરબજારના સભ્ય તરીકે ભાગીદારીની નોંધણી માટેની પ્રક્રિયા અને અધિકૃત પ્રતિનિધિઓના નામાંકન અને નિમણૂક વિગેરે.

અરજી સ્વીકાર્યા બાદ જો કેન્દ્ર સરકાર સંતુષ્ટ થાય તો આ માટે જરૂરી તપાસ કરી અને માહિતી મેળવ્યા પછી, તેને લાગે કે જો -

(અ) નોંધણી માટે અરજી કરતા શૅરબજારના નિયમો રોકાણકારોને સુરક્ષિત રાખવા માટે સૂચવવામાં આવતી શરતો સાથે સુસંગત છે.

(બ) શૅરબજાર અન્ય કોઈપણ શરતોનું પાલન કરવા માટે તૈયાર છે (સભ્યોની સંખ્યા અંગેની શરતો સહિત) જે કેન્દ્ર સરકારે શૅરબજારના સંચાલક મંડળ સાથે મસલત કર્યા બાદ અને શૅરબજાર દ્વારા વેપાર કરવામાં આવતી જામીનગીરીઓને ધ્યાનમાં લીધા પછી,

(ક) શૅરના વિનિમયને માન્યતા આપવી જાહેર હિતમાં છે, તો માન્યતા આપી શકે છે.

## 4.5 જામીનગીરી સૂચિઓ (યાદીઓ)

જ્યારે કંપની શૅરબજારમાં સૂચિબદ્ધ થાય છે ત્યારે કંપની અને શૅરબજાર વચ્ચે જામીનગીરી સૂચિકરાર કરવામાં આવે છે. સૂચિકરારનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે

કંપનીઓ સારી કોર્પોરેટ શાસનનું પાલન કરી રહી છે. જામીનગીરીને સૂચિબદ્ધ કરવી એટલે કંપનીની જામીનગીરીનો શૅરબજારની ખરીદ-વેચાણની યાદીમાં સમાવેશ કરવો. જ્યારે ખાનગી કંપની જાહેર જનતાને શૅર અથવા ડિબેન્ચર આપવા માંગે છે ત્યારે તે શૅરબજારમાં સૂચિબદ્ધ થવી જરૂરી છે. સૂચિબદ્ધ જામીનગીરી રોકાણકારોને ખાતરી આપે છે કે બજારમાં તરલતા છે અને તેનું નિયમન સુવ્યવસ્થિત ધોરણે થાય છે. કંપની ધારા 1956, સુધારણા 1988ની કલમ 73 (1) મુજબ કંપનીએ શૅરબજારમાં સૂચિબદ્ધ થવા અમુક આવશ્યકતાઓનું પાલન કરવું પડે છે. જેમકે, સૂચિકરારનું પાલન ન થતાં અરજદાર, પ્રવર્તકો અને / અથવા જૂથ કંપનીઓ કસૂરવાર થાય છે. આ ઉપરાંત જામીનગીરી કરાર (નિયમન)ધારો 1956, જામીનગીરી કરાર (નિયમન) નિયમો 1957, સેબી ધારો 1992, સેબી જાહેર કરેલ મૂડી તથા જાહેરાત આવશ્યકતા 2009, હેઠળ સૂચવવામાં આવેલી કેટલીક શરતો, કોઈપણ અન્ય પરિપત્ર, સ્પષ્ટતાઓ, અધિકૃત સત્તા દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા વિગેરેનું પણ કંપનીઓએ પાલન કરવું પડે છે. શૅરબજાર સંચાલક મંડળને સેબી દ્વારા સમયાંતરે આપવામાં આવતાં નિર્દેશો મુજબ સૂચિકરાર કરવામાં આવે છે. શૅરબજાર કંપનીઓને સુધારા સૂચવે છે. જામીનગીરી સૂચિકરારમાં કંપની શાસન સંબંધિત પ્રણાલી (કોર્પોરેટ ગવર્નન્સ)ની કલમ ક્રમાંક 49 સહિત 51 કલમો સામેલ છે.

## 4.6 જામીનગીરીની યાદીના નિયમો

જે કંપની શૅરબજારમાં તેના શૅરને સૂચિબદ્ધ કરવા માંગે છે, તેણે નીચેની આવશ્યકતાઓનું પાલન કરવું પડશે.

1) શૅરને સૂચિબદ્ધ માટેની પરવાનગી કંપનીના આવેદનપત્ર કે નિવેદનપત્રમાં આપેલી હોવી જોઈએ.

2) કંપનીએ તેની શૅરમૂડીની ઓછામાં ઓછી 49 ટકા મૂડી જાહેર જનતાને ભરણા માટે બહાર પાડેલ હોવી જોઈએ.

3) વિજ્ઞાપનપત્રમાં ભરણું ખુલવાની તારીખ, શૅર અરજી સ્વીકાર વગેરેને લગતી આવશ્યક માહિતી હોવી જોઈએ.

4) શૅરની ફાળવણી યોગ્ય અને વાજબી રીતે થવી જોઈએ. શૅરના અતિભરણાના કિસ્સામાં કંપની દ્વારા માન્ય શૅરબજાર કે જ્યાં શૅર સૂચિબદ્ધ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે તેના પદાધિકારીઓ સાથે ચર્ચા કરીને ફાળવણીનો આધાર નક્કી કરવો જોઈએ.

5) ભરણું બંધ થયાના 30 દિવસની અંદર નકારેલ શૅરઅરજીના નાણા રોકાણકારોને પરત ન થાય તો અરજીના નાણાની વ્યાજ સાથે ચૂકવણી કરવી પડે છે.

6) બુક બિલ્ડિંગના કિસ્સામાં, ફાળવણી ઇશ્યુના સમાપન પછીના 15 દિવસમાં આવશે, આમ કરવામાં કંપની નિષ્ફળ થાય તો રોકાણકારોને નાણાની વ્યાજ સાથે ચૂકવણી કરવી પડે છે.

7) કંપની નિર્ધારિત ફી ચૂકવીને અને જરૂરી દસ્તાવેજો અને વિગતો જમા કરીને સૂચિકરારમાં પ્રવેશ કરે પછી જ કંપનીના શૅર શૅરબજારમાં વેપાર માટે ઉપલબ્ધ થાય છે.

8) સૂચિબદ્ધ કંપનીએ તેના અર્ધવાર્ષિક પરિણામોનું પ્રકાશન અને તેની શૅરમૂડીના માળખામાં થતાં ફેરફારોની સૂચના શૅરબજારને કરવી ફરજિયાત છે.

## 4.7 દલાલોની નોંધણી

શૅરદલાલો શૅરબજારના સભ્ય છે, જે તેમના પોતાના અથવા ગ્રાહકોની જામીનગીરીનું ખરીદ વેચાણ કરે છે. જામીનગીરી કરાર (નિયમન) ધારા 1956 મુજબ સમગ્ર ભારતમાં શૅરબજારના સભ્ય બનવાની લાયકાત નીચે પ્રમાણે છે.

1. સભ્યો માટે નિયત લઘુત્તમ વય 21 વર્ષ છે.

2. તે / તેણી ભારતીય નાગરિક હોવા જોઈએ.

3. તે નાદાર જાહેર થયેલા ના હોવા જોઈએ.
4. તે છેતરપીંડી અથવા અપ્રમાણિકતા માટે દોષિત ઠરેલા ના હોવા જોઈએ.
5. તે કંપની સાથે જોડાયેલા અન્ય કોઈ ધંધામાં રોકાયેલ ન હોવા જોઈએ.
6. તે લઘુત્તમ આવશ્યક શૈક્ષણિક લાયકાત - ધોરણ 12ની પરીક્ષા પાસ હોવા જોઈએ.

વધુમાં, કંપની તથા ભાગીદારી પેઢીને પણ સભ્યપદ આપવામાં આવે છે.

ભારતમાં શૅરદલાલ બનવા માટે વ્યક્તિ અથવા કંપની અથવા ભાગીદારી પેઢીએ સેબી પાસે નિયત ફી ભરી નોંધણીનું પ્રમાણપત્ર લેવું પડે છે તથા સૂચવેલ નિયમોનું પાલન કરવું પડે છે. જો વ્યક્તિએ એક શૅરબજારમાં પહેલેથી જ સભ્ય તરીકે પ્રવેશ મેળવ્યો છે, ત્યારબાદ સેબીના કાયદા મુજબ એક કરતાં વધારે શૅરબજારમાં સંચાલન કરવા માટે કોઈ અલગ નોંધણીની જરૂર નથી. પરંતુ, આ હેતુ માટે, તેમને આવા અન્ય શૅરબજારની મંજૂરી લેવી પડશે. શૅરદલાલોની સદસ્યતાના કડક માપદંડો જેવા કે, મૂડી પર્યાપ્તતા, અગાઉની કામગીરી, શિક્ષણ અને અનુભવ સામેલ છે, જેથી ગુણવત્તાયુક્ત સેવાઓ સુનિશ્ચિત થાય છે. દલાલે સેબી દ્વારા નક્કી કરેલી આચારસંહિતાનું પાલન કરવું પડે છે. આ ઉપરાંત શૅરબજારમાં પેટા-દલાલો પણ હોય છે જે દલાલ દ્વારા નિયુક્ત કરવામાં આવે છે અને તે કોઈ અધિકૃત વ્યક્તિ તરીકે દલાલ વતી કાર્ય કરે છે પરંતુ તે શૅરબજાર સાથે વ્યવહાર કરતો પ્રત્યક્ષ સભ્ય નથી. પેટા-દલાલોએ સેબી સાથે નોંધણી કરાવવી જરૂરી છે અને તે દલાલના અધિકૃત વ્યક્તિ તરીકે કમિશન મેળવે છે. સામાન્ય રીતે દલાલ અને પેટા-દલાલ વચ્ચેનો કરાર 10 રૂપિયાના ન્યાયિક સ્ટેમ્પ પેપર પર કરવામાં આવે છે. કરાર સામાન્ય રીતે દલાલ અને પેટા-દલાલની સત્તા અને જવાબદારીને સ્પષ્ટ કરે છે. જો કોઈ દલાલ હેરાફેરીમાં અથવા ભાવોમાં થતાં ફેરફારમાં સામેલ છે અથવા ખોટી માહિતી આપે છે, તો તેની નોંધણી સ્થગિત થવાની સંભાવના છે. જો નિયમોનું પાલન ન કરવામાં આવે તો નોંધણી રદ પણ થઈ શકે છે.

## 4.8 ભારતમાં શૅરબજારનો વિકાસ

ભારતમાં શૅરબજારની સફર લોકોના નાના જૂથથી ઇલેક્ટ્રોનિક શૅરબજાર સુધી થઈ છે. ભારતીય શૅરબજારની શરૂઆત 18મી સદીમાં થઈ ત્યારે લાંબાગાળાની વટાઉ ખત જામીનગીરીઓ રજૂ કરવામાં આવી. જો કે, 19મી સદીના મધ્યભાગ પછી શૅરબજારની વાસ્તવિક ઉત્પત્તિ ગણી શકાય.

ઈ.સ. 1850માં કંપની અધિનિયમ ધારો પસાર કરવામાં આવ્યો જેમાં મર્યાદિત જવાબદારી જેવી સુવિધાના કારણે કંપનીમાં રોકાણકારોની રૂચિ પેદા થઈ. ભારતમાં પ્રથમ શૅરબજારની શરૂઆત **સ્ટોક બ્રોકર્સ એસોસિએશન**ના નામે 1875માં થઈ જે હવે બોમ્બે સ્ટોક એક્ષચેન્જ તરીકે ઓળખાય છે. આગળ જતાં અમદાવાદ સ્ટોક એક્ષચેન્જ (1894), કલકત્તા સ્ટોક એક્ષચેન્જ (1908) અને મદ્રાસ (ચેન્નાઈ) સ્ટોક એક્ષચેન્જ (1937)ની રચના થઈ.

ઈ.સ. 1960 સુધી, ગૌણબજારમાં મોટા પ્રમાણમાં કલકત્તા સ્ટોક એક્ષચેન્જ (સીએસઈ)નું વર્ચસ્વ હતું. ભારતમાં નોંધાયેલ મોટાભાગની કંપનીઓ કલકત્તા સ્ટોક એક્ષચેન્જ અને બોમ્બે સ્ટોક એક્ષચેન્જ ખાતે સૂચિબદ્ધ હતી. 1961 દરમિયાન, 1203 સૂચિબદ્ધ કંપનીઓમાંથી 576 કંપનીઓ કલકત્તા સ્ટોક એક્ષચેન્જ ખાતે અને 297 કંપનીઓ બોમ્બે સ્ટોક એક્ષચેન્જ ખાતે સૂચિબદ્ધ હતી.

ઈ.સ. 1960ના દાયકામાં બોમ્બે સ્ટોક એક્ષચેન્જની લોકપ્રિયતા વધી. 1991માં ભારતીય અર્થતંત્રના ઉદારીકરણ પછી, શૅરબજારો સુધારાના યુગમાં પ્રવેશ્યા. ભારતીય શૅરબજાર ત્રણ સ્તરની રચનાને અનુસરે છે:

- નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ (એનએસઇ)
- પ્રાદેશિક સ્ટોક એક્ષચેન્જ
- ઓવર ધ કાઉન્ટર એક્ષચેન્જ ઓફ ઇન્ડિયા (ઓટીસીઇઆઇ)

એનએસઇની સ્થાપના 1994માં ભારતમાં પ્રથમ સ્વચાલિત સ્ક્રીન આધારિત એક્ષચેન્જ તરીકે થઈ હતી. એનએસઇની રચના એ ભારતીય શૅરબજારની ક્રાંતિ હતી. ત્યારબાદ, તમામ મોટા શૅરબજારોએ ઇલેક્ટ્રોનિક વેપાર શરૂ કર્યો. હવે, તકનીકી ક્રાંતિ સાથે, વેપારીઓ / રોકાણકારો વિશ્વના કોઈપણ ભાગમાં બેઠાં-બેઠાં શૅરબજારના કામકાજના સમય દરમિયાન શૅર ખરીદ-વેચાણ કરી શકે છે. નાના અને મધ્યમ કદના સાહસોને સક્ષમ કરવા 1992માં ઓટીસીઇઆઇની રચના થઈ.

ભારતની આઝાદી પછી 23 સ્ટોક એક્ષચેન્જ ઉમેરવામાં આવ્યા હતા પરંતુ હવે ફક્ત 5 જ બાકી છે અને બાકીનાને સેબી દ્વારા નિષ્ક્રિય એક્ષચેન્જ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે.

**ભારતમાં સક્રિય સ્ટોક એક્ષચેન્જની સૂચિ**

- બોમ્બે સ્ટોક એક્ષચેન્જ
- નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઇન્ડિયા
- એનએસઇ ઇન્ટરનેશનલ એક્ષચેન્જ
- કલકત્તા સ્ટોક એક્ષચેન્જ
- ભારત આંતરરાષ્ટ્રીય વિનિમય (આઇએનએક્ષ)

## 4.9 ભારતના શૅરબજારો

**બોમ્બે સ્ટોક એક્ષચેન્જ (બીએસઇ)**

બોમ્બે સ્ટોક એક્ષચેન્જ અથવા મુંબઈ શૅરબજાર (બીએસઇ) એ એશિયામાં તેમજ એશિયામાં અગ્રણી અને સૌથી જૂનું શૅરબજાર છે. તેની સ્થાપના ઇ.સ.1887માં ધી નેટીવ શૅર અને સ્ટોક બ્રોકર્સ એસોસિએશનની રચના સાથે કરવામાં આવી હતી. બીએસઇ એ ભારતનું ખૂબ જ સક્રિય શૅરબજાર છે. જેમાં સૌથી વધુ જામીનગીરીઓ સૂચિબદ્ધ છે. ભારતના શૅરબજારોમાં થયેલા વ્યવહારોમાંથી લગભગ 70 થી 80 ટકા (%) વ્યવહારો બીએસઇમાં થાય છે. 5000થી વધુ કંપનીઓ બીએસઇ પર સૂચિબદ્ધ છે. બીએસઇ એક રાષ્ટ્રીય શૅરબજાર છે કારણકે બીએસઇએ તેના સભ્યોને મુંબઈ શહેર (પૂર્વ મુંબઈ)ની બહાર કમ્પ્યુટર ટર્મિનલ સ્થાપવાની મંજૂરી આપવાની શરૂઆત કરી દીધી છે. વર્ષ 1986માં બીએસઇએ તેનો સંવેદનશીલતા સૂચકઆંક શરૂ કર્યો જેમાં આધાર વર્ષ 1978-79 છે. આ 30 કંપનીઓનો સૂચકઆંક છે. વર્ષ 2005માં બીએસઇને **બોમ્બે સ્ટોક એક્ષચેન્જ લિમિટેડ** નામની નવી જાહેર કંપનીનો દરજ્જો આપવામાં આવ્યો છે. બીએસઇએ માર્ચ 1995થી BOLT(બોમ્બે ઓનલાઈન ટ્રેડિંગ)ની રજૂઆત કરીને તેની ટ્રેડિંગ સિસ્ટમનું કમ્પ્યુટરકરણ કર્યું છે. બીએસઇનું સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. 200 કરોડ છે. તે તેની સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ લિમિટેડ (સીડીએસએલ) દ્વારા ડિપોઝીટરી સેવાઓ પૂરી પાડે છે.

**નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઇન્ડિયા**

ભારતીય મૂડીબજારમાં એક મહત્ત્વપૂર્ણ પગલું એટલે વર્ષ 1992માં નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ (એનએસઇ)ની રચના. જોકે વર્ષ 1993માં શૅરબજાર તરીકે માન્યતા પ્રાપ્ત થઈ, અને તેના પર વર્ષ 1994માં વેપાર શરૂ થયો. તે ભારતનું પ્રથમ શૅરબજાર હતું જેના પર ઇલેક્ટ્રોનિક રીતે વેપાર શરૂ થયો. એનએસઇ ટેકનોલોજી, સિસ્ટમો અને વ્યવહારની દ્રષ્ટિએ અગ્રણી શૅરબજાર છે. એનએસઇ એ ભારતમાં સૌથી મોટું અને આધુનિક શૅરબજાર છે. ઇક્વિટી શૅરના કુલ અને સરેરાશ દૈનિક ટર્નઓવરની દ્રષ્ટિએ નેશનલ સ્ટોક એક્ષચેન્જ (એનએસઇ) એ

ભારતનું સૌથી મોટું શૅરબજાર છે. આ ઉપરાંત, યુએસએમાં કાર્યરત બે એક્ષચેન્જ બાદ તે વિશ્વનું ત્રીજું સૌથી મોટું શૅરબજાર છે. એનએસઈમાં સ્ક્રીન આધારિત ટ્રેડિંગ સિસ્ટમ છે. તેમાં ટ્રેડિંગ સંપૂર્ણપણે સ્વચાલિત ઓર્ડર મશીન સાથે સ્ક્રીન આધારિત છે. એનએસઈમાં ઉપલબ્ધ સિસ્ટમ વેપારના સભ્યો અને ભાગ લેનારાઓને વેપારની સંપૂર્ણ પારદર્શિતા પ્રદાન કરે છે. એનએસઈએ પોતાનો સૂચકઆંક સીએનએક્સ નિફ્ટી, જેને હવે નિફ્ટી 50 તરીકે ઓળખાય છે, 1996માં શરૂ કર્યો હતો. તેમાં 50 કંપનીઓનો સમાવેશ થાય છે.

## 4.10 શૅરબજારમાં વેપાર કરવાની પદ્ધતિઓ

થોડાં વર્ષો પહેલાં ભારતના શૅરબજારોમાં શૅરદલાલો નિયત સમયે શૅરબજારમાં બૂમો પાડીને કે હાથની વિવિધ સંજ્ઞાઓ દ્વારા જામીનગીરીઓના સોદા કરતા હતા. હવે આ જૂની પરંપરાગત પદ્ધતિને સ્થાને ઓનલાઈન સ્ક્રીન આધારિત ઇલેક્ટ્રોનિક વેપારપ્રથા અસ્તિત્ત્વમાં આવી છે. ભારતના બધાં જ શૅરબજારોમાં ઓનલાઈન વેપારપ્રથા છે. નેશનલ સ્ટોક એક્ષચેન્જ અને ઓવર ધ કાઉન્ટર એક્ષચેન્જે તો તેમની સ્થાપનાની શરૂઆતથી જ સ્ક્રીન આધારિત ઓનલાઈન વેપારપ્રથા અપનાવી છે. મુંબઈ શૅરબજાર અને નેશનલ સ્ટોક એક્ષચેન્જે રાષ્ટ્રવ્યાપી સ્વયં સંચાલિત સંપૂર્ણ સ્ક્રીન આધારિત વેપારપ્રથા દાખલ કરી છે. નેશનલ સ્ટોક એક્ષચેન્જની સ્ક્રીન આધારિત વેપારપ્રથા **NEAT – National Exchange for Automated Trading** તરીકે અને મુંબઈ શૅરબજારની સ્ક્રીન આધારિત વેપારપ્રથા **BOLT – BSE Online Trading** તરીકે ઓળખાય છે.

ઇન્ટરનેટ ટ્રેડિંગપ્રથાને કારણે રોકાણકારો તેમની જામીનગીરીઓ ઓનલાઈન ખરીદી અને વેચી શકે છે. ઇન્ટરનેટના ઉપયોગ દ્વારા રોકાણકાર દ્વારા જામીનગીરીઓના ખરીદ-વેચાણના ઓર્ડર દલાલ દ્વારા થાય. ઓનલાઈન વેપારમાં જામીનગીરીઓના ખરીદ-વેચાણની પ્રક્રિયા નીચે પ્રમાણે જણાવી શકાય.

**1. ડિમેટ ખાતું ખોલાવવું:**

Depository Participant પાસે ડિમેટખાતું ખોલાવવું પડે છે કારણકે ડિમેટ જામીનગીરીઓના ઇન્ટરનેટ ઉપર ખરીદ-વેચાણના સોદા થઈ શકે છે.

**2. ખરીદ-વેચાણનો ઓર્ડરઃ**

રોકાણકાર કે ગ્રાહકે જે જામીનગીરીઓનું વેચાણ કરવાનું હોય તેનો ઓર્ડર દલાલને આપવો પડે છે. ઓર્ડર મુકતી વખતે ખરીદ-વેચાણના પ્રત્યેક સ્ક્રીપ્ટ દીઠ ભાવ વગેરે સ્પષ્ટ રીતે જણાવવા પડે છે. જામીનગીરીઓના ખરીદ-વેચાણમાં બે પ્રકારના ઓર્ડર હોય છે.

**મર્યાદિત ઓર્ડર** :

મર્યાદિત ઓર્ડરમાં ગ્રાહકે નિર્દેશ કરેલી કિંમતે ઓર્ડરનો અમલ થાય છે. ખરીદ અથવા વેચાણની કિંમત નક્કી કરવામાં આવે છે. છૂટક રોકાણકારો અને ભંડોળગૃહો આ પ્રકારનો ઓર્ડર મૂકે છે.

**બજાર ઓર્ડર** :

કે જેમાં જામીનગીરીના ટ્રેડિંગ સ્ક્રીન ઉપર જે છેલ્લા ભાવ જણાવ્યા હોય અથવા બજારમાં જામીનગીરીઓની જે કિંમતે માંગણી થતી હોય તે કિંમતે ઓર્ડરનો અમલ થાય છે.

**3. ઓર્ડરનો અમલઃ**

દલાલને ગ્રાહક પાસેથી ઓર્ડર મળે એટલે દલાલ ઓર્ડરનો અમલ કરે છે. દલાલ શૅરબજારમાં ઓર્ડર મૂકે છે અને પોતાની ઓફિસમાંથી જ ગ્રાહકવતી ઓનલાઈન ટ્રેડિંગ દ્વારા સોદો કરે છે.

**4. કરારનોંધ:**

ગ્રાહકના ઓર્ડર પ્રમાણે જામીનગીરીઓનો ખરીદ-વેચાણનો સોદો થાય પછી દલાલ તે અંગેની નોંધ જેમાં કરે છે તેને કરારનોંધ કહે છે. કરારનોંધ જે દિવસે સોદો કરવામાં આવ્યો હોય તે દિવસની પુષ્ટિ કરે છે. સામાન્ય રીતે સોદો થયાના 24 કલાકમાં દલાલ કરારનોંધ ગ્રાહકને મોકલી આપે છે. આ કરારનોંધમાં જામીનગીરીનું નામ, તેની સંખ્યા, સોદાનો ભાવ, ઓર્ડર નંબર, દલાલી, લાગુ પડતાં કરવેરા વગેરે જણાવેલું હોય છે. કરારનોંધ એ સોદો થયાનો દસ્તાવેજ છે.

**5. સોદાની પતાવટ:**

જામીનગીરીઓના ખરીદ-વેચાણના સોદાની પતાવટ મુંબઈ શૅરબજારમાં પતાવટગૃહ દ્વારા થાય છે. જ્યારે નેશનલ સ્ટોક એક્ષચેન્જમાં સોદાની પતાવટ નેશનલ સિક્યોરિટીઝ ક્લિયરીંગ કોર્પોરેશન લિમિટેડ NSCCL – National Securities Clearing Corporation Limited નિભાવે છે. સોદો કે વેપાર થાય તેના પછીના દિવસે સોદાની પતાવટ થાય છે.

**6. રકમની ચૂકવણી અને જામીનગીરીની સોંપણી:**

જો ગ્રાહકે જામીનગીરીની ખરીદી કરી હોય તો તે પેટે રકમની ચૂકવણી પે-ઈન (Pay-in)ના દિવસ પહેલાં કરવી પડે. જામીનગીરીનું વેચાણ કર્યું હોય તો પે-ઈનના દિવસ પહેલાં જામીનગીરીની ડિલીવરી આપવી પડે છે. ગ્રાહકે જામીનગીરીની ખરીદી કરી હશે તો પે-આઉટ (Pay-out)ના દિવસે તેને જામીનગીરીની સોંપણી થાય છે. જામીનગીરીનું વેચાણ કર્યું હશે તો ગ્રાહકને પે-આઉટના દિવસે નાણા મળી જાય છે.

પે-ઈન દિવસ એટલે એ દિવસ કે જે દિવસે વેચેલ જામીનગીરીની સોંપણી જામીનગીરીનો વેચનાર શૅરબજારને મધ્યસ્થી મારફત કરે છે. પે-આઉટ દિવસ એટલે જે દિવસે જામીનગીરી ખરીદનારને જામીનગીરીની સોંપણી શૅરબજાર કરે છે અને જામીનગીરી વેચનારને તેની રકમ ચૂકવી આપવામાં આવે છે.

**7. સોદાની પતાવટની ગ્રાહકને જાણ:**

જામીનગીરીઓના વેચાણના સંજોગોમાં દલાલ ગ્રાહકને બેન્ક દ્વારા રકમની ચૂકવણી કરશે અને જામીનગીરીઓની ખરીદીના સંજોગોમાં દલાલ ગ્રાહકના બેન્કખાતામાંથી રકમની સીધી ચૂકવણી કરશે. ડિમેટખાતા દ્વારા ગ્રાહકને સોદાના પતાવટની જાણ કરવામાં આવે છે.

## 4.11 ભારતમાં ડિપોઝીટરી સ્થાપનાની શરૂઆત

ભારતમાં જામીનગીરીના બધાં જ વ્યવહારો ડિમટીરિયલાઈઝેશન સ્વરૂપમાં થાય છે.

ડિમટીરિયલાઈઝેશન એટલે જામીનગીરીનું ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં રૂપાંતરણ. ડિપોઝીટરી વ્યવસ્થા શૅરના ડિમટીરિયલાઈઝેશનનો માર્ગ મોકળો કરી આપે છે. ડિપોઝીટરી એ એક એવી સંસ્થા છે જે રોકાણકારની વિનંતી પર ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં જામીનગીરી રાખે છે. ડિપોઝીટરી ભૌતિક શૅર સાથે સંકળાયેલા જોખમને દૂર કરે છે. પહેલાં, ખરીદનારને તપાસ કરવી પડતી હતી કે શું તેમની જામીનગીરી સુરક્ષિત રીતે તેમના ખાતામાં સ્થાનાંતરિત થઈ છે કે નહીં અને સાથે એ પણ ખાતરી કરવી પડતી કે જામીનગીરીની ચોરી અથવા નુકસાન થયું નથી. ડિપોઝીટરી સિસ્ટમ આવ્યા પછી, આવા જોખમો મોટા પ્રમાણમાં ઘટ્યા છે કારણકે જામીનગીરીઓની ફેરબદલી ઈલેક્ટ્રોનિક રીતે થાય છે. તે વેપાર સાથે સંકળાયેલા વહીવટી કામને પણ ઘટાડે છે અને શૅરના સ્થાનાંતરણને ઝડપી બનાવે છે. વર્ષ 1998થી સંસ્થાકીય રોકાણકારો માટે ડિમેટ અથવા ઈલેક્ટ્રોનિક વેપાર ફરજિયાત કરાયો હતો, જેના કારણે ભારતીય બજારમાં વેપાર મૂલ્યમાં વધારો થયો હતો. ડિપોઝીટરી સિસ્ટમના કારણે વિદેશી રોકાણકારો ભારતીય શૅરબજારમાં વેપાર વિશે વધુ વિશ્વાસ ધરાવતા થયા છે કારણકે બનાવટી, વિલંબિત અને અનૈતિક સ્થાનાંતરણની ઘટનાઓ ઓછી થાય છે.

## 4.12 ડિમેટ શૅર અને ભૌતિક શૅર વચ્ચેનો તફાવત

ડિમેટ શૅર રોકાણકાર વતી ડિપોઝીટરી દ્વારા રાખવામાં આવે છે. રોકાણકારો પોતે ભૌતિક શૅર રાખે છે. ડિમેટ શૅરની માલિકી ઈલેક્ટ્રોનિક રીતે કરવામાં આવે છે. ભૌતિક શૅર કાગળના સ્વરૂપમાં હોય છે. રોકાણકારની વિનંતિ પર ડિમેટ શૅરને ભૌતિક શૅરમાં ફેરવી શકાય છે. આ પ્રક્રિયાને રિમટીરિયલાઇઝેશન તરીકે ઓળખવામાં આવે છે.

જામીનગીરી વેચાણકર્તા તેમજ જામીનગીરી ખરીદનાર (રોકાણકાર) વચ્ચે સંયોજક (ઇન્ટરફેસ) તરીકે કાર્ય કરતાં મધ્યસ્થ બજારને Depository Participant ડિપોઝીટરી પાર્ટીસિપંટ તરીકે ઓળખવામાં આવે છે કે જ્યાં રોકાણકારો ખાતું ખોલાવીને રોકાણ અંગેની જરૂરી સૂચનાઓ આપતાં હોય છે. ડિમેટ શૅરમાં ભૌતિક શૅરમાં જોવા મળતાં ફોલિયો નંબર, વિશિષ્ટ નંબર કે સર્ટીફિકેટ નંબર હોતા નથી. ડિમેટ શૅર પ્રતિસ્થાપિત છે એટલે કે કોઈપણ જામીનગીરી સમાન અને વિનિમયક્ષમ છે. એક ખાતામાંથી બીજા ખાતામાં તબદીલ થતાં ડિમેટ શૅર પર સ્ટેમ્પ ડ્યુટી લાગતી નથી પરંતુ ડિપોઝીટરી પાર્ટીસિપંટ ટ્રાન્ઝેકશન ફી તેમજ એસેટ હોલ્ડિંગ ચાર્જ વસુલે છે. જોકે શૅરની માલિકીના ફાયદાઓની બાબતે ભૌતિક શૅર તેમજ ડિમેટ શૅર વચ્ચે કોઈ ફરક નથી. રોકાણકાર પાસે શૅર ભલે કોઈ પણ સ્વરૂપે હોય પણ તે સમાન લાભને હકદાર છે.

## 4.13 ડિપોઝીટરી પદ્ધતિના ફાયદાઓ

- **ઓછા ખર્ચે જામીનગીરીઓની સરળ ફેરબદલી :**

ડિપોઝીટરી સેવાને કારણે જામીનગીરીઓની ફેરબદલી ઝડપથી થાય છે. કાગળ કામકાજમાં ઘટાડો થાય છે. ભૌતિક શૅરની ફેરબદલી સાથે સંકળાયેલા પ્રશ્નો દૂર થાય છે. દા.ત. બનાવટી ફેરબદલી, ખામીયુક્ત ડિલીવરી. આ ઉપરાંત રોકાણકારને દલાલીખર્ચ, ટપાલખર્ચ, સ્ટેમ્પ ડ્યુટી વગેરેમાં બચત થાય છે. ડિપોઝીટરીને કારણે ફક્ત એક શૅરનો પણ વેપાર થઈ શકે છે.

- **સોદાની ઝડપી પતાવટ :**

ડિપોઝીટરીને કારણે સોદાની પતાવટ ઝડપી થાય છે. ડિપોઝીટરી પાર્ટીસિપંટ જામીનગીરીઓની ફેરબદલી ઝડપથી કરે છે. સોદાની પતાવટ સાથે તરત જ જામીનગીરીઓ અથવા રોકડ મળી જાય છે. રોકાણકારે કંપની સાથે પત્રવ્યવ્હાર કરવાની જરૂર રહેતી નથી. શૅરબજારમાં જામીનગીરીઓના સોદાની પતાવટ વિવિધ પક્ષકારો વચ્ચે ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી થાય છે.

- **ગીરો મૂકવાની સગવડ :**

જામીનગીરીઓ ગીરો મૂકવાની અને જામીનગીરીઓ ઉપર લોન લેવાની સગવડ આપે છે.

- **ખાતું સ્થગિત કે બંધ કરવાની સગવડ :**

કોઈ કારણસર થોડા સમય પૂરતું ખાતું બંધ રાખવું હોય તો ખાતું તેટલા સમય માટે સ્થગિત કરવાની સગવડ આપે છે. જરૂરિયાત અનુસાર ખાતું બંધ પણ કરાવી શકાય છે.

- **માહિતીની નોંધ અને સંગ્રહ :**

જામીનગીરીઓ સાથે સંકળાયેલા દરેક વ્યવહારની નોંધ ડિમેટ ખાતામાં રખાય છે. માહિતી સુરક્ષિત રહે છે અને જ્યારે જોઈએ ત્યારે મળી શકે તે રીતે સંગ્રહ કરે છે.

- **રોકાણકાર અને પતાવટગૃહ વચ્ચે કડી :**

શૅરબજારમાં થતાં જામીનગીરીઓના વ્યવહારો અને સોદાની પતાવટમાં રોકાણકાર અને પતાવટગૃહ વચ્ચે કડી તરીકે સેવા આપે છે.

- **ઇન્ટરનેટ દ્વારા સેવાઓ :**

ડિપોઝીટરી તેના ડિપોઝીટરી પાર્ટીસિપંટ દ્વારા રોકાણકારોને ઇન્ટરનેટ દ્વારા વાજબીભાવે સેવા પૂરી પાડે છે. ગ્રાહકને તેના ખાતાની છેલ્લામાં છેલ્લી માહિતી પૂરી પાડે છે.

## શબ્દસૂચિ (Glossary)

સેબી - સિક્યોરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા

SEBI – Securities and Exchange Board of India

એનએસઇ - નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ

NSE – National Stock Exchange of India Limited

ઓટીસીઇઆઈ - ઓવર ધ કાઉન્ટર એક્ષચેન્જ ઓફ ઇન્ડિયા

OTCEI – Over the Counter Exchange of India

કોર્પોરેટ ગર્વનન્સ (Corporate Governance) - કંપની શાસન સંબંધિત પ્રણાલી

નીટ - નેશનલ સ્ટોક એક્ષચેન્જની સ્ક્રીન આધારિત વેપારપ્રથા

NEAT – National Exchange of Automated Trading

બોલ્ટ - મુંબઈ શૅરબજારની સ્ક્રીન આધારિત વેપારપ્રથા

BOLT – BSE Online Trading

એનએસસીસીએલ - નેશનલ સિક્યોરીટીઝ ક્લીયરીંગ કોર્પોરેશન લિમિટેડ

NSCCL – National Securities Clearing Corporation Limited

સીડીએસએલ - સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ લિમિટેડ

CDSL – Central Depository Services Limited

## સ્વાધ્યાય

### ખાલી જગ્યા પૂરો

1. કંપનીના શૅર સૂચિબદ્ધ થઈ જાય, ત્યારબાદ તેમનો વેપાર ......................માં થાય છે. (ગૌણબજાર । મૂડીબજાર)

2. જામીનગીરી કરાર (નિયમન) ધારો .................માં પસાર કરવામાં આવ્યો હતો. (1956 । 1957)

3. શૅરબજારના સંચાલક મંડળમાં ............ સભ્યો હોય છે. (13 । 23)

4. ડિમટીરિયલાઈઝેશન એટલે જામીનગીરીનું ...................... સ્વરૂપમાં રૂપાંતરણ (ઇલેક્ટ્રોનિક । ભૌતિક)

5. જામીનગીરી સૂચિકરારમાં .....................................ની કલમ ક્રમાંક પણ સામેલ હોય છે. (કંપની શાસિત સંબંધિત પ્રણાલી (કોર્પોરેટ ગર્વનન્સ) / સ્ટેમ્પ પેપર)

### જવાબો

1. ગૌણબજાર
2. 1956
3. 13
4. ઈલેક્ટ્રોનિક
5. કંપની શાસન સંબંધિત પ્રણાલી (કોર્પોરેટ ગર્વનન્સ)

### હેતુલક્ષી પ્રશ્નો

1. ગૌણબજારનો અર્થ શું છે?
2. ગૌણબજારના કોઈપણ બે કાર્યો જણાવો.

3. ભારતનું પ્રથમ શૅરબજાર સ્ટોક બ્રોકર્સ એસોસિએશન હવે કયા નામથી ઓળખાય છે?
4. બીએસઈનો સંવેદનશીલતા સૂચકઆંક શું છે?
5. ડિમટીરિયલાઈઝેશન એટલે શું?
6. રિમટીરિયલાઈઝેશન એટલે શું?
7. પે-ઈન અને પે-આઉટ એટલે શું?

**નિબંધલક્ષી પ્રશ્નો**

1. શૅરબજારનો અર્થ લખી તેના કાર્યો સમજાવો.
2. ગૌણબજાર પર નિયંત્રણ અંગેની જોગવાઈ જણાવો.
3. ભારતમાં શૅરબજારના વિકાસ અંગે જણાવો.
4. જામીનગીરીની યાદીના નિયમો જણાવો.
5. શૅરબજારમાં વેપાર કરવાની પદ્ધતિઓ જણાવો.

# એકમ – 5 ઋણ બજાર (Debt Market)

5.1 પ્રસ્તાવના
5.2 ઋણ બજારનો ઈતિહાસ
5.3 ઋણ બજારનું મહત્વ
5.4 ઋણ બજારના લક્ષણો
5.5 ઋણ બજારના સહભાગીઓ
5.6 જાહેર ઋણ
5.6.1 જાહેર ઋણનો અર્થ
5.6.2 જાહેર ઋણનો પ્રકાર
5.6.3 જાહેર ઋણની અસર
5.7 ઋણ બહાર પાડવાના સાધનો
5.8 ઋણ બજારનો પ્રાથમિક અને ગૌણ ભાગ
5.9 ખાનગી કંપનીનું ઋણ બજાર
5.10 સ્વાધ્યાય
5.10.1 બહુવિકલ્પ પ્રશ્નો
5.10.2 અભ્યાસ પ્રશ્નો
5.10.3 ટૂંકનોંધ

## 5.1 પ્રસ્તાવના :

ધંધાના અનેક કાર્યોમાં નાણાંકાર્ય અગત્યનું કાર્ય છે. નાણાંકાર્ય એ પૃથ્વીની ધરી સમાન છે. નાણાંકાર્યની ભ્રમણકક્ષામાં ખરીદકાર્ય, વેચાણકાર્ય, ઉત્પાદનકાર્ય અને વ્યવસ્થાકાર્ય વગેરેનો સમાવેશ થાય છે. નાણાંકાર્યની અન્ય કાર્યો પર અસર પડે છે, તેવી જ રીતે અન્ય કાર્યોની પણ નાણાંકાર્ય પર અસર પડે છે. જેમ ધંધામાં ગ્રાહકોને ધંધાનો આત્મા ગણવામાં આવે છે, તેવી રીતે નાણાંને ધંધાનું હૃદય ગણવામાં આવે છે. નાણાંના અભાવે ગમે તેવી નફાકારક અને મહત્વાકાંક્ષી યોજનાઓ સ્વપ્ન જેવી લાગે છે. નાણાં શબ્દને અંગ્રેજીમાં 'Finance' કહેવામાં આવે છે. નક્કી કરેલ હેતુઓના સંદર્ભમાં નાણાંનો ઉપયોગ થવો જોઈએ. નાણાંકીય અંદાજ પ્રમાણે નાણાંપ્રાપ્તિનું કાર્ય પણ મહત્વનું છે. નાણાંપ્રાપ્તિ માટે (1) ઇક્વિટી – પ્રેફરન્સ શેર (2) ડિબેન્ચર (3) જાહેર થાપણો (4) નાણાંકીય સંસ્થાઓ (5) બેંક લોન (6) કેશક્રેડિટ/ઓવરડ્રાફ્ટ (7) વિદેશી મૂડી પર આધાર રાખવામાં આવે છે.

નાણાંકીય વ્યવસ્થામાં નાણાંકીય નીતિનું ઘડતર એ મહત્વનું કાર્ય છે. નાણાંકીય વ્યવસ્થા એ રોબિનસનના મતાનુસાર "નાણાંકીય વ્યવસ્થાનું પ્રાથમિક કાર્ય નવી સંપત્તિના

સર્જન માટે તથા વતર્માન સંપત્તિના પોર્ટફોલિયોમાં ફેરફાર કરવા માટે અથવા સ્થાવર મિલકત માટે કરવા માટેનો છે. "

નાણાંકીય વ્યવસ્થાનો અર્થ તો આંતર સંબંધિત પ્રવૃતિઓની શૃંખલા તથા એક જ સાથે મળીને કામ કરતી સેવાઓનો સમૂહ છે. જે પૂર્વ નિર્ધારિત લક્ષ્યાંક સિદ્ધ કરવાનું કાર્ય કરે છે.

નાણાંકીય વ્યવસ્થા તેના વિવિધ ઘટકો જેવાં કે :-

1) નાણાંબજાર

2) નાણાંકીય મધ્યસ્થીઓ અને

3) નાણાંકીય સાધનો .........

વગેરેની મદદથી પોતાના ઉદ્દેશ પાર પાડવાનો પ્રયત્ન કરે છે.

ધંધાકીય જગતમાં અસ્તિત્વ ટકાવી રાખવા અને સફળ થવા માટે પૂરતાં નાણાં હોવા

જરૂરી છે. કોઈપણ સંસ્થાની વિશ્વાસપાત્રતા તેની સદ્ધર નાણાંકીય સ્થિતિ પર આધારિત છે. નાણાંકીય વ્યવસ્થાની ભૂમિકા વ્યાપક છે. નાણાંકીય વ્યવસ્થા મુખ્યત્વે વધારાના ભંડોળ ધરાવતાં એકમોમાંથી અછતવાળા એકમોમાં નાણાંની ફેરબદલી કરવાનો અથવા ભંડોળ બનાવનારા તરફથી ભંડોળ શોધનારાઓ તરફ નાણાંની ફેરબદલી કરવાનો ઉદ્દેશ ધરાવે છે. દેશનો આર્થિક વિકાસ (1) સરકારી ક્ષેત્ર (2) કોર્પોરેટ ક્ષેત્ર અને (3) ઘરેલું ક્ષેત્ર પર આધારિત છે.

નાણાંકીય વ્યવસ્થામાં ઋણ બજાર (The Debt Market) એ મહત્વનું ઘટક છે. ભારત દેશનું ઋણબજાર 150 બિલીયન USD (યુ. એસ. ડોલર) થી 150 બિલીયન USD સુધીનું છે.આપણા દેશનું ઋણ બજાર એ આશરે GDP નાં 30% જેટલું છે. દેશની ઇક્વિટી માર્કેટનો રેશિયો રૂ. 575 બિલીયન : રૂ. 133 બિલીયન જેટલો જ છે. દેશના ઋણબજારના મુખ્યત્વે ત્રણ ઘટકો છે. (1) ખાનગી ક્ષેત્રનું ઋણબજાર (PrivA)te Corporate Debt. Market)

(2) જાહેર ક્ષેત્રનું બોન્ડ બજાર (Public Sector Undertaking Bond Market)

(3) સરકારી જામીનગીરીનું બજાર (Government Securities Market)

આપણા દેશનું ઋણબજાર એ મુખ્યત્વે સરકારી જામીનગીરી પર આધારિત છે. નિષ્ણાંતોના મતઅનુસાર દેશનું 90% ઋણબજાર એ સરકારી જામીનગીરીને આભારી છે.

## 5.2 ઋણ બજારનો ઈતિહાસ (Histroy of the India's Debt Market) –

ઈ.સ. 1990 ના દાયકામાં માત્ર બેંક જ ઋણબજારનો મહત્વનો હિસ્સો ગણાતી હતી. તે સમયગાળા દરમિયાન વધારે પડતા નીતિ-નિયમના ભાર હેઠળ ઋણબજાર સંકળાયેલું હતું. ઋણબજારનું ટર્નઓવર ખૂબ જ નીચું હતું. ઋણબજારની અસરકારકતા પ્રમાણમાં નીચી હોવાથી સરકારને નિર્ધારિત લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં સફળતા મળતી ન હતી. બજારમાં નાણાંની અછત સર્જાતી હોવાથી નાણાંની તરલતા ઓછી થઇ ગઈ હતી. નાણાંની જરૂરિયાત ઉદ્દભવતા સરકારે RBI ની સલાહ અનુસાર ઋણબજારમાં

ફેરફાર કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરિણામે અસરકારક ઋણબજાર ઉદ્દભવ થવા પામ્યું.

રિઝર્વબેંકના અથાગ પ્રયન્ત બાદ ઋણબજારના બીજાં બે વિભાગો જેવાં કે (1) ખાનગી ક્ષેત્રનું ઋણબજાર અને જાહેરક્ષેત્રનું બોન્ડ માર્કેટ પર વિશેષ ભાર મૂકીને આ બંને બજારોને વિકસાવવા માટે સવિશેષ ભાર મૂકવામાં આવ્યો, જેથી ઋણબજારના કદ અને તરલતામાં વધારો થાય.

ઋણબજાર એ નાણાંકીય વ્યવસ્થામાં ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે. અર્થવ્યવસ્થા સરકારની નાણાંકીય નીતિઓ, સંચાલનમાં નાણાંની તરલતા, નાણાંભ્રમણ, સ્ત્રોતનો મહત્તમ ઉપયોગ, વિકાસ નીતિને વેગ આપવો વગેરે એ ઋણબજારને લાંબા અને ટૂંકા ગાળા માટે અસર કરતાં પરિબળો છે. ઋણબજાર એ તેજી – મંદી ના ચક્કરમાં ફસાયેલું બજાર છે.

દેશના આર્થિક અને પાયાના વિકાસ માટે ઋણ(નાણાં) ખૂબજ જરૂરી છે. ભારત જેવા વિકાસશીલ દેશ માટે ફૂદકે ને ભૂસકે ઋણબજાર માંથી પ્રાપ્ત થતાં નાણાંસ્ત્રોતની જરૂર અનિવાર્ય છે.

ઋણબજાર નું નેતૃત્વ RBI ના હાથમાં સોપવામાં આવેલું છે. ઋણબજારના ત્રણ ભાગ માંથી પ્રથમ ભાગ – સરકારી જામીનગીરી એ પૂર્ણત: (Government Securities) RBI ના હાથમાં છે. બાકીના બે ભાગ ખાનગી ક્ષેત્રનું ઋણબજાર અને જાહેર ક્ષેત્રનું બોન્ડ માર્કેટ એ બંને ભાગનું સંચાલન SEBI ને સોપવામાં આવેલુ છે.

## 5.3 ઋણ બજારનું મહત્વ :

"The Debt Market is a Market where fixed income securities of various types and features are issued and traded."

- ઋણબજાર એ નિશ્ચિત આવકનું બજાર છે. જ્યાં અલગ - અલગ પ્રકારની જામીનગીરીઓને બહાર પાડવામાં આવે છે અને તે જામીનગીરીઓનો વ્યાપાર પણ કરવામાં આવે છે.
- લાંબાગાળાના મૂડીરોકાણ માટે મહત્વનું છે.
- અર્થવ્યવસ્થા પર લાંબાગાળા સુધી પ્રભાવ પાડી શકે છે.
- બેન્કિંગ વ્યવસ્થામાં મદદરૂપ બને છે.
- નાણાંકીય વ્યવસ્થા માટે નું કાયમી સ્રોત બની રહે છે.
- ખાનગી ક્ષેત્રે મૂડીખર્ચ ઘટાડવામાં મદદરૂપ નીવડી શકે છે.
- બજારમાં અનુશાસન અને શાખ નિતી (Credit-culture) વિકસાવવામાં મદદરૂપ નીવડી શકે છે
- રોકાણકારો માટે એક કરતાં વધુ જગ્યાએ રોકાણ કરવા માટેના પોર્ટફોલિયોને વેગ મળે છે

- બેંકમાં જામીનગીરીને મિલકત-જવાબદારીના ભાગ સ્વરૂપે થાપણ તરીકે જમા કરાવી શકાય છે.
- મ્યુનિસિપલ બોન્ડ માર્કેટના વિકાસ માટે ખૂબ જરૂરી છે.
- દેશના આંતરમાળખાકીયના વિકાસને સરળ બનાવવા માટે ઋણબજારના ત્રણેય ભાગો અગત્યનો ભાગ ભજવે છે

સરળ ભાષા માં કહીએ તો દેશની આર્થિક – વિકાસ નીતિ, અર્થ વ્યવસ્થા, સરકારની આયાત-નિકાસ નીતિ, નાણાંકીય તરલતા, લાંબા ગાળા અને ટૂંકા ગાળાની રોકાણ નીતિઓ, આંતરમાળખાકીય નીતિઓ, નાણાં વિનિમય વગેરે પર ઋણ બજારનું મહત્વ મહદ્ અંશે અવલંબિત છે.

## 5.4 ઋણ બજારના લક્ષણો (Characteristics of the Debt Market) :

સામાન્ય રીતે એક અસરકારક ઋણબજારના લક્ષણો નીચે મુજબ છે

- ઋણબજારમાં લાંબાગાળાના સાધનો નો ઉપયોગ કરવામાં આવે છે.(સામાન્ય રીતે એક વર્ષ કરતાં વધારેનો સમયગાળો)
- ઋણબજારમાં વ્યવહારિક ખર્ચ (Tranaction Cost) ઓછો રાખવો જરૂરી છે.
- ઋણબજારના સહભાગીઓ વચ્ચે સુસંવાદિતા હોવી ખૂબ જ જરૂરી છે.
- સરકારને ઉછીના નાણાં લેવા માટે નો ખર્ચ ખૂબજ ઓછો હોવો જરૂરી છે.
- સંસ્થાકીય રોકાણકારો (Institutional Invester) પર લોન ચૂકવવા માટેનું ઓછું દબાણ હોવું જરૂરી છે.
- નાણાંનું રોકાણ સોના(Gold)માં ન કરવું જોઈએ પરંતુ નાણાંની તરલતા પર વધારે ભાર મૂકવો જરૂરી છે.
- ઋણબજારમાં સ્થિર ઉપજ (Stable yield) મેળવી શકાય તે પ્રકારની વ્યવસ્થા હોવી ખૂબ જ જરૂરી છે.
- નિયમનકારો RBI અને SEBI બંને એ સમયાંતરે પોતાનાં નિર્દેશક (Guidelines) બહાર પાડવી જરૂરી છે.
- નાણાંકીય બજાર ની જામીનગીરી (Money Market Securities), સોનાની જામીનગીરી (Gold Securities), સરકારી જામીનગીરી (Government Securities) વગેરેની ખરીદી વેચાણ પર સમયાંતરે RBI અને SEBI દ્વારા નિયંત્રણ લાદવામા આવે છે.
- ઋણ બજારમાં થતા કરારો (Contracts) પર નિયંત્રણ પણ RBI અને SEBI રાખે છે. જેથી બિનજરૂરી કરારો પર અંકુશ લાદી શકાય છે અને નાણાંનું ભ્રમણ વધારે કરી શકાય છે. પરિણામે નાણાંબજારમાં નાણાંની અછત સર્જાતી અટકાવી શકાય છે.

ટૂંકમાં વિકસિત નાણાંબજાર એ ઋણબજાર નો જ એક ભાગ બની શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઋણ બજારની પ્રથમ આવશ્યકતા એ વિકસિત નાણાંબજાર છે.

## 5.5 ઋણ બજારના સહભાગીઓ (Participants in Debt Market):

ભારતીય નાણાંવ્યવસ્થાનો એક મહત્વનો વિભાગ છે ઋણબજાર. ઋણબજાર એ લાંબાગાળાની નાણાંકીય મિલકતો નો વેપાર કરવા માટે નું બજાર છે. એવી મિલકતો જે નાણાંને સમકક્ષ હોય અને જે એક વર્ષથી વધારે વર્ષમા પાકતી હોય તેવી મિલકતોનો આ બજારમાં વેપાર થાય છે. ઋણબજારના નાણાંકીય સાધનોમાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો છે. જેમકે પરિપકવતાનો લાંબો સમયગાળો, સોદાની નીચી પડતર, કિંમતમા ઓછું નુકશાન વગેરે. લાંબાગાળાનું ધિરાણ કરનારાઓ તથા નાણાં ઉછીના લેનારાઓની જરૂરિયાત સંતોષવા માટે મંચ પૂરું પાડે છે આ બજારનું નિયમન RBI અને SEBI કરે છે. આ બજારના મુખ્ય સહભાગીઓ :-

1) કેન્દ્ર અને રાજ્ય સરકાર
2) પ્રાઈમરી ડીલર્સ (Primary Dealers)
3) જાહેર ક્ષેત્રના એકમો (PSUS Public Sector undertakings)
4) કોર્પોરેટસ (Corpoates)
5) બેંક
6) મ્યુચ્યુઅલફંડ (Mutual Fund)
7) ઇન્સ્યુરન્સ કંપની (Insurance Companies)
8) વિદેશી સંસ્થાના રોકાણકારો (Foreign Institutional Investor) FIIS
9) પ્રોવિડંટ ફંડ (Provident Fund)
10) ચેરીટેબલ ઇન્સ્ટીટયુટશન અને ટ્રસ્ટ

1) **કેન્દ્ર અને રાજ્ય સરકાર** : -

કેન્દ્ર અને રાજ્ય સરકાર બજેટની ખાદ્ય ને પૂરી કરવા માટે નિશ્ચિત સમયગાળા માટે જરૂરી ટ્રેઝરી બિલ અને જામીનગીરીઓ બહાર પાડે છે. RBI ઇન્વેસ્ટમેન્ટ બેંકર (Investment Banker) તરીકે ભૂમિકા ભજવે છે.

સરકારી જામીનગીરી બજારમાં RBI પ્રાઈમરી ડીલર્સ તરીકેની મહત્વની ભૂમિકા ભજવે છે. રાજ્ય સરકાર મ્યુનિસિપલ કોર્પોરેશન સ્વાયત્ત સંસ્થાઓ (Local bodies) પણ બજેટની ખાદ્ય પૂરી કરવા, નવા પ્રોજેક્ટ શરૂ કરવા વગેરે માટે નાણાંની જરૂરિયાત પૂરી કરવા માટે જામીનગીરીઓ બહાર પાડે છે.

2) **પ્રાઈમરી ડીલર્સ** (Primary DeA)lers) : RBI દ્વારા નિયુક્ત થયેલાં અધિકારીઓ નાણાંબજાર અને સરકારી જામીનગીરી વચ્ચે મધ્યસ્થ બની નાણાં પ્રવાહને કાર્યશીલ બનાવવામાં મદદરૂપ બને છે.

3) **જાહેરક્ષેત્ર બાંયધરી** (Public Sector Undertakings) : જાહેરક્ષેત્રના એકમો દ્વારા કરમુક્ત અને કર પાત્ર બોન્ડ ઇસ્યુ કરવામાં આવે છે. આ કરમુક્ત અને કરપાત્ર બોન્ડ દ્વારા

લાંબાગાળાના નાણાંની જરૂરિયાત પૂરી પાડી શકાય છે.જો આ જાહેર ક્ષેત્રના એકમો પાસે વધારે ફંડ હોય તો તે દેવાં- જામીનગીરી (Debt. Securities) પણ બહાર પાડી શકે છે

4) **કોર્પોરેટ્સ(Corporates)** : ઋણબજારમાં સક્રિય રીતે રોકાણ કરનારાં અને નાણાંધિરાણ કરવામાં કોર્પોરેટ જગત મહત્વનો ભાગ ભજવે છે.

5) **બેંકો** : સરકારી જામીનગીરીમાં બેંકો ખૂબજ અગત્યનું સ્થાન ધરાવે છે. કોલ મની માર્કેટમાં (Call Money Market) બેંકો નાણાંધીરનાર અને નાણાંરોકાણ કરનાર એમ બંને ભૂમિકાઓ ભજવે છે. નાણાંકીય સંચાલન અને રોકાણકારો તરીકે કમર્શિયલ પેપર માર્કેટમાં બેંકો અગ્રીમ સ્થાન ધરાવે છે. બેંકો પોતાની નાણાંની ટૂંકાગાળાની જરૂરિયાત પૂરી પાડવા સર્ટિફિકેટ ઓફ ડિપોઝીટસ (Certificate of Diposits - CDs) તેમજ લાંબાગાળા માટે નાણાંની જરૂરિયાત પૂરી કરવા માટે બોન્ડસને બહાર પાડે છે.

6) **મ્યુચ્યુઅલફંડ (Mutual Fund)** : ઋણ બજારમાં મ્યુચ્યુઅલ ફંડ મહત્વનું સ્થાન ધરાવે છે. નાણાંબજારના આવશ્યક ફંડ જેવા કે મ્યુચ્યુઅલ ફંડ અને ગિલ્ટ ફંડ(Gilt Fund) વગેરેનો સમાવેશ થાય છે.

7) **ઈન્સ્યુરન્સ કંપની (Insurance Companies)** : ભારતીય ઋણબજારમાં રોકાણ કરવા માટે ઈન્સ્યુરન્સ કંપની ને સ્થાન આપવામાં આવ્યું છે. ઋણબજારમાં કેટલું રોકાણ કરવું તે અંગેની માર્ગદર્શિકા IRDA) બહાર પાડે છે.

8) **વિદેશી સંસ્થાના રોકાણકારો (Foreign Institutional Investor) FIIS** : ભારતમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોને સરકારી જામીનગીરી અને કોર્પોરેટ બોન્ડ માં રોકાણ કરવાની પરવાનગી આપવામાં આવી છે. વિદેશી રોકાણ મર્યાદા સમયાંતરે નક્કી કરવામાં આવે છે

9) **પ્રોવિડંટ ફંડ (Provident Fund)** : સરકારી જામીનગીરી અને PSUS બોન્ડ (Public Sector UndertA)kings) માં મોટા પ્રમાણમાં રોકાણ કરી શકે છે.

10) **ધર્માદા સંસ્થા અને ટ્રસ્ટ** : કાયદાનુસાર ધર્માદા સંસ્થા પણ સરકારી જામીનગીરીમાં મોટાપાયે રોકાણ કરી શકે છે. પરંતુ મે, 2002 ના વર્ષમાં RBI દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે ચેરીટેબલ ટ્રસ્ટ ને ઋણબજારમાં પ્રવેશ આપવામાં આવશે નહી', ચેરીટેબલ ટ્રસ્ટ ઋણબજારના કોઈપણ ભાગમાં પ્રવેશી નહી શકે.

સરકારી જામીનગીરીમાં પ્રવર્તમાન નેગોસિએટેડ ડીલીંગ સિસ્ટમ (Negotiated Dealing System) નું સ્થાન ટેલિફોને લઈ લીધું છે. CCIL (The Clearing Corporation of India Limited) દ્વારા સરકારી જામીનગીરી બજારમાં ક્રાંતિ લાવવામાં આવી છે.

NDS અને CCIL આ બંને વ્યવસ્થાઓ ઋણબજારમાં અતિ મહત્વનું સ્થાન ધરાવે છે.

## 5.6 જાહેરઋણ (Public Debt.) :

### 5.6.1 જાહેરઋણનો અર્થ:

જાહેરઋણનો અર્થ વિવિધ વ્યક્તિ દ્વારા વિવિધ દ્રષ્ટિકોણથી રજૂ કરાયો છે. સરકારની તમામ પ્રકારની જવાબદારીઓ (ચલણ સહિત) ને જાહેર ઋણ કહે છે. "ઋણ એ ટ્રેઝરી દ્વારા તેના ધારકને મુદ્દલ રકમ અને મોટાભાગના કિસ્સામાં વ્યાજ+મુદ્દલની રકમ ચૂકવવાનું વચન છે. આવું દેવું ચાલુ ખાદ્યને પહોચી વળવા ઉપયોગમાં લેવાય છે." જાહેર દેવું એ સરકાર દ્વારા વિત્તિય સાધનો ખાનગી વ્યક્તિ અથવા ખાનગી પેઢીને વેચીને મેળવેલી આવક છે. જાહેરઋણના ત્રણ લક્ષણો સ્પષ્ટ તારવી શકાય છે:

1) સરકારનું જયારે બજેટ ખાદ્ય વાળું હોય ત્યારે અથવા જાહેરખર્ચ તેની આવક કરતાં વધુ હોય ત્યારે જાહેર દેવું(ઋણ) કહેવાય છે
2) જાહેરઋણ એ ટ્રેઝરી અથવા રાજ્યનાં જાહેર નાણાંનો વહીવટ કરતાં ખાતા દ્વારા લેવાતા ધિરાણનું સ્વરૂપ છે.
3) સરકાર જયારે-જયારે ચોક્કસ રકમનું ધિરાણ લે છે, ત્યારે-ત્યારે આ ચોક્કસ રકમ ભવિષ્યમાં વ્યાજ સહિત પરત કરવાનું વચન આપે છે.

સરકાર દ્વારા આવું ધિરાણ કલ્યાણની યોજનાઓ અમલમાં મૂકવા માટે અથવા સબસીડી માટે ઉપયોગમાં લેવાય છે. જાહેર ઋણ ખાનગી ક્ષેત્ર પાસેથી વાસ્તવિક સંસાધનો અને માનવશક્તિ જે અન્ય હેતુ માટે વાપરવાની શક્તિ છે તેમાં ઘટાડો કરે છે. સરકાર દ્વારા જયારે ઋણ લેવામાં આવે ત્યારે લાંબાગાળા માટે બોન્ડ અને ટૂંકાગાળા માટે ટ્રેઝરી બિલ્સ જેવા નાણાંકીય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. સરકાર દ્વારા લેવામાં આવતું ઋણ એ વ્યક્તિ, પેઢી, બેંક, આંતરિક અને આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓ પાસેથી મેળવે છે. જાહેર દેવું ઊભું કરવાનો ધ્યેય ફંડ ઊભું કરવાનો છે.

- જાહેરઋણ એ મહદઅંશે મરજીયાત છે.
- જાહેરઋણ ફુગાવા સર્જક છે
- જાહેરઋણ આવકની અસમાનતા વધારે છે.
- જાહેરઋણ નો બોજો વર્તમાન પેઢી, ભવિષ્ય ની પેઢી ઉપર ખસેડે છે.
- યુદ્ધ કે અન્ય કટોકટીના સમયે જાહેર દેવું કરવું એ જ માત્ર એક વિકલ્પ બની રહે છે.

**5.6.2 જાહેરઋણના પ્રકાર (Type of Public debt.):** જાહેરઋણનું વર્ગીકરણ વિવિધ દ્રષ્ટિબિંદુ થી કરવામાં આવે છે. આર્થિક વિકાસ માટેના વીજળી ઉત્પાદનના પ્રોજેક્ટ, રસ્તા બાંધકામના પ્રોજેક્ટ, સિંચાઈ માટે બંધ બાંધવાના પ્રોજેક્ટ વગેરે .. પરિણામે જાહેર ઋણ એ ન્યાયતાની દૃષ્ટિ એ ઉત્તમ છે. જાહેરઋણના પ્રકાર

1) મરજીયાત અને ફરજીયાત દેવું
2) સક્રિય દેવું
3) નિષ્ક્રિય દેવું

4) મૃતભાર દેવું
5) સ્થગિત અને તરલ દેવું
6) લાંબા અને ટૂંકા ગાળાનું દેવું
7) ઉત્પાદકીય અને અનુત્પાદકીય દેવું

1) **મરજીયાત અને ફરજીયાત દેવું** : સરકારે બહાર પાડેલ જાહેરઋણ માટેની લોનનાં નાણાં લોકોએ સ્વેચ્છાએ ભરવાના હોય તો તે મરજીયાત દેવું છે. સામાન્ય રીતે યુદ્ધ કે કટોકટીના સમયે સરકાર ફરજીયાત લોન બહાર પડે છે. દા.ત. 1963-64 ના સમયગાળા દરમિયાન ભારતના બજેટમાં ફરજીયાત બચત યોજના બહાર પડાઈ હતી.

મરજીયાત લોનમાં પ્રજા તેની ઈચ્છાનુસાર અને પોતાની અનુકૂળતા મુજબ નાણાં ભરે છે.

2) **સક્રિય દેવું** : આ પ્રકારનું ઋણ દેશના હિત માટે ઊભું કરવામાં આવે છે. દા.ત. સિંચાઈ, કારખાના વગેરે બાંધવા માટે ઊભું કરેલું

3) **નિષ્ક્રિય દેવું** : આ પ્રકારનું ઋણ દેશના મનોરંજન સાધનો ઉભા કરવામાં મદદરૂપ બને છે. નાણાંકીય ઉપજ (નાણાંકીય વળતર) મળતું નથી. દા.ત., સંગ્રહાલયો , ઉદ્યાનો વગેરે બાંધવા સરકારે કરેલું દેવું.

4) **મૃતભાર દેવું** : ઉત્પાદકતામાં વધારો કરતું નથી. નાણાંકીય ઉપજ મળતી નથી. તુષ્ટિગુણ કે આનંદમાં વધારો થતો નથી. દા.ત. યુધ્ધના ખર્ચને પહોંચી વળવા કરાયેલું દેવું

5) **સ્થગિત અને તરલ દેવું** : આ પ્રકારના ઋણમાં જે દેવાની ચૂકવણી લાંબાગાળે કરવાની હોય તેને સ્થગિત ઋણ કહેવામાં આવે છે. જે દેવાની ચૂકવણી ટૂંકાગાળા દરમિયાન કરવાની હોય ત્યારે તેને તરલ દેવું કહેવામાં આવે છે.

6) **લાંબા અને ટૂંકા ગાળાનું દેવું** : આ પ્રકરના ઋણમાં સૌથી લાંબાગાળાના ઋણને બ્રિટિશ ઇન્સોલેશન કહેવામાં આવે છે. આ પ્રકારના ઋણમાં મુદ્દલ રકમ પરત કરવાની હોતી જ નથી અને માત્ર વ્યાજની રકમ જ ચૂકવાય છે. આવું ઋણ કાયમી ઋણ કહેવાય છે. આ ઋણ ખુબજ લાંબી મુદ્દતનું ઋણ છે. સૌથી ટૂંકાગાળાની લોન તે ટ્રેઝરી બીલ છે. જે રકમ પરત કરવાની મુદ્દત ત્રણ માસની હોય છે.

7) **ઉત્પાદકીય અને અનુત્પાદકીય દેવું** : જે ઋણની સામે એટલીજ કિંમતની મિલકતો જોવા મળતી હોય તે ઉત્પાદકીય દેવું છે. દા.ત. સિંચાઈ, રેલ્વે, બંધ વગેરે માટે સરકાર દેવું કરે તો તે મિલકતમાંથી પ્રાપ્ત થતા વળતર માંથી વ્યાજ મુદ્દલ ની રકમ ચૂકવવામાં આવે છે. આ દેવું મિલકતોથી સંપૂર્ણ રક્ષિત હોય છે. દેવાથી સર્જીત મિલકતોથી સરકારને આવક પ્રાપ્ત થાય છે. ઉત્પાદકીય દેવું સરકારને બોજારૂપ નીવડતું નથી ઉત્પાદકીય દેવું દેશની ઉત્પાદન શક્તિમાં વૃદ્ધિ લાવે છે.

અનુત્પાદકીય દેવું એ મૃતભાર દેવું છે. આ ઋણની સામે કોઈ મિલકત અસ્તિત્વમાં આવતી નથી. આવું દેવું દેશ માટે બોજારૂપ છે. તે ઉત્પાદન શક્તિ પણ વધારતું નથી. જાહેર દેવાનું આ વર્ગીકરણ માત્ર આર્થિક દ્રષ્ટિકોણ રાખીને કરવામાં

આવ્યું છે. આ વર્ગીકરણ વૈજ્ઞાનિક નથી. સરળ ભાષામાં કહીએ તો કુદરતી આપત્તિ વખતે સરકારે કરેલું દેવું માનવજાતના કલ્યાણ માટે અનિવાર્ય છે. જયારે યુદ્ધ કે આંતરિક શાંતિ માટે કરેલું દેવું આર્થિક છે.

### 5.6.3 જાહેર દેવાની આર્થિક અસર (Economic effects of Public debt.):

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે જાહેર દેવું બોજારૂપ છે. દેશની રાષ્ટ્રીય આવકના પ્રમાણમાં જાહેર દેવાનું કદ ઓછું હોય તો ઓછું બોજારૂપ બને છે. પરંતુ વિશાળ પ્રમાણમાં જાહેર દેવાનો ઉપયોગ કર્યો હોય તો વધુ બોજારૂપની જાહેર દેવા દ્વારા મેળવેલ નાણાં અનુત્પાદકીય ખર્ચને પહોચી વળવા વાપર્યા હોય તો ભવિષ્યના કર ભરનારા ઉપર જ બોજો પડે છે. કારણકે ભાવી પેઢીને કોઈ લાભ મળતો નથી, છતાં કરવેરા રૂપી બોજો ઉઠાવવો પડે છે. જાહેર દેવા દ્વારા પ્રાપ્ત થયેલ નાણાંનો ઉત્કૃષ્ટ રીતે ઉપયોગ થાય તો એમાંથી ભવિષ્યની પ્રજાને થનારા લાભ તેઓને ભરવા પડતા વેરા કરતાં વિશેષ હોવાથી એકંદરે ચોખ્ખો લાભ થઇ શકે. જાહેર દેવાથી જો કોઈપણ વ્યક્તિઓને લાભ કે નુકશાન થતું હોય તો તે ભવિષ્યની પેઢી જ છે.

**સામાન્ય રીતે જાહેર દેવાની અસરને બે વિભાગમાં વહેંચી શકાય છે.**

1) આવક અસર
2) ખર્ચ અસર

**જાહેર દેવાની અન્ય અસર** :

1) અર્થતંત્ર પરની અસરો
2) વહેચણી પર અસર
3) વપરાશ પર અસર
4) ઉત્પાદન અને રોકાણ પર અસર
5) રાષ્ટ્રીય આવક પર અસર
6) ખાનગી ક્ષેત્ર પર અસર
7) તરલતા ઉપર અસર
8) બાહ્ય દેવાની અસર

1) **આવક અસર** : સામાન્ય રીતે આ જાહેર ઋણમાં લોકો કરવેરાની જેમ જાહેર દેવામાં નાણાં લોકો તેમની વપરાશમાં કાપ મૂકીને ભરતા નથી. પરંતુ તેમની ભૂતકાળની બચતોમાંથી ભરે છે. તેઓ તેમની વપરાશ અને બચતનું માળખું બદલે છે. જેમણે લોનમા નાણાં રોક્યા છે તેના નાણાં બજેટ સાથે સંકળાયેલ છે. સામાન્ય રીતે કરવેરાની જેમ જાહેર દેવામાં નાણાં લોકો તેમની વપરાશમાં કાપ મૂકીને ભરતા નથી. લોકો પોતાની વપરાશ અને બચતનું

માળખું બદલે છે બજેટમાં જે પરિવર્તન કરે છે તેને આવક અસર (Revenual Effects) કહે છે.

2) **ખર્ચ અસર** : જાહેર ઋણ દ્વારા મેળવેલ નાણાંના ખર્ચાથી ઉદ્દભવતી અસરો સાથે સંકળાયેલ છે. જાહેર દેવાની અસર વિવિધ પરિબળો ઉપર આધારિત છે. સરકાર દ્વારા કરવેરા મારફતે મેળવેલી આવકથી કરવામાં આવતું ખર્ચ અને જાહેર દેવા દ્વારા મેળવેલી આવકથી કરાતા ખર્ચની ખર્ચ અસર ભિન્ન હોય છે. સામાન્ય રીતે કર આવકનો ઉપયોગ ચાલુ ખર્ચને પહોંચી વળવા કરાય છે. દા.ત. બિલ્ડીંગ, બંધ, પુલ વગેરે બાંધવાના ખર્ચ મૂડીખર્ચા છે.

**જાહેર દેવાની અન્ય અસર** :

1) અર્થતંત્ર પરની અસરો : જયારે લોકો સરકારને નાણાં ધીરે છે ત્યારે તેમના બજેટમાં પરિવર્તન થાય છે. લોકો જાહેર દેવામાં નાણાં તેની ભૂતકાળની બચતોમાંથી ભરતા હોય છે. સમાન્ય રીતે વ્યક્તિ પોતાના આ નાણાંનો ચાર રીતે ઉપયોગ કરી શકે છે. (1) ફંડ વપરાશ માટે ઉપયોગમાં લે છે. (2) ફંડ રોકડ સ્વરૂપમાં રાખે છે. (3) આ ફંડ પોતાના ધંધાના વિકાસમાં વાપરે (4) શેર, બોન્ડ ખરીદવા ઉપયોગ કરે.

સામાન્ય સંજોગોમાં વ્યક્તિ સરકારી લોનમાં તેની વપરાશમાં કાપ મૂકીને નાણાં રોકતી નથી. લોકો પોતાના વાપરાશમાં ઘટાડો કરી શકતાં નથી. જયારે વ્યક્તિ પોતાની પાસેના રોકડ ફંડમાં ઘટાડો કરે છે અને તે ફંડ સરકારી લોનમાં નાણાં રોકે તો અર્થતંત્રમા નાણાંના પુરવઠામાં વધારો થતાં અર્થતંત્રની ખરીદશક્તિમાં વધારો થાય છે. સરકારે બહાર પાડેલી લોનમાં મોટાભાગે વેપારી બેંકો અને મધ્યસ્થ બેંક દ્વારા જ નાણાં રોકવામાં આવે છે. પરિણામે અર્થતંત્ર પર વ્યાપક અસર ઉદ્દભવી શકે છે. વેપારી બેંકો શાખસર્જન કરી, સરકારી લોનમાં નાણાં રોકે છે તેથી નાણાંનો પૂરવઠો વધે છે. આજ રીતે મધ્યસ્થ બેંક જેટલા નાણાં સરકારને લોનમાં આપે છે તે સઘળું નાણું અર્થતંત્રમાં નાણાં પુરવઠા વૃદ્ધિ દ્વારા ખરીદશક્તિમાં વધારો લાવે છે. જે ફુગાવાજનક અસર જન્માવે છે.

જાહેર ઋણને લીધે નાણાંના પુરવઠામા થતો વધારો, ફુગાવાને વેગ આપે છે. આ ફુગાવાને લીધે બાંધી આવકવાળી વ્યક્તિઓ, પેન્શનર, વ્યાજની કમાણી પર નભનારા, અને ગરીબ વ્યક્તિ ઉપર વિપરીત અસરો પડતાં આ વર્ગની વપરાશમાં કાપ મૂકવો પડે છે. જાહેરઋણની આર્થિક અસર જાહેર દેવાંના કદ અને લોન ની શરતો થી વધુ અસર પામે છે. જાહેરઋણનું કદ દેશની GDP ના સંદર્ભમાં નિયંત્રણમાં હોય તો આર્થિક વિકાસને પ્રેરક બને છે. જાહેરઋણની આર્થિક વિકાસ ઉપરની અસર સરકાર લોન દ્વારા મેળવેલાં નાણાં ક્યાં હેતુ માટે વાપરે છે, તેની ઉપર છે. જાહેરઋણ દ્વારા મેળવેલાં નાણાં મૂડી ખર્ચા માટે વાપરવામાં આવે તો એટલેકે ઉત્પાદકીય સંપતિના સર્જન માટે વાપરવામાં આવે તો આર્થિક વિકાસને પ્રેરક બને છે. પરંતુ જો સરકાર જાહેરઋણ દ્વારા મેળવેલ નાણાં અનુત્પાદકીય ખર્ચાને પહોચી વળવામા વાપરે તો આર્થિક વિકાસ ઉપર વિપરીત અસરો

થાય છે. કારણકે ઋણની સામે કોઈ સંપત્તિનું સર્જન થતું નથી તેથી ભવિષ્યમાં ચૂકવણીની સમસ્યા રહે છે.

2) **વહેંચણી પર અસર** : જાહેરઋણમાં ખરીદશક્તિ એક વિભાગમાંથી બીજા વિભાગમાં ટ્રાન્સફર થતી હોવાથી આવકની વહેંચણી ઉપર અસર કરે છે. સરકારી બોન્ડમાં ધનિક વર્ગ દ્વારા નાણાં રોકાય છે. ધનિકોને વ્યાજ સહિત નાણાં પરત મળતાં આવક ની અસમાનતા વધે છે. જો જાહેરઋણના નાણાંનો ઉપયોગ ગરીબના કલ્યાણના યોજના પાછળ થતો હોય તો આવકની અસમાનતા ઘટે છે. જાહેરઋણ ફુગાવો સર્જે તો આ લાભ અસર સરભર થઇ જશે.
3) **વપરાશ પર અસર**: જાહેરઋણ ની વપરાશ ઉપરની અસર નાણાં ધીરનાર કયા સ્ત્રોતમાંથી નાણાં ધીરે છે તેની ઉપર છે. જો નિષ્ક્રિય બચતમાંથી નાણાં ધીરે તો વપરાશ ઉપર અસર થતી નથી. વર્તમાન બચતમાંથી ધીરે તો વર્તમાન વપરાશને અસર કરે છે. જો ભૂતકાળની બચતમાંથી ધીરે તો માર્યાદિત અસર થાય છે.
4) **ઉત્પાદન અને રોકાણ પર અસર** : જાહેરઋણ ઉત્પાદન અને રોકાણ પર અસર કરે છે. જયારે વ્યક્તિ બેંક ડિપોઝિટમાં કાપ મૂકી સરકારી લોન માં નાણાં રોકે તો બેંક ડિપોઝિટનું પ્રમાણ ઘટે છે અને ખાનગી રોકાણ ઉપર વિપરીત અસર પડે છે. સરકાર પોતાના નાણાંનો ઉપયોગ સમાજકલ્યાણ માટે કરે છે ત્યારે પ્રજાની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધે છે જે ઉત્પાદનને વેગ આપે છે. પરંતુ જયારે સરકાર નાણાંનો ઉપયોગ યુદ્ધ કે વહીવટી ખર્ચા જેવા બિનવિકાસ ખર્ચપાછળ વાપરે તો તે ખર્ચ ઉત્પાદનમાં વૃદ્ધિ લાવી શકતું નથી.
5) **રાષ્ટ્રીય આવક પર અસર** : જયારે બેંકો ના શાખ સર્જન અને મધ્યસ્થ બેંકના નાણાંસર્જન દ્વારા સરકારી લોનમાં નાણાં ભરાયા હોય તો જાહેર દેવાની રાષ્ટ્રીય આવક ઉપર વધુ અસર થાય છે.

   જાહેરઋણ દ્વારા દેશની વણવપરાયેલી કુદરતી સાધન સંપત્તિને ઉત્પાદકીય સંપત્તિમાં પરિવર્તિત કરવામાં આવે તો ટકાઉ વિકાસ સિદ્ધ થઇ શકે છે. દા.ત. જાહેરઋણ દ્વારા બાંધવામાં આવતા જળાશયો પર બંધ, સિંચાઈ વ્યવસ્થા વગેરે.. જયારે દેશની ખેત ઉત્પાદકતા વધે ત્યારે રાષ્ટ્રીય આવક પણ વધે છે.
6) **ખાનગી ક્ષેત્ર પર અસર** : સામાન્ય રીતે સરકાર દ્વારા ઊભું કરાયેલું જાહેરદેવું જયારે દેશના ઔદ્યોગિક તંત્રના વિકાસ માટે વપરાય છે ત્યારે તે દેશના અર્થતંત્ર પર પણ ભારે અસર પાડી શકે છે. લોકોની ખરીદશક્તિમાં પણ વધારો થાય છે. પરિણામે ખાનગી ક્ષેત્ર દ્વારા બનાવાતી વસ્તુ અને સેવાની માંગમાં વધારો લાવે છે.
7) **તરલતા ઉપર અસર** : જાહેરદેવું કરવાથી દેશના અર્થતંત્રમાં બોન્ડ્ઝનું પ્રમાણ વધે છે. પરિણામે અર્થતંત્રમાં તરલતા વધે છે. બોન્ડ ધારક બજારમાં બોન્ડનું ઈચ્છાનુસાર ખરીદ-વેચાણ કરી શકે છે.

8) **બાહ્ય દેવાની અસર** : દેશની અર્થવ્યવસ્થા પર બાહ્ય દેવાની અસર અનિશ્ચિત છે. દેશમાં મૂડી-માલની આયાત કરી ઉદ્યોગીકરણ કરી શકાય. દેશના સાધનો નો ઉપયોગ શક્ય બનાવી રોકાણો વધારી શકાય. જયારે બાહ્ય દેવું અર્થતંત્રની પચાવવાની તાકાત મુજબ ઉત્પાદકીય હેતુ માટે કરવામાં આવે તો અર્થતંત્ર ઉપર અનુકૂળ અસર પડે છે. વિકસતા દેશોમાં બાહ્ય મદદ વગર ઝડપી વિકાસ કરવો મુશ્કેલ છે. જો બાહ્ય દેવાનો ઉપયોગ અનુત્પાદકીય હેતુ અને અમર્યાદિત પ્રમાણમાં કરવામાં આવે તો પાકતી મુદતે ચુકવણી કરવામાં અર્થતંત્ર ઉપર વિપરીત અસરો પાડે છે.

## 5.7 ઋણબજાર બહાર પાડવાના, સાધનો, રોકાણકારો : -

ઋણબજારના સાધનોને ત્રણ ભાગમાં વહેંચી શકાય છે.:-

1) સરકારી જામીનગીરી (Government Securities)
2) જાહેર ક્ષેત્ર બોન્ડસ (Public Sector Bonds)
3) ખાનગી ક્ષેત્ર બોન્ડસ (Private Sector Bonds)

1) સરકારી જામીનગીરી (Government Securities) : આ જામીનગીરીઓ માત્ર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જ બહાર પાડવામાં આવે છે. આ જામીનગીરીને બહાર પાડવા માટે ઉપયોગમાં લેવાતા સાધનો નીચે મુજબ છે.
   - ➔ ઝીરો – કૂપન બોન્ડસ, કૂપન – બેરીંગ બોન્ડસ (Coupen-Bearing Bonds), ટ્રેઝરી બિલ્સ, ફ્લોટિંગ રેટા બોન્ડસ (Flooting Rata Bonds) STRIPS, (Seperate Trading for Ragistered Interest A)nd PrincipA)l of Securities), ડેટેડ સિક્યુરિટીઝ (Dated Securities) વગેરે .
2) **જાહેર ક્ષેત્ર બોન્ડસ (Public Sector Bonds)** : આ પ્રકારના બોન્ડસ સરકારી એજન્સી અથવા સ્ટેચ્યુટરી બોડીઝ (Statutry Bodies) અથવા જાહેરક્ષેત્રના એકમો (Public Sector Units) દ્વારા બહાર પાડવામાં આવે છે. આ પ્રકારના જાહેરક્ષેત્રના બોન્ડસ બહાર પાડવા માટે ઉપયોગમાં લેવાતાં સાધનો નીચે મુજબ છે.
   - ➔ ડિબેન્ચર્સ, સરકાર દ્વારા પ્રમાણિત થયેલાં બોન્ડસ (Government Guaranteed Bonds)
   - ➔ જાહેરક્ષેત્રના એકમો દ્વારા – PSU બોન્ડસ, ટેક્ષેબલ અને ટેક્ષ ફ્રી ડિબેન્ચર્સ (કરપાત્ર અને કરમુક્ત- ડિબેન્ચર્સ), કોમર્શિયલ પેપર, ડીપ ડિસ્કાઉન્ટ બોન્ડસ (Deep Discount Bonds)
3) **ખાનગી ક્ષેત્ર બોન્ડસ (Private Sector Bonds)** : આ પ્રકારના બોન્ડસ કોર્પોરેટ્સ બેંકો અને નાણાંકીય સંસ્થાઓ જ બહાર પાડી શકે છે. આ પ્રકારના ખાનગી ક્ષેત્રના બોન્ડસ બહાર પાડવા માટે ઉપયોગમાં લેવાતાં સાધનો નીચે મુજબ છે:

- ➔ કોર્પોરેટ્સ:- ડિબેન્ચર્સ, બોન્ડસ, કોમર્શિયલ પેપર, ફ્લોટિંગ રેટ બોન્ડસ, તારણવાળી પ્રીમિયમ નોટ્સ(Secured Premium Notes), ઝીરો કૂપન બોન્ડસ, ઇન્ટર કોર્પોરેટ ડિપોઝિટ
- ➔ બેંકો:- ડિપોઝિટના પ્રમાણપત્રો, ડિબેન્ચર્સ, બોન્ડ
- ➔ નાણાંકીય સંસ્થાઓ :- ડિપોઝિટના પ્રમાણપત્રો(Certificate of Deposits), બોન્ડ.

## 5.8 ઋણબજારનો પ્રાથમિક અને ગૌણ ભાગ (Primary and Secondary Segments of Debt MA)rket):

ઋણબજારનાં પ્રાથમિક ભાગમાં જાહેર વિજ્ઞાપન રાઈટ ઈસ્યુ અથવા ખાનગી ભરતી (Private-Placement) દ્વારા ઋણભંડોળ એકઠું કરવામાં આવે છે. કોર્પોરેટ જગતમાં દરેક કોર્પોરેટ ક્ષેત્ર પોતાના સ્ત્રોતોની માહિતી BSE (Bombay Stock Exchange) અને NSE (National Stock Exchange) ઉપલબ્ધ કરાવવામાં આવે છે. BSE અને NSE પર પોતાના સ્ત્રોતોની માહિતી દર્શાવવામાં આવે છે જેથી રોકાણકારોને શેરોમાં રોકાણ કરવામાં સરળતા રહે. ઈ.સ. 2006માં અમેરિકામાં ભારતીય કંપનીઓને પોતાનું નાણું રોકવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ $300 મિલિયનનું રોકાણ કરવા માટેની લોન લેવા માટે સફળ પૂરવાર થઇ હતી જે ભારતની એકમાત્ર કંપની હતી. અમેરિકામાં પણ પોતાનો પગ પેસારો કરનાર રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની સફળતા જોઇને ભારતની બીજી કંપનીઓ પણ U.S. માર્કેટને કબ્જામાં લેવા માટે પ્રયાસ કરી રહી છે.

ઋણ સાધનોનો વ્યાપાર OTCEI, BSE, WDM, (Wholesale Debt. Market Sagment), NSE દ્વારા થાય છે. NSE એ દેશનું પ્રથમ સ્ટોક એક્ષચેંન્જ છે, જે ઇલેક્ટ્રોનિક વ્યાપાર કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પડે છે. ઋણ સાધનોના વ્યાપાર માટે NDS (The Negotiated Dealing System) એ શરૂઆતનો તબક્કો છે ત્યારબાદ આ સાધનોના વ્યાપાર માટે BSE અને NSEની મદદ લેવામાં આવે છે. ઋણસાધનોના રિપોર્ટ અને વ્યાપાર માટે RBI અને FIMMDA) (The Fixed Income Money Market and Derivatives association of India) એ જરૂરી યોજનાઓ શરૂ કરી છે. ઋણ જામીનગીરીઓના વ્યાપાર માટે NSEનો જ મહત્વનો ભાગ NEAT નો (National Exchange for Automated Trading) ઉપયોગ કરવામાં આવે છે. ઈ.સ. 1994 ના સમયથી જ ઋણ જામીનગીરીઓનો ઓનલાઈન, ઓટોમેટેડ, સ્ક્રીન-બેઝ્ડ વ્યાપાર કરવામાં આવે છે. આ પ્રકારની પદ્ધતિના ઉપયોગથી રોકાણકારોનો વ્યાપાર વધારે સરળ અને પારદર્શક બનાવવામાં આવે છે. રોકાણકારોની ઓળખ પણ છૂપી રાખવામાં આવે છે. આ પ્રકારની વ્યાપાર વ્યવસ્થા એક અસરકારક કિંમત – નીતિને વેગ આપે છે.

ઋણબજારમાં શરૂઆતના તબક્કામાં સરકારી જામીનગીરીઓ, ટ્રેઝરી બિલ્સ, બોન્ડસ વગેરે જાહેરક્ષેત્રમાં તેમનો વ્યાપાર કરવામાં આવે છે. આ સિવાયના નોન-ટ્રેડિશનલ

ઇન્સ્ટ્રુમેન્ટસ (બિન વ્યવહારિક સાધનો) જેવા કે ફ્લોટિંગ રેટ બોન્ડસ, ઝીરો કૂપન બોન્ડસ, ઇન્ડેક્ષ બોન્ડસ, કોમર્શિયલ પેપર, સર્ટીફીકેટ ઓફ ડિપોઝિટ, કોર્પોરેટ ડિબેન્ચર્સ, રાજ્ય સરકારની લોન, SLR અને નોન SLR બોન્ડસ વગેરે જે નાણાંકીય સંસ્થાઓ, મ્યુચ્યુઅલફંડના એકમો લોકલ બોડીસ વગેરે દ્વારા ઇસ્યુ કરવામાં આવે છે.

NSE – WDM ભાગમાં દલાલો ગ્રાહકો સાથે સીધો વ્યવહાર કરે છે. ઋણબજારમાં ભાગ લેનારા સદસ્યો જે પ્રાઈમરી ડિલર્સ છે જેમને સીધો સંબંધ બેન્કની ગૌણ શાખાઓ, સેટેલાઈટ ડિલર્સ, પ્રાઈમરી ડિલર્સ, શૈક્ષણિક સંસ્થાઓ સાથે છે. અત્રે નોંધનીય છે કે પ્રાઈમરી ડિલર્સ માટેની પ્રાથમિક શરત એ છે કે તેમનું વાર્ષિક ટર્ન ઓવર રૂ. 2 કરોડથી વધારે હોવું જરૂરી છે

સરકારી જામીનગીરીને NSE – WDM ભાગમાં વ્યાપાર કરવા માટે RBI અને CCIL (The Clearing Corporation of India Limited) ની નિર્દેશિકા હેઠળ જ કરવામાં આવે છે. સરકારી જામીનગીરીઓનું T + O , T + I ના આધારે ચૂકવણી કરવામાં આવે છે જયારે બિન – સરકારી જામીનગીરીઓ T + 2 ના આધારે ચૂકવણી કરવામાં આવે છે.

## 5.9 ખાનગી કંપનીનું ઋણ બજાર (The Private Corporate Debt Market) :

આ પ્રકારના ઋણ બજારમાં માત્ર ખાનગી કંપનીઓની જ જામીનગીરીઓને બહાર પાડવામાં આવે છે અને તેનો વેપાર કરવામાં આવે છે. ખાનગી કંપનીઓને પોતાના ધંધાના વિસ્તૃતિકરણ તેમજ આધુનિકીકરણ કરવા માટે બહોળા ફંડની જરૂર પડે છે. આ પ્રકારનું નાણાં ભંડોળ એકઠું કરવા માટે કંપનીઓ પોતાના ઇક્વિટી શેર્સ અને ડિબેન્ચર બહાર પાડે છે. એકઠા કરાયેલાં નાણાં ભંડોળનો ઉપયોગ લાંબાગાળાના રોકાણ માટે કરવામાં આવે છે. ખાનગી કંપનીઓના બોન્ડ પણ બેંક સ્વીકારે છે. (માત્ર 10 થી 20 વર્ષના સમયમર્યાદા પ્રમાણે) બેંક જ્યારે ખાનગી કંપનીઓના બોન્ડમાં રોકાણ કરે છે ત્યારે બેંક ને એક એવી સત્તા સોપવામાં આવે છે કે તે બેંકો પોતાના બોન્ડ નાણાંની અછત ઊભી થતાં પાછાં વેચી શકે છે.

ખાનગી ઋણબજારનું મહત્વનું પાસુ ખાનગી જામીનગીરીઓના વેપાર પર આધારિત છે. ખાનગીક્ષેત્ર દ્વારા ઊભા કરાયેલા નાણાં ભંડોળનો દેશના અતિ મહત્વના પ્રોજેક્ટો પૂરા કરવામાં વાપરવામાં આવે છે પરિણામે દેશની આર્થિક વ્યવસ્થાનો પણ વિકાસ સંભવ બને છે. ખાનગી જામીનગીરીઓના વેપારમાં ભાવ ઉછાળો થતાં દેશની બેંકિંગ વ્યવસ્થા પર પણ સારી અસર પડે છે. ક્રેડિટ રેટિંગ એજન્સીઓ દ્વારા આપવામાં આવતા ગ્રેડને આધારે રોકાણકારોના વિશ્વાસમાં પણ વધારો લાવવો શક્ય બને છે. ખાનગી ક્ષેત્રે ઋણ બજાર મહત્વનો ભાગ ભજવે છે. મહત્વના રોકાણકારો તરીકે ખાનગી કંપનીઓની અર્થવ્યવસ્થામાં દબ-દબો રહે છે

દેશની અર્થ વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે વધારે નાણાંની જરૂર પડે છે. નાણાંની જરૂરિયાતને પહોચી વળવા માટે ખાનગી કંપનીઓ બહારથી નાણાં ઉછીના લે

છે. પરિણામે કંપનીઓની નાણાંની તરલતા અને જોખમ પર ભારે અસર પડે છે. ખાનગી કંપનીઓને બહારથી નાણાં ઉછીના ન લેવા પડે તે માટે (External Commercial Borrowings) ECB દેશમાં જ ઘરેલું નાણાંભંડોળ ઊભું કરવું જોઈએ (Domestic Bond Market) તે માટે બોન્ડને જાહેર કરવા જરૂરી બને છે.

ખાનગી કંપનીઓમાં રોકાણ કરવા બેંક નાણાંકીય સંસ્થાઓ, ઈન્સ્યોરન્સ કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ, રિટાયરમેન્ટ બોન્ડ, પ્રોવિડંડ ફંડ અને વિદેશી રોકાણકારો દ્વારા થાય છે. આ પ્રકારનું રોકાણ એ ઋણબજારનો જ એક ભાગ છે. ખાનગી ક્ષેત્રની કંપનીઓ નાણાં એકઠા કરવા માટે ડિબેન્ચર્સ બહાર પાડે છે.આ વિવિધ પ્રકારના ડિબેન્ચર્સ કન્વર્ટીબલ કે નોન-કન્વર્ટીબલ હોઈ શકે છે. બહાર પાડેલા ડિબેન્ચર્સનું કંપની ધારા પ્રમાણે નિયમન કરવામાં આવે છે. ડિબેન્ચર્સ પર વ્યાજ વર્ષના 365 દિવસ પ્રમાણે ગણવામાં આવે છે. નાણાંભંડોળ એકઠું કરવા માટે કન્વર્ટીબલ બોન્ડસ એ એકમાત્ર ઉપાય છે. ઈ.સ. 2007મા ભારત દુનિયાનો ચોથા ક્રમાંકનો દેશ હતો જે આ પ્રકારના બોન્ડસ/ કન્વર્ટીબલ ડિબેન્ચર્સને જાહેર કરીને નાણાં એકઠા કરી શકે છે. કોર્પોરેટ ક્ષેત્રમા નાણાં રોકવા માટે જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર તેમ બંને માર્ગનો ઉપયોગ કરવામાં આવે છે. જાહેર ક્ષેત્રમા કોઈપણ રોકાણકાર આ પ્રકારનાં ડિબેન્ચર્સમા પોતાના નાણાં રોકી શકે છે. ખાનગીક્ષેત્ર ની જામીનગીરીઓની સ્ટોક એક્ષચેંજમા નોંધણી કરવામાં આવે છે અને તે પ્રમાણે જામીનગીરીઓની લે-વેચ પણ કરવામાં આવે છે.

દેશની ઘણી ખાનગી ક્ષેત્રની કંપનીઓ હાઇબ્રીડ(Hybrid) પ્રકારની જામીનગીરીઓ-ઈક્વીટી અને ડેબ્ટ (Equity and Debt) એક જ સાથે હોય તેવા પ્રકારની જાહેર કરવામાં આવે છે. આ પ્રકારના સાધનો લાંબાગાળાની મુદ્દતે પાકતા હોય છે. કોર્પોરેટ ક્ષેત્રમા ફિક્સ્ડ રેટ બોન્ડ (Fixed Rate Bonds)ની જગ્યાએ ફ્લોટિંગ રેટ બોન્ડ (Floting Rate Bonds) જાહેર કરે છે.

ટૂંકમાં ખાનગીક્ષેત્રનું ઋણબજાર એ સ્થિર, લાંબાગાળાની મુદ્દતવાળું અને અર્થવ્યવસ્થાને ટકાવી રાખનારું બજાર છે.

## 5.10 સ્વાધ્યાય

### 5.10.1 નીચે આપેલ વિકલ્પો માંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

1 જે ટ્રેઝરી બીલ 91 દિવસે પાકે છે તે ______ દિવસ માટે હરાજી કરવામાં આવે છે.

A) દરરોજ B) સાપ્તાહિક C) દર પંદર દિવસે D) માસિક

2 આપણા દેશનું _______ પ્રમાણ ઋણબજાર ની સરકારી જામીનગીરીને આભારી છે.

A) 80% B) 70% C) 60% D) 90%

3 યુદ્ધના ખર્ચાને પહોચી વળવા માટે નો કરાયેલું દેવું _______ પ્રકારનું છે.

A) ઉત્પાદકીય દેવું B) મૃતભાર દેવું C) બિન-ઉત્પાદકીય દેવું D) સક્રિય દેવું

4 દેશની અર્થવ્યવસ્થા પર ________ અસર અનિશ્ચિત છે.

A) બાહ્ય દેવાં B) આંતરિક દેવાં C) ઉત્પાદકીય દેવાં D) અનુત્પદાકીય દેવાં

5 દેશની કઈ ઇન્ડસ્ટ્રીઝ અમેરિકા મા $ 300 મિલિયન નું રોકાણ કરવામાં સફળ પૂરવાર થઇ હતી?

A) અદાણી ઇન્ડસ્ટ્રીઝ B) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ C) પારલે ઇન્ડસ્ટ્રીઝ D) પતંજલિ ઇન્ડસ્ટ્રીઝ

6 SGL (Subsidiary General Ledgar) પ્રકારનું ખાતું ________ દ્વારા ખોલવામાં આવે છે.

A) IRDA B) NABARD C) LIC D) RBI

**જવાબો :**

1. **(B)** સાપ્તાહિક
2. **(D)** 90%
3. **(B)** મૃતભાર દેવું
4. **(A)** બાહ્ય દેવાં
5. **(B)** રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ
6. **(D)** RBI

### 5.10.2 અભ્યાસ પ્રશ્નો

1. ઋણબજારનો ઈતિહાસ સમજાવો.
2. ઋણબજારના લક્ષણો સમજાવો.
3. ઋણબજારના સહભાગીઓ લખો.
4. જાહેરઋણના પ્રકાર સમજાવો.
5. ઋણબજારનો પ્રાથમિક અને ગૌણ ભાગ સમજાવો.
6. ખાનગી કંપનીનું ઋણબજાર સમજાવો.
7. ઋણબજારમા બહાર પાડનાર, સાધનો અને રોકાણકારો સમજાવો.

### 5.10.3 ટૂંકનોંધ લખો.

1. જાહેર દેવાની આર્થિક અસરો
2. સરકારી તારીખે પાકતી જામીનગીરીઓ (Government Dated Securities)
3. રૂપાંતરપાત્ર અને સંપૂર્ણ રૂપાંતરપાત્ર બોન્ડ
4. ઋણબજારનો પ્રાથમિક ભાગ
5. જાહેર દેવાની અર્થતંત્ર પર અસરો

**************************

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ સેમેસ્ટર એમ. કોમ.

**MC01ECN102**

## બ્લોક – 2

# ભારતીય નાણાકીય વ્યવસ્થા


| | | |
|---|---|---|
| એકમ-6 | બોન્ડ બજાર | 1-10 |
| એકમ-7 | ડેરિવેટિવ્ઝ માર્કેટ (વાયદાના બજાર) – I | 11-22 |
| એકમ-8 | ડેરિવેટિવ્ઝ માર્કેટ (વાયદાના બજાર) – II | 23-34 |
| એકમ-9 | SEBI (ભારતીય પ્રતિભૂતિ (જામીનગીરી) અને વિનિમય બોર્ડ) | 35-46 |
| એકમ-10 | મ્યુચ્યુઅલ ફંડ – I | 47-56 |

| | | |
|---|---|---|
| લેખન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. મનીષ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી એમ.વી.પટેલ બી.એ.પટેલ ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ. |
| | ડૉ. જૈમીન પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ.એમ.પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ કોમર્સ, જી.એલ.એસ. યુનિવર્સીટી, અમદાવાદ. |
| પરામર્શક (વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રો. ધર્મેન્દ્ર મિસ્ત્રી | પ્રિન્સિપાલ, એમ. સી. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. દીપક રાસ્તે | એસોસિયેટ પ્રોફેસર, સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| પરામર્શક (ભાષા) : | ઘનશ્યામ કે ગઢવી | નિવૃત્ત આચાર્ય, સાર્વજનિક કોલેજ, મહેસાણા |
| | ડૉ. લિનાબેન સ્વાદિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર. |
| | ધીરજ સી. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ. |
| સંયોજક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| આવૃત્તિ : | સુધારેલ પુન: આવૃત્તિ - 2026 | |

ISBN: 978-81-947654-4-8 978-81-947654-5-5

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી;દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે.આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધાંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ – 6 બોન્ડ બજાર

6.1 પ્રસ્તાવના
6.2 બોન્ડ બજાર
6.2.1 બોન્ડના પ્રકાર
6.2.2 બોન્ડ મૂલ્યાંકનને લગતાં ખ્યાલો
6.3 સરકારી જામીનગીરી બજાર
6.3.1 સરકારી જામીનગીરીનું મહત્વ
6.3.2 સરકારી જામીનગીરીઓના પ્રકાર
6.4 સ્વાધ્યાય
6.4.1 બહુવિકલ્પ પ્રશ્નો
6.4.2 અભ્યાસ પ્રશ્નો
6.4.3 ટૂંકનોંધ

## 6.1 પ્રસ્તાવના:

બોન્ડ બજાર અને સરકારી જામીનગીરી બજાર નાણાંકીય વ્યવસ્થાના મહત્વપૂર્ણ વિભાગો છે, જ્યાં લાંબા ગાળાના ઋણ સાધનોની ખરીદ-વેચાણ થાય છે. આ બજારો દ્વારા સરકાર, જાહેર સંસ્થાઓ અને ખાનગી કંપનીઓ વિકાસ, માળખાકીય સુવિધાઓ અને મૂડી ખર્ચ માટે જરૂરી નાણાં એકત્ર કરે છે.

બોન્ડ બજાર તે બજાર છે જ્યાં વિવિધ પ્રકારના બોન્ડ્સ જેમ કે સરકારી બોન્ડ, કોર્પોરેટ બોન્ડ અને અન્ય ઋણ સાધનો જારી થાય છે અને તેની લેવડ-દેવડ થાય છે. બોન્ડ દ્વારા જારી કરનાર સંસ્થા રોકાણકાર પાસેથી ઉધાર લે છે અને નિશ્ચિત વ્યાજદર મુજબ નિયમિત વ્યાજ ચૂકવે છે તેમજ મુદત પૂર્ણ થતાં મૂળ રકમ પરત કરે છે. બોન્ડ બજાર મૂડીના વહેંચાણ, વ્યાજદરની રચના અને નાણાંકીય સ્થિરતા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

સરકારી જામીનગીરી બજાર તે બજાર છે જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ સરકારી સિક્યોરિટીઝની ખરીદ-વેચાણ થાય છે. તેમાં ટ્રેઝરી બિલ્સ, ડેટેડ ગવર્નમેન્ટ સિક્યોરિટીઝ અને સ્ટેટ ડેવલપમેન્ટ લોનનો સમાવેશ થાય છે. આ બજાર ઓછા જોખમવાળું માનવામાં આવે છે અને બેન્કો, નાણાંકીય સંસ્થાઓ, વીમા કંપનીઓ તથા અન્ય રોકાણકારો માટે સલામત રોકાણ વિકલ્પ પૂરો પાડે છે. ભારતમાં આ બજારનું સંચાલન અને નિયંત્રણ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવે છે.

## 6.2 બોન્ડ બજાર (Bond Market) :

**બોન્ડ બજારનો અર્થ**: બોન્ડ બજાર એ નાણાંકીય બજારનો એવો વિભાગ છે જ્યાં લાંબા ગાળાના ઋણ સાધન તરીકે ઓળખાતા બોન્ડ્સની જારીકરણ તથા ખરીદ-વેચાણ થાય છે. આ બજાર દ્વારા સરકાર, જાહેર સંસ્થાઓ અને ખાનગી કંપનીઓ વિકાસ અને મૂડી ખર્ચ માટે નાણાં એકત્ર કરે છે. બોન્ડ બજારને ફિક્સ્ડ ઇન્કમ માર્કેટ પણ કહેવામાં આવે છે કારણ કે તેમાં રોકાણકારને નિશ્ચિત વ્યાજ આવક મળે છે.

**બોન્ડ બજારનો ખ્યાલ**: બોન્ડ એ સરકારી ક્ષેત્ર કે કંપની દ્વારા બહાર પાડવામાં આવેલું બિનસલામત દેવું છે. બોન્ડને શૂન્ય –વ્યાજદર કે તરતાં વ્યાજદર પ્રકારે ભારતમા જાહેર કરી શકાય છે. બોન્ડના પણ બે પ્રકાર હોય છે. (1) સલામત બોન્ડ અને (2) બિન-સલામત બોન્ડ. રોકાણકારોને બોન્ડ દ્વારા સ્થિર આવક મળે છે. નાણાંકીય સંચાલકો પેઢીના મૂલ્યમાં મહતમ વધારો કરી શકે એ માટે શેર અને બોન્ડની કિંમત આકારણી જાણવી જરૂરી છે. બોન્ડમાં મોટા ભાગનો વેપાર કાઉન્ટર ઉપર જ થાય છે. બોન્ડ મોટી સંખ્યામાં ખરીદવા અને વેચવામાં આવે છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ 'મોટા દેવાનું બજાર' વિભાગ પણ હોય છે જેને WDM (Wholesale Debt Market) પણ કહેવામાં આવે છે. સરકારી જામીનગીરી જાહેર સાહસના બોન્ડ વાણિજ્યિક પત્રો અને અન્ય દેવાં સાધનોમાં ઊંચી કિંમતના વ્યવહારો કે લેવડ દેવડ માટેનું બજાર છે

### 6.2.1 બોન્ડના પ્રકારો (Type of Bonds) :

બોન્ડ એ લાંબાગાળાનું નાણાંકીય રોકાણ છે. કંપની દ્વારા બોન્ડ જાહેર કરવામાં આવે છે અને લોકો તે બોન્ડ ખરીદે છે. કંપનીઓને મળેલ નાણાંનો ઉપયોગ ધંધાકીય એકમોને વિસ્તૃત કરવામાં થાય છે.રોકાણકારો બોન્ડ ખરીદે છે અને વ્યાજ મેળવે છે આમ બંને પક્ષકારો નાણાં મેળવે છે

A) **પાકતી તારીખે મુદ્દલ રકમ પરત કરવાનાં આધારે બોન્ડના પ્રકાર નીચે મુજબ છે:**

1. **રૂપાંતરપાત્ર બોન્ડ (Convertible bond)** : આ પ્રકારના બોન્ડ કંપની દ્વારા બહાર પાડવામાં આવે છે અને બોન્ડ ધારકની મરજી મુજબ કંપની તે બોન્ડને શેર સ્વરૂપમાં રૂપાંતર કરે છે. રૂપાંતરપાત્ર બોન્ડ રોકાણકારોને આવક કરી આપે છે.
2. **સંપૂર્ણ રૂપાંતરપાત્ર બોન્ડ (Fully Convertible bond)** : આ પ્રકારના બોન્ડનું સંપૂર્ણ રૂપાંતર ઇક્વિટીશેરમા કરવામા આવે છે તેને સંપૂર્ણ રૂપાંતરપાત્ર બોન્ડ કહે છે. રૂપાંતર થયા પછી આવા બોન્ડ પર કોઈપણ વ્યાજ ચૂકવવાનું નથી કે રકમ પરત કરવાની રહેતી નથી.
3. **અંશત: રૂપાંતરપાત્ર બોન્ડ (Partly Convertible bond)** : જયારે બોન્ડનો કોઈપણ ભાગ શેરમાં રૂપાંતર કરવામાં આવે તો તેને અંશત: રૂપાંતરપાત્ર બોન્ડ કહેવામાં આવે છે. દા.ત. કુલ 500 બોન્ડ માંથી માત્ર 200 બોન્ડને જ ઇક્વિટી શેરમાં

રૂપાંતર કરવામાં આવે અને બાકીના 300 બોન્ડનું રૂપાંતર ન કરવામાં આવે તો આવા બોન્ડને અંશત: રૂપાંતરપાત્ર બોન્ડ કહે છે.

4. **બિનરૂપાંતરપાત્ર બોન્ડ (Non-Convertible Bond)** : જ્યારે બોન્ડને ઇક્વિટીશેરમાં રૂપાંતરણ ન કરવામાં આવે તેને બિન રૂપાંતરપાત્ર બોન્ડ કહેવામાં આવે છે.

B) **બોન્ડ બહાર પાડનારના આધારે(On the basis of issuer) :**

1. **બેંક અને નાણાંકીય સંસ્થાઓ** : બેંક અને નાણાંકીય સંસ્થાઓ બોન્ડ બહાર પાડીને ભંડોળ ભેગું કરી, દેવાનું ભંડોળ વધારે છે.
2. **સરકારી બોન્ડ** : કેન્દ્ર અને રાજ્ય સરકાર બોન્ડ બહાર પાડે છે. જાહેર જનતા દ્વારા તેમાં રોકાણ કરવામાં આવે છે. પરિણામે સરકાર દ્વારા મોટું મૂડી બજાર ઊભું કરવામાં આવે છે. દા.ત. ટ્રેઝરી બોન્ડઝ. આ બોન્ડ દ્વારા લાંબાગાળાનું ભંડોળ ઊભું કરી શકાય છે.
3. **ખાનગી ક્ષેત્ર (Private Sector)**: ઘણી ખાનગી કંપનીઓ બોન્ડ દ્વારા નાણાંભંડોળ એકઠું કરે છે.
4. **જાહેરક્ષેત્ર (Public Sector)** : આ પ્રકારની જાહેરક્ષેત્રની કંપનીઓમાં સરકારી જામીનગીરીઓમાં સરકારનો હિસ્સો 51 % થીવધારે હોય છે.

C) **વ્યાજ ચૂકવણીના આધારે (On the basis of Interest Payment):**

1. **કૂપન બોન્ડ (Coupon Bond)** : આ એવા પ્રકારના બોન્ડ છે જેમાં સ્થિર કૂપને વ્યાજ ચૂકવવામાં આવે છે અને મુદ્દલ રકમ પાકતી તારીખે પરત કરવામાં આવે છે. દા.ત. 12% ના રૂ 500 ના બોન્ડ 15 વર્ષના પાકતી મુદતના બહાર પાડવા.
2. **શૂન્ય કુપન બોન્ડ (Zero Coupen Bond)** : આ બોન્ડ એવા પ્રકારના બોન્ડ છે કે જેમાં વ્યાજ ચૂકવવાનું હોતું નથી પણ તેને બોન્ડના મૂલ્યમાંથી બાદ કરવાનું હોય છે તેવા પ્રકારના બોન્ડને શૂન્ય કૂપન બોન્ડ કહેવામાં આવે છે. દા.ત. જે 12% વ્યાજ વાળા 100 રૂ ના બોન્ડની પાકતી મુદ્દત 8 વર્ષ હોય અને તેને 52 રૂ મા બહાર પાડ્યા હોય તો સંપૂર્ણ વ્યાજ રૂ. 50 ભેગું કરી પરત કરતા પાકતાં સમયે રૂ.102 પાછા આપવામાં આવશે.

   **સમજૂતી** : મુદ્દલ : રૂ. 52 , વ્યાજનો દર : 12% , વર્ષ : 8

   $= \frac{52 \times 12 \times 8}{100}$ = રૂ. 49.99 = રૂ. 50

   મુદ્દલ + વ્યાજ = (રૂ. 52 + રૂ. 50 ) = રૂ. 102

D) **ફેરબદલી પર આધારિત (On the basis of Transfer) :**

1. **નોંધાયેલ બોન્ડ (Ragistered Bond)** : કંપનીના આ પ્રકારના બોન્ડમાં કંપનીના રજીસ્ટરમાં ધારકોનું નામ, સરનામું અને બોન્ડ પ્રમાણ પત્રનો નંબર વગેરે

નોંધાયેલું  હોય છે. જેનું નામ ચોપડે નોધાયેલું  હોય તેને જ વ્યાજ આપવામાં આવે છે. નોધાયેલ બોન્ડની માલિકીનું હસ્તાંતર એ બોન્ડ ધારણ કરનાર પર આધારિત છે. બોન્ડ જો સર્ટિફિકેટ  સ્વરૂપમા હોય તો તેનું હસ્તાંતર પૂરું થાય તે પહેલાં સર્ટિફિકેટ આપી દેવું જરૂરી જયારે બોન્ડ ઇલેક્ટ્રોનિક (DemA)t) સ્વરૂપમા હોય તેના હસ્તાંતર માટે નામ બદલીની  માહિતી ઈ-મેઈલ, ફોન કે ફેક્સ દ્વારા કંપનીને જણાવવાની રહે છે.

2. **બેરર બોન્ડ (Bearer Bond)** : આ પ્રકારના બોન્ડમા બોન્ડધારકનું નામ  ચોપડે નોધવાનું હોતું નથી. આ બોન્ડની ફેર-બદલી ચલણી નોટની જેમ જ  થઇ શકે છે. તેનો ધારણ કર્તા જ સાચો માલિક ગણાય છે. આવા બોન્ડ સાથે જ વ્યાજની કુપન ચોટાડેલી હોય છે.

E) **વ્યાજના દર પર આધારિત (On the basis of rate of Interest) :**

1. **તરતા વ્યાજદરના બોન્ડ (Floating Interest Rate Bond)** : આ પ્રકારના બોન્ડમાં વ્યાજનો દર બે ભાગમાં વહેંચવામાં આવે છે. એક મૂળ દર અને તેમાં વધારાનો મૂળ દર ઉમેરવામાં આવે છે. (મૂલ્ય રૂ. 1 થી રૂ. 100) આ બોન્ડ ધિરાણ કરનાર અને ઉછીના આપનારને ભવિષ્યના જોખમ સામે રક્ષણ મળે છે.
2. **નિશ્ચિત વ્યાજના દરના બોન્ડ (Fixed Interest rA)te Bond)** : આ પ્રકારના બોન્ડમાં નિશ્ચિત વ્યાજના દરમાં બોન્ડમાં નક્કી કરેલાં સમયને અંતે એક ચોક્કસ વ્યાજની ચૂકવણી કરવામાં આવે છે. એક વખત જો રોકાણકારે નિશ્ચિત વ્યાજદર ના બોન્ડમાં રોકાણ કર્યું હોય તો તે રોકાણ દ્વારા રોકાણકારની બોન્ડની પાકતી તારીખ સુધી સ્થિર વ્યાજની આવક મેળવે છે.

### 6.2.2 બોન્ડ મૂલ્યાંકનને લગતાં ખ્યાલો (Bond Valuation Related Concept):

1. **મૂળ, વટાવ અને પ્રિમિયમ કિંમત (Pardiscount and Premium VA)lue):**
   - A) **વટાવ કિંમત (Discount Value)** : જયારે બોન્ડની કિંમત તેની દાર્શનિક કિંમતથી ઓછી હોય ત્યારે તેવા બોન્ડને વટાવ કિંમતે બહાર પાડેલા બોન્ડ કહે છે. દા.ત. રૂ. 100 ની મૂળકિંમતના બોન્ડ રૂ. 97 માં બહાર પાડવામાં આવે અહીં રૂ. 3 એ વટાવ છે.
   - B) **પ્રિમિયમ કિંમત (Premium value):** જયારે બોન્ડ તેની મૂળકિંમતથી વધુ કિંમતે બહાર પાડવામાં આવે તો તેને પ્રિમિયમ કિંમત કહે છે. દા.ત. રૂ. 1000 ના બોન્ડ જો રૂ. 1200 માં  બહાર પાડવામાં આવે તો રૂ. 200 પ્રિમિયમ કહેવાય.
2. **કૂપન દર અને ઊપજ દર (Coupan Rate and Yield Rate)**

A) **કૂપન દર (Coupan Rate)** : આ પ્રકારના બોન્ડમાં વ્યાજ દર નિશ્ચિત હોય છે. અહીં બોન્ડ ધારક વ્યાજ મેળવે છે. કૂપન દર એટલે નિશ્ચિત વ્યાજદર કે જે બોન્ડ બહાર પાડનાર દ્વારા બોન્ડ બહાર પાડતી વખતે નક્કી કરવામાં આવે છે. સામાન્ય રીતે બોન્ડનું વ્યાજ દર છ મહિને ચૂકવવામાં આવે છે. દા.ત. X લિ. ના રૂ. 1000 ના 12% ના કુપન દરના બોન્ડનું છ મહિનાનું વ્યાજ રૂ. 60 થશે.

B) **ઊપજ (Yield)** : આ પ્રકારના બોન્ડમાં ઊપજ શબ્દ બોન્ડમાં રોકાયેલી મૂડીના વળતર સાથે જોડાયેલ છે. બોન્ડની ઊપજ સમજવા માટે કેળવણીની જરૂર પડે છે. રોકાણ કરતાં પહેલાં બોન્ડની સરખામણી કરી કયા બોન્ડમાં રોકાણ કરવું હિતાવહ છે તે જાણી શકવું જરૂરી છે

C) **ઊપજ દર (Yield Rate)** : નાણાં રોકનાર બજાર કિંમત પર જે વ્યાજ કમાય છે તે વ્યાજને નાણાં રોકાણકારની ઊપજ કહેવામાં આવે છે. દા.ત. એક બોન્ડનું મૂલ્ય રૂ. 1000 છે અને તેની વર્તમાન બજાર કિંમત રૂ. 1500 છે તેનો ઊપજ દર 10% છે. તો વ્યાજ રૂ. 15 થશે. રૂ. 150 ની બજાર કિંમત પર વ્યાજ નીચે મુજબ થશે.

ઊપજ દર = કૂપનદર/વર્તમાન કિંમત X100

$\frac{\text{રૂ. 15}}{\text{રૂ. 150}} \times 100 = 10\%$

જો બોન્ડની વટાવેલી કિંમત રૂ. 80 હોય તો ઊપજ દર = $\frac{\text{રૂ. 15}}{\text{રૂ. 80}} \times 100 =$ 18.75%

3. **બજારકિંમત, કુપન દર અને ઊપજ દર વચ્ચે સંબંધ (Relation of Market Price, Coupan Rate and Yield Rate)** : બજાર કિંમત = કુપનદર/ઊપજ કિંમત

જ્યારે ઊપજ દર 18.75% છે ત્યારે કૂપન દર 12% છે પણ તે સમયે બજાર કિંમત જુદીજુદી અનુક્રમે રૂ. 80 અને રૂ. 150 છે. ઊપજ દર એ બજારકિંમત સાથે બદલાય છે. પણ કૂપન દર સરખો જ રહે છે. $\frac{\text{ઊપજદર નું વ્યાજ}}{\text{બજાર કિંમત}} \times 100$

ઉદાહરણ : XYZ કંપનીના રૂ. 1000 ના બોન્ડનો કુપન દર 15% છે અને વર્તમાન કિંમત રૂ. 1050 હોય તો ઊપજ દર શોધો.

ઊપજદર = $\frac{150}{1050} \times 100$ = 14.28 %

4. **પરિપક્વતાનો ગાળો (Maturily Period)** : સામાન્ય રીતે બોન્ડની પરિપક્વતાનો સમયગાળો 1 થી 10 વર્ષનો હોય છે. ક્યારેક આ સમયગાળો લાંબો પણ હોય છે. કેટલીકવાર પરિપક્વતાના સમયે છાપેલી કિંમત ઉપરાંત થોડું પ્રિમીયમ પણ બોન્ડધારકને ચૂકવવામાં આવે છે. દા.ત. જો બોન્ડનું આયુષ્ય 10 વર્ષનું હોય તો તે 1-1-2011 ના રોજ જાહેર કરવામાં આવ્યા હોય તો 31-12-2020 ના રોજ 10 વર્ષ પછી પરત કરવામાં આવે છે. વાર્ષિક કુપન દર 12% છે તેથી દર વર્ષે રૂ. 120 વ્યાજના પાકતી તારીખે રૂ. 1000 ના બોન્ડ ઉપર ચૂકવવા પડશે.

## 6.3 સરકારી જામીનગીરી બજાર (The Government Securities Market):

સરકારી જામીનગીરી એ વેપાર કરવાનું મહત્વનું સાધન છે આ પ્રકારની જામીનગીરીઓને કેન્દ્ર અથવા રાજ્ય સરકાર બહાર પાડે છે.

સરકારને બહોળા પ્રમાણમાં નાણાંની જરૂરિયાત હોય છે. આ પ્રકારની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જ સરકારી જામીનગીરીઓ બહાર પાડવામાં આવે છે. સરકારી જામીનગીરીઓ બહાર પાડવાનાં મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

- દેશમાં સંરક્ષણ, કાયદો અને ન્યાયની જાળવણી માટેની જોગવાઈ કરવા માટે.
- નાણાં વ્યવસ્થા અને સેન્ટ્રલ બેંકિંગ માટે.
- ખાનગી ક્ષેત્રની આર્થિક પ્રવૃતિઓના નિયંત્રણ માટે.
- દેશમાં નવા આંતરમાળખાકીયની સ્થાપના કરવા માટે અને પ્રવર્તમાન આંતરમાળખાકીયની જાળવણી માટે કરવામાં આવે છે.

સરકારી જામીનગીરીઓને SLR (Statutory Liquidity Ratio) જામીનગીરી પણ કહેવામાં આવે છે. કારણકે બેંકમાં SLR ને નિયંત્રણમાં રાખવા માટે આ પ્રકારની જામીનગીરીઓની જરૂર હોય છે.

### 6.3.1 સરકારી જામીનગીરીઓનું મહત્વ :

- ઋણ બજારનો સૌથી મહત્વનો ભાગ એ સરકારી જામીનગીરીઓ છે.
- સરકારની લાંબા અને ટૂંકાગાળાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે.
- કોર્પોરેટ બોન્ડના વિકાસ માટે.
- સરકારી જામીનગીરીઓ ઘરેલું બજાર અને વિદેશી નાણાંકીય સંસ્થાઓને સાથે જોડનારુ માધ્યમ છે.
- કોર્પોરેટ પેપર્સ (Corporate Papers) બનાવવા માટે સરકારી જામીનગીરીઓ ખૂબજ ઉપયોગી નીવડે છે.
- સરકારની આર્થિક નીતિના ઘડતર માટે જરૂરી છે.
- નાણાંબજારના બે મહત્વના કાર્યો – ઓપન માર્કેટ ઓપરેશન(Open Market Operations) અને સ્ટેચ્યુટરી લિકવિડીટી રેશીયો જે એકબીજાં એકબીજા સાથે જોડાયેલા છે તે માટે સરકારી જામીનગીરીઓનું મહત્વ છે.
- નાણાં ઉછીના લેવા માટે સરકારી જામીનગીરીઓ સર્વશ્રેષ્ઠ ઉપયોગી સાધન નીવડી શકે છે.
- સરકારી જામીનગીરીઓ સર્વશ્રેષ્ઠ વિકલ્પ છે મૂડીરોકાણ માટે. કારણકે જેના પર વળતર પણ પાકતી મુદ્દતે નિશ્ચિત સમયે મળી રહે છે.
- રોકાણકારોની ઇચ્છાનુસાર ટૂંકા અને લાંબાગાળા માટે રોકાણો કરવા સરકારી જામીનગીરીઓ સર્વશ્રેષ્ઠ વિકલ્પ છે.

- ટૂંકા અને લાંબાગાળાની ઊપજ મેળવવા માટે સરકારી જામીનગીરીઓ એ ઋણબજારનું ઉત્તમ સાધન છે.

**સરકારી જામીનગીરીઓના પ્રકારો, રોકાણકારો અને બહાર પાડનારાઓ:**

ઋણબજારનો મહત્વનો ભાગ સરકારી જામીનગીરીઓ છે. આ પ્રકારની જામીનગીરીઓ કેન્દ્ર અને રાજ્ય સરકાર, રાષ્ટ્રીયકૃત બેંકો, અર્ધ સરકારીતંત્ર, મ્યુનિસિપલ કોર્પોરેશન, ઇન્સ્યોરન્સ કંપનીઓ, પ્રોવિડન્ટ ફંડ, ખાનગી કંપનીઓ અમુક અંશે વિદેશી નાણાંકીય સંસ્થાઓ અને બિન નિવાસી ભારતીય નાગરિકો (Non-Residentl Indian) પણ બહાર પાડી શકે છે. આ પ્રકારની જામીનગીરીઓમાં રોકાણ કરતાં રોકાણકારોને ત્રણ ભાગમાં વહેચી શકાય છે.

1. મોટા દેવા વિભાગમાં બેંક, નાણાંકીય સંસ્થાઓ, ઇન્સ્યોરન્સ કંપનીઓ, પ્રાઈમરી ડીલર્સ અને મ્યુચ્યુઅલ ફંડ.
2. મધ્ય દેવા વિભાગમાં કોર્પોરેટસ, પ્રોવિડન્ટ ફંડ, ટ્રસ્ટ, નોન – બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ, કો-ઓપરેટીવ બેંક, આ પ્રકારના વિભાગમાં રોકાણની તરલતા રૂ. 7 કરોડથી રૂ. 25 કરોડ સુધીની હોય છે.
3. રીટેઈલ વિભાગમાં નોન-ઇન્સ્ટીટયુશનલ રોકાણકારો અને ઇન્ડિવિડ્યુંલ (વૈયક્તિક) નો સમાવેશ થાય છે

ઈન્સ્યોરન્સ કંપનીઓ એ બીજું મહત્વપૂર્ણ અંગ છે જે આ સરકારી જામીનગીરીઓમાં નાણાં રોકાણ કરે છે. IRDA) (Insurance Regulation and Development authority of India)ના માર્ગદર્શન હેઠળ જનરલ ઈન્સ્યોરન્સના 20 % અને લાઈફ ઈન્સ્યોરન્સ ના 25 % જેટલું નાણાંકીય ભંડોળ સરકારી જામીનગીરીઓમાં રોકવામાં આવે છે.

RBI દ્વારા SGL (Subsidiary General Ledger) પ્રકારનું ખાતું ખોલવામાં આવે છે. આ જ ખાતામાં દરેક પ્રકારના સરકારી અને બિન-સરકારી સંસ્થાઓ નાણાં રોકે છે. કોઈપણ વ્યક્તિ આ ખાતામાં પોતાનાં નાણાં રોકી શકતી નથી.

જે વ્યક્તિઓ પાસે બહોળું નાણાં ભંડોળ હોય તે વ્યક્તિઓ SGL – II (સબસીડી જનરલ લેજર) પ્રકારનું ખાતું ખોલાવી શકે છે. વ્યક્તિ પોતે જ સીધો વ્યાપાર કરી શકે નહીં.પરંતુ બેંક અને પ્રાઈમરી ડિલર્સ દ્વારા જ રોકાણ કરી શકે છે.

### 6.3.2 સરકારી જામીનગીરીઓના પ્રકાર:

મુખ્યત્વે સરકારી જામીનગીરીઓ બે પ્રકારની હોય છે. :-

1) ટ્રેઝરી બિલ્સ અને

2 ) સરકારી તારીખે પાકતી જામીનગીરીઓ (Government Dated Securities)

1) **ટ્રેઝરી બિલ્સ** : ટ્રેઝરી બિલ્સ એ ટૂંકાગાળાનું રોકાણ કરવા માટેની જામીનગીરી છે. સામાન્ય રીતે ટ્રેઝરી બિલ્સ 91 દિવસ, 182 દિવસ અને 364 દિવસ માટેના

હોય છે. ટૂંકમાં ત્રિમાસિક, છ માસિક અને વાર્ષિક, બજારમાં નાણાંનાં રોલ ઓવર માટે ટ્રેઝરી બિલ્સને પાકતી મુદ્દતના બોન્ડમાં પણ રૂપાંતરિત કરવામાં આવે છે.

2) **સરકારી તારીખે પાકતી જામીનગીરીઓ** : આ પ્રકારની જામીનગીરીઓમાં લાંબાગાળા માટે રોકાણ કરવામાં આવે છે. આ પ્રકારની જામીનગીરીઓ સાથે નિશ્ચિત અને તરલ વ્યાજદરનો પણ સમાવેશ કરવામાં આવે છે.

જાહેરક્ષેત્રના વિકાસ અને સરકારી ખાધને પહોચી વળવા માટે RBI દ્વારા મધ્યમ અને લાંબાગાળા માટે બહાર પાડવામાં આવતી જામીનગીરીઓને ચોક્કસ સમયની સરકારી જામીનગીરીઓ કહેવામાં આવે છે. સરકારી જામીનગીરીઓને વ્યાજ કૂપન ચોટાડવામાં આવેલ હોય છે. આ પ્રકારનું વ્યાજ 30/360 દિવસોના આધારે ભરવામાં આવે છે. આ પ્રકારની જામીનગીરીમા TDS (Tax Deducted at Source) લાગુ પડતો નથી.

દરેક પ્રકારની સરકારી જામીનગીરીઓએ SLR (Statutory Liquidity Retio) માટે લાયક છે. કેન્દ્ર સરકારની જામીનગીરી રીવર્સ રેપો રેટ માટે ઉપયોગમાં લઇ શકાય છે. પરંતુ રાજ્ય સરકારની લોન રીવર્સ રેપો રેટ માટે લાયક બની શકતી નથી. બજારમાં આ પ્રકારની જામીનગીરીઓની તરલતા અત્યંત ઊંચા પ્રમાણમાં છે. સરકારી જામીનગીરીમા વેપાર દલાલ નેગોશિએટેડ ડીલીંગ સિસ્ટમ CCIL (Clearing Corporation of India Limited) દ્વારા પૂર્ણ થાય છે.

ટૂંકમાં સરકારી જામીનગીરીઓ નો વિશાળ શ્રેણીઓમા વેપાર થાય છે. સામાન્ય રીતે સરકારી જામીનગીરીઓની પાકતી મુદ્દત 91 દિવસથી 30 વર્ષ સુધીની છે.

## 6.4 સ્વાધ્યાય

### 6.4.1 નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

1 સરકારી જામીનગીરીઓમાં સૌથી લાંબાગાળાની જામીનગીરીઓ ____ વર્ષ માટે હોય છે.

A) 10 B) 20 C) 30 D) 35

2 સરકારી જામીનગીરીઓમાં વેપાર કરવા માટે નો અંતિમ તબક્કો _____ દ્વારા પૂર્ણ થાય છે

A) દલાલ B) NDS C) WDM D) CCIL

3 બોન્ડની ચાલુ બજાર કિંમતને ધ્યાનમાં રાખી તેની ઉપર ચૂકવાતા વાર્ષિક વ્યાજને શું કહે છે?

A) ભવિષ્યની ઊપજ B) વર્તમાન ઊપજ C) પાકતી મુદતની ઉપજ D) કૂપન દર

4 જો તમે બોન્ડ ને પાકતી મુદ્દત પહેલાં વેચી નાખો તો તેમાંથી મળતા અપેક્ષિત વળતરના દરની ગણતરી કઈ રીતે કરશો?

A) પાકતી મુદતે ઉપજ B) વર્તમાન ઉપજ C) મળેલ ઉપજ D) એકપણ નહીં

5 બોન્ડ બજાર મુખ્યત્વે કયા પ્રકારના સાધનોની ખરીદ-વેચાણ માટે ઓળખાય છે?

A) ઇક્વિટી સાધનો B) ટૂંકા ગાળાના ઋણ સાધનો

C) લાંબા ગાળાના ઋણ સાધનો D) વિદેશી ચલણ

6 નીચેમાંથી કયો બોન્ડ બજારનો ભાગ નથી?

A) સરકારી બોન્ડ B) ટ્રેઝરી બિલ C) કોર્પોરેટ બોન્ડ D) ડિબેન્ચર

7 નવા બોન્ડ પ્રથમ વખત જારી થતો બજાર કયો કહેવાય?

A) પ્રાથમિક બજાર B) મૂડી બજાર C) દ્વિતીય બજાર D) ફોરવર્ડ બજાર

8 ભારત માં સરકારી જામીનગીરી બજારનું સંચાલન કોણ કરે છે?

A) સેબી B) નાણાં મંત્રાલય C) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા D) સ્ટોક એક્સચેન્જ

9 સરકારી જામીનગીરી બજારનું એક મહત્વનું લક્ષણ કયું છે?

A) વધુ નફો B) વધુ જોખમ C) ટૂંકી અવધિ D) સ્થિર અને સુરક્ષિત રોકાણ

10 બોન્ડ બજાર અર્થતંત્રમાં મુખ્યત્વે શું પૂરૂ પાડે છે?

A) ટૂંકી મુદતની મૂડી B) લાંબી મુદતની મૂડી C) વિદેશી ચલણ D) શેર મૂડી

**જવાબો :**

1. **(C)** 30
2. **(D)** CCIL
3. **(B)** વર્તમાન ઉપજ
4. **(C)**મળેલ ઉપજ
5. **(C)** લાંબા ગાળાના ઋણ સાધનો
6. **(B)** ટ્રેઝરી બિલ
7. **(A)** પ્રાથમિક બજાર
8. **(C)** રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા
9. **(D)** સ્થિર અને સુરક્ષિત રોકાણ
10. **(B)** લાંબી મુદતની મૂડી

### 6.4.2 અભ્યાસ પ્રશ્નો

1. બોન્ડનો અર્થ સમજાવી તેના પ્રકારો લખો.
2. સરકારી જામીનગીરીઓના પ્રકાર લખો.
3. સરકારી જામીનગીરીઓનું મહત્વ સમજાવો.

### 6.4.3 ટૂંકનોંધ લખો.

1. સરકારી જામીનગીરી બજાર

2. બોન્ડ મૂલ્યાંકનને લગતા ખ્યાલો
3. વ્યાજના દર પર આધારિત બોન્ડના પ્રકારો
4. બોન્ડ બજાર (Bond Market)
5. સરકારી જામીનગીરીઓના પ્રકાર

*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*

## એકમ :7 ડેરિવેટિવ્ઝ માર્કેટ (વાયદાના બજાર) - I

**રૂપરેખાઃ**

7.1 પ્રસ્તાવના

7.2 અર્થ અને વ્યાખ્યા

7.2.1 અર્થતંત્રનાં પરિપ્રેક્ષ્યમાં ડેરિવેટિવ્ઝ

7.3 ડેરિવેટિવ્ઝ બજારનાં ફાયદા

7.4 ડેરિવેટિવ્ઝ બજારનો ઈતિહાસ

7.4.1 અમેરિકન ડેરિવેટિવ્ઝઅને યુરોપિયન ડેરિવેટિવ્ઝ

7.4.2 ભારતમાં ડેરિવેટિવ્ઝ બજાર

7.5 સટ્ટાનાં પ્રકારો

7.6 સટોડિયાના પ્રકાર

7.7 સટ્ટાત્મક સોદાઓના પ્રકાર

7.8 ડેરિવેટિવ્ઝ માર્કેટમાં વેપારીઓ

**સ્વાધ્યાય**

### 7.1 પ્રસ્તાવનાઃ

વીસમી સદીના અંત ભાગમાં સમગ્ર વિશ્વમાં નાણાકીય બજારો જેવા કે શેરબજાર, નાણા બજાર અને હુંડિયામણ બજારનો ઝડપી વિકાસ થયો. વીસમી સદીનાં છેલ્લા દોઢ દાયકામાં વિશ્વના ઘણા શેરબજારોમાં ડેરીવેટિવ્ઝ બજારોનો ઝડપી વિકાસ થયો છે. ડેરીવેટિવ્ઝ બજાર સ્વતંત્ર રીતે ઊભું થઈ શકતું નથી તેનો ઉદભવ હાજર બજારને આભારી છે. તે હાજર બજારમાંથી લેવામાં આવેલું બજાર છે અને તેના સાધનો ડેરીવેટિવ્ઝ (વાયદા) તરીકે ઓળખાય છે. વાયદારૂપી નાણાકીય સાધનોનાં સોદાઓની મદદથી રોકડના સોદાઓમાં રહેલા નાણાકીય જોખમ સામે રક્ષણ મેળવી શકાય છે. રોકડ બજારની જેમ ડેરીવેટિવ્ઝ બજાર પણ શેર બજારનું એક ભાગ છે.

ડેરીવેટિવ્ઝ એટલે એવું નાણાકીય સાધન કે જેનું મૂલ્ય તેના ઉદભવના આધારરૂપ અસ્ક્યામત કે જામીનગીરીનાં મૂલ્યના આધારે નક્કી થાય છે. ડેરીવેટિવ્ઝરૂપી નાણાકીય સાધનોના સોદા જે બજારમાં થાય છે તે ડેરીવેટિવ્ઝ બજાર તરીકે ઓળખાય છે. ડેરીવેટિવ્ઝ બજાર એ શેરબજારનો જ એક અંતર્ગત ભાગ છે,જેમાં સ્ટોક માર્કેટ સૂચકકાંક,વ્યાજદર,કોમોડિટી,હાજર બજાર અને ક્લિયરિંગ હાઉસના ચુસ્ત નિયમો, પેટા નિયમો, ચોક્કસ નિયંત્રણો અને ધારા-ધોરણો ને આધીન રહીને કામ કરે છે. જ્યારે આ બધાનાં ભાવમાં ફેરફાર થાય ત્યારે ડેરિવેટીવ્ઝની કિંમતમાં પણ ફેરફાર થાય છે.ડેરીવેટિવ્ઝ બજારના ખેલાડીઓ પાસે ચૂસ્ત નાણાકીય શિસ્તનો આગ્રહ રાખવામાં આવે છે. ભારતમાં પણ મુંબઈ શેરબજાર અને રાષ્ટ્રીય શેરબજારમાં સેબીના નિરીક્ષણ હેઠળ તબક્કાવાર ડેરીવેટિવ્ઝ બજારનો શુભારંભ થઈ ચૂક્યો છે. ડેરીવેટિવ્ઝ બજારમાં જે સોદા થાય છે તે હેજિંગ અને સટ્ટાના સોદા હોય છે.

## 7.2 અર્થ અને વ્યાખ્યા

ડેરિવેટિવ્ઝ શબ્દ "to derive" પરથી ઉતરી આવ્યો છે.જેનો સામાન્ય અર્થ "માંથી લેવું"અર્થાત અન્ય કશાક પર આધારિત હોવું.ડેરિવેટિવ્ઝ એ વીમાં જેવું જસંસ્થાકિય માળખું છે.જેમ વીમો આગ,પુરઅને ચોરી જેવા જોખમો સામે રક્ષણ આપે છે તેમ ડેરિવેટિવ્ઝ ચીજવસ્તુનાં ભાવો,શેરભાવો,વ્યાજદર,બજારમાં ભાવ-ફેરફારોનાં અણધાર્યા જોખમો,અનિશ્ચિતતા અને અસ્થિરતા સામે રક્ષણ આપે છે.દા.ત.વિદેશી ચલણદર,સ્ટોક અને સરકારી બોન્ડ વગેરે.આમ,માનવીની જોખમ વિરુધ્ધની લાક્ષણિકતા ડેરિવેટિવ્ઝમાં વૃદ્ધી લાવે છે.તે જોખમ વ્યવસ્થાપન અસ્તિત્વ માટે આવશ્યક છે કારણ કે હાલના નાણાકીય બજારોમાં ઉચ્ચ અસ્થિરતા છે. આ સંદર્ભમાં ડેરિવેટિવ્ઝ જોખમ ઘટાડવા માટેનાં સાધન તરીકે મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

ભારતનાં સંદર્ભમાં જામીનગીરી કરાર નિયમન ધારા 1956 મુજબ ડેરીવેટિવ્ઝની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે.

(1) એવી જામીનગીરી જે દેવાનાં સાધનોમાંથી અસ્તિત્વમાં આવી હોય.જેમ કે શેર,લોન(સુરક્ષિત કે અસુરક્ષિત),જોખમનાં સાધનો અથવા કરારો અથવા અન્ય કોઈપણ પ્રકારની જામીનગીરીઓ.

(2) એવો કરાર કે જે પોતાનું મૂલ્ય ભાવનાં સૂચકાંક હેઠળની જામીનગીરીઓમાંથી નક્કી કરતા હોય.

(3) ડેરીવેટિવ્ઝ એ વ્યાજદર,વિનિમય દર,અને હેંજિગ બજારનાં જોખમ સામેની પધ્ધતિ છે.

### 7.2.1 અર્થતંત્રનાં પરિપ્રેક્ષ્યમાં ડેરીવેટિવ્ઝ:

ડેરીવેટિવ્ઝ જોખમમાં ઘટાડો કરે છે તેને અંતર્ગત સમાવિષ્ટ સંપત્તિમાં વધારો કરે છે. ડેરીવેટિવ્ઝ ભાવિ વાયદા વેપાર માટેનો મુખ્ય સ્રોત છે. આ સોદાવીમા સુવિધા જેવા જ હોય છે જે ભાવ વધ-ઘટનાં જોખમ સામે રક્ષણ પુરુ પાડે છે. ડેરીવેટિવ્ઝ તેને અંતર્ગત મિલ્કતો,ચીજવસ્તુઅને બજારની પ્રવાહિતામાં વધારો કરે છે.ડેરીવેટિવ્ઝ બજાર ટ્રાન્જેકશનનાં ખર્ચમાં ઘટાડો કરે છે. ડેરીવેટિવ્ઝ ભાવ શોધ પ્રક્રિયામાં વધારો કરે છે.ડેરીવેટિવ્ઝ હાજર ભાવનીસાથોસાથ ભાવિની ઝાંખી કરાવે છે. ડેરીવેટિવ્ઝ ઈન્વેસ્ટરને તેનાં પોર્ટફોલીયોનાં જોખમ અને વળતરને નક્કી કરવામાં મદદ કરે છે.ડેરિવેટિવ્ઝ બજાર ભાવની ભાવિ ચળવળ અંગે દિશાનિર્દેશ કરે છે.આ બધા કાર્યોને લીધે તેડેરિવેટિવ્ઝ જોખમ વ્યવસ્થાપનનાં સાધન તરીકે વિશ્વ બજારમાં વધુને વધુ મહત્વપૂર્ણ બની રહ્યા છે.જોખમ ઘટાડવા માટે વ્યુત્પન્ન ઉપકરણોનો ઉપયોગ કરી શકાય છે.ડેરિવેટિવ્ઝનો ઉપયોગ જોખમોને અલગ કરવા અને તેમને આ જોખમોનો સામનો કરવા ઈચ્છુક પક્ષોમાં સ્થાનાંતરિત કરવા માટે થાય છે. ડેરિવેટિવ્ઝનો ઉપયોગ કરીને જે પ્રકારનું હેજિંગ મેળવી શકાય છે તે રોકડ સાધનોના ઉપયોગ દ્વારા મેળવી શકાય તે કરતાં સસ્તું અને વધુ અનુકૂળ છે. તે એટલા માટે છે કે જ્યારે હેજિંગ માટે ડેરિવેટિવ્ઝનો ઉપયોગ થાય છે ત્યારે સમાધાન હેતુઓ અંતર્ગત સંપત્તિની વાસ્તવિક

ડિલિવરી જરૂરી નથી.ડેરિવેટીવ કરારમાં એકલા નફા અથવા નુકસાનને ડેરીવેટીવ માર્કેટમાં સમાયોજિત કરવામાં આવે છે.

## 7.3 ડેરિવેટિવ્ઝ બજારનાં ફાયદાઃ

ડેરીવેટીવ બજારનાં ફાયદા નીચે મુજબ છે.

(1) બજારમાં ભાગ લેનારાઓનું વલણ દર્શાવે છે.

(2) જોખમની ફેરબદલી કરવામાં મદદરૂપ થાય છે.

(3) વધુ વેપારનો જથ્થો પ્રદાન કરે છે.

(4) નિયંત્રિત પર્યાવરણ.

(5) ઉધોસાહસિકોનેઆકર્ષે છે.

ટૂંકમાં ડેરીવેટીવ બજાર બચતમાં વધારો કરે છે અને રોકાણમાં પણ લાબાં ગાળે વધારો કરે છે.જોખમની ફેરબદલીને કારણે બજારમાં ભાગ લેનારાઓનીપ્રવૃતિઓનો વિસ્તાર કરી શકે છે.

## 7.4 ડેરીવેટિવ્ઝ બજારનો ઈતિહાસઃ-

કેટલીક સદીઓ પહેલા ડેરિવેટિવ્ઝ ઉત્પાદન કોમોડિટી(સંસાધનિક-ભૌતિક વસ્તુનાં સોદાઓનું બજાર) ભાવ વધ-ઘટનાં સોદાનાં સાધન તરીકે ઊભરી આવ્યું હતું. જાપાનમાં ઈ.સ 1700 નાં દાયકાની શરૂઆતમાં પ્રથમ વ્યવસ્થિત કોમોડીટી એકસચેન્જ અસ્તિત્વમાં આવ્યું. સી.બી.ઓ.ટી (શિકાગો બોર્ડ ઓફ ટ્રેડ)ની સ્થાપનાં 1848 માં યુ.એસ.માં ક્રેડીટ જોખમની સમસ્યાનાં કારણે થઈહતી,અને ફોરવર્ડ કરાર માટે વાટાઘાટો કરવા કેન્દ્રીય સ્થાન આપવા માટે ફ્યુચર્સ કરાર ઉભરી આવ્યા હતાં.1860 નાં દાયકામાં પહેલો ફ્યૂચર્સ કરાર થયો.1919 માં સી.એમ.ઈ (શિકાગો મર્કંટાઈલ એક્સચેન્જ) ની સ્થાપનાં કરવામાં આવી હતી.જેથી વ્યાપારી કાર્યોમાં સામેલ ભાવનાં જોખમથી બચી શકાય.16 મે 1972 માં પહેલો નાણાકીય વાયદા કરાર અસ્તિત્વમાં આવ્યોં.1982 માં ઓપ્શન્સ અને સ્ટોક ઈન્ડેક્ષ ફ્યુચર્સનો વેપાર શરૂ થયો. ઓપ્શન કરાર પણ ફ્યૂચર્સ કરારની જેટલો જજૂનો છે.પહેલા પુટ અને કોલ ઓપ્શનની શોધ એક અમેરિકન ફાઈનાન્સર રસેલ સેજ દ્વારા 1872 માં કરવામાં આવી હતી.26 એપ્રિલ 1973 નાં રોજ ટ્રેડિંગ સ્ટોક વિકલ્પોનાં હેતું માટે સી.બી.ઓ.ઈ (શિકાગો બોર્ડ ઓપ્શન્સ એક્સેચેન્જ) ની સ્થાપના કરવામાં આવી.સીબીઓટી હવે 48 ફ્યુચર્સ અને ઓપ્શનસ પૂરાં પાડે છે તથા યુ.એસ. સૂચકાંક મુજબ S&P100, S&P500, NASDAQ 100,NIKKEI 225 અને N 225 નો વેપાર થાય છે.

### 7.4.1 અમેરિકન ડેરિવેટિઝ અને યુરોપિયન ડેરિવેટિઝઃ

યુરોપિયન અને અમેરિકન વિકલ્પો ઓપ્શનમાં સૌથી વધુ લોકપ્રિય ઓપ્શન છે. ઓપ્શનની શૈલી સામાન્ય રીતે મુદત દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે જેના પર ઓપ્શનનો ઉપયોગ કરી શકાય છે. સૌથી વધુ લોકપ્રિય ઓપ્શન ક્યાંતો યુરોપિયન અથવા અમેરિકન શૈલીનાં ઓપ્શન છે. અમેરિકન અને યુરોપિયન વિકલ્પો વચ્ચેનો તફાવત જ્યારે વિકલ્પોનો ઉપયોગ કરવામાં આવે તેનાથી સંબંધિત છે.યુરોપિયન વિકલ્પનો ઉપયોગ ફક્ત વિકલ્પની સમાપ્તિ તારીખે જ થઈ શકે છે. અમેરિકન વિકલ્પ સમાપ્ત થવાની તારીખપહેલાં કોઈપણ સમયે ઉપયોગ કરી શકાય છે. કોઈ ઓપ્શન તમને નિર્ધારિત તારીખે કોઈ ચોક્કસ ભાવે જામીનગીરી ખરીદવા અથવા વેચવાનો અધિકાર આપે છે, અમેરિકન અને યુરોપિયન વિકલ્પો સહિત ઘણા પ્રકારના ઓપ્શન છે

**અમેરિકન ડેરિવેટિઝઃ**

અર્થઃ જે ઓપ્શન કરારમાં કરાર લેખન અને તેની સમાપ્તિ વચ્ચેનાં કોઈપણ સમયે ઓપ્શનનો ઉપયોગ કરી શકાય તો તેને અમેરિકન ઓપ્શન કહેવામાં આવે છે.

ઈતિહાસઃ સૌપ્રથમ ઓપ્શન કરાર લંડનમાં ઈ.સ.૧૬૭૦ માં વિલિયમ અને મેરીનાં સમયમાં જાણીતા બન્યા.ઓગણીસમી સદીમાં અમેરિકામાં ઓવર ધ કાઉન્ટર પર ચોક્ક્સ ડીલરો દ્વારા શેર પર પુટ અને કોલ ઓપ્શન વિશેષ અધિકાર રૂપે વેચવામાં આવ્યા હતા. જામીનગીરી કિમંત વિકલ્પ

ખરીદેલ દિવસની અથવા અઠવાડિયાના બંધ બજાર ભાવે નક્કી કરવામાં આવી હતી. સમાપ્તિ તારીખ સામાન્ય રીતે ખરીદી પછીનાં ત્રણ મહિનાની હતી.તેનો ગૌણ બજારમાં વેપાર થતો ન હતો.

અમેરિકન ઓપ્શનની કિંમત નિર્ધારિત કરવા માટે કોઈ સામાન્ય સૂત્રો નથી, પરંતુ અંદાજિત કિંમત માટે મોડેલો ઉપલબ્ધ છે. ઉદાહરણ તરીકે રોલ-ગેસ્કે-વ્હેલી, બેરોન-એડેસી અને વ્હેલી, કોક્સ-રોસ-રુબિનસ્ટેઇન દ્વારા દ્વિપક્ષીય વિકલ્પોનું મોડેલ, બ્લેકનો અંદાજ અને અન્ય.

ફ્યુચર્સ એક્સચેન્જ પર વેપાર કરાયેલા ઓપ્શન કરાર મુખ્યત્વે અમેરિકન શૈલીના હોય છે.તમામ સ્ટોક અને ઇક્વિટી ઓપ્શન અમેરિકન ઓપ્શન છે.પરંપરાગત માસિક અમેરિકન ઓપ્શન દર મહિનાના ત્રીજા શનિવારે સમાપ્ત થાય છે.તેઓ માટે શુક્રવાર પહેલા વેપાર બંધ છે. જે મહિનાનાં પહેલા શનિવારથી શરૂ થાય તો ત્રીજા શુક્રવારે સમાપ્ત થાય છે.

**વેપાર પ્રક્રિયાઃ**

કોઈપણ સ્ટોક કે જેમાં વિકલ્પો, ઈન્ડેક્ષફંડ અને તમામ એક્સચેન્જ-ટ્રેડેડ ફુડ્સ (ઇટીએફ) સામેલ હોય તે તમામ અમેરિકન શૈલીના ઓપ્શન કરાર સાથે સ્ટાન્ડર્ડ એક્સચેંજ પર વેપાર કરે છે.અમેરિકન ઈન્ડેક્ષ ઓપ્શન ફક્ત દર મહિનાના ત્રીજા શુક્રવારે સમાપ્ત થાય છે. આમાં એ ઈન્ડેક્ષ ઓપ્શન સામેલ છે જે બુધવાર અને શુક્રવારે ટ્રેડિંગ દિવસના અંતે સાપ્તાહિક સમાપ્ત થાય છે. તેમાં ત્રિમાસિક ઓપ્શન પણ સામેલ છે જે તે ત્રિમાસિકના છેલ્લા ટ્રેડિંગ દિવસ સુધી વેપાર કરે છે.

જો કોઈ ઓપ્શન નાણાંમાં હોય અને તે ઉપયોગને આધિન હોય, તો તે ઓપ્શનનો ઉપયોગ કરવામાં આવશે જો તે નાણામાં એક ટકા અથવા તેથી વધુનો સમય પૂરો થાય તો ઓપ્શન માલિક ઓપ્શનનો ઉપયોગ નહી કરવાની વિનંતીકરે ત્યાં સુધીમાં તે સમાપ્ત થાય છે.એક્સરસાઈઝ ઓપ્શન માટે પતાવટ કિંમત એ સ્ટોક, ઇ.ટી.એફ અથવા ઈન્ડેક્ષનીબંધ કિંમત છે. કલાકો પછીના વેપારમાં ભાવ પર અસર થતી નથી.અમેરિકન શૈલીના ઓપ્શન કરાર ખૂબ સરળ છે.

જો કોઈ વેપારી કરાર સમાપ્તિ દરમિયાન નાણાંનાં વિકલ્પને રાખે છે તો સંપત્તિ અથવા સ્ટોકની સ્થાનાંતર સમયે, ઓપ્શનની સમાપ્તિ પછી એકવાર રોકડ માટે બદલાશે.ત્યાં બે પ્રકારો છે. એક અમેરિકન કોલ વિકલ્પ છે.અને બીજો પુટ વિકલ્પ છે. અમેરિકન કોલ વિકલ્પ કોઈ ચોક્કસ સંપત્તિ ખરીદવાનો અધિકાર આપે છે, જ્યારે પુટ વિકલ્પ સંપત્તિને ચોક્કસ ભાવે વેચવાનો અધિકાર આપે છે.

અમેરિકન શૈલીનો વિકલ્પ ચોક્કસપણે વધુ સુગમતા આપે છે પરંતુ આ વિકલ્ય વિનિમય અને સંપત્તિ પર આધારીત હોઈ શકે છે. ઉદાહરણ તરીકેભારતમાં તમે શેર માટે અમેરિકન કોલ વિકલ્પો મેળવી શકો છો. જો કે ઈન્ડેક્ષ અને ચલણ ઓપ્શન માટે અમેરિકન વિકલ્પો અનુપલબ્ધ છે. તેથી આ કિસ્સામાં તમારી પાસે જે ઓફર છે તે સિવાય કોઈ વિકલ્પ રહેશે નહી કોઈપણ અમેરિકન વિકલ્પ માટે મૂલ્ય હંમેશાં ચૂકવણી કરતા વધારે હોવું જોઈએ, કારણકે તેથી આપણે વિકલ્પ ખરીદી, તરત જ તેનો ઉપયોગ કરી અને નફો મેળવી શકીશું. કોઈ ડિવિડન્ડ ચુકવણી વિનાના કોલ વિકલ્પ માટે તેનો શરૂઆતનો સ્ટ્રાઈક ભાવ ફાયદાકારક નથી, તેથી તેનું મૂલ્ય સંબંધિત યુરોપિયન વિકલ્પ સમાન છે.આ કિસ્સામાં અમેરિકન અને યુરોપિયન વિકલ્પોનું મૂલ્ય એક સમાન હોતું નથી.

અમેરિકન કોલ વિકલ્પ ઉદાહરણની સહાયથી આ પ્રકારનો વિકલ્પ કેવી રીતે કાર્ય કરે છે.તે હવે જોઇએ છે.

ધારી લઈએ કે તમે ભવિષ્યમાં કંપની ×ના શેરના ભાવમાં વધારો કરવાની અપેક્ષા કરી રહ્યા છો. તેથી તમે પ્રત્યેક રૂ.૩૫ ની સ્ટ્રાઈક ભાવે કંપની ×ના ૧,૦૦૦ ઓપ્શનખરીદો છો. ઓપ્શનસમાપ્તિની તારીખના થોડા દિવસપહેલાં, કંપનીનો શેરનો ભાવ રૂ. ૫૦ એ પહોચે છે. જો કે તમે અપેક્ષા રાખો છો કે આ ભાવ ટૂંક સમયમાં ઘટશે, અને તમે તરત જ નફો બુક કરવા માંગો છો.નફો બુક કરી રૂ.૧૫,૦૦૦ કમાઇ શકો છો. નહિતરયુરોપિયન ઓપ્શનમાં તમારે સમાપ્તિની તારીખ સુધી રાહ જોવી પડશે. તે સમય સુધીમાં ભાવમાં ઘટાડો થવાની સંભાવના છે.એક અમેરિકન

શૈલીનો વિકલ્પ તમને તાત્કાલિક તમારા અધિકારનો ઉપયોગ કરવાની અને તાજેતરની પરિસ્થિતિમાં શ્રેષ્ઠ નફો કમાવવાની તક આપે છે. આ પુટ વિકલ્પ માટે પણ કામ કરે છે. જો તમે કંપની ×ના ૧૦૦૦ પુટ ઓપ્શનને રૂ.૩૫ ના સ્ટ્રાઈક પ્રાઈસપર ખરીદો છો અને કંપની %નો શેર ભાવ ૨૫ રૂપિયા પછી Xf સમયમાં હિટ થાય છે. તો તમે તરત જ તમારા અધિકારનો ઉપયોગ કરી શકશો અને ૧૦,૦૦૦ રૂપિયાનો નફો મેળવી શકશો.

**અમેરિકન શૈલી વિકલ્પો પર પ્રીમિયમઃ**

જ્યારે કોઈ વિકલ્પ દાખલ કરવામાં આવે છે ત્યારે બ્રોકરને પ્રીમિયમ ચૂકવવું પડશે, જે આખરે વિકલ્પ વેચનાર અથવા 'લેખક' ને આપવામાં આવે છે. આ પ્રીમિયમ અલગ અલગ સંપત્તિમાં બદલાય છે અને અન્ય પરિબળો પર પણ નિર્ભર છે. તે સામાન્ય રીતે જામીનગીરીનાં અમુક ટકા હોય છે.આ વિકલ્પોના કિસ્સામાં વધુ પ્રીમિયમ ચૂકવવું પડશે. તેથી વધુ નફો કરવાની સંભાવના વત્તા ઓછા અંશે હશે.

**યુરોપિયન ડેરિવેટિઝઃ**

**અર્થઃ** જે ઓપ્શન કરારનો ઉપયોગ માત્ર તેની પાકતી મુદતે/પતાવટનાં સમયે જ કરી શકાય તો તેને યુરોપિયન ઓપ્શન કહેવામાં આવે છે. યુરોપિયન વિકલ્પનાં ઉપયોગ માટે સમય અવધિ પૂર્વ નિધારિત હોય છે.

**ઈતિહાસઃ** ઓવર-ધ-કાઉન્ટર પરના વેપાર મુખ્યત્વે યુરોપિયન ઓપ્શન હોય છે.ઈન્ડેક્ષ સામાન્ય રીતે યુરોપિયન વિકલ્પો દ્વારા રજૂ થાય છે.યુરોપિયન વિકલ્પો દર મહિનાના ત્રીજા શનિવાર પહેલાં શુકવારે સમાપ્ત થાય છે. તેથી દર મહિનાના ત્રીજા શનિવાર પહેલાં ગુરુવારે વેપાર માટે બંધ છે.

**વેપાર પ્રક્રિયાઃ**

યુરોપિયન વિકલ્પ એ ઓપ્શન કરારનું એવું સ્વરૂપ છે જે તેનાં ઉપયોગને કરારની સમાપ્તિ તારીખ સુધી મર્યાદિત કરે છે. જોકે અમેરિકન ઓપ્શનનો અગાઉ ઉપયોગ કરી શકાય છે, કારણ કે તેનું પ્રીમિયમ ઘણી વાર યુરોપિયન ઓપ્શન કરતાં વધારે હોય છે.રોકાણકારો કરાર સમાપ્ત થાય તે પહેલાં બજારમાં યુરોપિયન ઓપ્શન કરાર વેચીને શરૂઆતમાં પ્રાપ્ત કરેલ ઓપ્શન અને ચુકવેલ પ્રીમિયમ વચ્ચેનો ચોખ્ખો તફાવત મેળવી નફો કમાઈ શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો જો સ્ટોક અંતર્ગત જામીનગીરી ભાવ વહેલા વધે તો પણ રોકાણકાર વહેલી તકે વિકલ્પનો ઉપયોગ કરી શકશે નહી અને શેરની ડિલીવરી કે વેચાણ કરી શકશે નહી. તેના બદલે કોલ અથવા પુટ ક્રિયા દ્વારા ફક્ત વિકલ્પ પાકતી મુદતે બંધ થશે.જેનો ઓવર ધ કાઉન્ટર પર વેપાર થાય છે. યુરોપિયન વિકલ્પોનું મૂલ્ય ખાસ કરીને બ્લેક - સ્કલ્સ અથવા બ્લેક મોડેલ સૂત્રનો ઉપયોગ કરીને ગણવામાં આવે છે. ક્લોઝ-ફોર્મ સોલ્યુશન સાથેનું આ એક સરળ સમીકરણ છે જે નાણાકીય સમુદાયમાં ધોરણ બની ગયું છે.

મહિનાના ત્રીજા શુક્રવાર પહેલા ગુરુવારે યુરોપિયન ઓપ્શન બજારબંધ થાય ત્યાં સુધી વેપારને રોકે છે. જો કે શુકવારે બજાર ખૂલે ત્યાં સુધી પતાવટની કિમત નક્કી કરવામાં આવતી નથી. ગુરુવારે બંધ અને શુક્રવારે ખૂલે એ વચ્ચે જો કંઈક નોંધપાત્ર ઈવેન્ટ થાય તો વાસ્તવિક પતાવટનો ભાવ કંઈક આશ્ચર્યજનક બની શકે છે. પતાવટના ભાવ નક્કી થતા પહેલા અને ભાવ બહાર પડતા પહેલાં શુક્રવારે સત્રમાં પણ ઘણા કલાકો લાગી શકે છે.કારણકે સમાપ્તિ પર પતાવટની કિંમત સ્થાપિત કરવા માટે ગુરુવારના બંધ ભાવ અને શુકવારના ખૂલ્લા ભાવ વચ્ચેનો તે છેલ્લો સમયગાળો હોય છે, જો ઓપ્શન નાણાંએ બહાર પાડયા હોય તો,વેપારીની તરફેણમાં વિકલ્પોને ભાવ વધારવા માટે કંઈક નોંધપાત્ર થાય તેવી આશા રાખવી જોઈએ.જો કે મોટાભાગના સમયે ઓપ્શન નફામાં સમાપ્ત થાય છે. ત્યાંકિંમત વેપારી વિરુદ્ધ હોવાની શકયતા છે. તે વેપારીને લાભ ખાપવા માટે બમણો અથવા નફામાં ત્રણ ગણો વધારો કરી શકે છે.યુરોપિયન શૈલીના વિકલ્પો સાથે સમાપ્તિ દરમ્યાન નાણાંના

વિકલ્પોમાં કોઈ શેર જાતે બદલી શકતા નથી. તેના બદલે ઓપ્શન માલિકને રોકડ મૂલ્ય પ્રાપ્ત થાય છે જે ઓપ્શનના આંતરિક મૂલ્ય સમાન છે. ડિવિડન્ડ સમાપ્ત થાય તે પહેલાં વિકલ્પનો ઉપયોગ કરવો ફાયદાકારક બની શકે છે.

**યુરોપિયન કોલ અને પુટઃ**

સમાપ્તિ પહેલાં વિકલ્પની સ્થિતિ બંધ કરવી, એટલે કે વેપારીને કરાર પર કોઈ લાભ અથવા નુકસાનની સંભાવના ઊભી થાય, જેમ કે જો શેરમાં નોંધપાત્ર વધારો થયો હોય તો હાલના કોલ વિકલ્પને વહેલા વેચી શકાશે જયારે સ્ટોકની કિંમતમાં ઘટાડો થયો હોય તો પુટ વિકલ્પ વેચી શકાશે.આમ, જેમ જેમ શેરનો ભાવ વધતો જાય છે અને ઘટતો જાય છે તેમ- તેમ પ્રીમિયમ દ્વારા સૂચવેલ ભાવ વધે છે અને ઘટે છે. આરીતે રોકાણકારને બે પ્રીમિયમ વચ્ચેનો ચોખ્ખો તફાવત પ્રાપ્ત થશે.

**યુરોપિયન કોલ ઓપ્શનઃ**

માલિકને ઓપ્શનની સમાપ્તિ સમયે જામીનગીરી ખરીદવાની મંજૂરી આપે છે. કોલ વિકલ્પ ખરીદનાર સંપત્તિ પર તેજીની આશા રાખે છે કે બજાર ભાવ કોલ ઓપ્શનની સ્ટ્રાઇક કિમત કરતાં સમાપ્તિ તારીખ સુધીમાં વધુ વેપાર કરશે. વિકલ્પની સ્ટ્રાઇક કિંમત તે કિમત છે જેના પર સંપત્તિના કરારને શેરમાં ફેરવવામાં આવે છે. કોલ ઓપ્શનથી રોકાણકારો માટે નફો મેળવવા માટે સ્ટોકની કિંમત સમાપ્તિ સમયે વિકલ્પ પ્રીમિયમની કિંમતને આવરી લેવા માટે સ્ટ્રાઈક કિંમત કરતા ઊંચી ટ્રેડિંગ કરવી પડશે.

**યુરોપિયન પુટ ઓપ્શનઃ**

ઓપ્શન ધારકને સમાપ્તિ સમયે જામીનગીરી વેચવાની મંજૂરી આપે છે. પુટ ઓપ્શન ખરીદનાર સંપત્તિ પર ભાવ ઘટાડાની આશા રાખે છે કે બજારના ભાવ કરારની સમાપ્તિ પહેલા અથવા તેના દ્વારા વિકલ્પના સ્ટ્રાઈક કિંમત કરતા ઓછાએ વેપાર કરશે. રોકાણકારને પુટ ઓપ્શનથી નફો મેળવવા માટે સ્ટોકની કિંમત સમાપ્તિ સમયે, વિકલ્પ પ્રીમિયમની કિંમતને આવરી લેવા માટે સ્ટ્રાઇક પ્રાઈસથી નીચેનો વેપાર કરવો પડશે.

**યુરોપિયન ઓપ્શન મુદત પહેલા બંધ કરવોઃ**

ઘણા રોકાણકારો યુરોપિયન વિકલ્પની સમાપ્તિની રાહ જોવી પસંદ કરતા નથી. તેના બદલેતેઓ વિકલ્પ કરાર તેની સમાપ્તિ પહેલાં પાછા બજારમાં વેચી શકે છે. જે પ્રીમિયમ મૂલ્ય - તેનું આંતરિક મૂલ્ય — અને વિકલ્પનું સમયમૂલ્ય પર આધાર રાખે છે. આંતરિક મૂલ્યએ ધારણા મુજબની કિંમત છે જેમાં કરાર ઈન- આઉટ- અથવા નાણામાં હોય તો આપેલ પ્રાઈસ અને બજાર કિંમત વચ્ચેનો તફાવત છે.

અત્રે એ નોંધવું મહત્વપૂર્ણ છે કે રોકાણકારો પાસે સામાન્ય રીતે અમેરિકન અથવા યુરોપિયન વિકલ્પ ખરીદવાની પસંદગી હોતી નથી. વિશિષ્ટ શેરો અથવા ફંડમાં ફક્ત એક સ્વરૂપ અથવા બીજામાં ઓફર કરવામાં આવે છે. બંનેમાં નહી. ઉપરાંત મોટાભાગના ઈન્ડેક્ષ યુરોપિયન વિકલ્પોનો ઉપયોગ કરે છે કારણ કે તે દલાલી હ્રાસ જરરી y fWrLxગ માત્રા ઘટાડે છે. ઘણા બ્રોકર્સ યુરોપિયન વિકલ્પોને મૂલ્ય આપવા માટે બ્લેક સ્કલ્સ મોડેલ (બીએસેમ) નો ઉપયોગ કરે છે.

**તફાવતઃ**

બને ઓપ્શનનાં વચ્ચે તફાવત તેનાં ઉપયોગનાં લીધે છે. અમેરિકન અને યુરોપિયન વિકલ્પોમાં ઘણી બાબતો સમાન છે. પરંતુ તફાવત પણ નોંધપાત્ર છે. તેથી વેપારમાં કઈ શૈલી લાગુ પડે છે તે સમજવું જરૂરી છે.જ્યાં ખેક ખમેરિકન અને યુરોપિયન વિકલ્પ સમાન હોય જેમ કે સમાન સ્ટ્રાઇક પ્રાઈસ વગેરે હોય. ત્યારે અમેરિકન વિકલ્પ ઓછામાં ખોછું યુરોપિયન જેટલો હશે. જો કે તે વધુ મૂલ્યવાન છે. તેનો ભાવ તફાવત આવનારી સ્ટ્રાઈક સંભાવના માટે માર્ગદર્શકરૂપ બને છે. વ્યવહારમાં,

કોઈ પણ યુરોપિયન વિકલ્પની બ્લેક - સ્કલ્સની કિંમતની ગણતરી કરી શકે છે જે અમેરિકન વિકલ્પની સમકક્ષ હોય છે (સ્ટાઈકની મુદત સિવાય). બે કિંમતો વચ્ચેનો તફાવત પછી વધુ જટિલ અમેરિકન વિકલ્પ મોડેલને કેલિબ્રેટ કરવા માટે વાપરી શકાય છે.અમેરિકનના ઊંચા મૂલ્યને ધ્યાનમાં લેવા, કેટલીક પરિસ્થિતિઓ હોવી આવશ્યક છે જેમાં સમાપ્તિની તારીખ પહેલાં અમેરિકન વિકલ્પનો ઉપયોગ કરવો શ્રેષ્ઠ છે. તેંઘણી રીતે ઉદભવી શકે છે. જેમ કે, સ્ટોક પર મની કોલ વિકલ્પનો ઉપયોગ સ્ટોક ડિવિડન્ડ ચૂકવે તે પહેલાં જ કરવામાં આવે છે જે તેના મૂલ્યને વિકલ્પના બાકી સમયના મૂલ્ય કરતાં વધુ ઘટાડે છે. સોનાનો પુટ વિકલ્પ વહેલી તકે ઉપયોગમાં લેવામાં આવશે,બીજી બાજુ નાદારી માટેની એસેટ ફાઇલોનો સામાન્ય રીતે પુટ વિકલ્પ શરૂઆતમાં ઉપયોગમાં લેવામાં આવશે.

### 7.4.2 ભારતમાં ડેરિવેટિવ્ઝ બજારઃ-

ભારતમાં કોમોડિટી વાયદા બજાર 1875થી છે. સરકારે 1960 અને 1970 ના દાયકામાં ઘણી ચીજોના વાયદાના વેપાર પર પ્રતિબંધ મુક્યો હતો. ભારત દ્વારા ફોરવર્ડ બજારોની લાંબી પરંપરા હતી તે છતાં સરકારે 1960 ના દાયકામાં ફોરવર્ડ ટ્રેડિંગ પર પ્રતિબંધ મૂક્યો હતો. ડેરિવેટિવ્ઝને વિકલ્પો અને વાયદા તરીકે ઓળખવામાં આવતા નહોતા પરંતુ 'તેજી-મંદી' તરીકે સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) એક્ટની કલમ 16 હેઠળ આપવામાં આવેલી સત્તાના આધારે સરકારે 1969 માં જાહેર કરેલા જાહેરનામાં દ્વારા સિક્યોરિટીઝના તમામ ફોરવર્ડ ટ્રેડિંગ પર પ્રતિબંધ મૂક્યો હતો.રૂપિયાના વિદેશી વિનિમય દર (વિદેશી વિનિમય બજાર)માં આગળના કરારને આરબીઆઈ દ્વારા

મંજૂરી મળી તેનો ઉપયોગ મોટા પાયે કરવામાં આવે છે. 41 કોમોડિટીઝમાં ફ્યુચર્સ ટ્રેડિંગની મંજૂરીછે. ભારતમાં 8 કોમોડિટી એક્સચેંજ છે. ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રાલય હેઠળના ફોરવર્ડ માર્કેટ કમિશન નિયમનકાર તરીકે કાર્ય કરે છે. મૂડી બજારોના કિસ્સામાં દલાલ અને રોકાણકાર સમુદાયમાં સ્વદેશી 125 વર્ષ જૂની બદલા પધ્ધતિ ખૂબ જ લોકપ્રિય હતી.નેવુંના દાયકામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આગમન અને મોટી સંખ્યામાં થયેલા કૌભાંડોના કારણે બદલા પધ્ધતિ ઉપર પ્રતિબંધ મૂકાયો હતો.વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) આ પધ્ધતિ માટે સાનુકૂળ ન હતા અને તેઓએ જોખમ-વ્યવસ્થાપનનાં પુરતા સાધનો પર ભાર મૂક્યો હતો.તેથી ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડે (સેબી) ભારતમાં નાણાંકીય ડેરિવેટિવ્ઝ રજૂ કરવાનો નિર્ણય કર્યો. જો કે, ઘણા કાનૂની અવરોધો આવ્યાં હતા. જેને ફાયનાન્સિયલ સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ (રેગ્યુલેશન) એક્ટની પ્રસ્તાવનામાંદર્શાવવામાં આવ્યુંછે. કે આ કાયદો સિક્યોરિટીઝમાં અનિચ્છનીય વ્યવહારો અટકાવવા માટે હતો જેમાં તેના વ્યવહાર અને વ્યવસ્થાનું નિયમન કરીને, વિકલ્પોને પ્રતિબંધિત કરીને, અને તે સાથે જોડાયેલ અન્ય કેટલીક બાબતો પરી પાડીને અમલીકરવામાં આવ્યો હતો. એક્ટની કલમ 20 એ સિક્યોરિટીઝના તમામ વિકલ્પો પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂક્યો તેથી પ્રથમ પ્રયાસ આ તમામ પ્રતિબંધો પાછા ખેંચવાનો અને તેમાં જરૂરી સુધારો કરવાનો હતો. જેના માટે 1995 માં સિક્યોરિટીઝએસ.સી.આર.એની કલમ 20 રદ્દ કરીને લોઝ વટહુકમ જાહેર કરાયો, છતાં એવું જાણવા મળ્યું કે ડેરીવેટિવ્ઝનાં વેપારને સંચાલિત કરવા માટે કોઈ નિયમનકારી માળખું નથી.માટે કમિટીઓની રચના કરી અને ત્યારબાદ કમિટીઓની ભલામણનાં અંતે ડેરિવેટિવ્ઝને સિક્યુરીટીઝ કોન્ટ્રાકટ રેગ્યુલેશન એકટ SC(R)A અંતર્ગત સમાવિષ્ટ કર્યું.એક્ટમાં જરૂરી સુધારા કર્યા.ત્યારબાદ બિલ 1998 માં લોકસભામાં રજૂ થયું અને 1999 માં અમુક સુધારાઓ સમાવ્યાં બાદ મંજૂર કરવામાં આવ્યું.સિક્યુરિટીઝનાં ક્ષેત્રમાં ડેરિવેટિવ્ઝનો સમાવેશ કરવા માટે સેકશન 2 (એચ) માં પેટાકલમ (આઈ એ) પણ દાખલ કરી.પ્રો.આર.જે વર્માની અધ્યક્ષતા હેઠળ ડેરિવેટિવ્ઝ માર્કેટમાં જોખમોનાં નિયંત્રણ માટેનાં તમામ પગલાઓની પુનઃ વિચારણા માટે એક જુથ બનાવ્યું. મે માર્ચ 2000 પર સરકારે 1969 ની સુચનાને રદ કરીને, સિક્યોરીટીઝમાં ફોરવર્ડ ટ્રેડીગ પરનાં ત્રણ દાયકા જૂનાં પ્રતિબંધને હટાવ્યો. નિફ્ટી પર આધારિત વાયદાનાં વેપારની શરૂઆત 12 જુન 2000 નાં રોજ NSE ખાતે થઇ હતી. નેશનલ સ્ટોક એક્સચેંજ ઈક્વિટી અને ડેરિવેટિવ્ઝ બન્ને માટે અગ્રણી એક્સચેંજ

છે.જેના પર 65% થી વધુનાં કરાર થાય છે.નેશનલ સ્ટોક એક્સચેંજે 11,200 થી વધુ રોકાણકારોને ડેરિવેટિવ્ઝની તાલીમ આપી છે.1970 નાં સમયગાળામાં નાણાકીય ડેરીવેટિવ્ઝ પ્રકાશમાં આવ્યાં. જે આજે ઉત્તર અમેરિકા અને પૂર્વ એશિયામાં નાણાકીય બજારની પ્રવૃતિમાં 75% હિસ્સો ધરાવે છે.

## 7.5 સટ્ટાનાં પ્રકારોઃ

**સટ્ટાનાં મુખ્ય બે પ્રકારો છે. (1)રચનાત્મક સટ્ટો અને (2)ખંડનાત્મક સટ્ટો.**

**(1) રચનાત્મક સટ્ટોઃ**

કંપનીની નાણાકીય પરિસ્થિતિ શેરદીઠ કમાણી અને શેરની બજાર કિંમત વચ્ચેનો ગુણોત્તર કંપનીનું અનામતભંડોળ, કંપનીએ અપનાવેલ વિકાસલક્ષી કાર્યક્રમો, કંપનીની પેદાશ અને તેની માંગ, નફાકારકતા, કંપનીના સંચાલનની ગુણવત્તા, ભાવિ વિકાસની શક્યતાઓ, સમગ્ર આર્થિક પર્યાવરણ, સરકારની નીતિ અને જે તે કંપનીના શેરની માંગ અને પુરવઠા પરિસ્થિતિ વગેરેનો અભ્યાસ કરીને શેરની ખરીદી કે વેચાણનાં સોદા કરવામાં આવે છે તેને રચનાત્મક સટ્ટા તરીકે ઓળખવામાં આવે છે. રચનાત્મક સટ્ટામાં ગણતરીપૂર્વક જોખમ ઉઠાવવામાં આવે છે. શેરબજારમાં આ પ્રકારના રચનાત્મક સટ્ટાનું ઘણું મહત્વ છે.શેરબજારના લાભો રચનાત્મકસટ્ટાને આભારી છે અને તેથી રચનાત્મક સટ્ટોઆશીર્વાદરૂપ છે.

**(2)ખંડનાત્મક સટ્ટોઃ**

કોઈપણ જાતની ગણતરીઓ કર્યા વગર આંધળું અનુકરણ કરીને ભાવ વધ-ઘટ માંથી નફો કમાવવા માટે શેરબજારમાં શેરના ખરીદ-વેચાણના જે સોદા કરવામાં આવે છે તે ખંડનાત્મક સટ્ટા તરીકે ઓળખવામાં આવે છે.જ્યોતિષ કે અફવાઓના આધારે કે જાતે ખોટી અફવાઓ ફેલાવીને ભાવોને પોતાને અનુકૂળ બનાવવા માટે મોટા જથ્થામાં ખરીદી કે વેચાણ કરવામાં આવે છે. પરિણામે ભાવોમાં મોટી ઉથલપાથલ થાય છે. ભાવોમાં કાંતો તીવ્ર વધારો થાય છે અથવા તીવ્ર ઘટાડો થાય છે જો ભાવમાં તીવ્ર વધારો થાય તો શોર્ટ સેલર્સ આર્થિક મુશ્કેલીઓમાં મૂકાઈ જાય છે. અને જો તીવ્ર ઘટાડો થાય તો જેમણેમોટા પ્રમાણમાં ઊંચાં ભાવે ખરીદી કરી હોય તે મુશ્કેલીમાં મૂકાઈ જાય છે.

## 7.6 સટોડિયાના પ્રકારઃ-

**(1) તેજીવાળાઃ**

પતાવટની તારીખ પહેલા શેરના ભાવ વધશે તેવું માનીને શેરની ખરીદી કરનારા સટોડિયા તેજીવાળા તરીકે ઓળખાય છે.ખરીદી કરવા પાછળનો ઇરાદો શેરની ડિલીવરી લેવાનો હોતો નથી પરંતુ પતાવટનાં દિવસ પહેલા ઉંચી કિંમતે વેચીને નફો કમાઈ શકાશે અવો હોય છે. તેમની અપેક્ષાઓ ફળીભુત થાય તો નફો કમાય છે.એ ન થાય તો ખોટ સહન કરવી પડે છે અથવા નફો મળતો નથી.તેઓ હંમેશા આશાવાદી સટોડિયા તરીકે ઓળખાય છે. અને બજારમાં તેમની સ્થિતિને લોંગ પોઝિશન (લાંબા ગાળા )તરીકે ઓળખવામાં આવે છે.

**ઉદાહરણઃ-**

એક દલાલ રૂપિયા 300 ના ભાવે કોલગેટના શેર નંગ 3000 ખરીદે છે. પાંચ દિવસ પછી ભાવ વધીને રૂપિયા 310 થઈ જાય છે તો તે દલાલ કોલગેટના શેર રૂપિયા 310 ના ભાવે વેચી નાંખશે તે દિવસે તેને 3000×10 રૂપિયા શેરદીઠ નફો 30,000નો મળી જશે.અલબત્ત જો તેણે દલાલી ચુકવી હશે તો તેટલી રકમ તેના નફામાંથી બાદ થશે સરકારી કરવેરા અને સ્ટેમ્પ ડ્યુટીનું ખર્ચ પણ બાદ થશે.અપેક્ષા મુજબ ભાવ ન વધે અને ઘટી જાય તો નફાને બદલે નુકસાન ભોગવવું પડશે.શેરબજારમાં તેજી હોય તો શેરની દલાલી લેવાલી વધે છે, રોકાણકારો શેરમાં રોકાણ કરવા આકર્ષાય છે અથવા એવા સંજોગોમાં કંપની નવી શેરમૂડી બહાર પાડીને સરળતાથી મૂડી ઊભી કરી શકે છે. અને વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરી શકે છે આ રીતે મૂડીસર્જનમાં મદદરૂપ બની અને તેજીવાળા દેશના આર્થિક વિકાસમાં સહાયભૂત બને છે.

**(2) મંદીવાળાઃ-**

શેરબજારે નક્કી કરેલ પતાવટની તારીખ સુધીમાં શેરના ભાવ ઘટી જશે એ અપેક્ષાએ તે વેચાણ કરે છે અને ખરેખર જ્યારે ભાવ ઘટી જાય ત્યારે તે નીચા ભાવે ખરીદી કરે છે. ઊંચા ભાવે વેચાણ અને નીચા ભાવે ખરીદી એ બે વચ્ચેનો તફાવત એ તેનો નફો ગણાય છે. કેટલીકવાર ખૂબ જ વેચાણ કરીને પુરવઠો વધારીને ઈરાદાપુર્વક ભાવ ઘટાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.જેથી નીચા ભાવે ખરીદી કરી શકાય. શેરબજારની ભાષામાં મંદીવાળી સ્થિતિ શોર્ટ પોઝિશન(ટુંકાગાળા)તરીકે ઓળખાય છે.મંદીવાળા સટોડીયા નિરાશાવાદી તરીકે ઓળખાય છે અને તેઓ ભાવિ ખરીદનારાઓ હોય છે.મંદીવાળાની અપેક્ષા મુજબ પતાવટના દિવસે પહેલા ભાવ ઘટી જાય તો તેને નફો થાય છે, પરંતુ ભાવ ઘટવાને બદલે વધી જાય તો તેને નુકશાન સહન કરવું પડે છે ધારો કે ભાવ ઘટવાની અપેક્ષાએ એક સટ્ટોડિયા' ટાટા સ્ટીલના 5000 શેરનું રૂપિયા 500 ના ભાવે વેચાણ કરે છે અને જો ભાવ ઘટીને રૂ 490 થઈ જાય તો તેને રૂપિયા 5,000×10 =50,000 રૂપિયાનો નફો થશે પરંતુ ભાવ વધીને રૂપિયા 510 થઈ જાય તો તેને રૂપિયા 50,000નું નુકસાન થશે.

જ્યારે શેરબજારમાં મંદીવાળા સક્રિય બને છે ત્યારે તેમના વેચાણમાં દબાણ હેઠળ ભાવ ઘટી જાય છે અને જ્યારે તેમની અપેક્ષા મુજબ ભાવઘટાડો થાય છે ત્યારે નીચા ભાવે ખરીદી કરીને તેઓ નફો કમાય છે શેરબજારમાં જો મંદીનું મોજું ફરી વળેલું હોય તો શેરની લેવાલી ઘટી જાય છે એવી પરિસ્થિતિમાં કંપનીઓને શેરમૂડી ઊભી કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જો મંદીનું વાતાવરણ લાંબા સમય સુધી ચાલુ રહે તો દેશના ઔદ્યોગિક અને આર્થિક વિકાસ પર તેની વિપરીત અસરો પડે છે.

**(3) સ્ટેગઃ-**

સ્ટેગ શેરબજારના એવા સભ્યો છે કે જે જામીનગીરીઓનાં ખરીદ વેચાણ કરતા નથી પરંતુ કંપનીઓ જ્યારે નવી શેરમૂડી બહાર પાડે ત્યારે તેની ખરીદી માટે અરજી કરે છે જેથી શેરબજારમાં નોંધણી થયા પછી જ્યારે ઊંચા ભાવે બોલાય ત્યારે વેચીને નફો કમાઈ શકાય.

## 7.7 સટ્ટાત્મક સોદાઓના પ્રકારઃ

વિવિધ પ્રકારના સટ્ટાત્મક સોદાઓ થતા હોય છેજેમ કે તેજીવાળા અને મંદીવાળા.સોદાઓનાં મુખ્ય બે પ્રકાર છે. (1)હાજર બજારના સોદા,(2)વાયદા બજારના સોદા.શેરબજારમાં, પ્રેફરન્સશેર, ડીબેન્ચર, બોન્ડ, અન્ય જામીનગીરીઓ ઈક્વિટી શેર કરતા ઓછી જોખમવાળી હોય છે. જ્યારે ઈકવિટી શેર જોખમી જામીનગીરી કહેવાય છે.તેના ભાવમાં સતત વધ-ઘટ થતી રહે છે.સટ્ટો ઈક્વિટી શેરનો થાય છે.કારણ કે તે બિનસલામત હોય છે.સટ્ટાનાં સોદાઓ દ્વારા નફો કમાવવાની તક ઉભી થાય છે.શેરબજારમાં સોદાઓનું મૂળભુત રીતે બે વર્ગમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

**(A) હાજરનાં સોદાઃ-**

હાજરનાં સોદા એટલે એવા સોદા કે જેમાં વેચનારે જામીનગીરીની ડિલિવરી આપવાની હોય છે.અને ખરીદનારે કિંમત ચુકવીને જામીનગીરીની ડિલિવરી લેવાની હોય છે.કેટલીક વાર હાજરનાં સોદાનાં પણ બે પ્રકારો પાડવામાં આવે છે.(1) રોકડનાં સોદા-જેમાં રોકડ અને જામીનગીરીની લેવડ-દેવડ તરત કરવાની હોય છે.અને બીજા (2) તૈયાર ડિલિવરીનાં સોદા જેમાં ત્રણથી સાત દિવસની અંદર સોદાની પતાવટ કરવાની હોય છે.જો સોદાનાં પક્ષકારો એક જ શહેર કે વિસ્તારમાં રહેતા ન હોય તો પોસ્ટ દ્વારા જામીનગીરી રવાના કરવા માટે તેમજ નાણાં મોકલવા માટે જે દિવસો પસાર થાય તેમનો સમાવેશ ઉપર મુજબની સમયમર્યાદામાં ગણવામાં થતો નથી.સામાન્ય રીતે શેરબજારે નક્કી કરેલા કાર્યક્રમ મુજબ હાજરનાં સોદાઓની પતાવટ થતી હોય છે.

**(B) વાયદાનાં સોદાઃ-**

વાયદાનાં સોદા વાયદાની જાતોમાં જ કરી શકાય છે.વાયદાનો સોદોએ શેરબજારનાં નીતિ-નિયમોને આધીન રહીને જામીનગીરી વેચવાનો કે ખરીદવાનો કરાર છે.જેમાં જામીનગીરીની ડિલિવરી

નક્કી કરેલ તારીખે ભવિષ્યમાં આપવાની હોય છે.વાયદાનાં સોદામાં જામીનગીરીની ડિલિવરી તરત જ આપવામાં આવતી નથી પરંતુ શેરબજારે નક્કી કરેલી સમયમર્યાદામાં એકાદ મહિનાની મુદતમાં આપવામાં આવે છે મોટાભાગે આવા સોદાઓ સટ્ટાના હેતુથી કરવામાં આવે છે અને તેમાં તરત જામીનગીરી લેવાનો કે ચુકવણી કરવાનો હેતુ હોતો નથી.આવા સોદાઓની પતાવટ ક્લિયરિંગ હાઉસ દ્વારા નક્કી કરેલી વિધિ અને કાર્યક્રમ અનુસાર થતી હોય છે જે કંપનીઓના શેર મોટી સંખ્યામાં હોય, મહત્વનાં હોય અને જેમાં જાહેરહિત પુરતા પ્રમાણમાં રહેલું હોય તેમને જ વાયદાની યાદીમાં મૂકવામાં આવે છે.

## 7.8 ડેરિવેટિવ્ઝ માર્કેટમાં વેપારીઓ :-

ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ત્રણ પ્રકારના વેપારીઓ છે.

**(1) હેજર્સ :**

જેને સંપતિનાં ભાવ વધઘરથી ઉદ્દભવતા અને તે સાથે સંકળાયેલા જોખમોનો કરવો પડે છે. જે તે જોખમ ઘટાડવાના સાધન તરીકે ડેરિવેટિવ્ઝનો ઉપયોગ કરે છે તેને હેજર્સ કહેવામાં આવે છે. હેજર્સ એ બજારમાં રહેલા જોખમોને ઘટાડવા માટે વાયદાના બજારમાં પ્રવેશ કરે છે.

**(2) સટોડિયા (Speculator)**

સટોડિયાઓ ડેરિવેટિવ્ઝ બજારમાં મહત્વનું સ્થાન ધરાવે છે કારણ કે તે હેજિંગની સુવિધા આવે છે. તેઓ બજારમાં પ્રવાહિતા ઉભી કરે છે. ચોક્કસ ભાવોની ખાતરી કરી એવા જોખમો સહન કરે છે જે બીજા સહન કરવા તૈયાર નથી.

જયારે હેજર્સ જોખમ ઘરાડવા અથવા દૂર કરવામાં રસ ધરાવે છે ત્યારે સટોડિયાઓ નફો મેળવવા માટે ડેરિવેટિવ્ઝ ખરીદે છે. સટોડિયાઓ સ્વેચ્છાએ વધારે જોખમો છે. ભાવોની ભાવી કિંમત વધઘટની ફોડમાં શરત મકીને બજારમાં સ્થાન લેવાની ઈચ્છા રાખે છે. અને સટ્ટાકીય સાહસમાં લાભ અને નુકશાન બંનેની સંભાવનામાં વધારો કરે છે.

**(3) આબિટ્રેજર્સ :**

ભાવ તફાવતનો લાભ લઈને આબિટ્રેજર્સ બજારોમાંથી નફો મેળવે છે. ભાવ તફાવતનો લાભ લેવા માટે એક સાથે વધુ બજારોમાંથી નફો મેળવે છે. દાખલા તરીકે જે બજારમાં ભાવ ઓછો હોય ત્યાંથી ખરીદી કરી અને જે બજારમાં ભાવ વધુ હોય તે બજારમાં વેચાણ કરી ભાવ-તફાવતનો લાભ મેળવે છે. બજારમાં પ્રવાહિતા લાવવા સચોટ અને સમાન ભાવોની ખાતરી કરવી ભાવસ્થિરતા વધારવામાં પણ મદદ કરે છે.

**સ્વાધ્યાયઃ-**

**નીચેની ખાલી જગ્યા પુરો.**

(1) ∘∘∘∘∘∘∘∘∘∘∘∘એવું સાધન જેનું મૂલ્ય અન્ય સંપત્તિનાં આધારે નક્કી થાય છે.

(2) જે વેપારીએ ફોરવર્ડ કરારમાં ખરીદવાનું વચન આપ્યું તેને ∘∘∘∘∘∘∘∘∘∘∘∘કહેવામાં આવે છે.

(3) વિકલ્પનાં સોદામાં વેચનારને∘∘∘∘∘∘∘∘∘∘∘∘કહે છે.

જવાબઃ (1) ડેરીવેટીવ (2) લાંબાગાળાની સ્થિતિ (3) લેખક (રાઈટર)

**વૈકલ્પિક પ્રકારનાં પ્રશ્નોઃ-**

(1) ડેરીવેટીવ ∘∘∘∘∘∘∘∘∘∘∘∘બજારનું સાધન છે.

(અ)મૂડી બજાર (બ) પ્રાથમિક બજાર (ક) દ્વિતીય બજાર (ડ) ઉપરનામાંથી એકપણ નહી.

(2) ડેરીવેટીવ વસ્તુઓનો ઉદભવ પ્રારંભિક રીતે હેંજિગનાં સાધન તરીકે∘∘∘∘∘∘∘∘∘∘∘∘માં વધ- ઘટ અંગે થયો હતો.

(અ) બોન્ડનાં ભાવો (બ) ઈક્વિટીનાં ભાવો (ક) કોમોડિટીનાં ભાવો (ડ) વ્યાજનાં દરો

(3) ∘∘∘∘∘∘∘∘∘∘∘∘ને બે બજારો વચ્ચેનાં ભાવનાં તફાવતનો લાભ લેવાની પધ્ધતિ ગણવામાં આવે છે.

(અ) હેજિંગ (બ) સટ્ટો (ક) આર્બિટ્રેજ (ડ)સ્પ્રેડીગ

(4) નાણાકીય ડેરીવેટીવ મુખ્યત્વે આના માટે વપરાય છે.

(અ) સટ્ટાકીય પ્રવતિઓ (બ) હેજિંગ જોખમ (ક) આવક મેળવવા (ડ) જોખમ વધારવા

(5) વિકલ્પનાં કરારમાં જો વિકલ્પ પાકતી મુદતે જ ઉપયોગમાં લેવામાં આવે તો તેને ∘∘∘∘∘∘∘∘∘∘∘∘કહેવાય છે.

(અ) ડબલ ઓપ્શનસ (બ) અમેરીકન ઓપ્શન્સ (ક) પુટ ઓપ્શન્સ (ડ) યુરોપિયન ઓપ્શન્સ

જવાબોઃ- 1.(ક), 2.(બ), 3.(ક), 4.(બ), 5.(ડ)

**હેતુલક્ષી પ્રશ્નો.**

(1) ડેરીવેટિવનો અર્થ,વ્યાખ્યા અને જરૂરીયાત સમજાવો.

(2) વિસ્તૃત નોંધ લખોઃ ડેરિવેટિવ્ઝ બજારનો ઈતિહાસ

(3) સટ્ટાનાં પ્રકારો સમજાવો.

(4) સટોડિયાનાં પ્રકારો સમજાવો.

(5) સટ્ટાત્મક સોદાનાં પ્રકારો સમજાવો.

## એકમ : 8 ડેરિવેટિવ્ઝ માર્કેટ (વાયદાના બજાર) -II

**રૂપરેખાઃ**

**8.1 પ્રસ્તાવનાઃ**

**8.2 નાણાકીય ડેરિવેટિવ્ઝની જરૂરિયાત**

**8.3 નાણાકીય ડેરિવેટિવ્ઝનાં પ્રકારો - સોદાઓ**

1. ફોરવર્ડ
2. ફયુચર્સ
3. ઓપશન્સ
4. સ્વેપસ

**8.4 ફોરવર્ડ-ફ્યૂચર્સ કરારનો તફાવત**

**8.5 ભાવ-તફાવતનાં સોદા (આર્બિટેજ)**

**8.6 એક્સ્ચેંજ વેપાર અને OTCડેરિવેટિવ્ઝ બજાર**

**8.7 NSE માં ડેરિવેટિવ્ઝ માર્કેટ**

**8.8 વોલેટિલિટી**

**8.9 ઉપસંહાર**

**સ્વાધ્યાય**

**8.1 પ્રસ્તાવનાઃ** ડેરિવેટિવ્ઝ એટલે એવું નાણાકીય સાધન કે જેનું મૂલ્ય તેના ઉદભવના આધારરૂપ અસ્ક્યામત કે જામીનગીરીનાં મૂલ્યના આધારે નક્કી થાય છે. ડેરીવેટિવ્ઝરૂપી નાણાકીય સાધનોના સોદા જે બજારમાં થાય છે તે ડેરીવેટિવ્ઝ બજાર તરીકે ઓળખાય છે.

**8.2 નાણાકીય ડેરિવેટિવ્ઝની જરૂરીયાત**:- ભાવનાં ત્રણ પ્રકારનાં મહત્વનાં જોખમો નીચે મુજબ છે.

(૧) બજાર જોખમ

(૨) વ્યાજદર જોખમ

(૩) વિનિમયદર જોખમ

આમ,આ જોખમો હેજ કરવા માટે ઈકવિટી ડેરીવેટિવ્ઝ,વ્યાજદર ડેરીવેટિવ્ઝ,નાણાકીય ડેરીવેટિવ્ઝ જેવાં માળખાંઊભરી આવ્યા છે. નાણાકીય ડેરીવેટિવ્ઝનાં પ્રકારોઃ નાણા બજારમાં તાજેતરનાં વર્ષોમાં ડેરીવેટિવ્ઝ મહત્વનું બની ગયું છે. ફોરવર્ડ, ફયુચર્સ, ઓપશન્સ, સ્વેપસ, એ નાણાકીય ડેરિવેટિવ્ઝનાં મુખ્ય પ્રકારો છે.

## 8.3 નાણાકીય ડેરિવેટિવ્ઝ બજારનાં સોદાઓઃ

**(1) ફોરવર્ડનાંકરાર (સોદાઓ)**:- ફોરવર્ડ એટલે કે વાયદાનો સોદો એ બે પક્ષકારો વચ્ચેનો એવો કરાર છે કે જેમાં જામીનગીરીઓની ડિલિવરી ભવિષ્યની કોઈ ચોક્કસ તારીખે વર્તમાનમાં નક્કી કરેલી કિંમતની ચુકવણી સામે વેચનારે ખરીદનારને આપાવાની હોય છે.વાયદાનાં સોદામાં સોદો વર્તમાનમાં થાય છે.કિમંત પણ વર્તમાનમાં જ નક્કી કરવામાં આવે છે.પરંતુ જામીનગીરીની ડિલિવરી અગાઉથી નક્કી કરેલી ભવિષ્યની કોઈચોક્કસ તારીખે આપવાની હોય છે.સામાન્ય રીતે હાજર બજારમાં કરેલા સોદાઓની બાબતમાં ભાવ વધ-ઘટનાં કારણે ભવતા જોખમ સામે રક્ષણ મેળવવા માટે વાયદાનાં સોદા કરવામાં આવે છે.આવા વાયદાનાં સોદા શેર,બજારો,પેદાશ બજારો અને હુંડિયામણ બજારોમાં થતાં જોવા મળે છે.શેરબજારમાં વાયદાનાં સોદા એટલે સટ્ટાનાં સોદા.શેરબજારમાં સેટલમેન્ટનો જે સમયગાળો નક્કી કરવામાં આવે છે તે સમયગાળા દરમિયાન ભાવોમાં થતી વધ-ઘટમાંથી નફો કમાવા માટે સટોડિટા સટ્ટાનાં સોદા કરે છે.કેટલાક ભાવ વધવાની અપેક્ષાએ ખરીદી કરે છે.અને ખરેખર ભાવ વધે તો સેટલમેન્ટનાં સમયગાળાનાં અંતે તેને લાભ થાય છે.તેણે કરેલા ખરીદ વેચાણનાં સોદાઓની પતાવટ કલીયરીંગ હાઉસ દ્વારા પતાવટનાં દિવસે ભાવ તફાવતની ચુકવણી દ્વારા પતાવટનાં દિવસે પતાવટ કરવામાં આવશે.અહી પણ ભાવ તફાવત જેટલો જ નફો મળશે.જો કે તેમાથી દલાલીની રકમ અને અન્ય ખર્ચા બાદ થશે.

એક વપરાશકર્તા (ધારક) જે નિશ્ચિત ભાવે નક્કી કરેલી કિંમતે ભાવિ તારીખે ખરીદી લેવાનું વચન આપે છે તે લાંબા ગાળાની સ્થિતિમાં હોવાનું કહેવાય છે.બીજી બાજુ વપરાશકર્તા (ધારક) જે ભવિષ્યની તારીખે સંમત ભાવે વેચવાનું વચન આપે છે તે ટંકાગાળાની સ્થિતિમાં હોવાનું કહેવાય છે. લાંબો ગાળો અને ટૂંકો ગાળો આ કરારમાં હોય છે. ફોરવર્ડ કરારમાં સંપત્તિના સપ્લાયની ખાતરી ભવિષ્યની તારીખે આપવામાં આવે છે. આ કરારને સામાન્ય રીતે ઓવર ધી કાઉન્ટર ટ્રેડિંગ (ઓટીસી) ‘ફોરવર્ડ રેટ કોન્ટ્રાક્ટ (એફઆરસી) તરીકે ઓળખવામાં આવે છે. આ કરારો સંપૂર્ણ રીતે ખાનગી રીતે ગોઠવેલા કરારો છે, તેથી તે પ્રમાણિત નથી.તેઓનું વેચાણ કાઉન્ટર (ઓટીસી) પરઆમને-સામને થાય છે, એક્સચેન્જોમાં નહી.આ કરારમાં પક્ષકારોની પધ્ધતિ અનુસાર ફેરફાર કરી શકાય છે ત્યારથી ઘણુ સારું છે. પક્ષકારો પ્રણાલીનાં આધારે આ પ્રકારના કરારમાં પ્રવેશ કરે છે, અને તેથી તેને ‘કસ્ટમાઇઝ કરાર’ પણ કહેવામાં આવે છે.

**ફોરવર્ડ કરારનાં લક્ષણોઃ-**

(1) ફોરવર્ડ કરાર વિદેશી વિનિમય દરની વધઘટને કારણે ઉદ્દભવતા જોખમોમાં મદદ કરે છે.

(2) નો ડાઉન પેમેન્ટઃ ભાવિ તારીખે સંમત કિંમતે નિર્ધારિત સંપત્તિ પહોચાડવા અથવા પ્રાપ્ત કરવાનું વચન હોવું આવશ્યક છે. કરાર કરનાર પક્ષોને કરાર સમયે કોઈ ચુકવણી કરવાની જરૂર નથી.

(3) પાકતી તારીખે પતાવટઃફોરવર્ડ કરારની મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવે ત્યારે નાણાં અથવા કોમોડિટીમાં કોઈ ફેરફાર થતો નથી. હંમેશાં કરાર મુજબ જ પાકતી તારીખે થાય છે.

(4) ત્રીજા પક્ષકારની જરૂરીયાતઃ- ફોરવર્ડ કરારમાં મધ્યસ્થી તરીકે ત્રીજા પક્ષકારની જરૂર હોય છે,જેમ કે બેંક કે અન્ય નાણાકીય સંસ્થા.

(5) ડિલિવરીઃ કરારની પાકતી /(પુર્ણતા)ની તારીખે મિલકતની ડિલિવરીકરવાની હોય છે.

(6) ખરીદનાર અને વેચનારની અનુકૂળતા પ્રમાણે જથ્થા પતાવટ તારીખમાં ફેરફાર કરી શકાય (Tailor made) છે.

**ફોરવર્ડનાં કરારની મર્યાદાઃ-**

1. તે વૈવિધ્યપૂર્ણ કરાર છે જેમાં કરારની તમામ વિગતો છે. છતાં તે બિનવ્યાવસાયિક છે.

2. કોઈપણ એક પક્ષ દ્વારા ટ્રાન્ઝેક્શનમાં ડિફોલ્ટ થવાની સંભાવના છે અને એ  કાઉન્ટર-પાર્ટી જોખમ તરફ દોરી જાય છે જે  ગંભીર મુદ્દો છે.

**(2) ફયૂચર્સ (ભવિષ્ય)નાં કરાર :-**

ફયૂચર્સ પણ ઈન્ડેક્ષ ઓપ્શન અને સ્ટોક ઓપ્શનની જેમ ડેરિવેટિવ્ઝ બજારનું એક સાધન છે.ફયુચર્સનો કરાર એ શેરબજારનાં નિયમો,નિયંત્રણો,અને ચોક્કસ ધારા-ધોરણોને આધીન રહીને કરવામાં આવતો વાયદાનો કરાર છે.

ફયુચર્સનો કરાર એટલે શેરબજારનાં નિયમોને આધિન રહીને વર્તમાનમાં નક્કી કરેલી કિંમતે ભવિષ્યમાં જામીનગીરીઓની ડિલીવરી આપવાનો કરાર.

**ફયુચર્સની લાક્ષણિકતાઃ-**

(1) ચોક્કસ સમયગાળોઃ- ડિલિવરી શેરબજારે નક્કી કરેલા ભાવિ સમયે આપવાની હોય છે.

(2) નિશ્ચિત કિંમતઃ- ડિલિવરી ભવિષ્યમાં આપવાની હોય છે,પરંતુ કિંમત કરાર કરતી વખતે નક્કી કરવામાં આવે છે.

(3) નિશ્ચિત જથ્થોઃ-ખરીદી અને વેચાણનાં સોદા નિશ્ચિત જથ્થામાં થતાં હોય છે.એટલે કે જથ્થાનું પ્રમાણીકરણ થયેલું હોય છે.

(4) પ્રમાણીકરણઃ- કરારનું પ્રમાણીકરણ થયેલુ હોય છે.

(5) પતાવટઃ- રોકડ તથા ભૌતિક સ્વરૂપે ડીલિવરી દ્વારા પતાવટ કરવામાં આવે છે.

ફયુચર્સનાં પ્રકારોમાં સ્ટોક ઈન્ડેક્ષ,વ્યાજદર ફયુચર્સ,કરન્સી ફયુચર્સ,બોન્ડ ઈન્ડેક્ષ ફ્યુચર્સ,અને જીવનનિર્વાહનાં સૂચકાંકનાં ફયુચર્સનો સમાવેશ થાય છે.

**ફ્યુચર્સ કરારનાં પ્રકારોઃ-**

**(1) ઈન્ડેક્ષ ફ્યુચર્સઃ-**

ઈન્ડેક્ષ ફ્યુચર્સ એટલે શેરબજારનાં ઈન્ડેક્ષ નંબર પર આધારીત થતા ફયુચર્સનાં સોદા.ભારતમાં મુંબઈ શેરબજારમાં 9 મી જુન 2000,થી અને રાષ્ટ્રીય શેરબજારમાં  12 મી જુન 2000 થી ઈન્ડેક્ષ આધારિત ફયુચર્સનાં સોદાઓની શરૂઆત થઈ છે. નેશનલ સ્ટોક એક્સચેન્જનાં નિફ્ટી ઈન્ડેક્ષનો ફયુચર્સનાં સોદા માટે ઉપયોગ થાય છે.કોઈ પોર્ટફોલીયો મેનેજર,ઈન્વેસ્ટમેન્ટ કંપની,મ્યુચ્યુઅલ ફંડ ને ઊભા થતા નાણાકીય જોખમ સામે  રક્ષણ મેળવવા માટે  અથવા જોખમ ઘટાડવા માટે ઈન્ડેક્ષ આધારિત ફ્યુચર્સનાં સોદા ઉપયોગી બને છે.ઈન્ડેક્ષમાં ઘણા શેરનાં ભાવનું પ્રતિબિંબ પડે છે.ભારતમાં એક,બે અને ત્રણ મહિનાની પાક્તી મુદતનાં ઈન્ડેક્ષ ફ્યુચર્સ ઉપલબ્ધ છે.

**(2) સ્ટોક ફ્યુચર્સ :-**

સ્ટોક ફ્યુચર્સ એટલે વ્યક્તિગત શેરોનાં ફ્યુચર્સનાં સોદા.મુંબઈ અને રાષ્ટ્રીય શેરબજારમાં અમુક માન્ય કરવામાં આવેલા શેરોનાં ફ્યુચર્સનાં સોદા. 9 મી નવેમ્બર 2001 થી શરૂ થયા.અત્યારે 141 જેટલા શેરોનાં બજારમાં સોદા થાય છે.આ શેરોમાં ભેલ,ઈન્ફોસિસ,રિલાયન્સ,હિંદુસ્તાન લીવર,ટીસ્કો વગેરેનો સમાવેશ થાય છે.વ્યક્તિગત શેરોનાં ફયુચર્સનાં સોદા એટલે વર્તમાનમાં નક્કી કરેલા ભાવે ભવિષ્યની ચોક્કસ તારીખે ડિલિવરી આપવાનો કરાર.

**(3) કરન્સી ફયુચર્સઃ-**

આ એક પ્રકારનું નાણાકીય ફ્યુચર્સ છે. જેમાં વિદેશી ચલણી નાણા અંગે વેપાર થાય છે તેને એક્સચેન્જ દર ફયૂચર્સ પણ કહેવામાં આવે છે. વર્ષ 1970ની શરૂઆતમાં એક્ટિવ ફ્યુચર્સ અંગે વિદેશી ચલણમાં વેપાર કરવાની શરૂઆત કરવામાં આવી હતી. મહત્વના ચલણ કે જેમાં આ વેપાર કરવામાં આવે છે તે છે પાઉન્ડ,યુ.એસ.ડોલર,માર્કસ કેનેડિયન ડોલર વગેરે. આ કરારોની સ્પોટ બજારમાં તાત્કાલિક અસર જોવા મળે છે જેને આંતર બેંક એક્સચેન્જ બજાર કહેવામાં આવે છે અને

સમાંતર આંતર બેંક ફોરવર્ડ બજાર હોય છે. ફ્યુચર ચલણ કરારો હેજિંગ માટે કરવામાં આવે છે ખાસ કરીને નિકાસકારો આયાતકારો બેંક નાણાકીય સંસ્થાઓ અને વિશાળ કંપનીઓ કરે છે.

**(4) બોન્ડ ઈન્ડેક્ષ ફ્યુચર્સઃ-**

સ્ટોક ઈન્ડેક્ષ ફયુચર્સની જેમ આ ફયૂચર્સ પણ એક પ્રકારના કરાર છે જે બોન્ડ ઈન્ડાઈસીઝ ઉપર આધાર રાખે છે. દાખલા તરીકે બોર્ડના ભાવ અંગેના ઈન્ડાઈસીઝ, દેવા સાધનોના ભાવો, વ્યાજના દર સાથે વ્યસ્ત પ્રમાણ એનો સંબંધ ધરાવે છે.આવો જ સંબંધ બોન્ડ ઈન્ડેક્ષ સાથેનો છે. આ ફ્યુચર્સ અંગેનું મહત્વનું ઉદાહરણ મ્યુનિસિપલ બોન્ડ ફ્યુચર્સ જે યુ.એસ મ્યુનિસિપલ બોન્ડ ઉપર આધાર રાખે છે અને તેનો વેપાર શિકાગો બોર્ડ ઓફ ટ્રેડ ઉપર થાય છે.

**(5) જીવનનિર્વાહનાં સુચકઆંકનાં ફયૂચર્સ :-**

આ ફ્યુચર્સને ફુગાવાનાં ફયૂચર્સ કહેવામાં આવે છે.તેનો આધાર જીવન નિર્વાહના સૂચકઆંક ઉપર છે દાખલા તરીકે ગ્રાહક ભાવસૂચક આંક જથ્થાબંધ ભાવસૂચક આંક વગેરે આંતરરાષ્ટ્રીય નાણા બજાર શિકાગોમાં આ ફયૂચર્સ અમેરિકન ગ્રાહક ભાવસૂચક આંક ઉપર આધારિત હોય છે તેનો વેપાર કરવામાં આવે છે. અમેરિકામાં 1980ના દાયકામાં તેમજ 1990ના દાયકામાં ફુગાવાનો દર ખૂબ જ નીચો હતો. આથી આવા કરારો ફીચર્સ બજારમાં પ્રખ્યાત ન થયા. જીવનનિર્વાહનો સૂચકઆંક અણધાર્યા ફુગાવા સામે રક્ષણ આપે છે. આવા કરારો અમુક રોકાણકારોને જેવા કે પ્રોવિડન્ટ ફંડ પેન્શન મ્યુચ્યુઅલ ફંડ વિશાળ કંપનીઓ અને સરકારને ઉપયોગી છે.

**(6)વ્યાજદર ફયૂચર્સ :-**

"વ્યાજદર ફયૂચર્સ એટલે આજે નક્કી થયેલી કિંમતે ભવિષ્યની નિર્ધારિત તારીખે જામીનગીરીને ખરીદવા કે વેચવાનો કરાર." વ્યાજદર ફયુચર્સમાં ભૌતિક સ્વરૂપે રીતે પતાવટ થાય છે. વેચનાર અને ખરીદનાર વચ્ચે બોન્ડની ખરેખર ડિલિવરી આપવા લેવાનુંફિઝીકલ સેટલમેન્ટ સામેલ છે. વ્યાજદર ફયુચર્સમાં મ્યુચ્યુઅલ ફંડ અને ઈન્શ્યોરન્સ કંપનીઓ,બેંક અને પ્રાઈમરી ડીલર્સ,બ્રોકર અને રિટેલ ઈન્વેસ્ટર્સ કામકાજ કરી શકે છે.

**ફ્યુચર્સનાં સોદાઓનાં ફાયદાઃ-**

1. શેરબજારનાં ખેલાડીઓને હેજિંગની સગવડ પૂરી પાડે છે.
2. બજારમાં ટ્રેડીગ વોલ્યુમમાં વધારો થાય છે,પરીણામે જામીનગીરીઓની તરલતામાં વધારો થાય છે.
3. આર્બિટેઝની તકો વધારે ઉજ્જવળ બને છે.
4. શેરબજારનાં ખેલાડીઓ અનેક પ્રકારની ગણતરીઓ કરીને ડેરિવેટિવ્ઝ માર્કેટનાં સોદા કરતા હોવાથી બજારનાં વલણોની આગાહી કરી શકાય છે.
5. બજારનાં ભાવોમાં મોટી ઉથલ પાથલ થતી નથી, ભાવોની સ્થિરતા પ્રમાણમાં જળવાય રહે છે.
6. ઓછી મૂડીએ વધુ નફો કમાઈ શકાય છેએટલે ફયૂચર્સનાં સોદા ખર્ચ પર અસર કરે છે.

**ફયૂચર્સનાં સોદાઓનાં ગેરફાયદાઃ-**

1. બજારે નક્કી કરેલા જથ્થા મુજબ જ ખરીદ-વેચાણનાં સોદાઓ થતાં હોય છે,તેથી હેજિંગ દ્વારા પુરેપુરુ રક્ષણ મળી શકતું નથી.
2. ગણતરીઓ વગરનાં ખંડનાત્મક સટ્ટાને ઉત્તેજન આપે છે.
3. ડેરિવેટિવ્ઝ બજારમાં હાજર બજારનું જ પ્રતિબિંબ પડતું હોય છે.
4. બજારનાં ચુસ્ત ધારા-ધોરણોને નાણાકીય શિસ્તનું પાલન કરવું પડે છે.
5. ડેરિવેટિવ્ઝ બજાર મુંબઈ અને રાષ્ટીય શેરબજાર પૂરતું સિમિત બની ગયું છે.તેનો વ્યાપ વધારવાની જરૂર છે.

❖ **ફ્યૂચર્સ કરારમાં વેપારઃ-**

ફ્યૂચર્સનો વેપાર સ્ટોકના વેપાર કરતાં વધુ જટિલ છે તેમાં ક્લિયરિંગ હાઉસ બજાર માર્કીંગ, અને માર્જિનની બાબતમાં મધ્યસ્થીની જરૂર પડે છે.

**કલિયરિંગ હાઉસઃ-** ફ્યુચર કરાર કે જેનો વેપાર કરવામાં આવતો હોય તેમાં ક્લિયરિંગ હાઉસ વેચનાર અને ખરીદનાર વચ્ચે મધ્યસ્થી કરે છે.ક્લિયરિંગ હાઉસ ખરીદનાર અને વેચનાર બન્ને બને છે અને કરારની બંને બાજુએ કાર્ય કરે છે. જો કોઈ વેપારી તેની ફરજ ન બજાવે તો મુશ્કેલી ઊભી થઈ શકે છે ક્લિયરિંગ હાઉસ પોતાના હિતનું રક્ષણ વેપારીઓ ઉપર માર્જિન લગાવીને કરે છે.

**માર્જિન :-**

જયારે રોકાણકાર ફ્યૂચર્સ અંગેનો વેપાર હાથ ધરે છે ત્યારે તેને પ્રારંભિક માર્જિન પૂરું પાડવું પડે છે.જે કરારના મૂલ્યના 10 ટકા જેટલું હોય છે.તે એકસચેન્જ દ્વારા નક્કી કરવામાં આવે છે. માર્જિનમાં રોકડ અથવા રોકડની સમકક્ષનો સમાવેશ થાય છે. તેનાથી વેપારીઓ ફ્યૂચર કરારમાંથી ઉદભવતી ફરજોનું પાલન કરશે. માર્જિનની નોંધણી બંને પક્ષકારોએ કરવાની રહે છે કારણ કે ભવિષ્યમાં બંને નુકશાની થઇ શકે છે.

**બજારમાં માર્કિંગઃ-**

ફોરવર્ડ કરારોની પતાવટ તેની પાકતી મુદતે કરવામાં આવે છે.જ્યારે ફયૂચર્સ કરારને બજારમાં માર્ક કરવાનું કાર્ય સમયાંતરે કરવામાં આવતું હોય છે. ફ્યૂચર કરારોમાં નફો કે નુકશાન અંગેની પતાવટ પણ સમયાંતરે કરવામાં આવતી હોય છે.ફયૂચર્સ કરારનું મહત્વનું તત્વ બજારમાં માર્કિંગનું છે.દાખલા તરીકે સોમવારની સવારે રોકાણકારો દ્વારા ફ્યૂચર કરારમાં લાંબી સ્થિતિ લેવામાં આવે છે કે જે શુક્રવારના બપોરે પાકતી હોય પણ બજારમાં તેનું માર્કિંગરોજ થતું હોય છે. તેના દ્વારા નક્કી કરવામાં આવેલ ભાવ રૂપિયા 100 છે, સોમવારે જ્યારે વેપાર બંધ કરે છે ત્યારે ફ્યૂચર્સનો ભાવ વધીને રૂપિયા 105 થાય છે. હવે બજારમાં માર્કિંગ થવાથી ત્રણ બાબતો શક્ય બને છે.

(1) તેને રોકડ નફો રૂપિયા ૫ મળશે.

(2) હાલનો ભાવ 100 છે તે રદ કરવામાં આવી શકે છે.

(3) તેને નવો રૂપિયા 105 નો ફ્યૂચર્સ કરાર મળશે.

બજારનાં આ ફ્યૂચરનો અર્થ એવો થાય છે કે ફ્યૂચર્સ કરારનું મૂલ્ય દરેક વેપાર દિવસના અંતે ઝીરો સેટ કરવામાં આવે છે

ડીસેમ્બર 2010 માં ડેરિવેટિવ્ઝ બજારનું ટ્રેડીગ વોલ્યુમ હાજર બજારનાં વોલ્યુમનાં 50% થી પણ વધારે હતું અને હાલમાં તે વોલ્યમ હાજર બજારના વોલ્યમ કરતા અનેક ગણું છે. ટૂંકાગાળામાં સાધેલી આ પ્રગતિ નાની-સૂનીના કહેવાય.ભારતમાં ડેરિવેટિવ્ઝનું ભાવિ ઘણું ઉજ્જવળ છે.

**(3) વિકલ્પના કરાર (તેજી-મંદીના સોદા) :**

તેજી-મંદીનાં સોદા એટલે એવા સોદા જેમાં એક પક્ષકાર બીજા પક્ષકારને નક્કી કરેલું પ્રિમિયમ આપીને અમુક તારીખ સુધીમાં ખરીદી કે વેચાણ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કરવાનો અધિકાર પ્રાપ્ત કરે છે.

નિર્ણયનો આધાર ભાવોના ભાવિ વલણો પર રહેલો છે અને તેથી આવા તેજી-મંદીના સોદા સટ્ટાત્મક સોદા તરીકે ઓળખાય છે. તેજી-મંદીના સોદાઓમાં બે પક્ષકારો છે, એક વિકલ્પ ખરીદનાર અને બીજો વિકલ્પો વેચનાર.વિકલ્પ ખરીદનાર પ્રિમિયમની રકમ ચુકવીને વિકલ્પની ખરીદી કરે છે. વિકલ્પનો ઉપયોગ કરવાની મુદત પણ સોદો કરતી વખતે નક્કી કરવામાં આવે છે જો ખરીદનારને એમ લાગે કે ભાવ વધશે તો તે તેજીનો વિકલ્પ અને ભાવ ઘટશે તો મંદીનો વિકલ્પ ખરીદે છે. અંગ્રેજીમાં આવા તેજી-મંદીના સોદાઓને ઓપ્શન તરીકે અથવાcallandput option તરીકે ઓળખવામાં આવે છે.

**વિકલ્પના સોદાના પ્રકારઃ-** વિકલ્પના સોદાના મુખ્ય ત્રણ પ્રકાર છે.

**(1) તેજીનો વિકલ્પ (call option):**

તેજીનો વિકલ્પ ખરીદવાના અધિકાર તરીકે પણ ઓળખાય છે જ્યારે વિકલ્પ ખરીદનારને એમ લાગે કે નિશ્ચિત ભાવિ સમયગાળા દરમિયાન અમુક શેરના ભાવ વધશે ત્યારે તે પ્રિમિયમની રકમ ચુકવીને વેચનાર પાસેથી તેજીનો વિકલ્પ ખરીદશે. જે દિવસે ખરીદવાના ઈરાદાથી જાહેરાત કરવામાં આવે છે.તે દિવસના ભાવ અને વિકલ્પ ખરીદતી વખતે નક્કી કરેલા ભાવ વચ્ચેનો તફાવતએ ખરીદનારનો કુલ નફો ગણાશે. તેમાંથી પ્રિમિયમ અને કમિશન ચુકવેલ હોય તો બાદ કરવાથી જે રકમ બચે તે તેનો ચોખ્ખો નફો ગણાશે. ભાવ વધવાને બદલે ઘટી જાય તો તે ખરીદવાનાં વિકલ્પનો ઉપયોગ કરશે નહી. ખરીદનારનેright to call or buy a specified quantity of shareમળે છે તેથી તેને તેજીનો વિકલ્પ (call option) તરીકે ઓળખવામાં આવે છે.

**(2) મંદીનો વિકલ્પો (put option):**

મંદીનો વિકલ્પ વેચાણ કરવાના અધિકાર તરીકે પણ ઓળખાય છે. જ્યારે વિકલ્પ ખરીદનારને એમ લાગે કે નિશ્ચિત ભાવિ સમયગાળા દરમિયાન ભાવ ઘટશે તો તે મંદીનો વિકલ્પ ખરીદશે. નિશ્ચિત મુદત દરમિયાન અપેક્ષા મુજબ ભાવમાં ઘટાડો થશે તો તે વેચાણના વિકલ્પનો ઉપયોગ કરીને પોતાના વેચાણનો ઈરાદો જાહેર કરશે. વેચાણ કરવું ફરજિયાત નથી મંદીનો વિકલ્પ ખરીદનારને right to put (or sell) a specified quantity to sales મળે છે અને તેથી જ તેને put optionતરીકે પણ ઓળખવામાં આવે છે.

**(3) તેજી મંદીનો બેવડો વિકલ્પ (put and call option):**

આ પ્રકારનો વિકલ્પ બેવડા વિકલ્પ તરીકે પણ ઓળખાય છે. વિકલ્પ ખરીદનાર ભાવ વધવાની કે ઘટવાની આગાહી કરી શકે એમ ન હોય ત્યારે એ તેજી અને મંદી બંને વિકલ્પો ખરીદે છે અને નિશ્ચિત મુદતમાં જ અનુકૂળ અને લાભકારક હોય તે વિકલ્પનો ઉપયોગ કરે છે. ભાવ વધે તો ખરીદવાના વિકલ્પનો અને ભાવ ઘટે તો વેચાણ કરવાના વિકલ્પનો ઉપયોગ કરશે તેને બેવડું પ્રિમિયમ ભરવું પડે છે.

**દાખલા તરીકે,**

ધારો કે પહેલી એપ્રિલે ટાટા સ્ટીલનાભાવ શેરદીઠ રૂ.700છે. A બેવડા વિકલ્પનો લાભ લેવા માંગે છે અને તેથી રૂ.5,000પ્રિમિયમ ભરીને B પાસેથી તેજી અને મંદી બંને વિકલ્પો ખરીદે છે. ખરીદ-વેચાણનો જથ્થો 1000 શેર અને વિકલ્પનો ઉપયોગ કરવાની છેલ્લી તારીખ 30મી એપ્રિલ નક્કી કરવામાં આવે છે.ધારો કે 28મી એપ્રિલે ભાવ ઘટીને રૂ. 600 થઈ જાય છે અને હવે વધુ ઘટવાની શક્યતા નથી તો મંદીનો વિકલ્પ એટલે કે વેચાણ કરવાનો અધિકાર જાહેર કરશે. તેમ કરવાથી તેને નીચે મુજબના લાભ થશે.

વિકલ્પ ખરીદવાની તારીખનો વેચાણનો ભાવ રૂ.700,

બાદઃ-વિકલ્પોનો ઉપયોગ કરવાની તારીખનો ભાવ રૂ.600,

શેરદીઠ નફો રૂ.1000 શેર પર નો નફો=1000×100= રૂ.1,00,000

બાદઃ- પ્રીમિયમ રૂ.5000,

ચોખ્ખો નફોરૂ.95000.

જો ભાવ ઘટવાને બદલે વધે તો તે ખરીદવાનો વિકલ્પ જાહેર કરશે.જયારે કોલ ઓપ્શનમાં કોઈ ફાયદો ન હોવાથી તે વિકલ્પ જતો કરશે અને જો ભાવ વધવાના બદલે ઘટે તો તે વેચવાનો વિકલ્પ જાહેર કરશે.

**વિકલ્પના કરારની રીતોઃ-**

**(1) ઈન્ડેક્સઓપ્શનઃ**-શેરબજારના ઇન્ડેક્સ નંબરમાં થતી વધ-ઘટ તેમની જામીનગીરીઓનાં મૂલ્યને પણ અસર કરે છે. ઇન્ડેક્ષ નંબરમાં ઘટાડો થાય તો જામીનગીરી મૂલ્યમાં ઘટાડો થાય છે. મૂલ્ય ઘટાડા સામે રક્ષણ મેળવવા માટે વાયદા બજારોની જેમ શેરબજારોમાં પણ હેજિંગની આવશ્યકતા ઉભી થઇ છે. રોકાણકારોને હેજિંગની સગવડ મળી રહે એ હેતુથી સેબીએ મુંબઈ શેરબજાર અને રાષ્ટ્રીય શેરબજારોને ઇન્ડેક્સ આધારિત તેજી-મંદીના સોદા કરવાની પરવાનગી આપી છે જે વાયદા બજારમાં વિકાસની દિશામાં માંડેલુ એક મહત્વનું પગલું છે.ભારતમાં ઇન્ડેક્સ આધારિત તેજી-મંદીની શરૂઆત જૂન 2001 થી થયી. તેજી-મંદીમાં સ્ટોકના બદલે ઈન્ડેક્સની વધઘટ સામે રક્ષણ મેળવવા માટે call option fu put optionનો ઉપયોગ કરવામાં આવે છે.ઈન્ડેક્સનું નાણાકીય મૂલ્ય પણ નક્કી કરવામાં આવે છે,જેમકે 1 ઈન્ડેકસ=ઈન્ડેકસ×100 રૂપિયા.ઇન્ડેક્સ આધારીતતેજી-મંદીના સોદાઓમાં સોદાઓની પતાવટ ક્લિયરિંગ હાઉસ દ્વારા થાય છે. તેમાં ડિલિવરી આપવાની હોતી નથી. કારણકે ઈન્ડેક્સનો સોદો થાય છે અને ઈન્ડેક્સ એ પોતે જામીનગીરી નથી.પતાવટ રોકડેથી કરવાની હોય છે એ બાબતમાં શેર બજાર ને ક્લિયરિંગ હાઉસનું પીઠબળ મળી રહે છે.

**(2) સ્ટોક ઓપ્શનઃ**સામાન્ય રીતે સંસ્થાકીય રોકાણકારો માટે ઇન્ડેક્સ આધારિત તેજી-મંદીના સોદા વધારે ઉપયોગી છે. ઇન્ડેક્ષની જેમ કોઈ ચોક્કસ કંપનીના શેરના બજારભાવમાં પણ વધઘટ થતી હોય છે. કેટલાક શેરોની કિંમતમાં તો ટૂંકા ગાળામાં મોટી ઊથલપાથલ થતી હોય છે આવા શેરમાં કેટલું રોકાણ જોખમી પુરવાર થાય છે. કોઈ રોકાણકારે મોટી સંખ્યામાં સ્ટોક (શેર્સ) ખરીદયા હોય અને પછી ભાવ ઘટી જાય તો તેને મોટું નુકસાન સહન કરવું પડે છે. ભારતમાં stock option ના સોદા જુલાઈ 2002થી શરૂ થયા છે.

તે શેરબજારમાં થતો કરાર છે. જેમાં ખરીદનાર પ્રિમિયમ ચુકવીને કરારની મુદતના અંતે અથવા મુદત પહેલા ખરીદી કે વેચાણ કરવાના વિકલ્પની ખરીદી કરે છે.સોદો કરતી વખતે શેરની કિંમત નક્કી કરવામાં આવે છે. સામાન્ય રીતે સોદાનાં દિવસે પ્રવર્તતી બજારકિંમતને ધ્યાનમાં રાખીને સોદાના હેતુસર શેરની કિંમત નક્કી કરવામાં આવે છે તે strike price તરીકે ઓળખાય છે. તેજી ખરીદેલી હોય અને ભાવ વધે તો strike price એ ખરીદીના અધિકારની જાહેરાત કરશે, જો મંદીખરીદેલી હોય અને શેરના ભાવ ઘટે તો તે strike price વેચાણના અધિકારી ની જાહેરાત કરશે અને નફો કમાશે.જો શેર ભાવમાં કોઈ વધ-ઘટ ન થાય તો તે વિકલ્પનો ઉપયોગ કરશે નહી. તેણે પ્રિમિયમની રકમ ગુમાવવી પડશે.

**તેજી-મંદીના સોદાઓના ફાયદાઃ-**

(1) તેજી-મંદીના સોદા ભાવોમાં સંભવિત વધારાકે ઘટાડા સામે રક્ષણ આપે છે. હાજરનાં બજારમાં ખરીદી કરી હોય અને ભાવો ઘટી જવાની સંભાવના હોય તો તે મંદી ખરીદશે. ખરેખર ભાવ ઘટી જાય તો તે પોતાનો વેચાણનો ઈરાદો જાહેર કરીને તેજી-મંદીના સોદામાં નફો કમાશે. જયારે ભાવ ઘટવાથી હાજર સોદામાં નુકસાન થશે આ રીતે હાજર બજાર નુકસાન તેજી-મંદીના સોદામાં થયેલા નફા દ્વારા સરભર થઇ જશે.(2)પ્રિમિયમની નજીવી રકમ ભરીને મોટો લાભ મેળવી શકાય છે.તેથી નાની વ્યક્તિઓ પણ ઓછું જોખમ ખેડીને ભાવ વધ-ઘટ સામે રક્ષણ મેળવી શકે છે.(3) તેજી-મંદીનાં કરારો ભાવોને બેફામ રીતે વધતા કે બજારને એકદમ બેસી જતું અટકાવે છે.જ્યારે ભાવમાં વધારો થાય છે ત્યારે તેજીવાળા સક્રીય બને છે.તે જ રીતે ભાવો ઘટવાની સંભાવના હોય ત્યારે મંદીવાળા સક્રીય બને છે.આ રીતે ભાવ સ્થિરતા જાળવી રાખવામાં મદદરૂપ બને છે.(4) તેજી-મંદીનાં સોદા કૃત્રિમ માંગ અને પુરવઠો પુરો પાડીને બજારને વિશાળ બનાવે છે.(5) પતાવટગૃહનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.તેથી કરારનાં પાલનની ખાતરી મળે છે.(6) તેજી-મંદીનાં સોદા બજારની તરલતામાં વધારો કરે છે.

**તેજી-મંદીનાં સોદાઓનાં ગેરફાયદા :**

(1) તેજી-મંદીનાં સોદા માણસની જુગારવૃતિને પોષે છે.

(2) શેરબજારમાં સોદાઓને અનિયંત્રિત પ્રમાણમાં છૂટ મળી જાય તો માત્ર અટકળોને આધારે થતા સોદાઓનું પ્રમાણ વધી જાય છે.

(3) તેજી-મંદીનાં સોદાઓનો વેપાર એ વાસ્તવિક વેપાર નથી માત્ર કૃત્રિમ વેપાર છે.

(4) તેજી-મંદીનાં વેપારમાં સોદો લગાડનાર કરતા ખાનાર ને માથે મોટું જોખમ રહેલુ છે.

**(4) સ્વેપ્સ :-**

સ્વેપ એ બે પક્ષકારો વચ્ચેની ખાનગી સમજુતી છે.જેમાં તેઓ રોકડ પ્રવાહની અદલા-બદલી ભવિષ્યમાં હાલમાં નક્કી કરેલી રીત મુજબ કરે છે.તેને ફોરવર્ડ કરારના પોર્ટફોલિયો કહેવામાં આવે છે સ્વેપ્સનો વેપાર સ્વેપ ડીલર દ્વારા ઓટીસી ઉપર કરવામાં આવે છે. આવા ડીલરો વિશાળ નાણાકીય સંસ્થાઓ હોય છે અથવા વિશાળ દલાલી હાઉસ હોય છે. હાલના સમયમાં આ ડીલરો બજારમાં સ્વેપ માર્ક કરે છે જેથી તમામ પક્ષકારોના ડીફોલ્ટને લીધે ઉદ્દભવતા જોખમ ઘટાડી શકાય છે.

**સ્વેપની મહત્વપૂર્ણ લાક્ષણિકતાઓ નીચે મુજબ છેઃ-**

(1) મળભૂત રીતે સ્વેપ ફોરવર્ડ સંયોજન સિવાય બીજું કશું જ નથી. તેથીતેમાં ફોરવર્ડ કરારનાં બધા ગુણધર્મો છે.(2) સ્વેપમાં દ્વિપક્ષીય જોડાણ જરૂરી છે કે જે બે પક્ષો સાથે હોય. સમાન અને વિરુધ્ધ જરૂરિયાતો એકબીજાના સંપર્કમાં હોવી જોઈએ, (3) મધ્યસ્થીની આવશ્યકતાઃ- સ્વેપમાં વિરોધી પરંતુ સમાન જરૂરિયાતોવાળા બે સહયોગીઓનું અસ્તિત્વ જરૂરી છે. આનાથી બંને પક્ષોને જોડાણ કરવાની મધ્યસ્થીની આવશ્યકતા ઊભી થાય છે. સ્વેપ ગોઠવીને આ મધ્યસ્થીઓ પણ આવક મેળવી શકે છે. નાણાકીય કંપનીઓ ખાસ કરીને બેક્રો નાણાકીય બજારમાં તેમની વિશેષ સ્થાન અને ગ્રાહકોની વિવિધ જરૂરિયાતો અંગેના તેમના જ્ઞાનને કારણે આ નવીન ક્ષેત્રે મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. (4) પતાવટઃ- સ્વેપ કરારમાં ઉલ્લેખિત મુખ્ય રકમનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવા છતાં, ત્યાં આપ-લે થતી નથી. બીજી બાજુ ફિક્સિંગ રેટના વ્યાજ દર માટે સ્થિર દર દ્વારા વ્યાજના પ્રવાહની આપ-લે કરવામાં આવે છે અને આ રીતે, એકલ ચુકવણીને બદલે રોકડ પ્રવાહના પ્રવાહો છે.દાખલા તરીકે, એક પક્ષ બીજા પક્ષને નિયત દરે વ્યાજ ચૂકવવા માટે સંમત થાય છે, તે જ સમયેતે જ પક્ષ તરફથી ફ્લોટિંગ રેટ વ્યાજ મેળવવાની સંમતિ આપે છે. (5) લાંબા ગાળાના કરારઃ- સામાન્ય રીતે ફોરવર્ડ માત્ર ટૂંકાગાળા માટે ગોઠવાય છે. લાંબી તારીખવાળા ફોરવર્ડ રેટ કરારને પસંદ કરવામાં આવતાં નથી કારણકે તેમાં ડિફોલ્ટનું જોખમ, વ્યાજ દરની વધ-ઘટનું જોખમ વગેરે જેવા વધુ જોખમો સામેલ હોય છે. પરંતુ અદલા-બદલ લાંબા ગાળાના કરારની હોય છે અને તે લાંબા ગાળાના ફોરવર્ડ રેટ કરાર જેવા જ હોય છે. સ્વેપ જેમાં બે ચલણનું વિનિમય થાય છે તેને ક્રોસ કરન્સી કહે છે.

**8.4 ફોરવર્ડ –ફ્યૂચર્સ કરારનો તફાવતઃ-**

ફોરવર્ડનો કરાર પ્રમાણભૂત હોય છે અને પધ્ધતિમાં કરવામાં આવે છે.(1)**કરારનું સ્વરૂપ**ઃ- એક ફોરવર્ડ કરાર બધે પ્રમાણિત કરેલ નથી. તે અર્થમાં લાંબો કરાર છે કે કેન્દ્રની શરતો જેવી કે જથ્થો, ભાવ, અવધિ, તારીખ, ડિલિવરીની સ્થિતિ વગેરે પક્ષો વચ્ચે તેમની સુવિધા અનુસાર વાટાઘાટો થઈ શકે. બીજી બાજુ ફ્યૂચર્સ કરાર એ એક ઉચ્ચ પ્રમાણભૂત છે જ્યાં કરારની બધી શરતો પ્રમાણિત છે અને તે કરારમાં પક્ષકારોની આવશ્યકતાઓમાં ફેરફાર કરી શકાતો નથી. (2)**ગૌણ બજારનું અસ્તિત્વ**ઃ- ફોરવર્ડ કરાર એ કસ્ટમાઈઝ કરાર હોવાથી તે પ્રમાણભૂત નથી. તેથી તે વ્યવસ્થિત વિનિમય પર વેપાર કરી શકાતો નથી. પરિણામ સાથે, ફોરવર્ડ કરાર માટે કોઈ ગૌણ બજાર નથી.પરંતુ, ફ્યૂચર્સ કરાર વ્યવસ્થિત એક્સચેન્જો પર થઈ શકે છે. તેથી તેનું ગૌણ બજાર છે. (3)**પતાવટ**ઃ- ફોરવર્ડ કરારની હંમેશાં પાકતી તારીખે પતાવટ થાય છે. પરંતુ ફ્યૂચર્સ કરારની હંમેશાં દરરોજ પતાવટ કરવામાં આવે છે, પરિપક્વતાની તારીખને ધ્યાનમાં લીધા વિના તે દૈનિક ધોરણે માર્કેટમાંનક્કી

થયેલ છે. (3) ફોરવર્ડ કરારના સમયગાળાને કરાર સમયે કોઈ ડાઉન પેમેન્ટ ચકવવું જરૂરી છે. જોકે વાયદાના કરારના કિસ્સામાં 'માર્જિન મની' તરીકે કરારના ભાવની ટકાવારી, કરાર કરનાર પક્ષો પાસે ફેરફાર જમા કરાવવો પડે છે. તે કરારને ટેકો આપવા માટે કાર્ય કરે છે. (4)**એસેટની ડિલિવરી**:- એસેટની ડિલિવરીએ ફોરવર્ડનાં કિસ્સામાં કરારની પરિપક્વતાની તારીખમાં આવશ્યક છે. જ્યારે ફ્યચર્સ કરારની ડિલિવરી સાથે સમાપ્ત થતો નથી. પક્ષો ફક્ત એમની વચ્ચે તફાવતની આપલે કરે છે.

**વાયદા (ફોરવર્ડ) ફ્યૂચર્સ કરારનો તફાવતઃ-**

| ક્રમ | વાયદાનો કરાર | ફ્યૂચર્સનો કરાર |
|---|---|---|
| 1 | બે પક્ષકારો વચ્ચેનો પ્રણાલિકાગત કરાર છે. | બે પક્ષકારો વચ્ચેનો પ્રમાણીકૃત કરાર છે. |
| 2 | ડિલિવરીનો સમયગાળો પક્ષકારોની જરૂરીયાત મુજબ નક્કી થાય છે. | ફ્યુચર્સનાં મહિના નક્કી હોય અને તે શેરબજારે નક્કી કરેલા હોય. |
| 3 | જથ્થો પક્ષકારોની જરૂરીયાત મુજબ નક્કી કરવામાં આવે છે. | વેપારનો પ્રમાણીત જથ્થો શેરબજારે નક્કી કરેલો હોય છે, અને સોદા તે જથ્થામાં જ કરવાનાં હોય છે. |
| 4 | ઈરાદો ડિલિવરી આપવાનો કે લેવાનો હોય છે. | સામાન્ય રીતે ફ્યૂચર્સનાં કરાર હેંજિગ અથવા સટ્ટાનાં હેતુસર કરવામાં આવે છે. |
| 5 | નાણાની ચુકવણી સામે ડિલિવરી આપીને પતાવટ થાય છે. | રોકડેથી ભાવ-તફાવત ચુકવીને પતાવટ થાય છે. |
| 6 | વાયદાનાં સોદા કડક નિયંત્રણોને અને બજારનાં ધારા-ધોરણોને આધિન હોતા નથી. | બજારનાં ધારાધોરણો અને કડક નિયંત્રણોને આધિન હોય છે. |

## 8.5 ભાવ-તફાવતનાં સોદા(આર્બિઝેજ):-

કંપની પોતાનાં શેરની નોંધણી એક કરતા વધું શેર બજારોમાં કરાવી શકે છે.જો કંપનીનાં શેરોની નોંધણી એક થી વધુ શેરબજારોમાં થઈ હોય તો,બે બજારોમાં એક જ કંપનીનાં શેરનાં ભાવમાં તફાવત ઊભો થાય છે.સટોડિયાઓ આ તફાવતનો ઉપયોગ નફો કરવા માટે કરે છે.જે શેરબજારમાં ભાવ નીચા હોય ત્યાંથી ખરીદી કરી જે શેર બજારમાં તે જ શેરનાં ભાવ ઊંચા હોય ત્યાં વેચાણ કરવામાં આવે છે.આ રીતે એકીસાથે બજારમાં ખરીદી કરવામાં આવે અને બીજા બજારમાં વેચાણ કરવામાં આવે તો તેને ભવ તફાવતનાં સોદા તરીકે ઓળખવામાં આવે છે. ઉ.ત.શેરનાં ભાવ મુંબઈ શેરબજારમાં રૂ.150 હોય અને દિલ્હી શેરબજારમાં રૂ.135 હોય તો દિલ્હી શેરબજાર માં ખરીદી કરવામાં આવશે અને મુંબઈ શેરબજારમાં વેચાણ કરવામાં આવશે.બે ભાવો વચ્ચેનો તફાવત (150-135= રૂ.15) સટોડિયાનો નફો ગણાશે.આર્બિટેઝનાં પ્રકારોમાં (1)ફ્યુચર્-ફ્યૂચર્સ આર્બિટઝ અને રોકડ ફ્યુચર્સ આર્બિટેઝનો સમાવેશ થાય છે.

સામાન્ય રીતે માંગ અને પુરવઠાના આધારે જથ્થા અથવા કંપનીને લગતી મહત્વની માહિતી એક બજારને વહેલી ઉપલબ્ધ બને અને બીજા ને પાછળથી મળે તો તેને કારણે ભાવ તફાવત ઊભો થાય છે આવા ભાવ તફાવતના સોદાઓના કારણે બે બજારના ભાવો વચ્ચે સમતુલા પણ સધાય છે.બજારમાં ભાવ નીચા હોય ત્યાં માંગ વધશે પરિણામે ભાવ ઊંચકાશે અને જે બજારમાં ભાવ ઊંચા હોય ત્યાં વેચવાલી વધશે પરિણામે પુરવઠો વધશે અને ભાવો દબાશે બંને બજારના ભાવ લગભગ સરખા ન થાય ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહેશે. વિવિધ બજારો વચ્ચે ઝડપી માહિતી સંચારની વ્યવસ્થા એ ભાવ તફાવતના સોદાઓની સફળતા માટેની એક પૂર્વ શરત છે.ઝડપી માહિતી સંચારની આવી વ્યવસ્થા પી.ટી.આઈની મદદથી અમદાવાદ,મુંબઈ,દિલ્હી કોલકત્તા અને ચેન્નાઈના શેરબજારોમાં ઉભી કરવામાં આવી છે અત્યારે ઇન્ફર્મેશન ટેક્નોલોજીના વિકાસને કારણે શેરબજારની માહિતીનું સતત પ્રસારણ થતું રહેતું હોય છે. શેરબજારની માહિતી દલાલો આવા મહત્વના બજારોમાં બોલાતા ભાવોની માહિતી તાત્કાલિક મેળવીને ભાવ તફાવત ના સોદા કરી શકે છે.ભાવ તફાવત ના સોદા બે સ્ક્રિપ્સ વચ્ચે પણ કરી શકાય.

## 8.6 એકસ્ચેંજ વેપાર અને OTCડેરિવેટિવ્ઝ બજારઃ-

એક્સચેન્જ વેપાર સામે ઓટીસી(ઓવર ધ કાઉન્ટર) ડેરિવેટિવ્ઝ બજારોમાં વૈશ્વિક સ્તરે એક વર્ષમાં આશરે 40 ટકાનો તીવ્ર વધારો થયો છે.ઓટીસી માર્કેટમાં ટ્રાન્ઝેક્શન એકસચેંજના ટ્રેડિંગ ફ્લોરની વિરુધ્ધ ટેલિફોન,ફેક્સ અને અન્ય ઇલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા થાય છે.ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી)એ ઓટીસી ડેરિવેટિવ્ઝ બજારોમાં ઝડપી વૃધ્ધિ કરી છે.વિનિમય વેપાર કરાર કરતાં ઓટીસી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ વધુ પ્રવાહીતા હોય છે.જો કે ઓટીસી ડેરિવેટિવ્ઝ બજાર સ્થિર ઔપચારિક સ્થિરતા અને અખંડિતતા માટેની પૂર્વશરત માટેના નિયમો,ઔપચારિક કેન્દ્રિય મર્યાદા અથવા વ્યક્તિગત હોદ્દાની ગેરહાજરી, લાભ અથવા નિયમનકારી અધિકારીની ગેરહાજરી વગેરેમાં વર્ગીકૃત કરવામાં આવે છે.વધુમાં ઓટીસી ડેરિવેટિવ્ઝ બજારોની કેટલીક વિશેષતાઓ, જેમ કે ગ્રોસ / ક્રેડિટ એક્સપોઝર, માહિતીની અસમપ્રમાણતા, ઉપલબ્ધ એકંદર ક્રેડિટ પર ઓટીસી ડેરિવેટિવ પ્રવૃત્તિઓનો પ્રભાવ, મોટી સંસ્થાઓમાં ઓટીસી ડેરિવેટિવ પ્રવૃત્તિઓની ઉચ્ચ પ્રવાહિતા અને ઓટીસી ડેરિવેટિવ્ઝની મધ્ય ભૂમિકા વૈશ્વિક નાણાકીય પ્રણાલીમાં બજારો, સંસ્થાઓ અને નાણાકીય વલણમાં અસ્થિરતાને જન્મ આપે છે.ઉચ્ચ લાભ આપતી સંસ્થાઓ અને તેમની ઓટીસી વ્યુત્પન્ન સ્થિતિઓ તેનું મુખ્ય કારણ છે.

## 8.7 NSEમાં ડેરિવેટિવ્ઝ માર્કેટ :-

ડેરીવેટિવ્ઝનાં ફ્યૂચર્સ અને ઓપ્શન્સ વેપારની પધ્ધતિને NEAT-F&O વેપાર પધ્ધતિ કહેવાય છે.NSE વેપાર પધ્ધતિ પર ડેરિવેટિવ્ઝ માર્કેટમાં બે પ્રકારનાં વપરાશકર્તા હોય છે, ટ્રેડિંગ સભ્યો અને ક્લિયરીગ સભ્યો. ઓર્ડર એન્ટ્રી, ઓર્ડર મેચિંગ, ઓર્ડર અને ટ્રેડ મેનેજમેન્ટ જેવા કાર્યોની જવાબદારી ટ્રેડિંગ સભ્યોની  હોય છે જ્યારે ક્લિયરિંગ મેમ્બર (સીએમ) ટ્રેડિંગ વર્કસ્ટેશનનો ઉપયોગ ટ્રેડિંગ સભ્યોને મોનિટર કરવાના હેતુથી કાર્ય કરે છે. જેના માટે તેઓ સોદા  કરે છે. તેઓ ટ્રેડિંગ સભ્યનાં હોદ્દાની મર્યાદા પણ નક્કી કરી શકે છે. હાલમાં, NSE પર 200 થી વધુ ડેરીવેટિવ્ઝ સભ્યો છે. ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ કરતા પહેલા કોઈ રોકાણકારે ડેરિવેટિવ્ઝ સેગમેન્ટના સભ્ય સાથે ક્લાયંટ-બ્રોકર કરાર પર સહી કરવી પડે છે.જો ઈન્ડેક્સ ફ્યૂચર્સ ટ્રેડિંગ માટે પહેલાથી કરાર થયેલ હોય તો ઓપ્શન્સ ટ્રેડિંગ માટે નવા કરારની જરૂર નથી. રોકાણકારે તેના કરારના મૂલ્ય (સ્ટ્રાઈક પ્રાઈસ વત્તા પ્રીમિયમ) પર તેના બ્રોકર-સભ્યને કમિશન ચુકવવું પડશે.

## 8.8 વોલેટિલિટી ટ્રેડિંગઃ-

વોલેટિલિટી ટ્રેડિંગ ભાવની અસ્થિરતાની અપેક્ષામાં પરિવર્તનશીલ બની રહ્યું છે. રોકાણકાર માને છે કે સંપત્તિની કિંમત કાં તો નોંધપાત્ર રીતે વધશે અથવા ઘટશે પરંતુ તેનાં ભાવના પ્રવાહની દિશા જાણી શકાતી નથી. આ ઉપરાંત તેમાં મુખ્ય આગાહીઓ જેવી કે ડાયવેસ્ટમેન્ટ, બજેટ સમય વગેરેનો સમાવેશ થાય છે.તે અંતર્ગત બે વ્યૂહરચના જેવી કે સ્ટ્રેડલ અને સ્ટ્રેંગલનો સમાવેશ થાય છે.જેમાં એક જ સ્ટોક પર કોલ અને પુટ બન્ને ઓપ્શનસ લેવામાં આવે છે.

## 8.9 ઉપસંહારઃ-

આમ,ડેરિવેટિવ્ઝ ગૌણબજારનું સાધન છે.વિદેશી વિનિમય ક્ષેત્રમાં ભારતમાં ઉપલબ્ધ ડેરિવેટિવ્ઝ પણ વપરાશકર્તાઓ માટે ખૂબ ફાયદાકારક છે.હાલમાં ઓવર ધ કાઉન્ટર ઉપર તેનો વેપાર થઇ રહ્યો છે.આમ,ડેરિવેટિવ્ઝના વેપારમાં મિલકતની લેવાની દેવાની ડિલિવરી આપવાની હોતી નથી તેના વ્યવહારની પડતર નીચી હોય છે. સામાન્ય  કરારો કરતાં પણ ઓછી હોય છે, એક્સચેન્જ મારફત કરવામાં આવતા ડેરિવેટિવ્ઝના ઉદાહરણો રાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જ,મુંબઈ સ્ટોક એક્સચેન્જ,ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ,નીફટી 500,નીકેઈ225 વગેરે ઉપર વેપાર કરવામાં આવે છે.જયારે આપણે ડેરિવેટિવ્ઝનો ઉપયોગ કરીએ છીએ ત્યારે પતાવટ માટેના ઉદ્દેશ્ય માટે ડેરિવેટિવ સોદા પર નફો અથવા નુકસાન ફક્ત ડેરિવેટિવ્ઝ માર્કેટમાં થાય છે. તેમ છતાં, ડેરિવેટિવ્ઝ કોઈ નવું જોખમ ઊભુ કરતાં નથી. તેઓ ફક્ત જોખમોથી બચવા પ્રયુક્તિ કરે છે અને તેમને તે લોકોમાં સ્થાનાંતરિત કરે છે.

**સ્વાધ્યાય:-**

**નીચેની ખાલી જગ્યા પુરો.**

(1) ₀₀₀₀₀₀₀₀₀₀₀₀કરાર પ્રમાણભૂત નથી.

(2) નાણાકીય ડેરિવેટિવ્ઝ અંતર્ગત ₀₀₀₀₀₀₀₀₀₀₀₀લાંબાગાળનાં સોદા કહેવાય છે.

જવાબો:- (1) ફોરવર્ડ (2) સ્વેપ્સ

**વૈકલ્પિક પ્રકારનાં પ્રશ્નો:-**

(1) ₀₀₀₀₀₀₀₀₀₀₀₀ એ જામીનગીરીઓ વેચવાનો કે ખરીદવાનો કે અન્ય કોઈ મિલ્કત કોઈ ચોક્કસ સમયે ચોક્કસ ભાવે ખરીદ કે વેચાણ કરવાનો અધિકાર દર્શાવે છે.

(અ) ફોરવર્ડ (બ) ફયૂચર્સ (ક) ઓપ્શનસ (ડ)સ્વેપ્સ

(2) ₀₀₀₀₀₀₀₀₀₀₀₀એ એક પ્રકારનો ખાનગી એગ્રીમેન્ટ બે પક્ષકારો વચ્ચેનો છે.જેમાં રોકડ પ્રવાહનું આદાન-પ્રદાન ભવિષ્યમાં ચોક્કસ પધ્ધતિ મુજબ કરવામાં આવે છે.

(અ) ફોરવર્ડ (બ) ફયૂચર્સ (ક) ઓપ્શન્સ (ડ) સ્વેપ્સ

(3) નીચેનાંમાંથી કોઈએક એ ઈન્ડેક્ષ ડેરીવેટીવ છે જે પોતાનું મૂલ્ય નિફ્ટી અથવા સેન્સેક્સ જેવા સ્ટોક ઈન્ડેક્ષમાંથી પ્રાપ્ત કરે છે.

(અ) સ્ટોક ઈન્ડેક્ષ ફયૂચર્સ (બ) વ્યાજ દર ફ્યૂચર્સ (ક) બોન્ડ ઈન્ડેક્ષ ફ્યૂચર્સ (ડ) કરન્સી ફયૂચર્સ

(4) ₀₀₀₀₀₀₀₀₀₀₀₀એટલે ફયૂચર્સ કરારનું ખરીદ અને વેચાણ કે જેનાથી બજાર ભાવોમાં આવતા બદલાવોનાં જોખમ સામે રક્ષણ મળી રહે છે.
(અ) હેજિંગ (બ) સટ્ટો (ક) આર્બિટ્રેજ (ભાવ તફાવત) (ડ)સ્પ્રેડીગ

(5) એવા સાધનો જેને માર્કેટમાં માર્ક કરવામાં આવે છે તે₀₀₀₀₀₀₀₀₀₀₀₀

(અ) ફોરવર્ડ (બ) ફયૂચર્સ (ક) સ્વેપ્સ (ડ) ઓપ્શન્સ

**જવાબો:-** 1. (ક), 2. (ડ), 3. (અ), 4. (અ), 5. (બ),

**હેતુલક્ષી પ્રશ્નો.**

(1) ફયૂચર્સ કરારનો અર્થ અને લક્ષણો જણાવો.

(2) ફોરવર્ડ કરાર એટલે શું?લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.

(3) વિકલ્પનાં કરાર એટલે શું?વિકલ્પનાં સોદાનાં વિવિધ પ્રકારો સમજાવો.

(4) વિકલ્પનાં સોદાનાં લાભા-લાભ સમજાવો.

(5) ભવિષ્યનાં કરારનાં ફાયદા અને ગેરફાયદા સમાજાવો.

(6) ફોરવર્ડ કરાર અને ફયૂચર્સકરારનો તફાવત સમજાવો.

(7) ટૂંકનોંધ લખોઃ NSE માં ડેરીવેટીવ બજાર

(8) ટૂંકનોંધ લખોઃ એકસ્ચેંજ વેપાર અને OTC ડેરિવેટિવ્ઝ બજાર

# એકમ : 9 SEBI
# (ભારતીય પ્રતિભૂતિ (જામીનગીરી) અને વિનિમય બોર્ડ)

## : રૂપરેખા :

9.1 પ્રસ્તાવના

9.2 સેબીની રચના કેમ કરવામાં આવી ?

9.3 સેબીનો ઈતિહાસ

9.4 સેબીનું સંગઠનાત્મક માળખું

9.5 સેબીના ઉદ્દેશો

9.6 સેબીની ભૂમિકા

9.7 સેબીના કાર્યો

9.8 સેબીની સત્તા

9.9 સેબી દ્વારા જારી કરાયેલા નિયમો, માર્ગદર્શિકા અને યોજનાઓ

9.10 રોકાણકારો માટેની માર્ગદર્શિકા

9.11 શૅરબજાર અંગેના સેબીના સુધારાઓ અને સેબીની ઉપલબ્ધિઓ

9.12 ઉપસંહાર

9.13 પારિભાષિક શબ્દો

- સ્વાધ્યાય

## 9.1 પ્રસ્તાવના

સિક્યોરિટીઝ માર્કેટ વિવિધ એજન્સીઓ જેવી કે ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક્સ (ડીઈએ), કંપની બાબતોના વિભાગ (ડીસીએ), ભારતીય રિઝર્વ બેંક (RBI) અને સેબી દ્વારા નિયમન કરવામાં આવે છે. આ એજન્સીઓની પ્રવૃત્તિઓ પર ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા સંકલન કરવામાં આવે છે. ફાયનાશિયલ માર્કેટ્સ માટેની ઉચ્ચ સ્તરની સંકલન સમિતિ વિવિધ નીતિ કક્ષાના મુદ્દાઓની ચર્ચા કરે છે, જેને ફાયનાશિયલ માર્કેટમાં નિયમનકારો વચ્ચે આંતર નિયમનકારી સંકલનની જરૂર હોય છે. જેમકે, આરબીઆઈ, સેબી, વીમા નિયમનકારી અને ડેવલપમેન્ટ ઓથોરિટી (IRDA) અને પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA). સમિતિની અધ્યક્ષતા, રાજ્યપાલ - આરબીઆઈ, સચિવ - નાણા મંત્રાલય, અધ્યક્ષ - સેબી, IRDA - અધ્યક્ષ અને PFRDA અધ્યક્ષ દ્વારા કરવામાં આવે છે.

મૂડીબજાર એટલે કે ઈક્વિટી અને ડેબ્ટ સિક્યોરિટીઝનું બજાર ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ (સેબી) દ્વારા નિયંત્રિત થાય છે. સેબી પાસે મૂડીબજારનું નિયમન અને વિકાસ માટેની સંપૂર્ણ સ્વાયત્તતા અને સત્તા છે.

## 9.2 સેબીની રચના કેમ કરવામાં આવી ?

1970ના દાયકાના અંતમાં અને 1980ના દાયકામાં, મૂડીબજારો ભારતીયોમાં નવી ઉત્તેજના તરીકે ઊભર્યા હતા. તેના લીધે ઘણી ગેરરીતિઓ થવા લાગી. જેવીકે, અનૌપચારિક સ્વ-શૈલીવાળા વેપારી બેંકરો, બિનસત્તાવાર ખાનગી પ્લેસમેન્ટ, ભાવોમાં સખ્તાઈ, કંપની અધિનિયમની જોગવાઈઓનું પાલન, શૅરના વિનિમયના નિયમો અને નિયમોનું ઉલ્લંઘન, શૅરના ડિલિવરીમાં વિલંબ વગેરે.

આ ગેરરીતિઓના લીધે લોકોએ શૅરબજારમાં વિશ્વાસ ગુમાવવાનું શરૂ થયું. આ કામને નિયંત્રિત કરવા અને આ ગેરરીતિઓ ઘટાડવા માટે ઉપરાંત ઉદારીકરણના ભાગરૂપે મૂડી બજારને વિકસિત કરવા માટે સરકારને કોઈ સ્વાયત્ત સંસ્થા બનાવવાની જરૂરિયાત અનુભવાઈ. પરિણામે, સરકારે સેબીની સ્થાપના કરી.

## 9.3 સેબીનો ઈતિહાસ

- સેબીની સત્તાવાર રીતે ભારત સરકાર દ્વારા વર્ષ 1988માં સ્થાપના કરવામાં આવી હતી. અને સેબી એક્ટ 1992 દ્વારા ભારતીય સંસદ દ્વારા પસાર કરવામાં આવતા, 12 એપ્રિલ 1992માં વૈધાનિક સત્તાઓ (Statutory Powers) આપવામાં આવી હતી.
- મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષમાં સેબીનું મુખ્ય મથક છે. અને અનુક્રમે નવી દિલ્લી, કોલકત્તા, ચેન્નાઈ અને અમદાવાદમાં ઉત્તરી, પૂર્વી, દક્ષિણ અને પશ્ચિમી પ્રાદેશિક કચેરીઓ છે.
- સેબીના અસ્તિત્ત્વમાં આવે તે પહેલાં કેપિટલ ઇશ્યુઝના નિયંત્રક એ નિયમનકારી અધિકારી હતા, જેની કેપિટલ ઇશ્યુઝ (કંટ્રોલ) એક્ટ, 1947 દ્વારા સ્થાપના કરવામાં આવી અને સત્તા આપવામાં આવી હતી.
- શરૂઆતમાં સેબી કોઈપણ વૈધાનિક શક્તિ વિનાની વૈધાનિક સંસ્થા હતી.
- જોકે 1995ના વર્ષમાં સેબીને ભારત સરકાર દ્વારા સિક્યોરિટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા એક્ટ, 1992ની સુધારણા દ્વારા વધારાની વૈધાનિક શક્તિ આપવામાં આવી હતી.
- એપ્રિલ, 1988માં ભારત સરકારના ઠરાવ હેઠળ સેબીની રચના ભારતમાં મૂડીબજારોના નિયમનકાર તરીકે કરવામાં આવી હતી.

## 9.4 સેબીનું સંગઠનાત્મક માળખું

સેબી તેના સભ્યો દ્વારા સંચાલિત છે, જેમાં સેબી બોર્ડમાં મુખ્યત્વે 9 સભ્યો છે.

- અધ્યક્ષ : જે ભારતના કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવે છે.
- બે સભ્યો : જે કેન્દ્રીય નાણા મંત્રાલયના અધિકારી છે.
- એક સભ્ય : ભારતીય રિઝર્વ બેંકના હોય છે.
- ભારત સરકાર દ્વારા પાંચ સભ્યોની નિમણૂક કરવામાં આવે છે. આ પાંચમાંથી ત્રણ સંપૂર્ણ સમયના સભ્યો છે.

**અધ્યક્ષની સૂચિ (List of Chairman)**

| ક્રમ | તારીખ થી | તારીખ | અધ્યક્ષનું નામ |
|---|---|---|---|
| 1 | 10 ફેબ્રુઆરી, 2017 | આજ સુધી | અજય ત્યાગી |
| 2 | 18 ફેબ્રુઆરી, 2011 | 10 ફેબ્રુઆરી, 2017 | યુ. કે. સિન્હા |
| 3 | 18 ફેબ્રુઆરી, 2008 | 18 ફેબ્રુઆરી, 2011 | સી. બી. ભાવે |
| 4 | 18 ફેબ્રુઆરી, 2005 | 18 ફેબ્રુઆરી, 2008 | એમ. દામોદરન |
| 5 | 20 ફેબ્રુઆરી, 2002 | 18 ફેબ્રુઆરી, 2005 | જી. એન. બાજપાઈ |
| 6 | 21 ફેબ્રુઆરી,1995 | 20 ફેબ્રુઆરી, 2002 | ડી. આર. મહેતા |
| 7 | 17 જાન્યુઆરી,1994 | 31 જાન્યુઆરી,1995 | એસ. એસ. નંદકારની |
| 8 | 24 ઓગસ્ટ, 1990 | 17 જાન્યુઆરી,1994 | જી. વી. રામાક્રિશ્ના |
| 9 | 12 એપ્રિલ, 1988 | 23 ઓગસ્ટ, 1990 | ડો. એસ. એ. દવે |

## 9.5 સેબીના ઉદ્દેશ

1) નાણાકીય બજારમાંથી ભંડોળ એકત્ર કરવા માટે કોર્પોરેટરો માટે એક પારદર્શક અને સ્વસ્થ પ્લેટફોર્મ પ્રદાન કરવું.
2) કોર્પોરેટરો અને નાણાકીય મધ્યસ્થીઓ માટે પેટા કાયદા બનાવવા અને લાગુ કરવા.
3) રોકાણકારોના હક્કોનું રક્ષણ કરવા અને તેમના રોકાણની સલામતી સુનિશ્ચિત કરવા.
4) રોકાણકારોની ફરિયાદો માટે આધાર સિસ્ટમ પ્રદાન કરવા.
5) ભારતના નાણાકીય બજારને પ્રોત્સાહન અને વિકાસ કરવા માટે.

## 9.6 સેબીની ભૂમિકા

સેબીની સ્થાપના ભારતના નાણાકીય બજારને નિયંત્રિત કરવા માટે કરવામાં આવી હતી. આ ઉદ્દેશને પ્રાપ્ત કરવા માટે તે નાણાકીય બજારની ત્રણ સૌથી મહત્ત્વપૂર્ણ કંપનીઓની સંભાળ રાખે છે.

**1) સિક્યોરિટીઝ આપનારા :**

આ કોર્પોરેટ સંસ્થાઓ છે જે નાણાકીય બજારમાંથી ભંડોળ એકત્ર કરે છે. સેબી સુનિશ્ચિત કરે છે કે તેઓને તેમની જરૂરિયાતો માટે પારદર્શક અને સ્વસ્થ વાતાવરણ મળે.

**2) રોકાણકારો :**

રોકાણકારો એ એવા લોકો છે જે નાણાકીય બજારને જીવંત રાખે છે. તેઓ આ બજારોમાંથી કમાય છે તેથી સેબીની જવાબદારી છે કે રોકાણકારો બજારમાં કોઈપણ પ્રકારની હેરાફેરી કે છેતરપીંડીનો શિકાર ન બને.

**3) નાણાકીય મધ્યસ્થીઓ :**

આ મધ્યસ્થીઓ નાણાકીય બજારમાં મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે. તેમની હાજરી નાણાકીય વ્યવહારોમાં સરળતા અને સલામતી લાવે છે તેથી સેબી તેમની સલામતીનું ધ્યાન રાખે છે.

## 9.7 સેબીના કાર્યો

સેબીની પ્રસ્તાવનામાં બોર્ડના કાર્યો અને શક્તિઓનું વિગતવાર વર્ણન છે. તેની પ્રસ્તાવનામાં જણાવાયું છે કે સેબીએ - "સિક્યોરિટીઝના રોકાણકારોના હિતોનું રક્ષણ કરવું જોઈએ અને સિક્યોરિટીઝ માર્કેટના વિકાસને પ્રોત્સાહન આપવું અને સાથે સંબંધિત અથવા આકસ્મિક બાબતો માટે નિયમન કરવું જોઈએ."

તેના કાર્યોને ત્રણ ભાગમાં વહેંચી શકાય છે.

**1) રક્ષણાત્મક કાર્યો :**

નાણાકીય બજારને જીવંત રાખનારા રોકાણકારો માટે સલામત અને પારદર્શક વાતાવરણ પ્રદાન કરવા માટે સેબી નીચેના કાર્યો કરે છે.

**A) ભાવ સતામણી અટકાવો :**

સેબીની સ્થાપના પાછળનો એક સૌથી મહત્ત્વનો ઉદ્દેશ નાણાકીય બજારમાં ચાલાકીથી થતા ભાવ વધારો બંધ કરવાનું હતો. વધ-ઘટ એ ખરેખર વેપારીઓ / રોકાણકારો માટે નાણાકીય બજારમાં વેપાર અને નાણા મેળવવાનો આધાર છે. હકીકતમાં ઐતિહાસિક વધ-ઘટનો અભ્યાસ કરીને, વલણની આગાહી કરવા માટે ઘણા સિદ્ધાંતો ઊભરી આવ્યા છે. આ સિદ્ધાંતો સામૂહિકરૂપે તકનીકી વિશ્લેષણ તરીકે ઓળખાય છે અને આજે વેપારીઓમાં ખૂબ પ્રખ્યાત છે. સામાન્ય રીતે, આ વધ-ઘટ કુદરતી હોય છે. પરંતુ કેટલીકવાર કોર્પોરેટરોના જૂથ દ્વારા અચાનક વધ-ઘટ પહેલાંથી જ કરવામાં આવે છે. જેનાથી રોકાણકારો / વેપારીઓને મોટું નુકસાન થાય છે. આ નિયત વધ-ઘટને પ્રાઈસ રિજિંગ / પ્રાઈસ ફિક્સિંગ / કોલોબિશન કહેવામાં આવે છે. સેબી આ પ્રકારની કિંમતોની હેરાનગતિ અટકાવવા કડક દેખરેખ રાખે છે. સર્કિટ્સની રજૂઆત તેમાંની એક છે. પાછલા દિવસ બંધ થવાના સંદર્ભમાં એક સર્કિટ (થ્રેશ હોલ્ડ) તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જો કોઈ સુરક્ષા કિંમત આ નિર્ધારિત સર્કિટ (થ્રેશ હોલ્ડ) કરતાં આગળ વધે છે, તો તેને સર્કિટ બ્રેકર કહેવામાં આવે છે. અને તે સુરક્ષા પરના વેપારમાં થોડો સમય અથવા આખો દિવસ અટકી જાય છે.

**B) આંતરિક વેપાર પર પ્રતિબંધ :**

આંતરિક વેપાર પર પ્રતિબંધને ભાવોની સત્તાને અટકાવવાના ભાગરૂપે જોઈ શકાય છે. કંપનીના શૅરના ભાવમાં વધ-ઘટ તે કંપની વિશેના કોઈપણ જાહેર સમાચાર / ઘોષણાથી ખૂબ અસર કરે છે. દેખીતી રીતે કોઈપણ આગામી જાહેર સમાચાર / જાહેરાત કંપનીમાં કેટલાક વ્યક્તિઓ દ્વારા પહેલેથી જ મેળવી શકાય છે. જો તેઓ પહેલાથી બાય (ખરીદ) સેલ (વેચાણ) કંપનીની સુરક્ષા દ્વારા આ આવતા સમાચારનો લાભ લેશે તો શું થશે. આને ઈનસાઈડર ટ્રેડિંગ કહેવામાં આવે છે. અંદરના વેપારને રોકવા માટે, સેબીએ લીસ્ટેડ કંપનીઓ અને કર્મચારી કલ્યાણ યોજનાઓના ટ્રસ્ટને ગૌણ-બજારોમાંથી પોતાના શૅર ખરીદવા પર પ્રતિબંધ મૂક્યો છે.

**C) રોકાણકારો માટે નાણાકીય શિક્ષણ :**

વેપારીઓ અને રોકાણકારોને શિક્ષિત કરવા માટે સેબી વિવિધ માધ્યમો દ્વારા વિવિધ ઓનલાઈન અને ઓફલાઈન સેમિનારોનું આયોજન કરે છે. આ શિક્ષણ નાણાકીય બજારની મૂળભૂત બાબતોથી શરૂ થાય છે. અને તે મની મેનેજમેન્ટને પણ આવરી

લે છે.

**D) સેબી માર્ગદર્શિકા :**

અન્ય ઘણી અન્યાયી પ્રથાઓ છે જેનો ઉપયોગ કોર્પોરેટરો અને અન્ય લોકો સલામતી બજારોમાં ચાલાકી માટે કરી શકે છે. સેબી તેની ખાતરી કરીને તેની પેટા કાયદાની માર્ગદર્શિકા લાગુ કરીને પહેલેથી અટકાવવામાં આવે છે.

**2) વિકાસલક્ષી કાર્યો :**

વિકાસલક્ષી કાર્યો સેબીની પહેલનો સંદર્ભ આપે છે. જે ભારતીય નાણાકીય બજારમાં તેજી અને નવીનતા લાવે છે. આ કાર્યો નીચે મુજબ છે.

A) નાણાકીય બજાર માટે ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મની રજૂઆત.

B) સિક્યોરિટીઝનું ડિમેટ ફોર્મ

C) ડિસ્કાઉન્ટ બ્રોકરેજની રજુઆત

D) નાણાકીય મધ્યસ્થીઓ માટે તાલીમ

E) બ્રોકર દ્વારા સીધા એએમસી (AMC) પાસેથી મ્યુચ્યુઅલ ફંડ્સ ખરીદો-વેચો.

F) ઈશ્યુની કિંમત ઘટાડવા માટે અન્ડર રાઈટિંગ વૈકલ્પિક છે.

G) એક્ષચેન્જ દ્વારા આઈપીઓ (IPO)ની મંજૂરી

**3) નિયમનકારી કાર્યો :**

નિયમનકારી કાર્યો નાણાકીય મધ્યસ્થીઓ અને કોર્પોરેટ્સમાં સેબીના કાયદાના અમલીકરણનો સંદર્ભ આપે છે. એ સુનિશ્ચિત કરે છે કે શૅરબજાર પારદર્શિતા સાથે સરળતાથી ચાલશે. તેના કાર્યો નીચે પ્રમાણે છે.

A) સેબીએ માર્ગદર્શિકા અને આચારસંહિતાની રચના કરી છે. જે નાણાકીય મધ્યસ્થીઓ અને કોર્પોરેટરોને લાગુ પડે છે.

B) સેબી તમામ વચેટિયાઓ, શૅર ટ્રાન્સફર એજન્ટો, ટ્રસ્ટીઓ અને સ્ટોક એક્ષચેન્જ સાથે કોઈપણ રીતે સંકળાયેલા તમામ લોકોની નોંધણી કરે છે.

C) સેબી મ્યુચ્યુઅલ ફંડ્સની કામગીરીઓની નોંધણી અને નિયમન કરે છે.

D) સેબી કંપનીઓના ટેકઓવરને નિયંત્રિત કરે છે.

E) એક્ષચેન્જની પૂછપરછ અને ઓડિટ કરે છે.

## 9.8 સેબીની સત્તા

સેબીની સત્તા નીચે પ્રમાણે છે.

- ➢ સ્ટોક એક્ષચેન્જની વાત આવે ત્યારે, સેબી પાસે સ્ટોક એક્ષચેન્જમાં કાર્યોથી સંબંધિત કોઈપણ કાયદાને નિયંત્રિત કરવાની અને મંજૂરી આપવાની સત્તા છે.
- ➢ તેમાં સ્ટોક એક્ષચેન્જના રેકોર્ડ અને એકાઉન્ટ્સના પુસ્તકો એકસેસ કરવાની સક્ષમતા છે. અને તે સ્ટોક એક્ષચેન્જની કામગીરીમાં સામાયિક તપાસ અને વળતરની વ્યવસ્થા કરી શકે છે.
- ➢ સ્ટોક એક્ષચેન્જ સુનવણી હાથ ધરી શકે છે અને જો સ્ટોક એક્ષચેન્જ પર કોઈ ગેરરીતિ મળી હોય તો ચૂકાદાઓ પણ પસાર કરી શકે છે.

- જ્યારે કંપનીઓની સારવારની વાત આવે છે ત્યારે તે દેશના કોઈપણ સ્ટોક એક્ષચેન્જમાંથી કંપનીઓની સૂચિબદ્ધ અને ડિ-લીસ્ટેડ કરવાની શક્તિ ધરાવે છે.
- તે અંદરથી વેપારના તમામ પાસાઓને સંપૂર્ણપણે નિયમન કરવાની અને જો કોઈ કંપની અનૈતિક રીતે કોઈ કામ કરતી પકડાય છે તો દંડ અને હાંકી કાઢવાની જાહેરાત કરવાની શક્તિ ધરાવે છે.
- જો કંપનીઓ જુએ કે તે રોકાણકારો માટે ફાયદાકારક રહેશે તો તેઓ એક કરતા વધુ સ્ટોક એક્ષચેન્જમાં પણ તેમના શૅરની સૂચિ બનાવી શકે છે.
- રોકાણકારોના રક્ષણની વાત કરીએ તો, સેબીની પાસે સામાન્ય લોકોના રક્ષણની ખાતરી કરવા કાનૂની નિયમો તૈયાર કરવાની સત્તા છે.
- તેમાં દલાલો અને અન્ય વચેટિયાઓની નોંધણી નિયમન કરવાની શક્તિ પણ છે. જે બજારમાં રોકાણકારો સાથે વ્યવહાર કરશે.

## 9.9 સેબી દ્વારા જારી કરાયેલા નિયમો, માર્ગદર્શિકા અને યોજનાઓ

**નિયમો :**

- સેબી (સ્ટોક બ્રોકર્સ અને સબ બ્રોકર્સ) રેગ્યુલેશન્સ, 1992
- સેબી (ઈનસાઈડર ટ્રેડિંગના પ્રોહિબિશન) રેગ્યુલેશન્સ, 1992
- સેબી (મર્ચન્ટ બેન્કર્સ) રેગ્યુલેશન્સ, 1992
- સેબી (પોર્ટફોલિયો મેનેજર્સ) નિયમો, 1993
- સેબી (ઈશ્યુ અને શૅર ટ્રાન્સફર એજન્ટસના રજિસ્ટર) રેગ્યુલેશન્સ, 1993
- સેબી (અન્ડરરાઈટર્સ) રેગ્યુલેશન્સ, 1993
- સેબી (ડિબેન્ચર ટ્રસ્ટીઓ) રેગ્યુલેશન્સ, 1993
- સેબી (બેન્કર્સ ટુ ઈશ્યુ) રેગ્યુલેશન્સ, 1994
- સેબી (વિદેશી સંસ્થાકીય રોકાણકારો) નિયમો, 1995
- સેબી (સિક્યોરિટીઝના કસ્ટોડિન્યન) રેગ્યુલેશન્સ, 1996
- સેબી (ડિપોઝિટરીઝ અને સહભાગીઓ) રેગ્યુલેશન્સ, 1996
- સેબી (વેન્ચર કેપિટલ ફંડ્સ) રેગ્યુલેશન્સ, 1996
- સેબી (મ્યુચ્યુઅલ ફંડસ) રેગ્યુલેશન્સ, 1996
- સેબી (શૅર અને ટેકઓવરનું નોંધપાત્ર અધિગ્રહણ) રેગ્યુલેશન્સ, 1997
- સેબી (બાય બેક ઓફ સિક્યોરિટીઝ) રેગ્યુલેશન્સ, 1998
- સેબી (ક્રેડિટ રેટિંગ એજન્સીઓ) રેગ્યુલેશન્સ, 1999
- સેબી (સામૂહિક રોકાણ યોજનાઓ) નિયમો, 1999
- સેબી (વિદેશી સાહસ મૂડી રોકાણકારો) રેગ્યુલેશન્સ, 2000
- સેબી (બોર્ડ મિટિંગ માટેની કાર્યવાહી) રેગ્યુલેશન્સ, 2001
- સેબી (સ્વેટ ઈક્વિટી બહાર પાડવા) નિયમ, 2002

- ⇨ સેબી (ઈન્કવાયરી ઓફિસર દ્વારા તપાસ કરવાની કાર્યવાહી અને પેન્લટી લાદવાની) વિનિયમો, 2002

  બજારોને વધુ સ્પર્ધાત્મક અને સુસંગત બનાવવાના દ્રષ્ટિકોણથી, સેબીએ નીચે પ્રમાણે નવા નિયમો આપેલા છે.

- ⇨ સેબી (સિક્યોરિટીઝ માર્કેટને લગતી કપટપૂર્ણ અને અયોગ્ય વેપાર વ્યવહાર પર પ્રતિબંધ) રેગ્યુલેશન્સ, 2003
- ⇨ સેબી (લોકપાલ) રેગ્યુલેશન્સ, 2003
- ⇨ સેબી (સેન્ટ્રલ લીસ્ટીંગ ઓથોરિટી) રેગ્યુલેશન્સ, 2003
- ⇨ સેબી (માર્કેટ સહભાગીઓ માટેનું સેન્ટ્રલ ડેટાબેઝ) રેગ્યુલેશન્સ, 2003
- ⇨ સેબી (સેલ્ફ રેગ્યુલેટરી ઓર્ગેનાઈઝેશન) રેગ્યુલેશન્સ, 2004
- ⇨ સેબી (ફીટ અને યોગ્ય વ્યક્તિ માટેનો માપદંડ) રેગ્યુલેશન્સ, 2004

  નિયમનકારી ઉત્પાદકતાના પગલાં તરીકે, હાલના નિયમોની વારંવાર સમીક્ષા અને સુધારા સૂચિત કરવામાં આવે છે. નિયમો માર્ગદર્શિકા કરતાં શ્રેષ્ઠ હોય છે. કારણકે તેમાં વધુ મજબુત કાનૂની શક્તિ હોય છે. સેબી દ્વારા નિયમો પસાર કરવામાં આવે છે. સંસદમાં રજૂ કરે છે અને તે ઉપચારાત્મક ક્રિયાઓ અને સ્પષ્ટ દંડને પાત્ર હોય છે.

**દિશા નિર્દેશો :**

- સેબી (કર્મચારી સ્ટોક વિકલ્પ યોજના અને કર્મચારી સ્ટોક ખરીદી યોજના) માર્ગદર્શિકા, 1999
- સેબી (જાહેરાત એન રોકાણકાર સુરક્ષા) માર્ગદર્શિકા, 2000
- સેબી (સિક્યોરિટીઝની સૂચિ) માર્ગદર્શિકા, 2003

**યોજનાઓ :**

- સિક્યોરિટીઝ ધિરાણ યોજના, 1997
- સેબી (અનૌપચારિક માર્ગદર્શન) યોજના, 2003

સિક્યોરિટીઝ કાયદા હેઠળ સેબીના જે આદેશો કરવામાં આવે છે તેની અપીલ સિક્યોરિટીઝ અપીલ ટ્રિબ્યુનલ (SAT) સમક્ષ કરી શકાય છે. અને SAT જે ઓર્ડર પાસ કરે છે તેને હાઈકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી શકાય છે.

## 9.10 રોકાણકારો માટેની માર્ગદર્શિકા (રોકાણકારોનું શિક્ષણ)

- સેબીએ રોકાણકારો માટે ઝડપી સંદર્ભ માર્ગદર્શિકા શીર્ષક હેઠળ પુસ્તિકાનું વિતરણ કર્યું.
- સેબીએ સ્ટોક એક્ષેચેન્જ અને વિવિધ કોર્પોરેટરોને પત્ર લખીને તેમના રોકાણકારો અને શૅરહોલ્ડરોને "અ ક્વિક રેફરન્સ ગાઈડ ફોર ઈન્વેસ્ટર" નામનું પુસ્તક (બુકલેટ) આપવાનું કહ્યું.
- સેબીએ રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક અખબારોમાં પણ જાહેરાતકારોને સામૂહિક રોકાણોની યોજનાઓમાં રોકાણ સાથે સંકળાયેલા જોખમો વિશે શિક્ષિત કરવા અને સાવધાની આપવા માટે શ્રેણીબદ્ધ જાહેર ખબરો / જાહેર નોટિસ આપી હતી.

- સેબી દ્વારા સામુહિક રોકાણ યોજનાઓના રોકાણકારો માટે સંદેશાઓ વિવિધ ભારતીય રાષ્ટ્રીય અને પ્રાદેશિક ક્ષેત્રે પણ પ્રસારણ કરવામાં આવે છે.
- સેબીએ રાષ્ટ્રીય ચેનલ પર અને પ્રાદેશિક ચેનલ દૂરદર્શન પર રોકાણકારોના હિતમાં સંદેશા જારી કર્યા.

## 9.11 શૅરબજાર અંગેના સેબીના સુધારા અને સેબીની ઉપલબ્ધિઓ

**1) પ્રાથમિક બજાર સુધારાઓ**

નવા શૅરો અને ડિબેન્ચર્સની ઈશ્યુ કાર્યવાહીમાં અપૂર્ણતા અને ખામીઓ દૂર કરવા માટે સેબીએ સફળતાપૂર્વક પ્રાથમિક બજારમાં સુધારા કર્યા છે. હવે શૅરના ભાવ, અને પ્રિમિયમ નક્કી કરવામાં પારદર્શિતા છે. ઈશ્યુ કરનારી કંપનીઓને પ્રોસ્પેક્ટમાં તમામ ભૌતિક તથ્યો અને જોખમ પરિબળો જાહેર કરવા જરૂરી છે.

**2) ગૌણબજાર સુધારાઓ :**

સેકન્ડરી માર્કેટમાં કાર્યક્ષમતા લાવવા માટે સેબીએ સેકન્ડરી માર્કેટમાં વચેટિયાઓ માટે વિશિષ્ટ નિયમો મૂક્યા છે. આવા વચેટિયાઓ વેપારી બેંકર્સ, પોર્ટફોલિયો મેનેજરો, અન્ડર રાઈટર્સ, રજિસ્ટ્રાર્સ, દલાલો અને પેટા દલાલ અને શૅર ટ્રાન્સફર એજન્ટો છે. તેઓએ ચોક્કસ મૂડી પર્યાપ્તતાના ધોરણોનું પાલન કરવું, યોગ્યતાના ચોક્કસ માપદંડોને પૂર્ણ કરવા અને રોકાણકારો પ્રત્યે આચારસંહિતાનું પાલન કરવું જરૂરી છે. ડિફોલ્ટના કિસ્સામાં તેમને સેબી દ્વારા દંડ કરવામાં આવે છે.

**3) સંસ્થાકીય અને બજાર વિકાસમાં સહાય :**

સેબીએ ગૌણબજારમાં સંસ્થાકીય અને બજારના વિકાસની પ્રક્રિયામાં મદદ કરી છે. તે શૅર-બજારની ભલામણો પર ‘‘માર્કેટ ઉત્પાદકોને’’ મંજૂરી આપે છે. અને શૅરના ભાવોમાં અસ્થિર ગતિશીલતા ઘટાડે છે.

સેબીએ ભારતીય મૂડીબજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII)ની ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું છે. સ્ટોક એક્ષચેન્જમાં તેમની નોંધણી અને કામગીરી માટેની પ્રક્રિયાને સરળ બનાવી છે. FIIને શૅર અને ડિબેન્ચર્સ પર મૂડી, મૂડી લાભ, ડિવિડન્ડ અને વ્યાજ પરત કરવાની મંજૂરી આપવામાં આવી છે.

સેબી તેમની કામગીરી સુધારવા અને રોકાણકારો માટે સલામત અને મૈત્રીપૂર્ણ બનાવવા માટે તેમના કાર્યક્ષમ કામગીરી માટે નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા (NSE) સહિતની માર્ગદર્શિકા જારી કરે છે.

**4) સંસ્થાઓના કામનું નિયમન :**

સેબી મ્યુચ્યુઅલ ફંડ્સ, મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડ્સ, વેપારી બેન્કરો, પોર્ટફોલિયો મેનેજરો વગેરે જેવી સંસ્થાઓના કામને નિયંત્રિત કરે છે. તેમના કામને નિયંત્રિત કરીને, સેબીએ ભારતના પ્રાથમિક અને ગૌણ મૂડીબજારોની કામગીરીમાં સુધારો લાવવાનો પ્રયાસ કર્યો છે.

**5) સ્ટોક એક્ષચેન્જનું આધુનિકરણ :**

સેબીએ ભારતમાં સ્ટોક એક્ષચેન્જની સંપૂર્ણ કામગીરીને આધુનિક કરી છે. બધા સ્ટોક એક્ષચેન્જ કોમ્પ્યુટરાઈઝડ છે, શૅરબજારનો વેપાર 100% કોમ્પ્યુટરાઈઝડ છે અને તે ઓનલાઈન છે. અમેરિકા અને જાપાન સહિત વિશ્વના ઘણા વિકસિત દેશોમાં, વેપાર સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝડ નથી અને તેમના વેપારનો મોટોભાગ હજુ

પણ ફ્લોર પર છે. સેબીની આ એક મોટી ઉપલબ્ધિ છે. બધા 23 સ્ટોક એક્ષચેન્જમાં ઈલેક્ટ્રોનિક વેપારની રજુઆતથી ટ્રાન્ઝેક્શનના ખર્ચમાં ઘટાડો થયો છે.

**6) જામીનગીરીનું ડિમટિરિયાલઈઝેશન :**

સરકારે 1996માં નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીઝ લિમિટેડ (CDSL) ડિપોઝિટરી સહભાગીઓની સ્થાપના દ્વારા ડિપોઝિટરી સિસ્ટમ દાખલ કરી. તેનો હેતુ સ્ટોક એક્ષચેન્જમાં 'પેપરલેશ' ટ્રાન્ઝેક્શન શરૂ કરવાનો હતો. પરંતુ તેની પ્રગતિ ધીમી રહી હતી.

તેથી સેબીએ વેપાર માટે ફરજિયાત શૅરોનું ડિમટિરિયાલાઈઝેશન કરીને મજબુતીનું એક તત્ત્વ રજૂ કર્યું. શૅરના મોટા પાયે દૈનિક વેચાણ થાય તે માટે તબક્કાવાર કરવામાં આવ્યું છે. હાલમાં સ્ટોક એક્ષચેન્જમાં 100% વેપાર ડિમેટ સ્વરૂપમાં છે. શૅરના ડિમટિરિયા-લાઈઝેશનએ એફઆઈઆઈ (FII) દ્વારા ખાસ કરીને વેપારને પ્રોત્સાહન આપ્યું છે. કારણકે તે બનાવટી અથવા બનાવટી શૅર અને ખરાબ ડિલિવરીના ભયને દૂર કરે છે. તેનાથી ટ્રાન્સફરની સમસ્યાઓ પણ દૂર થઈ છે.

**7) ઈન્ટરનેટ વેપાર :**

ગ્રાહકોવતી નોંધાયેલા સ્ટોક બ્રોકર્સ દ્વારા સેબીએ ઓર્ડર રાઉટીંગ સિસ્ટમ (ORS) હેઠળ ઈન્ટરનેટ વેપારની મંજૂરી આપી છે. આમ રોકાણકારોને તેમના કોમ્પ્યુટર પર ઈન્ટરનેટ દ્વારા શૅર ખરીદવા અને વેચવાની સુવિધા આપી છે.

**8) ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ :**

સિક્યોરિટીઝમાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગની રજુઆત સાથે, ગૌણબજારમાં આધુનિકરણ કરવામાં આવ્યું છે. ત્યાં રોકડ બજાર, ફોરવર્ડ બજાર અને બદલા સિસ્ટમ છે.

**9) રોકાણકારોની ફરિયાદો ઉકેલવી :**

સેબીએ એક અલગ સેલ સ્થાપ્યો છે જ્યાં રોકાણકારો તરફથી મળેલી ફરિયાદોને ઉકેલી આપવામાં આવે છે. સેબીના જણાવ્યા મુજબ, દર વર્ષે બે લાખથી વધુ રોકાણકારો કંપનીઓ સામે ટ્રાન્સફર, શૅર સર્ટિફિકેટ ન મળવા, ડિવિડન્ડ, ડિબેન્ચરો પરના વ્યાજ વગેરે અંગે ફરિયાદ કરે છે. તેમાંથી 90% હલ કરવામાં સક્ષમ છે. સેબી આશા રાખે છે કે ડિમેટ ફોર્મ હેઠળ આવતા શૅર સાથેની આવી વધુ ફરિયાદો દૂર થશે.

**10) સલામતીના પગલાં :**

સેબીએ રોકાણકારોના હિતોના રક્ષણ માટે અનેક પગલાં અપનાવ્યા છે. કંપનીઓને વ્યાજ /ડિવિડન્ડ તેને સીધા જ તેના બેંક ખાતામાં જમા કરવાનું કહેવામાં આવ્યું છે.

તેણે રોકાણકારોના હિતોનું રક્ષણ કરવા માટે રોકાણકાર સુરક્ષા ભંડોળ અને વેપાર ગેરંટી ભંડોળ સ્થાપવા માટે સ્ટોક એક્ષચેન્જને માર્ગદર્શન આપ્યું છે. આગળ, તેણે વેપાર સમાધાન માટે ક્લિયરિંગ કોર્પોરેશનની સ્થાપના કરી છે. આગળ, જો કોઈ ખરાબ ડિલિવરી હોય તો પણ તેણે દલાલને 21 દિવસની અંદર ચૂકવણી કરવી ફરજિયાત બનાવી દીધી છે. આમ, રોકાણકારો તેના પૈસા ગુમાવી શકતા નથી.

**11) સર્કિટ બ્રેકર સિસ્ટમ :**

સેબીએ વ્યક્તિગત શૅરોની બજારની અસ્થિરતાને આધારે સર્કિટ બ્રેકર સિસ્ટમ રજૂ કરી છે. આ સિસ્ટમ મુજબ જો કોઈ શૅરમાં માર્કેટની અસ્થિરતા કોઈ ચોક્કસ

મર્યાદાને પાર કરે છે તો આ શૅરમાં ટ્રેડિંગ થોડા દિવસ માટે બંધ કરવામાં આવે છે જેથી સટોડિયાઓ અયોગ્ય લાભ ન લઈ શકે. આ સિસ્ટમ દ્વારા ભાવમાં દિવસ દરમ્યાન થતી વધ-ઘટને પણ અંકુશ કરવામાં આવે છે.

અમેરિકન સર્કિટ બ્રેકર સિસ્ટમ કરતાં આ એક સારી સિસ્ટમ છે. જે શૅરોના ઈન્ડેક્ષ સાથે સંબંધિત છે. ન્યુયોર્ક સ્ટોક એક્ષચેન્જ જ્યારે પણ બજારની અસ્થિરતા અનુક્રમણિકાની મર્યાદાને પાર કરે છે ત્યારે અડધો કલાક અથવા વધુ સમય માટે બંધ રહે છે. આમ, સેબીએ વધુ સારી સર્કિટ બ્રેકર સિસ્ટમ વિકસાવી છે જેના દ્વારા સ્ટોક એક્ષચેન્જને બંધ કરવાની જરૂર નથી.

## 9.12 ઉપસંહાર

સેબી એક નિયમનકારી સંસ્થા છે જે 24 વર્ષ જૂની છે. અને મૂડીબજારની વ્યવસ્થા તેના કરતાં વધુ 100 વર્ષ જૂની છે. આ પરિપક્વ મૂડીબજાર પ્રણાલીને ઓવર-રેગ્યુલેશનના બદલે દેખરેખની જરૂર છે. સેબીએ આ મૂડીબજારની દેખરેખ એવી રીતે કરવી જોઈએ કે બધી પેટા સિસ્ટમ ધીમે-ધીમે સ્વ નિયમનકારી સંગઠન બની જાય. સેબીએ આ સબ સિસ્ટમ ચલાવવા માટેની સીમાઓ નિર્ધારિત કરવી જોઈએ. જેથી સેબીનો જે ઉદ્દેશ છે તે મેળવી શકાય.

## 9.13 પારિભાષિક શબ્દો

1. **સેબી (SEBI) :** સિક્યુરિટીઝ એક્ષચેન્જ ઓફ ઇન્ડિયા
2. **અધ્યક્ષ :** જે સંસ્થાનું સંચાલન કરે.
3. **DEA :** ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ
4. **RBI :** રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા
5. **ડિમેટ એકાઉન્ટ :** જેમાં શૅર ડિપોઝીટ કરવામાં આવે છે.
6. **IPO :** પ્રથમ વખત શૅર કંપની દ્વારા જારી કરવામાં આવે છે તે.

## સ્વાધ્યાય

**ટૂંકા પ્રશ્નોના જવાબ આપો.**

1. સેબીની રચના કેમ કરવામાં આવી ?
2. સેબીના બે ઉદ્દેશ જણાવો.
3. સેબીના પ્રથમ અધ્યક્ષ કોણ છે ?
4. સેબીના હાલમાં અધ્યક્ષ કોણ છે ?
5. સેબીના મુખ્ય કાર્ય જણાવો.
6. સેબીની યોજનાઓ જણાવો.

**સૈદ્ધાંતિક પ્રશ્નો**

1. સેબીનો ઈતિહાસ સમજાવો.
2. સેબીનું સંગઠનાત્મક માળખું વર્ણવો.
3. સેબીના ઉદ્દેશો જણાવો.
4. સેબીની ભૂમિકા સમજાવો.

5. સેબીના કાર્યો.

6. સેબીની સત્તા જણાવો.

7. સેબી દ્વારા જારી કરાયેલા નિયમો, માર્ગદર્શિકા અને યોજનાઓ જણાવો.

8. રોકાણકારો માટેની માર્ગદર્શિકા સમજાવો.

9. રોકાણકારોનું શિક્ષણ વર્ણવો.

10. શૅરબજાર અંગેના સેબીના સુધારા જણાવો.

11. સેબીની ઉપલબ્ધિઓ વર્ણવો.

**નીચે આપેલ પ્રશ્નોના તેની નીચે આપેલ વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. સેબીની સત્તાવાર રીતે ભારત સરકાર દ્વારા વર્ષ ............... માં સ્થાપના કરવામાં આવી હતી.

   (અ) 1988 (બ) 1992

   (ક) 1998 (ડ) 2002

2. સેબીને વૈધાનિક સત્તાઓ ................ વર્ષમાં આપવામાં આવ્યા હતા.

   (અ) 1988 (બ) 1992

   (ક) 1998 (ડ) 2002

3. સેબી બોર્ડમાં મુખ્ય .................. સભ્યો છે.

   (અ) 11 (બ) 9

   (ક) 5 (ડ) 20

4. સેબીના હાલના અધ્યક્ષ ....................... છે.

   (અ) અજય ત્યાગી (બ) ડો. એસ. એ. દવે

   (ક) દામોદરન (ડ) વાજપાઈ

5. સેબીના પ્રથમ અધ્યક્ષ ....................... હતા.

   (અ) અજય ત્યાગી (બ) ડો. એસ. એ. દવે

   (ક) દામોદરન (ડ) વાજપાઈ

6. સેબીના કાર્યોને મુખ્યત્ત્વે ................ ભાગમાં વહેંચી શકાય છે.

   (અ) 3 (બ) 5

   (ક) 6 (ડ) 9

7. સેબીનું પૂરું નામ .........................................

   (અ) ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્ષચેન્જ

   (બ) ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ

   (ક) ભારતીય બોર્ડ

   (ડ) ભારતીય સિક્યોરિટીઝ

8. સેબીનું મુખ્ય મથક .....................માં છે.

(અ) મુંબઈ (બ) દિલ્લી

(ક) ચેન્નાઈ (ડ) અમદાવાદ

9. એપ્રિલ, 1988માં ભારત સરકારના ઠરાવ હેઠળ .............ની રચના ભારતમાં મૂડીબજારોના નિયમનકાર તરીકે કરવામાં આવી હતી.

(અ) IRDA (બ) RBI

(ક) SEBI (ડ) DAC

10. ................. પાસે મૂડીબજારનું નિયમન અને વિકાસ માટેની સંપૂર્ણ સ્વાયત્તતા અને સત્તા છે.

(અ) IRDA (બ) RBI

(ક) SEBI (ડ) DAC

11. સેબીના અધ્યક્ષનો સમયગાળો ............ વર્ષનો હોય છે.

(અ) 3 (બ) 5

(ક) નક્કી નથી (ડ) 10

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (અ) 2. (બ) 3. (બ) 4. (અ) 5. (બ) 6. (અ) 7. (અ)

8. (અ) 9. (ક) 10. (ક) 11. (ક)

# એકમ 10: મ્યુચ્યુઅલ ફંડ - I

**રૂપરેખા :**

**10.1 પ્રસ્તાવના**

**10.2 અર્થ**

**10.3 વ્યાખ્યા**

**10.4 મ્યુચ્યુઅલ ફંડનો ઈતિહાસ**

**10.5 મ્યુચ્યુઅલ ફંડનું મહત્વ**

**10.6 મ્યુચ્યુઅલ ફંડનાં પ્રકારો**

**10.7 મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડ**

**10.8 મ્યુચ્યુઅલ ફંડોના વિકાસ માટેનાં કારણો**

**10.9 ભારતમાં મ્યુચ્યુઅલ ફંડોનો વિકાસ**

**સ્વાધ્યાય**

## 10.1 પ્રસ્તાવનાઃ

આધુનિક સમયમાં મ્યુચ્યુઅલ ફંડના ક્ષેત્રે ઘણો વિકાસ થયેલો જોવા મળી રહ્યો છે. આધુનિક વિશ્વમાં રોકાણકારો માટે ખૂબ પ્રચલિત અને પસંદગીનું રોકાણ એટલે મ્યુચ્યુઅલ ફંડ. હાલનાં વર્ષોમાં ભારતમાં મ્યુચ્યુંઅલફંડનો ખ્યાલ જાહેર ક્ષેત્રની બેંકો તથા ખાનગી ક્ષેત્રની અન્ય નાણાંકીય સંસ્થાઓ દ્વારા વ્યાપક રીતે સ્વીકૃતિ પામ્યો છે,તેનો હાલમાં ખૂબ ઝડપી વિકાસ થઈ રહ્યો છે.આમ જોઈએ તો મ્યુચ્યુઅલ ફંડનો ખ્યાલ તદ્દન નવો નથી, તેનું ચાલકબળ સલામતીનો સિદ્ધાંત છે.અને વ્યાજ અને ડિવિડન્ડનાં રૂપમાં પ્રાપ્ત કરેલી આવકનાં મૂડી દરમાં વધારાનો લાભ એટલે જ જનસામાન્ય બેંક ડિપોઝીટ, જીવન વીમા પોલીસી અને બોન્ડ પર મ્યુચ્યુઅલ ફંડને પસંદ કરે છે.મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ થકી નાના રોકાણકાર પણ મોટી કંપનીમાં પ્રવેશ મેળવી શકે છે.

## 10.2 અર્થ:

મ્યુચ્યુંઅલ ફંડ એક એવી સંસ્થા છે કે જે અનેક રોકાણકારોની બચતો દ્વારા ઊભા કરાયેલા ભંડોળનું ઈષ્ટતમ વળતર મળે એવા પોર્ટફોલીયોમાં રોકાણ કરે છે અને તેની સામે ફંડના રોકાણકારોને આકર્ષક વળતર આપે છે. આ કામ અનુભવી નિષ્ણાંત એવા વ્યાવસાયિક કૌશલ્ય ધરાવતા મેનેજર દ્વારા થાય છે.આમ,મ્યુચ્યુઅલ ફંડો એકત્રિત નાણાનું વિવિધલક્ષી રોકાણ કરીને પોતાનો રોકાણ પોર્ટફોલીયો વૈવિધ્યપૂર્ણ બનાવી વળતર મેળવવાનો પ્રયાસ કરે છે જેને પરિણામે રોકાણકારો અન્ય સંસ્થાઓ કરતા ઊંચુ રોકાણ આપી શકે છે.

સરળ શબ્દોમાં કહીએ તો મ્યુચ્યુઅલ ફંડ એટલે નાના રોકાણકારો પાસેથી તેમની બચત એકઠી કરીને સરકારી જામીનગીરી કે કોર્પોરેટ સિક્યોરિટીમાં રોકાણ કરી ડિવિડન્ડ અને વ્યાજની કમાણી કરવી.મ્યુચ્યુઅલ ફંડ ''બુંદ બુંદ કા દરિયા'' કહેવતો સાર્થક કરે છે. ઉદાહરણ તરીકે કોઈ એક સામાન્ય વ્યક્તિ તેની નાનકડી બચત 1000 રૂપિયાનું રોકાણ કરે છે,અને આવી જ રીતે વિશાળ સંખ્યામાં લોકો પાસેથી 1000-1000 એકઠા થતાં બચત એ ભંડોળ બની જશે, જેને અનેક જુદા-જુદા શેરો અને ડિબેન્ચરમાં રોકી સારૂ એવું વળતર મેળવી શકાય છે.મૂળભૂત રીતે મ્યુચ્યુઅલ ફંડએ લોકો પાસેથી એકઠી કરેલ બચત છે.

## 10.3 વ્યાખ્યા:

''ધ સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા મ્યુચ્યુઅલ રેગ્યુલેશન એકટ 1993મુજબ મ્યુચ્યુઅલ ફંડને આ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. ''મ્યુચ્યુઅલ ફંડ એ પ્રાયોજક દ્વારા ટ્રસ્ટનાં માળખામાં સ્થાપિત કરેલુ **ભંડોળ છે.જેમાં ટ્રસ્ટી એક અથવા વધુ યોજનાઓ હેઠળ જાહેરજનતાને યુનિટ વેચે છે,આ નિયમોઅનુસાર સિક્યોરિટીમાં** રોકાણ કરી નાણા ઊભા કરે છે.''

આ મ્યુચ્યુઅલ ફંડને યુ.કે.માં યુનિટ ટ્રસ્ટ અને યુ.એસ.એમાં સતત ચાલુ રહેતી (OPEN ENDED)રોકાણ કંપનીઝ તરીકે ઓળખવામાં આવેછે.

## 10.4 મ્યુચ્યુઅલ ફંડનો ઈતિહાસ:

પ્રાચીન કાળના વેપારના ઈતિહાસનો અભ્યાસ કરતાં જણાય છે કે ઈજિપ્ત અને રોનિશિયાનાં લોકો આ ખ્યાલથી પરિચિત હતા અને તેની સાબિતી એ ઉપરથી થાય છે કે તેઓ ધંધાકીય સાહસોમાં રહેલા જોખમને ઓછું કરવા માટે કારવાન તથા વહાણોમાં શેરોનું વેચાણ કરતા હતા. ત્યાર બાદ ઘણાં વર્ષો પછી ઈ.સ. 1822 માં સોસિલેટ જનરલ ડી બેલજિક (Socilete General De Belgique) ની રચના કરવામાં આવી જેમાં જોખમની વહેચણી (Risk shain) ના આધુનિક ખ્યાલનો સ્વીકાર કરવામાં આવ્યો. 1822 માં નેધરલન્ડના સમ્રાટ વિલિયમ પ્રથમના સમયમાં એક ચોક્કસ સમયગાળા માટેના(closed -ended fund)ફંડોનો વિચાર અમલમાં મુકવામાં આવ્યો હતો. તે વખતના કેટલાક રોકાણકારો ,વ્યકિતઓ અને સંસ્થાઓના બનેલા એક જૂથે તેમની પાસેનું રોકાણપાત્ર ભંડોળ એકત્રિત કરીને તેનું સંચાલન ફંડના મૅનેજરોને સોપ્યું. આ વ્યાવસાયિક અને કુશળ મૅનેજરોએ ફંડનું રોકાણ અમુક જામીનગીરીઓમાં કર્યું અને તેમાંથી થયેલા નફાની વહેંચણી ફંડના સભ્યો વચ્ચે કરી ''રોકાણ ટ્રસ્ટ''ના આ ખ્યાલનું યુરોપમાંથી ઝડપી પ્રસારણ થયું . આમ છતાં વાસ્તવમાં જોઈએ તો 1868 માં સ્થપાયેલ ફોરેન એન્ડ કોલોનિયલ ગવર્નમેન્ટ ટ્રસ્ટ ઓફ લંડન પ્રવર્તમાન સમયમાં મ્યુચ્યુઅલ ફંડનાં ક્ષેત્રે અગ્રેસર હતું.વિશાળ સંખ્યામાં કલોઝ એન્ડેડ મ્યુચ્યુઅલ ફંડ 1930 માં યુ.એસ.એ.માં ઊભા કરવામાં આવ્યા હતા. ઓપન એન્ડેડ અને ક્લોઝ એન્ડેડ બન્ને પ્રકારનાં મ્યુચ્યુઅલ ફંડ ભારતમાં 1980 થી પ્રચલિત થયા.જોકે સર્વપ્રથમ 1964 માં યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાએ યુનિટસ સ્કીમ 1964 હેઠળ બહાર પાડયાં હતા.

હાલમાં બ્રિટનમાં 1000 કરતા પણ વધુ મ્યુચ્યુઅલ ફંડો છે.1893 માં અમેરિકામાં આવા પ્રથમ ફંડની રચના કરવામાં આવી.ત્યારબાદ વિશ્વનાં અન્ય દેશોએ પણ આ વિચારને ઝડપથી અમલી બનાવ્યો.

## 10.5 મ્યુચ્યુઅલ ફંડનું મહત્વઃ

આધુનિક સમયમાં કોર્પોરેટ વિશ્વમાં મ્યુચ્યુઅલ ફંડ ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. મ્યુચ્યુઅલ ફંડનું મહત્વ/લાભ નીચે મુજબ વર્ણવી શકાય.

(1) મ્યુચ્યુઅલ ફંડ એવા રોકાણકારો માટે ખૂબ જ લાભદાયી છે જેમને પ્રત્યક્ષ મૂડીરોકાણ કરતી વખતે નીચેના અંતરાયો ઉદ્દભવતાહોય છે .

(i) જેઓની પાસે મૂડીરોકાણ માટેનું મર્યાદિત ભંડોળ ઉપલબ્ધ હોવાના કારણે અને નાની બચત હોવાનાં લીધે શેર બજારથી દૂર રહેવું પડતું હોય.

(ii) નાના રોકાણકારોને વ્યવસાયલક્ષી તજજ્ઞો અને નિષ્ણાતોની ખર્ચાળ સેવા પોસાય તેમ ના હોય.

(ii) નાના રોકાણકારોએ શેર દલાલને ખરીદી અંગે દલાલી ચુકવવી પડે છે જે પરવડી શકે તેમ ના હોય.

(iv) નાના રોકાણકારો મોટાભાગે શેરબજાર તથા કોર્પોરેટ વિશ્વમાં રોજે બનતી ઘટનાઓથી અનભિજ્ઞ હોય છે.

(v) એ જ રીતે નવાં રોકાણકારોને શેરના ભાવ ફેરફારો અંગેની માહિતી પણ સમયસર ઉપલબ્ધ હોતી નથી.

(vi) શેરોનું ભરણું વધુ વલણ બતાવતું હોય ત્યારે નાના રોકાણકારો માટે શેરો મેળવવાનું ઘણી વખત શક્ય બનતું નથી.આમ,ઉપરોકત કારણોસર મ્યુચ્યુઅલ ફંડ નાના રોકાણકારો માટે આશીર્વાદરૂપ છે.

(2) મ્યુચ્યુઅલ ફંડ મારફત નાના રોકાણકારોનું ભંડોળ એકત્રિત કરવામાં આવે છે જેથી વૈવિધ્યસભર પોર્ટફોલીયો બનાવીને રોકાણ કરી શકાય છે.

(3) મ્યુચ્યુઅલ ફંડમાં પણ જોખમનું તત્વ તો રહેલુ જ છે, અને ક્યારે કઈ કંપનીમાં નાણાં ડુબી જાય એ તો સમય જ નક્કી કરે પણ મ્યુચ્યુઅલ ફંડ એક સમતોલ પોર્ટફોલીયો બનાવે છે.જેને પરીણામે જોખમનું તત્વ ઘટે છે.

(4) મ્યુચ્યુઅલ ફંડ મારફત રોકાણકારોને સલામતી અને તરલતાનો પણ લાભ મળે છે.


(5) ફંડના સંચાલકોએ સરકારે નક્કી કરેલા ધારા-ધોરણો અને માર્ગદર્શિકાઓનું પાલન કરવાનું હોય છે.દરેક દેશમાં આ સંદર્ભે સરકારી નિયમ લાગુ પાડેલ છેજે રોકાણકારને સલામતીની ખાતરી આપે છે.દાખલા તરીકે ભારતમાં આ અંગેની કામગીરી સિક્યોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા બજાવે છે.

(6) મ્યુચુઅલ ફંડમાં કરેલ રોકાણ પર રોકાણકારોને કેટલાક આવકવેરાનાં લાભ પણ મળે છે. ભારતમાં મ્યુચ્યુઅલ ફંડોની ઈક્વિટી લિંક સેવિંગ્સ સ્કીમમાં કરેલ રોકાણ પર આવકવેરા ધારાની કલમ 88 અન્વયે તેમ જ મ્યુચ્યુઅલ ફંડના રોકાણમાંથી ડિવિડન્ડ પેટે મળતી આવક પર પ્રસ્તુત ધારાની કલમ 80 (એલ) અન્વયે અમુક કર- લાભ મળતા હોય છે.

(7) મ્યુચુઅલ ફંડો પાસે વિશાળ નાણાકીય ભંડોળ હોવાથી તેમને કદના લાભ મળે છે. આથી તેમનું કાર્યકારી ખર્ચ ઓછું રહેવાથી રોકાણકારો માટે વધુ રકમ ઉપલબ્ધ થઈ રહે છે.

(8) મ્યુચ્યુઅલ ફંડના અન્ય લાભોમાં ડિવિડન્ડના પુન : રોકાણનો વિકલ્પ, મૂડીવૃદ્ધિની શક્યતા, નિયમિત પગાર વગેરેનો સમાવેશ કરી રોકાય.

## 10.6 મ્યુચ્યુઅલ ફંડનાં પ્રકારો :




**મ્યુચ્યુઅલ ફંડના મુખ્ય પ્રકારો :**

**(1) ચોક્કસ સમયગાળા માટેનું ફંડ અને સતત ચાલુ રહેતું ફંડ (Close ended- Fund and Open - ended Fund) :** મ્યુચ્યુઅલ ફંડનો સમયગાળો અને તેમાં કરવામાં આવનાર નાણાંનું રોકાણ જો ચોક્કસ અને નિશ્ચિત હોય તો તે ફંડને ચોક્કસ સમયગાળાનું ફંડ કહેવાય છે. બીજી તરફ જો મ્યુચ્યુઅલ ફંડનો સમયગાળો અને તે માટે રોકાણ ભંડોળનું પ્રમાણ નિશ્ચિત ન હોય તો તેને સતત ચાલુ રહેતુ ફંડ કહેવામાં આવે છે.દાખલા તરીકેયુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા - ૧૯૬૪ ની આખી યોજના સમયગાળા અને લક્ષિત રકમની દ્રષ્ટિએ સતત ચાલુ રહેતું ફંડ છે.

❖ **સતત ચાલુ રહેતુ ફંડ (OPEN ENDED FUND):**

આ ફંડ ચોક્કસ સમયગાળાનાં ફંડ (Closed Ended Fund) ની વિરુદ્ધ છે. આ સ્કીમમાં ભંડોળનું કદ અને અથવા ભંડોળનો સમય નિશ્ચિત હોતો નથી.રોકાણકારો કોઈપણ સમયે ગમે તેટલી સંખ્યાની ખરીદી અને વેચાણ કરવા મુક્ત છે.ઉદાહરણ તરીકે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા 1964 ની યુનિટ સ્કીમ સમય અને રકમ બન્ને રીતે ઓપન એન્ડેડ સ્કીમ છે.કોઈ પણવ્યક્તિ યુનિટ કોઈપણ સમયે ખરીદી શકે છે. અને તેની ઈચ્છા પ્રમાણે કોઈપણ સમયે વેચી શકે છે.

<u>**ઓપન એન્ડેડ સ્કીમનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છે:**</u>

I. તે વ્યક્તિનાં રોકાણ અથવા બિનરોકાણનાં સંદર્ભમાં સંપૂર્ણ સ્થિતિસ્થાપક છે.ઓપન એન્ડેડ ફંડમાં રોકાણનાં સંદર્ભમાં મુક્ત રીતે દાખલ પણ થઈ શકાય છે અને મુક્તતાથી જઈ પણ શકાય છે.તેની કોઈ સમય મર્યાદા નથી.રોકાણકાર જ્યારે ઈચ્છે ત્યારે જોડાઈ શકે છે.અને બહાર પણ આવી શકે છે.

II. આ યુનિટ જાહેરમાં વેચાણ થઈ શકતા નથી.પરંતુ ફંડમાં ગમે ત્યારે પુનઃખરીદી અને પુનઃવેચાણ થઈ શકે છે.

III. યુનિટ કોઈપણ કામકાજનાં દિવસે વેચી શકાતા હોવાથી રોકાણકારને ઝડપી પ્રવાહીતા પ્રાપ્તથાય છે.વાસ્તવિક રીતે ફંડ અને બેંક ખાતાની જેમ કાર્ય કરે છે. જેમાં વ્યક્તિ ગમે તેટલા નંબરનાં યુનિટ રોકડેથી વેચી શકે છે.

IV. આ ભંડોળનો મુખ્ય હેતુ આવકનું સર્જન કરવાનો છે.રોકાણકાર રોકાણના બદલામાં ડિવિડન્ડ હક્કનાં શેર અથવા બોનસ પ્રાપ્ત કરે છે.

V. યુનિટ શેર બજારમાં નોંધાયેલ ન હોવાનાં કારણે તેની કિંમત ચોખ્ખા સંપત્તિ મૂલ્ય સાથે સંકળાયેલ હોય છે.આ મૂલ્ય ભંડોળ દ્વારા નક્કી થાય છે અને કિંમત સમયાંતરે બદલાતી રહે છે.

VI. સામાન્ય રીતે ચોખ્ખુ સંપત્તિ મૂલ્ય તેની નોંધાયેલ કિંમત જેટલુ જ હોય છે.ભંડોળ તેના ખરીદી અને વેચાણ માટે અલગ અલગ કિંમત નક્કી કરે છે.

VII. મેનેજર રોકાણને સુવ્યવસ્થિત કરવા માટે ખૂબ કાળજી રાખે છે કારણ કે સ્કીમનાં સંપૂર્ણ સમયમાં કોઈપણ સમયે ભંડોળ પરત કરવું પડે છે.ટૂંકમાં ઓપન એન્ડેડ સ્કીમ સતત અસ્તિત્વ ધરાવે છે.અને તેનું ભંડોળ સભ્યોનાં પ્રવેશ અને નિકાલ પર આધારીત હોવાથી બદલાતુ રહે છે.

❖ **ચોક્કસ સમયગાળાનું ફંડ(CLOSED ENDED FUND):**

ચોક્કસ સમયગાળાનું ફંડ એટલે કે એક એવું ભંડોળ(fund) જેની રકમ પહેલાથી જ નિશ્ચિત હોય અને એ ભંડોળ (fund) નો સમયગાળો પણ બહાર પાડવામાં આવે કે શેરહોલ્ડરને ખરીદી કરવામાં આવે તે પહેલાથી જ નિશ્ચિત થયેલ હોય,જે શેરહોલ્ડર આ ફંડમાં રોકાણ કરે તે નિશ્ચિત સમયાવધિ સુધી તે આ ફંડના રોકાણને વેચી શકે નહી. અને નિશ્ચિત કરેલા સમય બાદ જ આ ફંડના રોકાણને સ્ટોક માર્કેટ સટ્ટા બજારમાં જઈને વેચી શકે. ઓપન એન્ડેડમાં રોકાણકાર ગમે ત્યારે ઇન્વેસ્ટ કરી શકે અને ગમે ત્યારે તેને વહેંચી શકે. ક્લોઝ એન્ડેડ સ્કીમમાં નક્કી કરેલ સમયગાળો પુરો થઈ ગયો હોય ત્યારે જો સ્ટોક માર્કેટ નુકસાનીમાં હોય તો રોકાણકારને નુકસાન જવાની સંભાવના વધી જાય છે. જ્યારે સતત ચાલુ રહેતા ફંડમાં આવું થવાની સંભાવના ઓછી રહે છે કારણ કે રોકાણકારને જ્યારે એવુ લાગે કે સ્ટોક માર્કેટ નીચું જવાનું છે તો એ તરત પોતાનું રોકાણ વેચી નાખશે એટલે તેને જોખમની સંભાવના ઓછી છે.

**ક્લોઝ એન્ડેડ સ્કીમનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છે:**

I. સમય અને રકમ ચોક્કસ રીતે નિશ્ચિત કરેલ હોય છે.એટલે રોકાણકાર ચોક્કસ સમય સુધી વેચાણ માટે મુક્ત નથી.

II. આ યુનિટ જાહેરમાં વેચાણ થઈ શકેછે.પરંતુ ફંડમાં ગમે ત્યારે પુનઃખરીદી અને પુનઃવેચાણ થઈ શકતુ નથી. આ ફંડનો મુખ્ય ઉદ્દેશ મૂડીવધારાનો લાભ છે.

III. સંપૂર્ણ સ્કીમ સમય દરમિયાન ફંડ ઉપલબ્ધ હોય છે અને ફંડ મેનેજર દ્વારા જ કાર્યક્ષમતા અને નફાકારકતા માટે ફંડનું રોકાણ અને સંચાલન કરવાનું હોય છે.તેથી પ્રવાહીતા જાળવવાની રોકાણકારને જરૂર રહેતી નથી.

IV. ક્લોઝ એન્ડેડ સ્કીમમાં વળતરની વહેચણી પ્રવાહી રીતે દરેક યુનિટ હોલ્ડરને કરવામાં આવે છે.

V. રોકાણકારનાં દ્રષ્ટિબિંદુએ જોતા મૂડીવધારાની શક્યતા આ સ્કીમને આકર્ષે છે.

(2) **આવકલક્ષી ફંડ(Income - oriented Fund):** આ ફંડનો ઉદ્દેશ અમુક સમયગાળાના અંતરે-રોકાણકારો વચ્ચે આવકની યોગ્ય વહેચણી કરવાનો હોય છે.આથી આ ફંડની રોકાણ–વ્યૂહરચના એ રીતે ગોઠવવામાં આવે છે. આમાટે આ પ્રકારનું મ્યુચ્યુઅલ ફંડ નાણાંનું નિશ્ચિત આવક આપતી જામીનગીરીઓમાં રોકાણ કરે છે .

(3) **વૃદ્ધિલક્ષી ફંડ(Growth - oriented Fund) :** આ ફંડનો ઉદ્દેશ રોકાણકારોએ ફંડમાં રોકેલી મૂડીના મૂલ્યમાં વૃદ્ધિ કરવાનો છે.તેથી આ ફંડ રોકાણકારોનાં નાણાંનું મુખ્યત્વે શેરોમાં રોકાણ કરે છે.

(4) **સમતોલ ફંડ (Balanced Fund):**ફંડોમાં ભંડોળનુ રોકાણ શેર અને બોન્ડ બન્નેમાં કરવામાં આવે છે તેને સમતોલ ફંડ કહેવામાં આવે છે.આ ફંડ આર્થિક વાતાવરણ આશાસ્પદ હોય ત્યારે ઈકવિટી શેરમાં અને નુકસાન જવાની શકયતા હોય ત્યારે બોન્ડમાં રોકાણ કરે છે.

(5) **મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડ :**મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડ એટલે એવુ ફંડ કે જેનું રોકાણ મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટકરે છે.જેમ કે ટ્રેઝરી બીલો,કોલમની અથવા નોટીસ મની, કોમર્શિયલ પેપર,

કોમર્શિયલ બિલ વગેરે તે ટૂંકાગાળા માટેનું કામકાજ કરે છે અને ઓપન એન્ડેડ હોય છે. રિઝર્વ બેંકે 1991 માં તે સમયનાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનાં ડેપ્યુટી મેનેજિંગ ડિરેકટર શ્રી ડી.બાસુનાં અધ્યક્ષપદે એક કાર્યજૂથની રચના કરી હતી.આ કાર્યજૂથની ભલામણના આધારે રિઝર્વ બેંકે 1992 માં વેપારી બેંકોને મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડની સ્થાપના માટે **મંજૂરી** આપી હતી.

**(6) કરવેરા રાહત માટેનાં ફંડ (Tax-Relief Fund):**કેટલાક ફંડોની સ્થાપના અમુક કર રાહતો મેળવવા માટે કરવામાં આવતી હોય છે.દાખલા તરીકે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, જીવન વીમા નિગમ વગેરે.

**(7) ઈકવિટી ફંડ(Equity Fund):** ઇક્વિટી ફંડ તેની આવક /ભંડોળ કંપનીઓના શેરમાં રોકાણ કરે છે અને આવાં રોકાણ સાથે સંકળાયેલાં જોખમોનો સામનો કરે છે . આ ફંડનો મુખ્ય હેતુ અપેક્ષિત મૂડી વધારાનો લાભ પ્રાપ્ત કરવાનો છે.

**(8) બોન્ડ ફંડ(Bond Fund):**આ પ્રકારનાં ફંડોમાં ભંડોળનું રોકાણ ડિબેન્ચર અને બોન્ડમાં કરે છે,આ ફંડ નિશ્ચિત આવક આપે છે.પરંતુ વધુ મૂડી મળવાની સંભાવના ઓછી રહેલી છે કારણ કે જોખમ પણ ઓછુ રહેલું હોય છે.

**(9) વિભાગીય-ક્ષેત્રીય આધારિત ફંડ (Sector - Based Funds):**આ ફંડોમાં ભંડોળનું ચોક્કસ ક્ષેત્રોમાં રોકાણ કરવામાં આવે છે જેમ કે ચોક્કસ ઉદ્યોગ, ખનીજતેલ, સોના-ચાંદી,જમીન,ગેસ કંપની, વિદેશમાં રોકાણ.વળી કેટલીક વખત તો ફંડોનાં ફંડ પણ જોવા મળે છે.મોટાભાગે પશ્ચિમનાં દેશોમાં આવા ફંડો જોવા મળે છે.

**(10) આવક અને વૃદ્ધિ ફંડ(Income - cum Growth Fund) :** જે ફંડ રોકાણ કરીને નિશ્ચિત અને નિયમિત આવક આપે છે તેમ જ મૂડીવૃદ્ધિની ખાતરી આપે છે તેને આવક અને વૃદ્ધિફંડ કહેવામાં આવે છે.

**(11) અન્ય પ્રકારનાં ફંડોઃ** આ ફંડોમાં મિલકત ફંડ, ઊર્જા ફંડ,વસ્તુઓ માટેનાં ફંડ,નૈતિક ફંડ,પર્યાવરણ ઓફ શોર મ્યુચ્યુઅલ ફંડ, અગ્રેસીવ વૃદ્ધિફંડ, સૂચકાંક ફંડ, લીવરેજ ફંડ,ડ્યુઅલ ફંડ,જે બ્રિટનમાં કેટલીક કંપની દ્વારા થાય છે.આવા ફંડો સામાન્ય રીતે અનિચ્છનીય પ્રવૃતિઓમાં રોકાણ કરવાથી દૂર રહે છે.જેમ કે તમાકુ,માદક પીણા વગેરે.

આધુનિક સમયમાં નાણાકીય ક્ષેત્રનાં વિકાસમાં મ્યુચ્યુઅલ ફંડો ખૂબ જ મહત્વની ભુમિકા અદા કરી રહ્યા છે.હાલમાં સમગ્ર વિશ્વમાં મ્યુચ્યુઅલ ફંડોનો નોંધપાત્ર અને ઝડપી વિકાસ થઈ રહ્યો છે.બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલીયા જેવા દેશોમાં તો હજારોની સંખ્યામાં મ્યુચ્યુઅલ ફંડો કામ કરી રહ્યા છે.

**અન્ય પ્રકારોઃ**

**(1) લિવરેજ ફંડ :** આ ફંડને ઉધાર લેવાયેલા ફંડ પણ કહેવામાં આવે છે, તેનો ઉપયોગ મુખ્યત્વે પોર્ટફોલિયો ફાળવણી વખતે મ્યુચ્યુઅલ ફંડના મૂલ્યના કદમાં વધારો કરવા માટે થાય છે. જ્યારે ભાવ વધે છે, ત્યારે ભંડોળની આવક કરવાની ક્ષમતામાં પણ વધારો થાય છે. તેનાં લાભ એકમ ધારકોને વહેંચવામાં આવે છે.આ ત્યારે જ લેવામાં આવે છે જ્યારે ઉધાર ભંડોળના લાભ ઉધાર ભંડોળના ખર્ચ કરતાં વધારે હોય.

**(2) ડયુઅલ ફંડઃ** આ એક ચોક્કસ સમયગાળાનાં ભંડોળ છે. તે બે જુદા જુદા પ્રકારના રોકાણકારો માટે રોકાણની તક પૂરી પાડે છે. આ હેતુ માટે, તે બે પ્રકારના રોકાણ શેરો એટલે કે આવકના શેરો અને મૂડી શેર વેચે છે.જે રોકાણકારો વર્તમાન રોકાણની આવક મેળવે છે તે આવકના શેર ખરીદી શકે છે. તેઓ આખા રોકાણના પોર્ટફોલિયોમાંથી મેળવેલા તમામ વ્યાજ અને ડિવિડન્ડ મેળવે છે. જો કે, તેમને લઘતમ વાર્ષિક ડિવિડન્ડ ચુકવણીની બાહેંધરી આપવામાં

આવે છે. મૂડીશેરના ધારકો તે શેર પર મેળવેલા તમામ મૂડી લાભ પ્રાપ્ત કરે છે અને તેઓ કોઈપણ પ્રકારનાં ડિવિડન્ડ મેળવવા માટે હકદાર નથી.આ સંદર્ભમાં, ડ્યુઅલ ફંડ એ કોઈ પણસંતુલિત ભંડોળથી અલગ છે.

**(3)** **સૂચકાંકફંડ:**સૂચકાંકફંડ તે ફંડનો સંદર્ભ આપે છે જ્યાં પોર્ટફોલિયોને એવી રીતે ડિઝાઈન કરવામાં આવે છે કે તેઓ કેટલા બ્રોડ બેઝ્ડ માર્કેટ સૂચકાંકની રચનાને પ્રતિબિંબિત કરે.આ સુચકઆંકની જેમ જ પ્રમાણમાં જામીનગીરી ધરાવે છે. આ સૂચકાંક લિંક ફંડની કિંમત જ્યારે પણ માર્કેટ ઇન્ડેક્સ વધે છે પોર્ટફોલિયોનું નિર્માણ સંપૂર્ણપણે સુચકઆંકનાં યોગ્ય પ્રમાણને જાળવવા પર આધારિત હોવાથી, તેમાં ઓછા વહીવટી ખર્ચ, ઓછા વ્યવહાર ખર્ચ, પોર્ટફોલિયો મેનેજરોની ઓછી સંખ્યા વગેરે સામેલ છે. તેથી, ઓછી ખરીદી અને જામીનગીરીઓનું વેચાણ થશે.

**(4)** **આક્રમક વૃદ્ધિ ફંડ:** આ ભંડોળ બોન્ડ ફંડની વિરુદ્ધનાં છે.આ ભંડોળ મૂડી લાભ લક્ષી છે અને આ રીતે આ ભંડોળનો વિસ્તાર 'મૂડી લાભ' છે. આથી, આ ભંડોળમાં સામાન્ય રીતે સટ્ટાકીય શેરમાં રોકાણ કરવામાં આવે છે.તેઓ ટૂંકાગાળાના વેપાર જેવી વિશિષ્ટ રોકાણ તકનીકોનો ઉપયોગ પણ કરી શકે છે.

**(5)** **ઓફશોર મ્યુચ્યુઅલ ફંડ :** ઓફશોર મ્યુચ્યુઅલ ફંડ તે ભંડોળ છે જે બિન-નિવાસી રોકાણકારો માટે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ ભંડોળના રોકાણોનાં સ્રોત વિદેશ છે.તેથી, તે અન્યદેશોની જોગવાઈઓ દ્વારા નિયમન કરવામાં આવે છે જ્યાં તે ભંડોળ નોંધાયેલ છે.આ ભંડોળ વિવિધ દેશોમાં ભંડોળના પ્રવાહને સરળ બનાવે છે, જેમાં રોકાણ અને પરત કરવા માટે કોઈ ફી હોતી નથી.

**(6)** **ફંડોનાં ફંડ:**આ ફંડો એવા ફંડ છે જેમાં એક મ્યુચ્યુઅલ ફંડ યોજનામાંથી બીજી મ્યુચ્યુઅલ ફંડ યોજનામાં રોકાણ કરવામાં આવે છે.ભારતમાં આવા પ્રકારનાં ફંડો ડીપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેર્સ,નાણા વિભાગ અને RBI નાં નિયંત્રણમાં બહાર પાડવામાં આવે છે.

## 10.7 મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડ:

**મની માર્કેટ ફંડ યોજનાની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે.**

(1) મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડ માત્ર શિડ્યુઅલ વેપારી બેંકો અને જાહેર નાણાકીય સંસ્થાઓ જ સ્થાપી શકે છે.અને તે રિઝર્વ બેંકને આધીન હોય છે.

(2) આવા ફંડો મની માર્કેટ ડિપોઝીટ એકાઉન્ટ અથવા મનીમાર્કેટ મ્યુચ્યુઅલ ફંડ તરીકે સ્થાપી શકાય છે.

(3) આ ફંડો દ્વારા ઊભા કરવામાં આવતા સાધનોની મહતમ મર્યાદા જે તે પ્રાયોજિત બેંકનાં 1991-92 નાં વર્ષના કુલ થાપણોની પખવાડિક સરેરાશનાં 2% કરતા વધુ હોવી જોઈએ નહી.

(4) મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડનાં યુનિટો કેવળ વ્યકતિઓને જ આપી શકાશે.

(5) આવા ફંડોએ એકત્રિત કરેલ ભંડોળનું રોકાણ નીચે પ્રમાણે કરવાનું રહેશે. (અ) ટ્રેઝરી બીલો (બ) કોલ/નોટીસ મની (ક) કોમર્શિયલ પેપર (ડ) કોમર્શિયલ બિલ (ઈ) સર્ટીફીકેટ ઓફ ડિપોઝીટ.

(6) આ ફંડનાં યુનિટો/શેરોને સ્ટેમ્પ ડયુટીમાંથી મુક્તિ આપવામાં આવશે.

(7) રિઝર્વ બેંકની પૂર્વ**મંજૂરી** મેળવ્યા બાદ જ આવા ફંડો સ્થાપી શકાશે.

(8) 1996-97 માં બેંકો/જાહેર નાણાકીય સંસ્થાઓ/ખાનગી ક્ષેત્રનાં આઠ મ્યુચ્યુઅલ ફંડોને મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડ સ્થાપવા **મંજૂરી** આપી હતી. જેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(1) આઈ.ડી.બી.આઈ મ્યુચ્યુઅલ ફંડ
(2) કોઠારી પાયોનિયર મ્યુચ્યુઅલ ફંડ
(3) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા
(4) એ.એ.ઝેડ.ગ્રીનલેઝ બેંક
(5) એ.બી.એન.એમ્રો બેંક
(6) કેનેરા બેંક
(7) બેંક ઓફ મદૂરા લિ.
(8) ડશ બેંક

આ ફંડોને તેમના રોકાણકારો માટે ચેકબુકની સુવિધા અંગેની મંજૂરી આપવામાં આવી છે.

(9) નવેમ્બર 1999 થી એવી જોગવાઈ કરવામાં આવી છે કે આ ફંડો મની માર્કેટ ડિપોઝીટ એકાઉન્ટનાં સ્વરૂપમાં નહિ પરંતુ એક ટ્રસ્ટનાં સ્વરૂપમાં એક અલગ ઓળખ તરીકે સ્થાપવા માટેની **મંજૂરી** આપવામાં આવી છે.

(10) માર્ચ 2000 થી મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડોને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના નિયમનોના કાર્યક્ષેત્ર હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

### 10.8 મ્યુચ્યુઅલ ફંડોના વિકાસ માટેનાં કારણો :

1980ના દસકાથી ભારતનું મૂડીબજાર ઉત્પાદકીય પ્રવૃત્તિઓ માટે નાણાં પૂરાં પાડવા માટે મહત્વનો ફાળો આપી રહ્યું છે.આને પરિણામે દેશમાં સ્ટોક ઍક્સચેન્જનો ઝડપી વિકાસ થયો છે.1977 થી 1989 ના સમયગાળા દરમિયાન ભારતમાં સ્ટોક એક્સચેંજની સંખ્યામાં ઘણોવધારો નોંધાયો છે.રોકાણકારોની સંખ્યામાં જે દરે વધારો થઈ રહ્યો છે તે જોતાં,દેશમાં સ્ટૉક એક્સચેન્જોની સંખ્યા જે 1987 માં માત્ર 8 જેટલી હતી તે આ સદીના અંત સુધીમાં 50 કરતાં પણ વધુ થવાનો અંદાજ છે. મૂડી બજારનો વિકાસ જોતાં તેને ટકાવી રાખવા માટે શેરબજારની સેવાઓ ઝડપથી અને કાર્યક્ષમતાપૂર્વક-ઉપલબ્ધ થઈ રહે એ ખૂબ જ જરૂરી છે. મૂડી બજારની સ્થિતિ ટકાવી રાખવા અને તંદૂરસ્ત રાખવામાં આ ફંડોએ ઘણી મોટી જવાબદારી અદા કરવાની છે; મ્યુચ્યુઅલ ફંડો પાસેના અદ્યતન માહિતી આપતાં કેન્દ્રો તથા તેમનો વ્યવસાયલક્ષી અભિગમ અને તેમના દ્વારા ગ્રાહકોને ત્વરિત રીતે પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓને લીધે આ ફંડોનો ઝડપી વિકાસ થવા પામ્યો છે.એ જ રીતે, રોકાણકારોને જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવા માટે તજજ્ઞોની એક નવી હરોળ ઊભરી આવી છે તેને લીધે રોકાણકારોને મૂડીબજારમાં ભાગ લેવાનું પ્રોત્સાહન મળ્યું છે.આ પરિબળે પણ મ્યુચ્યુઅલ ફંડોના વિકાસને વેગ આપ્યો છે.

### 10.9 ભારતમાં મ્યુચ્યુઅલ ફંડોનો વિકાસ :

ભારતમાં સર્વપ્રથમ મ્યુચ્યુઅલ ફંડની સ્થાપના 1964 માં યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવી હતી. એ વર્ષે તેણે અત્યાર સુધીની સૌથી લોકપ્રિય યોજનાનો આરંભ કર્યો હતો. આ ફંડે અત્યાર સુધીની કામગીરીમાં શેરબજારની પ્રવૃત્તિઓ પર નોંધપાત્ર અસર પહોચાડી તેમાં સ્થિરતા લાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે.વળી, તેણે વિવિધ કક્ષાના રોકાણકારો તથા 'આવકજૂથો' અને 'વયજૂથો' માટે અનેક પ્રકારની યોજનાઓ આપી છે અને તે સાથે શેરબજારમાં પણ જરૂરી ટેકો આપવાનો પ્રયાસ કર્યો છે. અલબત્ત, 1956 ના કંપની ધારાની કેટલીક નિયંત્રણાત્મક જોગવાઈઓને લીધે અન્ય કોઈ મ્યુચુઅલ ફંડની યોજના શરૂ થઈ શકી ન હતી.1987 માં સરકારે બેંકિંગ નિયમન ધારામાં જરૂરી સુધારો કર્યો જેને લીધે જાહેર ક્ષેત્રની બેંકો માટે સબસીડિયરી કંપની સ્થાપીને મ્યુચ્યુઅલ ફંડ શરૂ કરવાનું શક્ય બન્યું.રિઝર્વ બેંકે સર્વ પ્રથમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને આ અંગેની મંજૂરી આપી અને ત્યાર બાદ કેનરા બેંકને પણ મ્યુચુઅલ ફંડ શરૂ કરવાની પરવાનગી મળી.ત્યાર પછીનાં વર્ષોમાં જાહેર ક્ષેત્રની અનેક બેંકો જેવી કે ઇન્ડિયન બેંક,પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ ઈન્ડિયા કે બેંક ઓફ બરોડા વગેરેએમ્યુચ્યુઅલ ફંડોની સ્થાપના કરી. આ ફંડમાં કરેલું રોકાણ સલામત હોય છે તેમજ તેના પર વાજબી અને નિયમિત વળતર મળતું હોવાથી તથા મૂડી મૂલ્યમાંવૃદ્ધિ થતી હોવાથી બચતોના પ્રવાહને મૂડીરોકાણ માટે સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય છે. આમ આ ફંડ શેરોની કિંમતમાં સ્થિરતા લાવે છે.રોકાણકારોને સલામતી અને નિશ્ચિત આવક આપે છે તથા સાહસિકોને

નાણાકીય સાધનો પૂરાં પાડે છે.આથી આ ફંડોનું સંચાલન ખૂબ જ ચીવટ અને કાર્યક્ષમતાપૂર્વક થાય એ અત્યંત જરૂરી છે કે જેથી રોકાણકારોનો વિશ્વાસ જળવાય રહે.

**સ્વાધ્યાયઃ**

**નીચેની ખાલી જગ્યાઓ પૂરોઃ**

1. ∘∘∘∘∘∘∘∘ ફંડનું ભંડોળ અને તેની ચોક્કસ સમયઅવધિ પહેલેથી જ નક્કી કરવામાં આવે છે.

2. ∘∘∘∘∘∘∘∘ ફંડ કોમર્શિયલ પેપર જેવી ઉચ્ચ પ્રવાહી જામિનગીરીમાં રોકાણ કરે છે.

3. મ્યુચ્યુઅલ ફંડ નક્કી કરતી કંપનીને ∘∘∘∘∘∘∘∘ કહેવામાં આવે છે.

1.ચોક્કસ સમયગાળાનાં ફંડ (કલોઝ એન્ડે ડ), 2. મની માર્કેટ મ્યુચ્યુઅલ,3. પ્રાયોજક

**નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. વ્યવસાયિક લોકો માટે શ્રેષ્ઠ અને યોગ્ય ભંડોળ ∘∘∘∘∘∘∘∘ છે.

(અ) આવક ભંડોળ (બ) ગ્રોથ ફંડ

(ક) સંતુલિત ભંડોળ (ડ) કરવેરા ભંડોળ

2. રોકાણકારોને એક જ યોજનામાંથી બીજી યોજનામાં સમાન ફંડ હેઠળ સ્થાનાંતરિત કરવા માટે આપવામાં આવતી સુવિધા ∘∘∘∘∘∘∘∘ કહેવામાં આવે છે.

(અ) રોલ ઓવર સુવિધા (બ) પુનઃ ઇશ્યુ કરવાની સુવિધા

(ક) પુનઃ ખરીદી સુવિધા (ડ) લેટરલ શિફ્ટિંગ સુવિધા.

3. મ્યુચ્યુઅલ ફંડ આમાં લોકપ્રિય છે?

(અ) યુ.એસ.એ (બ) જાપાન

(ક) યુકે (ડ) ભારત

જવાબો. 1.(બ), 2.(ડ), 3. (અ),

**નીચે આપેલા વિધાનો ખરાં કે ખોટાં છે તે જણાવો.**

1. ઓપન-એન્ડેડ ફંડના એકમો જાહેરમાં વેપાર કરી શકતા નથી.

2. રોલ ઓવર સુવિધા ફક્ત ક્લોઝ-એન્ડેડ ફંડના કિસ્સામાં જ ઉપલબ્ધ છે.

3. વાણિજ્યિક બેંકો સીધા મ્યુચ્યુઅલ ફંડનો વ્યવસાય કરી શકે છે.

**જવાબો.** 1. સાંચુ 2. સાંચુ 3. ખોટું

**નીચેનાં પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો.**

1. મ્યુચ્યુઅલ ફંડ એટલે શું? એક ઉદાહરણ આપો

2. મ્યુચ્યુઅલ ફંડ દ્વારા ઓફર કરી શકાય તેવી કોઈ પણબે યોજનાઓની ચર્ચા કરો.

3. ઓપન-એન્ડેડ ફંડની વિશેષ સુવિધાઓ શું છે?

4. આવક ભંડોળ અને વૃદ્ધિ ફંડ વચ્ચે તફાવત આપો.

5. સમતુલા ભંડોળ એટલે શું?

6. મ્યુચ્યુઅલ ફંડની વ્યાખ્યા આપો અને વિવિધ યોજનાઓનું વર્ણન કરો.

7. મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારને કયા અધિકાર અને સુવિધાઓ ઉપલબ્ધ છે.

**નીચેના પ્રશ્નોનાં સવિસ્તાર ઉત્તરો આપો.**

1. મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડની ચર્ચા કરો.

2. ટૂંક નોંધ લખો: સતત ચાલુ રહેતાં (ઓપન એન્ડેડ)મ્યુચ્યુઅલ ફંડ

3. ચોક્કસ સમયગાળાનાં મ્યુચ્યુઅલ ફંડનાં લક્ષણો જણાવો.

4. મ્યુચ્યુઅલ ફંડોનું મહત્વ જણાવો.

5. મ્યુચ્યુઅલ ફંડોનો વિકાસ પર ટુંકનોંધ લખો

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ સેમેસ્ટર એમ. કોમ.

**MC01ECN102**

## બ્લોક – 3

## ભારતીય નાણાકીય વ્યવસ્થા


| | | |
|---|---|---|
| એકમ-11 | મ્યુચ્યુઅલ ફંડ – II | 1-12 |
| એકમ-12 | વીમો | 13-21 |
| એકમ-13 | બેન્કિંગ અને નોન-બેન્કિંગ સંસ્થાઓ | 22-35 |
| એકમ-14 | રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) | 36-46 |

| | | |
|---|---|---|
| લેખન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. બંસી પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>એમિટી સ્કુલ ઓફ બિઝનેસ, એમિટી યુનિવર્સીટી, અમદાવાદ. |
| | ડૉ. ભાવિક સ્વાદિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>એસ.એમ.પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ કોમર્સ,<br>જી.એલ.એસ. યુનિવર્સીટી, અમદાવાદ. |
| પરામર્શક (વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રો. ધર્મેન્દ્ર મિસ્ત્રી | પ્રિન્સિપાલ,<br>એમ. સી. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. દીપક રાસ્તે | એસોસિયેટ પ્રોફેસર,<br>સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| પરામર્શક (ભાષા) : | ધનશ્યામ કે ગઢવી | નિવૃત્ત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા |
| | ડૉ. લિનાબેન સ્વાદિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર. |
| | ધીરજ સી. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ. |
| સંયોજક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |


| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| આવૃત્તિ : | સુધારેલ પુનઃ આવૃત્તિ - 2026 | |

ISBN: 978-81-947654-5-5



<u>સર્વાધિકાર સુરક્ષિત</u>

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી;દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે.આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધાંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ 11: મ્યુચ્યુઅલ ફંડ - II

.

રૂપરેખા

11.1 મ્યુચ્યુઅલ ફંડનું ભાવિ

11.2 મ્યુચ્યુઅલ ફંડમાં જોખમ

11.3 મ્યુચ્યુઅલ ફંડની કામગીરી પર સિક્યોરિટીઝ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) માર્ગદર્શિકા

11.4 એસેટ મેનેજમેન્ટ કંપની (એએમસી) સંપત્તિ સંચાલન કોર્પોરેશન

11.5 ફંડનું સંચાલન

11.6 ચોખ્ખી મિલકત કિંમત

11.7 રોકાણકારો માટે ઉપલબ્ધ સુવિધા

11.8 મ્યુચ્યુઅલ ફંડોની સ્થાપના

11.9 મ્યુચ્યુઅલ ફંડનાં લાભ

11.10 મ્યુચ્યુઅલ ફંડની પસંદગી

11.11 રોકાણકારો માટેનાં હક્ક

11.12 વ્યાવસાયિક બેક્રો અને મ્યુચ્યુઅલ ફંડ

સ્વાધ્યાયઃ

## 11.1 મ્યુચ્યુઅલ ફંડનું ભાવિઃ

ભારતમાં મ્યુચ્યુઅલ ફંડોનું ભાવિ દેશનાં આર્થિક વિકાસના દર પર,મૂડી બજાર અને મૂડી માળખાનાં વિકાસ પર અને ખાનગી ક્ષેત્ર પ્રત્યે સરકારની નીતિ પર આધારિત છે. સરકારે આ ફંડોને પ્રોત્સાહન આપવાના હેતુથી તેમાં થયેલ રોકાણ પર કેટલીક રાહતો અને કર-મુક્તિ આપી છે. વળી આ ફંડો શરૂ કરનારી બેંકોની કાર્યક્ષમતા પણ ઘણી સારી છે. આમ, ફંડોની સફળતા માટે લેવાયેલા પગલા ખરી દિશામાં છે.

નાની બચત ખાતેદારોવધુ ને વધુ રોકાણ કરે તે માટે પ્રોત્સાહન આપવા માટે મ્યુચ્યુઅલ ફંડોએ વધુ ભાગ ભજવવાનો હોય છે.મ્યુચ્યુઅલ ફંડમાં હરિફાઈનાં તત્વનાં આધારે વિવિધ કામગીરીનું મૂલ્યાકંન કરી શકાશે.

ભારતમાં સીમિત સંખ્યામાં મ્યુચ્યુઅલ ફંડો રહેલા છે તેથી તેને જાહેર કરે તો બજાર પર સીધી અસર પડે છે.જ્યારે બીજા દેશોમાં મોટી સંખ્યામાં મ્યુચ્યુઅલ ફંડો હોવાના લીધે બજાર પર ખાસ ફેર પડતો નથી.સેબી દ્વારા રોકાણો જાહેર કરવામાં આવે છે.

## 11.2 મ્યુચ્યુઅલ ફંડમાં જોખમઃ

મ્યુચ્યુઅલ ફંડ જોખમોથી મુક્ત નથી,કારણ કે મૂળભૂત રીતે મ્યુચ્યુઅલ ફંડ પણ તેમના ભંડોળને શેર બજારમાં એવા શેરો પર રોકાણ કરે છે જે પ્રમાણમાં અસ્થિર હોય છે અને જોખમ મુક્ત નથી. તેથી, નીચેના જોખમો તેમના વ્યવહારમાં સહજ છેઃ

**(1) બજારના જોખમો :**સામાન્ય રીતે, શેર પરના દરેક પ્રકારનાં રોકાણો સાથે કેટલાક જોખમો સંકળાયેલા હોય છે. તેમને બજારના જોખમો કહેવામાં આવે છે, આ બજારના જોખમો ઘટાડી શકાય છે, પરંતુ એક સારા રોકાણ વ્યવસ્થાપન દ્વારા પણ સંપૂર્ણપણે દૂર કરી શકાતા નથી. શેરની કિંમતો બજારની સ્થિતિને આધારે વ્યાપક ભાવોની વધ-ઘટને આધિન છે, જેના ઉપર કોઈનું નિયંત્રણ નથી. ઉપરાંત, દરેક અર્થવ્યવસ્થાને તેજી- મંદીમાંથી પસાર થવું પડે છે. વ્યવસાય ચક્રનો આ તબક્કો બજારની પરિસ્થિતિઓને મોટા પ્રમાણમાં અસર કરે છે.

**(2) યોજનાકીય જોખમ :** યોજનામાં પણ કેટલાક જોખમો છે.તે બધા યોજનાનાં પ્રકાર પર આધારીત છે.ઉદાહરણ તરીકે, શુદ્ધ વૃદ્ધિ યોજનામાં જોખમો વધારે છે. તે સ્પષ્ટ છે કારણ કે જો કોઈ વૃદ્ધિ યોજનાના કિસ્સામાં વધુ વળતરની અપેક્ષા રાખે છે, તો તે વ્યક્તિએ વધુ જોખમ લેવું પડશે.

**(3) રોકાણનું જોખમઃ** મ્યુચ્યુઅલ ફંડ શેર દ્વારા નાણા મેળવશે કે ડુબાડશે તે એસેટ મેનેજમેન્ટ કંપનીની રોકાણની સલાહ પર આધાર રાખે છે. જો તેની રોકાણની સલાહ અવળી પડે તો ફંડએ નુકસાન સહન કરવું પડે છે. વિવિધ ભંડોળનું રોકાણ કૌશલ્ય અલગ અલગ હોય છે. તે રોકાણકારોને મળતા વળતરમાં જોવા મળે છે.

**(4) વ્યવસાયનું જોખમઃ** મ્યુચ્યુઅલ ફંડના ભંડોળનું રોકાણ કંપનીના શેરમાં પણ કરવામાં આવે છે. જો તે કંપનીના વ્યવસાયમાં કોઈ પણ નુકસાન કે મંદીનો ભોગ બને છે, તો તે કોઈ ડિવિડન્ડ જાહેર કરી શકશે નહી. તે ઊઠી જવાની હદ સુધી પણ પહોંચી શકે છે. જોકે મ્યુચ્યુઅલ ફંડ આવા જોખમ સામે ટકી શકે છે, પરંતુ તેની આવક ચુકવવાની ક્ષમતાને અસર થાય છે.

**(5) રાજકીય જોખમો :** બદલાતી રહેતી સરકારો તેમની સાથે નવી નવી આર્થિક વિચારધારાઓ અને નીતિઓ લાવે છે. એવું ઘણીવાર કહેવામાં આવે છે કે ઘણા આર્થિક નિર્ણયો રાજકારણ પ્રેરિત હોય છે. સરકારમાં બદલાવ અનિશ્ચિતતાનું જોખમ લાવે છે જેનો નાણાકીય સેવા ઉદ્યોગના દરેક ખેલાડીએ સામનો કરવો પડે છે. તેથી મ્યુચ્યુઅલ ફંડ પણ તેમાંથી અપવાદ નથી.

## 11.3 મ્યુચ્યુઅલ ફંડની કામગીરી પર સિક્યોરિટીઝ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી)ની માર્ગદર્શિકાઃ

ભારત સરકારે ફેબ્રુઆરી 1992 માં જાહેર ક્ષેત્ર, ખાનગી ક્ષેત્ર અને સંયુક્ત ક્ષેત્રે સ્થપાયેલા તમામ મ્યુચ્યુઅલ ફંડો માટે સર્વગ્રાહી માર્ગદર્શિકાઓ જાહેર કરી હતી.આ માર્ગદર્શિકાઓને અનુલક્ષીને જાન્યુઆરી 1993 માં સરકારની એક જાહેરાત અન્વયે તમામ મ્યુચ્યુઅલ ફંડોને સિક્યોરીટીઝ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) નાં નિયમન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

આ મ્યુચ્યુઅલ ફંડોની સ્થાપના ઈન્ડિયન પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ ટ્રસ્ટ તરીકે કરવામાં આવશે અને તેનું સંચાલન એસેટ મેનેજમેન્ટ કંપની દ્વારા અલગ રીતે થશે. આવી એસેટ મેનેજમેંટ કંપનીની લઘુતમ મૂડી પર્યાપ્ત રૂ.5 કરોડની હોવી જોઈશે જે પૈકી–ફંડનાં પ્રાયોજકોનો ઓછામાં ઓછો હિસ્સો 40 ટકા જેટલો હોવો જોઈશે. એસેટ મૅનેજમેન્ટ કંપની અને મ્યુચ્યુઅલ ફંડના ટ્રસ્ટીઓ કાયદાકીય રીતે અલગ અલગ રહેશે. ત્યારપછી તાજેતરના વર્ષોમાં ભારતનામ્યુચ્યુઅલ ફંડોની કામગીરીને વિકસિત દેશોની સમકક્ષ લાવવા માટે આ અંગેનાં નિયમનો અને માર્ગદર્શિકાઓમાં સુધારાકરી તેને વધુ તર્કસંગત બનાવવામાં આવ્યા છે.જેનો હેતુ સમગ્ર વ્યવસ્થાતંત્રને પારદર્શકબનાવી રોકાણકારોનાં હિતનું રક્ષણ કરવાનો, સટ્ટાકીય પ્રવૃતિ પર અંકુશ મુકવાનો અને નાણાકીય શિસ્ત જાળવવાનો છે.

મ્યુચ્યુઅલ ફંડોને વધુ પારદર્શક બનાવી શકાય અને રોકાણની તકોમાં વધારો કરી શકાય તે માટે દરિયાપારની જામીનગીરીમાં રોકાણ કરવાની પણ તક આપવામાં આવે છે.

## 11.4 એસેટ મેનેજમેન્ટ કંપની (એએમસી) સંપત્તિ સંચાલન કોર્પોરેશનઃ

સંપત્તિ સંચાલન કોર્પોરેશન વિવિધ યોજનાઓના ભંડોળનું સંચાલન કરે છે. એએમસી રોકાણ કરવા, સંશોધન કરવા,એજન્ટ અને રોકાણકારની સેવા આપવા માટે મોટી સંખ્યામાં વ્યવસાયિકોને રોજગારી આપે છે. હકીકતમાં કોઈપણ મ્યુચ્યુઅલ ફંડની સફળતા આ સંપત્તિ સંચાલન કોર્પોરેશનની કાર્યક્ષમતા પર આધારીત છે. સંપત્તિ સંચાલન કોર્પોરેશન મ્યુચ્યુઅલ ફંડની કામગીરી અંગે ત્રિમાસિક અહેવાલ ટ્રસ્ટીઓને સુપરત કરે છે જે સંપત્તિ સંચાલન કોર્પોરેશનને માર્ગદર્શન અને નિયંત્રણ કરે છે.

## 11.5 મ્યુચ્યુઅલફંડનું સંચાલનઃ

મ્યુચ્યુઅલ ફંડ સંભવિત રોકાણકારોને વિવિધ યોજનાઓની ઓફર કરીને ભંડોળમાં જોડાવા આમંત્રણ આપે છે. જેથી વિવિધ રોકાણકારોની શ્રેણીઓની આવશ્યકતાઓ પૂરી થઈ શકે. વ્યક્તિગત રોકાણકારોના સંસાધનો એક સાથે થાય છે અને રોકાણકારોને નાણાંની આવક માટે યુનિટ/ શેર જારી કરે છે, અને એકત્રિત કરવામાં આવેલી રકમ મૂડી બજારના સાધનો જેવા કે શેર, ડિબેન્ચર્સ, ટ્રેઝરી બીલ, કમર્શિયલ પેપર્સ, મની માર્કેટ ઈન્સ્ટૂમેન્ટ્સ વગેરેમાં રોકાણ કરવામાં આવે છે.આ ભંડોળના સંચાલન માટે, મ્યુચ્યુઅલ ફંડને સેબી રેગ્યુલેશન એક્ટ 1993 દ્વારા નિર્ધારિત મહત્તમ ધોરણે સંચાલિત ફંડ્સની 1.25 % વાર્ષિક ફી મળે છે અને જો ભંડોળ 100 કરોડથી વધુ હોય, તો ફક્ત 1% ફી મળે છે, તે કરતાં વધુ લઈ શકતા નથી.અલબત્ત નિયમિત ખર્ચ જેવા કે કસ્ટોડિયલ ફી, ડિવિડન્ડ વોરંટનો ખર્ચ, નોંધણી માટેની ફી, એસેટમેનેજમેન્ટ ફી વગેરે સંબંધિત યોજનાઓમાં ખર્ચ થાય છે. આ ખર્ચ દર વર્ષે સંબંધિત યોજનાઓમાં અસ્કયામતોના 3% કરતા વધુ ન હોઈ શકે.બાકીની રકમ રોકાણકારોને સંપૂર્ણ રીતે પરત આપવામાં આવે છે.

## 11.6 ચોખ્ખી મિલકત કિંમતઃ

પુનઃખરીદ કિંમત હંમેશાં ચોખ્ખી મિલકત કિંમત સાથે જોડાયેલી હોય છે. ચોખ્ખી મિલકત કિંમત એ યોજનાની બધી મિલકતોને લગતી કોઈ ચોક્કસ યોજનાના દરેક એકમના બજાર ભાવ સિવાય બીજું કંઈ નથી. તેને બીજી રીતે દરેક એકમનું ''આંતરિક મૂલ્ય''કહી શકાય.આ મૂલ્ય ફંડની કામગીરીનું ખરુ માપદંડ છે. જો ચોખ્ખી મિલકત કિંમતએ યુનિટની મૂળ કિંમત કરતા વધારે છે તો સ્પષ્ટપણે દર્શાવે છે કે તે યુનિટ પર રોકાયેલા નાણાંનાં મૂલ્યમાં વધારો થયો છે અને ફંડ સારી કામગીરી કરી છે.

દાખલા તરીકે, ફોર્ચ્યુન મ્યુચ્યુઅલ ફંડએ કરોડપતિ યોજના નામની યોજના રજૂ કરી છે.યોજનાનું કદ 100 કરોડ છે. દરેક એકમની કિંમત રૂ.10 છે. તેણે શેર અને ડિબેંચર્સમાં તમામ ભંડોળનું રોકાણ કર્યું છે અને રોકાણનું બજાર મૂલ્ય રૂ. 200 કરોડ આવે છે.

હવે ચોખ્ખી મિલકત કિંમત= 200 કરોડ/100 કરોડ x દરેક એકમનું મૂલ્ય હવે 2x 10 = 20 આમ, દરેક એકમનું મૂલ્ય રૂ. 10 ની કિંમત રૂ. 20 થશે. તેથી ચોખ્ખી મિલકત કિંમત = રૂ.20 આ ચોખ્ખી મિલકત કિંમત પુનઃખરીદ કિંમત અને પુનઃબહાર પાડેલ કિંમત નક્કી કરવા માટેનો આધાર છે. રોકાણકાર ચોખ્ખી મિલકત કિંમત શોધવા માટે કોઈપણ સમયે ભંડોળ ઊભુ કરી શકે છે. કેટલાક MFs ચોખ્ખી મિલકત કિંમત બે કે ત્રણ અગ્રણી દૈનિક કે સાપ્તાહિકમાં પ્રકાશિત કરે છે.

## 11.7 રોકાણકારો માટે ઉપલબ્ધ સુવિધાઃ

### (1) પુનઃ ખરીદ કરવાની ઉપલબ્ધ સુવિધાઓઃ

રોકાણકારોને ચોક્કસ સમયગાળાનાં ફંડની યોજનાઓના એકમોને માન્ય સ્ટોક એક્સચેંજમાં ફરજિયાતપણે સુચિબદ્ધ કરવું જરૂરી છે. આવા એકમો બજાર ભાવે વેચી અથવા ખરીદી શકાય છે. પરંતુ, સતત ચાલુ રહેતા ફંડની યોજનાના એકમો બિલકુલ સુચિબદ્ધ નથી અને તેથી તેમને ફક્ત ફંડમાંથી જ ખરીદવું પડશે. તેથી, ફંડ તેના સભ્યો પાસેથી એકમો પાછા ખરીદવાનો અધિકાર પોતાની પાસે રાખે છે.ફંડ દ્વારા રોકાણકારો પાસેથી એકમો પુનઃ ખરીદવાની આ પ્રક્રિયાને પુનઃખરીદ સુવિધા કહેવામાં આવે છે.આ બંને યોજનાઓમાં ઉપલબ્ધ છે જેથી રોકાણકારોને પ્રવાહીતા મળી રહે. આ હેતુ માટે નિર્ધારિત કિંમતને પુનઃ ખરીદ કિંમત કહેવામાં આવે છે.

### (2) પુનઃબહાર પાડવાની સુવિધાઃ

પુનઃબહાર પાડવાની સુવિધાઓ સતત ચાલુ રહેતા ફંડની યોજનાઓના કિસ્સામાં, એકમો ફક્ત ફંડમાંથી જ ખરીદી શકાય છે, ખુલ્લા બજારમાંથી નહી. રોકાણકારો પાસેથી ખરીદેલા એકમો ફરીથી ખરીદવામાં રસ ધરાવતા લોકોને ફરીથી સોંપવામાં આવે છે. આ હેતુ માટે નક્કી કરેલી કિંમતને પુનઃ બહાર પાડેલ કિંમત કહેવામાં આવે છે.

### (3) પુનઃરોકાણ સુવિધા :

ચુકવણી સમયે, રોકાણકારને બીજી મુદત માટે ફરી એક વખત તેના સંપૂર્ણ રોકાણને ફરીથી રોકાણ કરવાનો વિકલ્પ આપવામાં આવે છે. રોકાણકારો આ પુનઃરોકાણની સુવિધાનો આશરો લઈને વળતર સમયે છૂટા-છવાયા બજારની પ્રતિકૂળ સ્થિતિને દૂર કરી શકે છે. આ ચોક્કસ સમયગાળાનાં ફંડના કિસ્સામાં લાગુ પડે છે.

### (4) યોજના સ્થનાંતરિત સુવિધાઓ(લેટરલ શિફ્ટિંગ) :

કેટલાક મ્યુચ્યુઅલ ફંડસ રોકાણકારોને ચોખ્ખી મિલકત કિંમતના આધારે કુલ યોજના પૂરી પાડવાના દષ્ટિકોણથી એક યોજનામાંથી બીજીમાં સ્થાનાંતરિત કરવાની મંજૂરી આપે છે. આ કોઈપણ ડિસ્કાઉન્ટ વિના અને કોઈપણ વધારાના ચાર્જ વિના કરવામાં આવે છે. રોકાણકારોને આપેલ આ એક મોટો લાભ છે. આ શિફ્ટિંગને 'લેટરલ શિફ્ટિંગ' કહેવામાં આવે છે.

## 11.8 મ્યુચ્યુઅલ ફંડોની સ્થાપનાઃ

આગળ કહ્યુ તેમ ભારતમાં સર્વપ્રથમ મ્યુચ્યુઅલ ફંડની સ્થાપના 1964 માં યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા દ્વારા કરવામાં આવી હતી.અને ત્યાર પછીનાં વર્ષોમાં અનેક સંસ્થાઓએ આવા ફંડોની રચના કરી છે.જે પૈકીની મુખ્ય સંસ્થાઓ અને તેમના દ્વારા સ્થપાયેલા ફંડો નીચે પ્રમાણે છે.

(1) **યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાઃ** મ્યુચ્યુઅલ ફંડની સ્થાપનામાં યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા અગ્રેસર રહ્યું છે. અને તેણે વિવિધ કક્ષાના રોકાણકારો માટે તેમજ વિવિધ આવક જૂથો અને વય જૂથો માટે અનેક પ્રકારની યોજનાઓ શરૂ કરી છે

(2) **જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા સ્થપાયેલા મ્યુચ્યુઅલ ફંડ :**આમાં મુખ્યત્વે નીચેના મ્યુચ્યુઅલ ફંડનો સમાવેશ થાય છે(1)સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મ્યુચ્યુઅલ ફંડ (2) કેનેરા બેંક મ્યુચ્યુઅલ ફંડ (3) ઇન્ડિયન બેંક મ્યુચ્યુઅલ ફંડ (4)બેંક ઓફ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડ(5) પંજાબ નેશનલ બેંક મ્યુચ્યુઅલ ફંડ(6) બેંક ઓફ બરોડા મ્યુચ્યુઅલ ફંડ

(3) **ક્ષેત્રની નાણાકીય સંસ્થાઓ દ્વારા સ્થપાયેલા મ્યુચ્યુઅલ ફંડઃ** આમા મુખ્યત્વે નીચેના ફંડોનો સમાવેશ થાય છે.(1) જીવન વીમા નિગમ મ્યુચ્યુઅલ ફંડ (II) જનરલ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન મ્યુચ્યુઅલ ફંડ (III) ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડ.

(4) **ખાનગી ક્ષેત્રે સ્થપાયેલા મ્યુચ્યુઅલ ફંડોઃ** આ ફંડો પૈકી નીચે મુજબનાં મ્યુચ્યુઅલ ફંડ છે. (1) કોઠારી મ્યુચ્યુઅલ ફંડ (II) ટાટા મ્યુચ્યુઅલ ફંડ (III) બિરલા મ્યુચ્યુઅલ ફંડ (IV) જે.એમ. મ્યુચ્યુઅલ ફંડ

(5) **વિદેશી મ્યુચ્યુઅલ ફંડઃ** (I)માર્ગેન-સ્ટેનલી મ્યુચ્યુઅલ ફંડ (II)ટવેંટીએથ સેન્ચ્યુરી મ્યુચ્યુઅલ ફંડનો સમાવેશ થાય છે.

## 11.9 મ્યુચ્યુઅલ ફંડનાં લાભઃ

તાજેતરના વર્ષોમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં અસાધારણ વિકાસ થયો છે. સામાન્ય રીતે રોકાણકારો અને દેશના અર્થતંત્રમાં તેના મહત્વને ધ્યાનમાં રાખીને કોઈ પણ મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ ક્રાંતિની સરાહના કરી શકે છે. મ્યુચ્યુઅલ ફંડસના કેટલાક મહત્ત્વપૂર્ણ ફાયદા નીચે મુજબ છેઃ

**(1) રોકાણ માટે ચેનલસેલિંગ બચતોઃ**

એકંદરે અર્થવ્યવસ્થાના વિકાસ માટે ગ્રાહકોના વિવિધ વર્ગને વિવિધ યોજનાઓ પ્રદાન કરીને લોકોની બચત વધારવાનાં સાધન તરીકે ભંડોળ કામ કરે છે.મ્યુચ્યુઅલ ફંડ દ્વારા અનેક યોજનાઓ બહાર પાડવામાં આવી છે. જેથી વિવિધ પ્રકારની આવશ્યકતાઓને પહોંચી શકાય. આ રીતે, બચત પાત્ર સીધા મૂડી રોકાણો તરફ નિર્દેશ કરવામાં આવે છે. મ્યુચ્યુઅલ ફંડની ગેરહાજરીમાં, આ બચત નિષ્ક્રિય રહી હોત. આમ, ખર્ચના વધારાને કારણે સમગ્ર અર્થવ્યવસ્થાને ફાયદો થાય છે.

**(2) વિશાળ પાર્ટફોલીયો રોકાણની ઓફરઃ**

આ ઓફરનાં કારણે નાના અને મધ્યમ રોકાણકારો પ્રમાણમાં નજીવા ખર્ચ સાથે સ્ટોક એક્સચેન્જની કામગીરીમાં પ્રવેશી શકે. જો તેઓ ઓછા શેરમાં રોકાણ કરે, તો બની શકે વૈવિધ્યનાં અભાવે તેને ઓછો નફો મળે.આ રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડ દ્વારા રોકાણના વિશાળ પોર્ટફોલિયોની સુવિધા મેળવી શકે છે. મ્યુચ્યુઅલ ફંડ એક સંતુલિત પોર્ટફોલિયો ધરાવે છે, જે જોખમોથી મુક્ત છે. આમ મ્યુચ્યુઅલ ફંડ પોર્ટફોલિયોમાં વૈવિધ્ય છે.

**(3) વધુ સારુ વળતર પૂરુ પાડવુંઃ**

મોટી સંખ્યામાં ગ્રાહકો પાસેથી ભંડોળ એકઠું કરવુ અને તે ભંડોળના નિકાલ પર મોટું ભંડોળ પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવે છે.આ મોટા ભંડોળને કારણે, મ્યુચ્યુઅલ ફંડ નાના અને મધ્યમ રોકાણકારો કરતાં વધુ સસ્તી ખરીદી અને સારુ વેચાણ કરી શકશે. આમ, તેઓ વધુ સારા બજાર દરો અને દલાલીના નીચા દરોને અમલી કરવા માટે સક્ષમ છે. તેથી તેઓ તેમના ગ્રાહકોને સારુ વળતર આપે છે. તેઓ મોટા પાયે અર્થતંત્રનો લાભ પણ લે છે અને મૂડી બજારની ભાગીદારીની કિંમત ઘટાડી શકે છે. મોટા રોકાણોની લેવડદેવડના ખર્ચ, નાના રોકાણો કરતા ચોક્કસપણે ઓછા છે. હકીકતમાં મ્યુચ્યુઅલ ફંડનો તમામ નફો ડિવિડન્ડ અને મૂડીકરણ દ્વારા રોકાણકારોને આપવામાં આવે છે. અત્યાર સુધી શરૂ થયેલા મોટાભાગના મ્યુચ્યુઅલ ફંડસે 12% પી.એ.સુધીનાં દરે ડિવિડન્ડ આપ્યુ છે.અને 17% પી.એ. તે એકદમ સારુ વળતર છે.

**(4) ઓછી કિંમતે નિષ્ણાત રોકાણોની સેવા પ્રદાન કરવી:**

ફંડનું સંચાલન સામાન્ય રીતે એવા વ્યાવસાયિકોને સોંપવામાં આવે છે કે જેઓ સારી રીતે પ્રશિક્ષિત હોય અને રોકાણના ક્ષેત્રમાં પર્યાપ્ત અનુભવ ધરાવતા હોય. આ વ્યાવસાયિકોના રોકાણોનાં નિર્ણયો હંમેશાં જાણકારી જ્ઞાન અને અનુભવ દ્વારા સમર્થિત હોય છે.આમ, રોકાણકારોને તેમના શ્રેષ્ઠ હિતમાં ગુણવત્તાવાળી સેવાઓની ખાતરી આપે છે. સિક્યોરિટીઝ માર્કેટની જટિલ પ્રક્રિયાને લીધે, રોકાણકારો આ બધા કામો જાતે કરી શકતા નથી અથવા તે વ્યક્તિગત પોર્ટફોલિયોના સંચાલન કરનારા કોઈ વ્યાવસાયિક મેનેજર પાસે ન જઈ શકે. આવા કિસ્સામાં તે વધુ મેનેજમેન્ટ ફી લઈ શકે છે. મ્યુચ્યુઅલ ફંડના કિસ્સામાં મધ્યસ્થી ફી સૌથી ઓછી 1 ટકા છે.

**(5) સંશોધન સેવા પ્રદાન કરવી:**

મ્યુચ્યુઅલ ફંડ વિશાળ સંસાધનોને આદેશ આપવા માટે સક્ષમ છે અને તેથી કોર્પોરેટ સિક્યોરિટી પર અનિવાર્ય અભ્યાસ અને સંશોધન હાથ ધરવાનું શક્ય છે. દરેક ભંડોળ એક મોટી સંશોધન ટીમ જાળવે છે જે કંપનીઓ અને ઉદ્યોગોનું સતત વિશ્લેષણ કરે છે અને ફંડને ડયુ અથવા ચોક્કસ શેર વેચવાની ભલામણ કરે છે. આમ, સંપૂર્ણ સંશોધનને આધારે રોકાણ સંપૂર્ણપણે કરવામાં આવે છે. સંશોધનનો ઘણો સમય, પ્રયત્નો અને ખર્ચ સામેલ હોવાથી, વ્યક્તિગત રોકાણકાર આ કાર્ય હાથ ધરી શકશે નહી. મ્યુચ્યુઅલ ફંડમાં ઈન્વેસ્ટ કરીને, રોકાણકારને ફંડ દ્વારા કરવામાં આવેલા સંશોધનનો લાભ મળે છે.

**(6) કરવેરામાં લાભ આપવો:**

અમુક ફંડ તેના ગ્રાહકોને કરવેરા રાહત આપે છે. આમ, ડિવિડન્ડ, વ્યાજ અને મૂડીકરણ સિવાય રોકાણકારો પણ ટેક્સ મુક્તિનો લાભ ઊભો કરે છે. દાખલા તરીકે, આવકવેરા કાયદાની કલમ 80L હેઠળ, રૂ. મ્યુચ્યુઅલ ફંડમાંથી 10,000 ડિવિડન્ડ (રૂ. 13000 UTI તરીકે) પ્રાપ્ત થાય છે. તે કુલ આવકમાંથી બાદ કરવામાં આવે છે. કેટલાક ભંડોળ 88Aફંડસનું સંચાલન કરે છે જ્યાં 20 % જેટલી રકમનું રોકાણ કરવામાં આવે છે (મહત્તમ રૂ. 25,000 ને આધિન હોય છે) તે ચૂકવવાપાત્ર વેરામાંથી બાદ કરવાની છૂટ છે. સંપત્તિ વેરા એક્ટ હેઠળ, મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણથી રૂ.5 લાખમ્યુચ્યુઅલ ફંડ તેમના રોકાણ પરની તમામ આવક પરના કરમાંથી સંપૂર્ણપણે મુક્ત છે. પરંતુ, અન્ય તમામ કંપનીઓએ વેરો ભરવાનો રહેશે અને તેઓ કર પછીના નફામાંથી જ ડિવિડન્ડ જાહેર કરી શકે છે.પરંતુ, મ્યુચ્યુઅલ ફંડ ડિવિડન્ડમાંથી સ્રોત પર કર ઘટાડતા નથી. રોકાણકારો માટે ખરેખર આ એક આશિર્વાદ સમાન છે.

**(7) પરીવર્તનશીલ રોકાણ આયોજન રજુ કરવું :**

કેટલાક મ્યુચ્યુઅલ ફંડે રોકાણકારોને તેમના એકમોની યોજનામાંથી બીજા એકમમાં ફેરફાર કરવાની છૂટ આપી છે અને આ રાહત રોકાણકારો માટે સારી બાબત છે. ભંડોળની કામગીરીના આધારે વૃદ્ધિ એકમો માટે આવક એકમોની અદલા-બદલ થઈ શકે છે. કોઈ પણ અન્ય રોકાણોમાં આવી રાહત મેળવી શકાતી નથી.

**(8) વાજબી ભાવ અને પ્રવાહિતા પ્રદાન કરવી :**

ખૂબ નાના રોકાણકારોને પણ મ્યુચ્યુઅલ ફંડસમાં રોકાણ કરવાનું પરવડી શકે છે. તેઓ શેરની સીધી ખરીદી માટે આકર્ષક અને અસરકારક વિકલ્પ પ્રદાન કરે છે. મ્યુચ્યુઅલ ફંડની ગેરહાજરીમાં નાના રોકાણકારો આવી નજીવી રકમ સાથે અનેક રોકાણોમાં ભાગ લઈ શકે નહી. પ્રવાહિતાનાં કારણે નેટ એસેટ વેલ્યુ પર યુનિટ્સને કોઈપણ સમયે વેચી શકાય છે અને આમ ઝડપી રોકડમાં રૂપાંતરની ખાતરી આપવામાં આવે છે. ઉપરાંત, પ્રાયોજક બેંકની શાખાઓ એકમના પ્રમાણપત્રો સામે લોનની સુવિધા આપવા માટે હંમેશાં તૈયાર રહે છે.

**(9) સરળીકૃત રેકોર્ડ રાખવાઃ**

ત્રણ અથવા ચાર કંપનીઓમાં 500 અથવા તેથી વધુ શેરોમાં રોકાણ સાથે રોકાણકારને ડિવિડન્ડ ચુકવણી, બોનસ ઇશ્યુના યોગ્ય રેકોર્ડ રાખવા પડશે. ભાવ ફેરફાર, ખરીદી અથવા વેચાણ, દલાલી અને અન્ય સંબંધિત વસ્તુઓ બાબતે પણ રેકોર્ડ રાખવા પડશે. જોકે તે ઘણું થકવી દેનાર અને ઘણો સમય લે છે. કોઈપણ હક્કનાં ઈસ્યુનાં રેકોર્ડ રાખવાનું ભૂલી શકે છે અને તેને જ ગુમાવવું પડી શકે છે, તેથી, નાના અને મધ્યમ રોકાણકારો માટે રેકોર્ડ રાખવાએ સૌથી મોટી સમસ્યા છે, હવે, સિંગલ ઇન્વેસ્ટમેન્ટ સ્રોત સુવિધા પણ ઉપલબ્ધ છે. મ્યુચ્યુઅલ ફંડ 100 થી વધુ કંપનીઓમાં રોકાણ કરવા સક્ષમ છે.

**(10) મૂડી બજારને ટેકો આપવો :**

મ્યુચ્યુઅલ ફંડ મૂડી બજારના વિકાસને ટેકો આપવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.મ્યુચ્યુઅલ ફંડ મૂડી બજારની સાધનની માંગ સપૂર્ણ કરીને મૂડી બજારને સક્રિય બનાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, લોકોની બચત આ મ્યુચ્યુઅલ ફંડસ દ્વારા મૂડી બજારોમાં રોકાણ કરવામાં આવે છે. આમ, ભંડોળ સ્ટોક,શેર અને બોન્ડસમાં બેંક ડિપોઝિટને નિવેશ કરવા માટે નાણાકીયસ્વરૂપમાં પ્રવેશ કરે છે. મ્યુચ્યુઅલ ફંડસમૂડી માટે પણ ઊંચી તરલતા પ્રદાન કરે છે, અને આ રીતે,બજાર સક્રિય અને સ્થિર બને છે.જ્યારે વિદેશી રોકાણકારો અને સટોડિયાઓ બજારોમાં પુનઃપ્રવેશ કરે છે, ત્યારે મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો બજારને સ્થિર અને પ્રવાહી રાખે છે.મ્યુચ્યુઅલ ફંડસની ગેરહાજરીમાં, શેરબજારમાં સટોડિયાઓનાં પ્રવેશ અને પુનઃપ્રવેશને કારણે ભાવમાં મોટી વધઘટ રહે છે.આમ તે મૂડી બજારને ઉત્તમ ટેકો આપે છે અને બજારના સંસ્થાપનની પ્રક્રિયામાં મદદ કરે છે.

**(11) ઓદ્યોગિક વિકાસને પ્રોત્સાહન :**

કોઈપણ રાષ્ટ્રનો આર્થિક વિકાસ તેના ઔદ્યોગિક વિકાસ અને કૃષિ વિકાસ પર આધારીત છે. બધા ઔદ્યોગિક એકમોએ શેર અને ડિબેન્ચર્સના ઇશ્યુ દ્વારા મૂડી બજાર થકી ભંડોળ મેળવવું પડશે, મ્યુચ્યુઅલ ફંડસ બજારને ભંડોળનો મોટો સ્રોત પુરો પાડે છે, અને આ રીતે,ઉદ્યોગોને તેમની મૂડી જરૂરીયાતની પુર્તતાની ખાતરી આપવામાં આવે છે.મ્યુચ્યુઅલ ફંડસના પ્રવેશથી ભારતના શેરો અને બોન્ડ્સની માંગમાં વધારો થયો છે.આમ, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગોને બજાર દરે નાણાકીય સંસાધનો પૂરા પાડે છે.

**(12) પ્રારંભિક જાહેર ભરણું (આઈપીઓ):**

પ્રારંભિક જાહેર ભરણાંનાં મોટાભાગના કિસ્સાઓમાં નાના રોકાણકારો કંપનીના IPO મેળવી શકતા નથી કારણ કે ઓછામાં ઓછા 500 શેરો માટે અરજી કરવી એ ખાસ કરીને નાના રોકાણકારો માટે ખૂબ મુશ્કેલ છે.પરંતુમ્યુચ્યુઅલ ફંડમાં ફાળવણીની વધુ બાંહેધરી છે, મ્યુચ્યુઅલ ફંડ પણ કંપનીઓ દ્વારા ચોક્કસ ટકાવારીની બાંહેધરી આપે છે. આમ મ્યુચ્યુઅલ ફંડમાં ભાગ લઈનેરોકાણકારો વિવિધ કંપનીઓમાં ભાગ લઈ શકે છે.

**(13) નવા ઈસ્યુનો બજાર ખર્ચ ઘટાડવાઃ**

મ્યુચ્યુઅલ ફંડ નવા ઇશ્યુના માર્કેટીગ ખર્ચને ઘટાડવામાં મદદ કરે છે.પ્રમોટરો મ્યુચ્યુઅલ ફંડને પ્રારંભિક જાહેર ભરણાંનો મોટો હિસ્સો ફાળવતા હતા અને તેથી તેઓ આવા ઇશ્યુના માર્કેટિંગ ખર્ચથી બચી જાય છે.

**(14) નાણા બજારને સક્રિય રાખવું :**

નાના રોકાણકારો પ્રત્યક્ષ રીતે નાણા બજારમાં ભાગ લઈ શકતા નથી તેઓ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરે અને મ્યુચ્યુઅલ ફંડ નાણા બજારનાં સાધન પર નાણાંનું રોકાણ સક્રિય રાખે છે. હકીકતમાંવધુ નાણા બજારનાં સાધનોની ઉપલબ્ધતા વિકાસશીલ નાણા બજાર માટે એક સારો સંકેત છે, જે દેશમાં સેન્ટ્રલ બેંકના સફળ કાર્ય માટે ખૂબ જ જરૂરી છે. આ રીતે મ્યુચ્યુઅલ ફંડ સંસાધનો પૂરા પાડે છે.

## 11.10 મ્યુચ્યુઅલ ફંડની પસંદગીઃ

મ્યુચ્યુઅલ ફંડની પસંદગી ફંડની કાર્યક્ષમતા પર આધાર રાખે છે જેના દ્વારા ભંડોળના વ્યવસાયિકો થકી સંચાલિત કરવામાં આવે છે. તેથી રોકાણકારોએ ભંડોળની પસંદગી કરવામાં ખૂબ કાળજી રાખવી પડે. કોઈ પણ ભંડોળના કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે નીચેના પરિબળોને ધ્યાનમાં લેવું આવશ્યક છે,અને તે પછી જ મ્યુચ્યુઅલ ફંડ લેવાનુંનક્કી કરવું જોઈએ

**(1) ફંડનો ઉદ્દેશ :**સૌપ્રથમ, તેણે ફંડનો ઉદ્દેશ જોવો જોઇએ કે તેઆવક લક્ષી અથવા વૃદ્ધિ લક્ષીછે ખરા.આવક લક્ષી ફંડને મુખ્યત્ત્વે ડિબેન્ચર્સ અને બોન્ડ જેવી સિક્યોરિટી દ્વારા સમર્થન આપવામાં આવે છે. જ્યારે વૃદ્ધિલક્ષીન ઇક્વિટીઓ દ્વારા સમર્થન આપવામાં આવે છે તે સ્પષ્ટ છે કે વૃદ્ધિલક્ષી યોજનાઓ આવકલક્ષી યોજનાઓ કરતા વધુ જોખમી હોય છે. અને તેથી, આવી યોજનાઓમાંથી મળતા વળતરની તુલના કરવામાં આવતી નથી.

**(2) યોજનાની તુલનાઃ** રોકાણકારે એક ફંડની ખાસ યોજનાની તુલના બીજા ફંડની સમાન યોજના સાથે કરવી જોઈએ અને તુલનાત્મક પૃથ્થકરણ પછી જ યોજના બનાવવી જોઈએ, તેનો ઉદ્દેશ પણ તે યોજનાના ઉદ્દેશ સાથે સુસંગત હોવો જોઈએ.

**(3) કામગીરીની સુસંગતતાઃ** મ્યુચ્યુઅલ ફંડ સ્થિરઅને લાંબા ગાળાના વળતર આપવાનાં છે અને તેથી, રોકાણકારે ઓછામાં ઓછા ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન ભંડોળની કામગીરીની તુલના કરવી જોઈએ.

**(4) ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :**કોઈ પણભંડોળની સફળતા મેનેજમેન્ટની ક્ષમતા અને તેની પ્રમાણિકતા પર આધારિત છે. જેમાં સામયિકતા અને અનુભવનો સમાવેશ થયો હોવો જોઈએ. એક સારા ઐતિહાસિક રેકોર્ડ નવા ભંડોળ કરતાં અજમાવવા માટે વધુ અનુકૂળ છે.

**(5) ભંડોળ ખર્ચ ગુણોત્તરઃ** ભંડોળ ખર્ચ ગુણોત્તરની તપાસ કરવી જોઈએ અને તે અન્ય સાથે તુલનાત્મક રીતે માપવો જોઈએ. ઊંચો કે નીચો છે. રોકાણકારને વાસ્તવિક વળતર મળશે કે કેમ તે બધા પાસાં તપાસવા જરૂરી છે.

**(6) નવીનતા માટેની ક્ષમતાઃ** ભંડોળના મેનેજરની કાર્યક્ષમતાની ચકાસણી તેમણે નવીન યોજનાઓ દ્વારા કરવી જોઈએ કે જે તેમણે બજારમાં રજૂ કરી છે જેથી રોકાણકારોની વિવિધ જરૂરિયાતો પૂરી થાય.તે સ્વાભાવિક છે કે કોઈ રોકાણકાર એવા ભંડોળની શોધ કરશે જે નાણાકીય બજારમાં નવીનતાઓ લાવવા માટે સક્ષમ હોય.

**(7) રોકાણકારોની સેવાઃ** રોકાણકારોની સેવા ધ્યાનમાં લેવાનું સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ તાત્કાલિક અને કાર્યક્ષમ સેવા છે. રોકાણકારોના પ્રશ્નોના ઝડપી પ્રતિસાદ, યુનિટ પ્રમાણપત્રોની તાત્કાલિક રવાનગી, એકમોનું તાત્કાલિક ટ્રાન્સફર, સેવાઓ રોકાણકારોના મનમાં કાયમી લાંબી છાપ ઊભી કરશે.

**(8) બજારનાં વલણોઃ** શેર બજાર સૂચકાંક અને ફુગાવાનો દર એક જ દિશામાં આગળ વધે છે જ્યારે વ્યાજ દર અને શેર બજાર સૂચકાંક વિરુદ્ધ દિશામાં આગળ વધે છે. સમજદાર રોકાણકારે શેર માર્કેટ ઇન્ડેક્સ, વ્યાજ દર અને ફુગાવાના દર પર નજર રાખવી જોઈએ. અલબત્ત તેની પાછળ વૈજ્ઞાનિક તર્ક છે.

**(9) ફંડ મેનેજમેન્ટની પારદર્શિતાઃ** મ્યુચ્યુઅલ ફંડની સફળતા ફંડ મેનેજમેન્ટની પારદર્શિતા પર મોટા પ્રમાણમાં નિર્ભર છે.રોકાણકારોની જાગૃતિના આ દિવસોમાં તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અનેફંડ દ્વારા ભંડોળના સંચાલન અંગેની સંપૂર્ણ વિગતો જાહેર કરવી જોઈએ. જેથી રોકાણકારોના મનમાં કાયમ માટે સારીછાપ બનશે.

## 11.11 રોકાણકારો માટેનાં હકઃ

સેબી રેગ્યુલેશન્સ, 1993 માં રોકાણકારોની સેવા સંબંધિત ચોક્કસ જોગવાઈઓ છે. ઉપરોક્ત નિયમો અનુસાર રોકાણકારોને અમુક હકની ખાતરી આપવામાં આવી છે. તે નીચે મુજબ છેઃ

**(1) એકમ પ્રમાણપત્રો :**કોઈ પણરોકાણકારને યોજના સૂચિ બંધ થવાની તારીખથી 10 અઠવાડિયાની અંદર ફાળવણી પર તેના એકમ પ્રમાણપત્રો પ્રાપ્ત કરવાનો અધિકાર છે.અને તારીખના 6 અઠવાડિયા પછી સતત ચાલુ રહેતા ફંડના કિસ્સામાં પ્રારંભિક ઓફર બંધ કરવી.

**(2) એકમોનું સ્થાનાંતરણઃ** રોકાણકાર એકમ પ્રમાણપત્રો સાથે સંબંધિત ટ્રાન્સફર ફોર્મ સાથે પ્રમાણપત્રો નોંધાવવાની તારીખથી 30 દિવસના સમયગાળા દરમિયાન ટ્રાન્સફર કરાવવાનો હકદાર છે.

**(3) અરજીનાં નાણાપરતઃ**જો મ્યુચ્યુઅલ ફંડ વૈધાનિક લઘુત્તમ ભંડોળ એકત્રિત કરવામાં સમર્થ ન હોય તો ચોક્કસ સમયગાળાનાં ભંડોળનાં રૂ. 20 કરોડ, સતત ચાલુ રહેતા ભંડોળનાં રૂ. 50 કરોડ અથવા લક્ષ્યાંકિત રકમનાં 60% માંથી જે વધારે હોય તે સબસ્ક્રિપ્શન સૂચિઓની પૂર્ણ થવાની તારીખથી 6 અઠવાડિયાના સમયગાળાની અંદર અરજદારને નાણાં પરત કરવા. જો રિફંડ આ સમયગાળા કરતાં પણ વધુ વિલંબિત થાય તો દરેક અરજદારો વિલંબનાં સમયગાળા માટે 15% પી.એ.ના દરે વ્યાજ સાથે પરત મેળવવા માટે હકદાર છે.

**(4) ઓડિટ કરેલ વાર્ષિક અહેવાલઃ** દરેક મ્યુચ્યુઅલ ફંડ તેના રોકાણકારોની જવાબદારી હેઠળ એ બાબત આવે કે ઓડિટ થયેલ વાર્ષિક અહેવાલ પ્રકાશિત કરવામાં આવે અને તેની યોજનાઓની દરેક યોજના સંદર્ભે અગ્રણી અખબારો દ્વારા અનુક્રમે અર્ધવાર્ષિક અહેવાલ પૂર્ણ થતી તારીખના અનુક્રમે 6 મહિના અને 3 મહિનાની અંદર પ્રકાશિત કરવામાં આવે.

## 11.12 વ્યાવસાયિક બેંકો અને મ્યુચ્યુઅલ ફંડ :

નાના રોકાણકારોને વ્યાપક પસંદગીની તક પૂરી પાડવાનાં દ્રષ્ટિકોણથી ભારત સરકારે બેંકોને મ્યુચ્યુઅલ ફંડની પેટા કંપનીઓ શરૂ કરવાની મંજૂરી આપી છે.નીચેની બાબતોને લીધે બેંકોને મ્યુચ્યુઅલ ફંડના ક્ષેત્રમાં પ્રવેશવાની તાકીદ કરવામાં આવી છે.

**કારણોઃ**

(i) બેંકો તેમની બચત અને ફિક્સ ડિપોઝિટ વ્યાજદરો સાથે રોકાણ કરનારા લોકોને વધુ સારુ વળતર આપવા માટે સમર્થ નથી, જ્યારે ઘણાં નાણાકીય મધ્યસ્થીઓ, ખૂબ જ આકર્ષક વળતર આપતા બજારનાં સાધનો સાથે નાણાકીય બજારમાં પ્રવેશ્યા છે, તેથી બેંકાએ સ્પર્ધાત્મક બની આ બચતને જાળવી રાખવા તેમની સાથે સ્પર્ધા કરી આ ક્ષેત્રમાં પ્રવેશવાની આવશ્યકતા છે.

(ii) બેંકોના વિશાળ શાખા વિસ્તરણ કાર્યક્રમ અને તેમની વધતી જતી થાપણની ગતિશીલતાને કારણે પચાસના દાયકામાં કુલ ઘરેલુ બચત 10% થી વધીને 20% થઈ છે. બેંકોની શાખા ગ્રામીણ તેમજ શહેરી ક્ષેત્રોમાં હોવાથી તેઓ દેશના દરેક લોકો સુધી પહોંચી શકે છે. તેથી બેંક દ્વારા સમર્થિત મ્યુચ્યુઅલ ફંડ મૂડી બજાર માટે બચતને અસરકારક અને સારી રીતે ઉપયોગ કરવા માટે વધુ યોગ્ય રહેશે.

(iii) ભારતીય રોકાણકારોખાસ કરીને નાના અને મધ્યમવર્ગનાં કોઈ પણ નોંધપાત્ર રકમ સીધા મૂડી બજારના સાધનોમાં રોકાણ કરવા માટે ઉત્સુક નથી. તેઓ ખાનગી નાણાકીય મધ્યસ્થીઓ દ્વારા પરોક્ષ રીતે રોકાણ કરવામાં પણ અચકાય છે. બીજી તરફ જો આવી મધ્યસ્થીને બેંકનું સમર્થન હોય તો રોકાણકારોમાં વિશ્વાસ ઊભો થઈ શકે છે અને રોકાણ માટે આગળ આવી શકે છે.આમ બેંકોને 'જાહેર વિશ્વાસ' નો ફાયદો છે જે મ્યુચ્યુઅલ ફંડની સફળતા માટે ખૂબ જ જરૂરી છે.

(iv) અગાઉની બેંકોને ભંડોળ માટે મૂડી બજારમાં નાણાં લેવાની અથવા તેના ભંડોળનું બજારમાં રોકાણ કરવાની મંજૂરી નહોતી. હવે તેઓને આ બજારમાં પ્રવેશવા અને મહત્તમ ફાયદા મેળવવા માટે ગ્રીન સિગ્નલ આપવામાં આવ્યું છે.

(v) બેંકો નવીન યોજનાઓ રજૂ કરીને મ્યુચ્યુઅલ ફંડમાં ઉત્પાદનો / સેવાઓની વિશાળ શ્રેણી પ્રદાન કરી શકે છે અને મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં વ્યવસાયીકરણને વિસ્તૃત કરી શકે છે.

(vi) વેપારી બેંકોને મૂડી માર્કેટમાં બહોળો અનુભવ છે અને તેથી મ્યુચ્યુઅલ ફંડનું સંચાલન કરવું તેમના માટે મોટી સમસ્યા ન હોઈ શકે.

(vii) બેંકોનો પ્રવેશ ખૂબ જરૂરી સ્પર્ધા પૂરી પાડશે.મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ જે અત્યાર સુધી યુ.ટી.આઇ.નાં ઈજારાથી ચાલતો તે આ સ્પર્ધાથી ગ્રાહક સેવાને વિસ્તૃત ગ્રાહકની પસંદગીમાં પણ સુધારો કરશે.

(viii) મ્યુચ્યુઅલ ફંડમાં બેંક થાપણોના વિક્ષેપની પ્રક્રિયાથી મૂડી બજારને ફાયદો થશે કારણ કે તે માંગનો ટકાઉ સ્થાનિક સ્રોત પ્રદાન કરશે.

(ix) રોકાણકારોની સેવા દેશભરમાં ફેલાયેલી તેમની શાખાઓના નેટવર્ક દ્વારા,બેંકો દ્વારા અસરકારક રીતે કરી શકાય છે.આથી, વાણિજ્યિક બેંકો કોઈ પણ ખચકાટ વિના મ્યુચ્યુઅલ ફંડના બજારમાં પ્રવેશ કરી છે.

(x) તદુપરાંત તેમની ધિરાણ નીતિઓ પર ઘણા બધા પ્રતિબંધોને લીધે બેંકોની નફાકારકતા ખૂબ પ્રભાવિત થઈ છે. તેમની પ્રવૃત્તિઓમાં વિવિધતા લાવીને તેઓનો નફો વધારવા માટે કેટલાક અન્ય વિકલ્પો શોધવાની ફરજ પડી છે. મ્યુચ્યુઅલ ફંડ વિવિધતા માટે ઉત્તમ રૂપરેખા પૂરી પાડે છે.મ્યુચ્યુઅલ ફંડ વિશ્વભરમાં વેગમાન ગતિએ વધી રહ્યું છે. યુ.એસ.એમાં મ્યુચ્યુઅલ ફંડને 1990 ના દાયકાની બેંક થાપણ તરીકે ઓળખવામાં આવે છે અને ત્યાં સૌથી વધુ લોકપ્રિય છે.

**ઉપસંહારઃ**

આમ, મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ સલામતી, સારુ વળતર,ઝડપી તરલતાનાં ત્રિવિધ લાભ મળે છે. મ્યુચ્યુઅલ ફંડનાં રોકાણો સંપૂર્ણ સલામત રોકાણો છે, આ રોકાણો બેંક થાપણ અને શેરની વચ્ચે માધ્યમનું કાર્ય કરે છે, બેંક ડિપોઝીટ કરતા તેમા જોખમનું પ્રમાણ વધુ હોય છે એટલે તેમાં બેંક થાપણ કરતા વળતર પણ વધુ મળે છે, અને શેર કરતા જોખમનું પ્રમાણ ઓછુ હોય છે એટલે તેનાં કરતા ઓછુ વળતર મળે છે. મ્યુચ્યુઅલ ફંડ એક સમતોલ પોર્ટફોલીયો ધરાવે છે. ભારતમાં મ્યુચ્યુઅલ ફંડનો ઘણો વિકાસ થઈ રહ્યો છે તે જોતાં કહી શકાય કે આવનારા સમયમાં મ્યુચ્યુઅલ ફંડનું ભવિષ્ય ઘણું ઉજળું છે.

**સ્વાધ્યાયઃ**

**નીચેની ખાલી જગ્યાઓ પૂરોઃ**

1. આ મ્યુચ્યુઅલ ફંડના દરેક યુનિટની આંતરિક કિંમત ………… સિવાય બીજી કંઈ નથી.

2. મોટી કંપનીઓમાં પ્રવેશવા માટે નાના રોકાણકારોનું પ્રવેશદ્વાર ………… છે.

**જવાબો**. 1. ચોખ્ખી મિલકત કિંમત, 2. મ્યુચ્યુઅલ ફંડ્

**નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. મ્યુચ્યુઅલ ફંડના રોકાણની પદ્ધતિ નિશ્ચિત આવક આપતી કઈ સિક્યોરિટી હેઠળ છે?

(અ) ગ્રોથ ફંડ યોજના (બ) સંતુલિત ભંડોળ યોજના

(ક) આવક ભંડોળ યોજના (ડ) મની માર્કેટ મ્યુચ્યુઅલ ફંડ યોજના

2. ભારતમાં, જે કંપની ખરેખર મ્યુચ્યુઅલ ફંડના કોર્પસ સાથે કામ કરે છે તે ………… કહેવામાં આવે છે.

(અ) સ્પોન્સર કંપની (બ) મ્યુચ્યુઅલ ફંડ કંપની

(ક) એસેટ મેનેજમેન્ટ કંપની (ડ) ટ્રસ્ટ કંપની

જવાબો. 1.(ક), 2.(ક)

**નીચે આપેલા વિધાનો ખરાં કે ખોટાં છે તે જણાવો.**

1. ભારતમાં મ્યુચ્યુઅલ ફંડ્સનું કાર્ય આર.બી.આઇ .નિયમન કરે છે.

2. મ્યુચ્યુઅલ ફંડ પબ્લિક લિમિટેડ કંપનીઓના શેરોને ખરીદી કરી શકે છે.

**જવાબો.** 1. ખોટુ 2. સાચું

**નીચેનાં પ્રશ્નોનાં ટૂંકમા જવાબ આપો.**

1. મ્યુચ્યુઅલ ફંડ સાથે સંકળાયેલ જોખમ શું છે?

2. ભારતમાં મ્યુચ્યુઅલ ફંડ ઓપરેશન્સની રચનાનું વર્ણન કરો.

3. રોલ ઓવર સુવિધાનો અર્થ શું છે?

4. રોકાણકાર માટે તે ક્યારે ઉપલબ્ધ છે?

5. ચોખ્ખી મિલકત કિંમત શું છે? તે કેવી રીતે ગણવામાં આવે છે?

6. મ્યુચ્યુઅલ ફંડ પસંદ કરતા પહેલા કયા પરિબળો ધ્યાનમાં લેવા જોઈએ?

7. ભારતમાં કમર્શિયલ બેંકો મ્યુચ્યુઅલ ફંડનો વ્યવસાય કરવા માટે કેટલી હદે યોગ્ય છે?

8. મ્યુચ્યુઅલ ફંડની પસંદગી સમયે ધ્યાનમાં લેવાનાં પરિબળો જણાવો.

9. એસેટ મેનેજમેન્ટ કંપની (એએમસી) સંપત્તિ સંચાલન કોર્પોરેશન વિશે જણાવો.

10. ચોખ્ખી મિલકત કિંમત એટલે શું?

**નીચેના પ્રશ્નોનાં સવિસ્તાર ઉત્તરો આપો.**

1. મ્યુચ્યુઅલ ફંડોના જોખમ વિગતે જણાવો.

2. મ્યુચ્યુઅલ ફંડોનાં ભાવિ વિશે ચર્ચા કરો.

3. સેબીની મ્યુચ્યુઅલ ફંડ વિશેની માર્ગદર્શિકા ચર્ચો.

4. રોકાણકારોને આપવામાં આવતી સુવિધાઓ સવિસ્તાર ચર્ચો.

5. રોકાણકારોને કેટલા હક્ક આપવામાં આવેલા છે? ક્યા ક્યા? ચર્ચો.

# એકમ : 12 વીમો

## : રૂપરેખા :

12.1 પ્રસ્તાવના

12.2 વીમાનો અર્થ, વીમા પૉલિસી

12.3 વીમાનું મહત્ત્વ

12.4 વીમાનો ભારતમાં ઉદ્ભવઅને વિકાસ

12.5 વીમાના પ્રકાર

12.6 જીવનવીમાની પૉલિસીના પ્રકાર

12.7 સામાન્યવીમાની પૉલિસીના પ્રકાર

12.8 વીમાના મધ્યસ્થીઓ

12.9 વીમા એજન્ટ અને વીમા દલાલ વચ્ચેનાં મુખ્ય તફાવત

12.10 IRDAઅને તેની સત્તાઓ અને ઉદ્દેશ

12.11 પુન: વીમો

સ્વાધ્યાય

## 12.1 પ્રસ્તાવના:

સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે દરેક મનુષ્યનું જીવન વિવિધપ્રકારના જોખમથી ઘેરાયેલું હોય છે.મનુષ્યને પોતાની સંપત્તિ ચોરાઇ જવાનો કેકુદરતી આપત્તિથી ખોઈ દેવાનો પણ ભય હોય છે માલના વહન વખતે પણ આગલાગવાનો કે દરિયાઈ તોફાનના લીધે નુકસાન થવાનો પણ ભય હોય છે ઘણીવાર મનુષ્યને પોતાનાં આકસ્મિક મૃત્યુનો અથવા તો અકસ્માતથી થતી શારીરિકવિકલાંગતાનો ભય લાગતો હોય છે.

જીવનમાં આ ઘટનાઓ બનવાની સંભાવનાઓ પણ ઘણીજ અનિશ્ચિતછે.મનુષ્યને આખું જીવન પોતાનીસંપત્તિ અને પોતાનું જીવન આ બંનેગુમાવવાનો ભય રહેતો હોય છે.વીમો આ ભયની સામે સુરક્ષાની એક મજબૂતદીવાલ બનવાનું કાર્ય કરે છે.

## 12.2 વીમાનોઅર્થ :

વીમો એ નિશ્ચિત પ્રીમિયમ (ચોક્કસ ફી) ની ચુકવણી કરીને કોઈ પણઅનિયમિત અને અનિશ્ચિત ઘટનાને લીધે થતાં સંભવિત નુકસાન ને ભરપાઈકરવાનું એક સાધન છે.

વીમો એ બે પક્ષ વચ્ચેનો કરાર છે. એક પક્ષ વીમાદાર છે અને બીજો પક્ષવીમાદાતા કહેવાય છે. વિમાનો કરાર એ એક કાનૂની દસ્તાવેજ છે, જે વીમા દ્વારાઆવરી લેતા જોખમને દર્શાવે છે આ કરારમાં વીમા કંપની વ્યક્તિને આકસ્મિકબનતાં નુકસાન સામે વળતર આપે છે. જે ઘટના બનવાની કોઈ નિશ્ચિતતા નહોય તેને આકસ્મિક ઘટના કહેવામાં આવે છે. વીમા કંપનીએ આપેલાં વચનનાબદલામાં પૉલિસીધારક પ્રીમિયમની ચુકવણી કરે છે.

- વીમાપૉલિસી:

વીમાકર્તા અને વીમાદાતા વચ્ચે જે કાનૂની કરાર થાય છે. તેનેવીમાપૉલિસી કહેવામાં આવે છે. વીમા પૉલિસીમાં એવાં સંજોગો અનેપરિસ્થિતિઓની વિગતો હોય છે જેના હેઠળ વીમા કંપની વીમો ઉતરાવનારવ્યક્તિને વીમાની ચૂકવણી કરે છે વીમો એ વ્યક્તિ અને તેના પરિવારને

આર્થિકનુકસાનથી બચાવે છે. સામાન્ય રીતે મોટા વીમા રક્ષણ માટેનું, પ્રીમિયમ ચૂકવેલપૈસાની દ્રષ્ટિએ ઘણું ઓછું હોય છે. વીમા કંપની નાના પ્રીમિયમ માટે ઊંચું રક્ષણઆપવાનું જોખમ લે છે કારણ કે ઘણા ઓછા વીમાધારકો વીમાનો દાવો કરે છે.આથી તેમને ઓછી કિમતે મોટી રકમનો વીમો મળે છે.કોઈ પણ વ્યક્તિ અથવા કંપની વીમા કંપની પાસેથી વીમો મેળવી શકે છે.પરંતુ વીમો આપવાનો નિર્ણય વીમા કંપનીનો હોય છે સામાન?ય રીતે, વીમાકંપનીઓ ઉચ્ચ જોખમ ધરાવતાં અરજદારોને વીમો આપવાનો ઇનકાર કરે છે.

## 12.3 વીમાનુંમહત્વ :

1. વીમો અનિશ્ચિત ઘટનાઓ વખતે નાણાંકીય સુરક્ષા આપવાનું કામકરે છે.

2. વીમો ફક્ત જોખમ ઘટાડવાનો રસ્તો નથી, વીમા દ્વારા સુરક્ષિતરોકાણનો માર્ગ પણ સર્જાય છે. નિયમિત રીતે થતાં પ્રીમિયમનીચુકવણીથી વ્યવસ્થિત બચત પણ થાય છે પૉલિસી પરિપક્વ થતાંવીમાકર્તાને અમુક રકમ પણ મળે છે.

3. વીમો જોખમને સ્થાનાંતર કરવામાં મદદરૂપ થાય છે.

4. વીમો જીવનમાં અસરકારક જોખમ સંચાલન માટે જરૂરી છે.

5. વીમો જીવનનાં ભાવિ લક્ષ્યાંકોને પણ સુરક્ષિત કરે છે.

## 12.4 વીમાનોભારતમાં ઉદ્ભવ અનેવિકાસ:

ભારતમાં વીમો હજારો વર્ષનો ઇતિહાસ ધરાવે છે એવું કહી શકાયઋગ્વેદમાં પણ “યોગક્ષેમ” નામના શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનો અર્થસમુધ્ધિ, સુખાકારી અને સુરક્ષા થાય છે ભારતમાં ૧૮૧૮માં જીવનવીમાંનાઆધુનિક સ્વરૂપનો પ્રવેશ થયો. યુરોપિયનો દ્વારા શરૂ કરાયેલી “ઓરિએન્ટલલાઈફ ઇન્સ્યુરનસ કંપની”(ORIENTAL LIFE INSURANCE COMPANY)ભારતીય ભૂમિ પરની પ્રથમ જીવનવીમા કંપની હતી. ત્યારબાદ ઘણી વિદેશીવીમા કંપની ઓ દ્વારા ભારતીયોને જીવનવીમાં દ્વારા સુરક્ષા આપવાનું શરૂકરવામાં આવ્યું, પરંતુ તેમનાં દ્વારા ભારતીયો પાસેથી ઊંચું પ્રીમિયમ લેવામાંઆવતું હતું.

ઇ.સ.૧૮૭૦માં બોમ્બે મ્યુચ્યુઅલ લાઈફ ઇન્સ્યુરન્સ કંપની પ્રથમભારતીય કંપની દ્વારા વીમો આપવાની શરૂઆત કરવામાં આવી. ૧૯૦૫-૧૯૦૭નાસમયગાળા દરમિયાન સ્વદેશી આંદોલનને લીધે અનેક વીમા કંપનીઓનીસ્થાપના થઈ, જેમના દ્વારાં લોકોને સુરક્ષા આપવામાં આવી. વર્ષ ૧૯૧૨માંજીવનવીમા કંપની અધિનિયમ અને પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ પસાર થયો. આઅધિનિયમ દ્વારાં એવું જણાવવામાં આવ્યું કે દરેક વીમા કંપનીઓએ પ્રીમિયમદરના કોષ્ટક અને કંપનીની કિમતની આકરણી વીમાતજજ્ઞોપાસેથી પ્રમાણિત કરવી પરંતુ, આ કાયદામાં ઘણી જગ્યાએ વિદેશી અને ભારતીય કપનીનાંનિયમોમાં ભેદભાવરાખવામાં આવ્યાં, જેથી ઘણી બધી ભારતીય વીમા કંપનીઓનેગેરલાભ થયો.

ભારતીય વીમા કંપનીઓના હિતોની રક્ષાના વિચાર સાથે વીમાકાયદો,૧૯૩૮ પસાર કરવામાં આવ્યો અને આ કાયદા દ્વારાં જીવનવીમા અનેબિન-જીવનવીમાના સંચાલનમાં કડક નિયંત્રણ પણ મૂકવામાં આવ્યાં .

વર્ષ ૧૯૫૦સુધીમાં ભારતમાં લગભગ ૧૫૪ ભારતીય વીમા કંપનીઓ, ૧૬વિદેશી કંપનીઓ અને ૭૫ પ્રોવિડંટ સંસ્થાઓ જીવન વીમાની સુરક્ષા પ્રદાન કરતીહતી. આ સમયગાળામાં વીમા કંપની દ્વારાં ઘણા બધા ગોટાળા અનેઅનિયમિતતાની ઘટનાઓ પણ સામે આવી અને સરકારે ભારતમાં જીવનવીમાનુંરાષ્ટ્રીયકરણ કરવાનું નક્કી કર્યુ ભારતીય સંસદે ૧૯૫૬માં જીવનવીમા નિગમઅધિનિયમ પસાર કર્યો. ભારતીય જીવનવીમાં નિગમની સ્થાપનનો મુખ્ય હેતુજીવનવીમાનો વ્યાપ વધારવાનો અને વીમાની સગવડને ગ્રામીણ વિસ્તારોમાંપણ પહોંચાડવાનો હતો. રાષ્ટ્રીયકૃત કંપનીઓએ ઘણાં સમય સુધી વીમામાંઇજારો ભોગવ્યો ૧૯૫૭માં સામાન્ય વીમા પરિષદની સ્થાપના દ્વારા

જીવનવીમાઅનેબિન-જીવનવીમાની વ્યાપતતા વધારવામાં આવી. ૧૯૭૨માં રાષ્ટ્રીયકરણઅધિનિયમ હેઠળ ૧૦૭ વીમા કંપનીઓને એકીકૃત કરવામાં આવી અને તેની ચારકંપનીઓમાં ( નેશનલ ઈન્સ્યોરન્સ કંપની કલકત્તા, ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સકંપની મુંબઈ; ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની, નવી દિલ્હી અને યુનાઈટેડઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની ચેન્નઈ) વિભાજન કરવામાં આવ્યું.

૧૯૯૩માં વીમા ક્ષેત્રના વિકાસ માટે નવા સુધારા અને ભલામણો માટેસરકાર દ્વારા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ ગવર્નર આર.એન.મલ્હોત્રાનીઅધ્યક્ષતા હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી. ૧૯૯૪માં આ સમિતિએપોતાનો અહેવાલ રજૂ કર્યો જેમાં ખાનગીક્ષેત્રને ભારતીયવીમા ક્ષેત્રમાં પ્રવેશઆપવાની પણ ભલામણ કરવામાં આવી. ૧૯૯૯માં મલ્હોત્રા સમિતિના અહેવાલની ભલામણ પ્રમાણે ભારતીય સાંસદ દ્વારા [IRDA]વીમા નિયામનકારી અનેવિકાસ સતામાંડળ અધિનિયમ પસાર કરવામાં આવ્યો. ઑગસ્ટ-૨૦૦૦માં વિદેશીકંપનીઓને ૨૬% જેટલી ભાગીદારીના માલિકીની ઉપરની ટોચમર્યાદા સાથેભારતીય વીમક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી. ત્યારબાદ IRDAદ્વારાજીવનવીમાં અને બિન-જીવન વીમાં કંપનીઓની નોંધણી સહિત ભારતીય વીમાપૉલિસી ધારકોના હિતની રક્ષા માટેઅનેક નિયમોની રચના અને અમલીકરણકરવામાં આવ્યું છે. ૨૦૧૫ માં સરકારે વીમાક્ષેત્રે સીધા વિદેશી રોકાણને ૨૬%થીવધારી ૪૯% સુધી કર્યું હતું. ૨૦૧૯માં IRDA અને IRDAIદ્વારા વીમા ક્ષેત્રમાંસીધા વિદેશી રોકાણને ૪૯% થી વધારીને ૭૪% કરવાની તરફેણ કરવામાં આવીછે.

## 12.5 વીમાના પ્રકાર:-

**૧. જીવનવીમો:**

જીવનવીમો એક કરાર છે જે વ્યક્તિને મૃત્યુ અથવા અપંગતાનાકિસ્સામાં આર્થિક વળતર આપે છે. અમુક વીમાપૉલિસી નિવૃત્તિ પછી અથવાઅમુક ચોક્કસ સમયગાળા પછી નાણાકીય વળતર આપે છે. જીવન વીમોવીમાદારને તેની ગેરહાજરીમાં પણ પરિવારની આર્થિક સુરક્ષા પણ પ્રદાન કરે છે.જીવનવીમો નિવૃત્તિ પછી પણ કુટુંબનું સમર્થન કરવામાં મદદ કરી શકે છે.

**૨. સામાન્ય વીમો:-**

સામાન્યવીમોએક કરાર છે. જે મૃત્યુ સિવાયના કોઈપણ નુકસાન પરઆર્થિક વળતર આપે છે. સામાન્ય વીમો જીવન સિવાયદરેક વસ્તુનોવીમો લે છે. સામાન્યવીમો ઘર, ગાડી, આરોગ્ય, મુસાફરી સંબંધિતજવાબદારીઓને કારણે થતાં આર્થિક નુકસાન માટે વળતર આપે છે.

## 12.6 જીવંનવીમાનીપૉલિસીનાપ્રકાર:-

1. મુદત જીવનવીમો : મુદત જીવનવીમાનો સૌથી મૂળભૂત પ્રકાર છે.જીવન વીમાનું તે સૌથી સસ્તું સ્વરૂપ છે. કારણ કે આ પૉલિસીનુંપ્રીમિયમ ઓછું હોય છે. મુદત જીવનવીમો એ ચોક્ક્સ સમયગાળા માટેપૉલિસી ધારકને નાણાકીય કવચ પ્રદાન કરે છે. મુદત જીવન વીમોઓછા પ્રીમિયમની ચુકવણી કરીને વધુ રકમની સુરક્ષા પૂરી પાડી છે. આસમયગાળા દરમિયાન જો પૉલિસીધારકનું મૃત્યુ થાય તો તેનાપરિવારને ચોક્કસ રકમ મળે છે અને જો આ સમયગાળાદરમિયાન પૉલિસીધારક જીવિત રહે તો તેને અથવા તેનાપરિવારને કોઈ પણ રકમ ચૂકવવામાં આવતી નથી.

2. સંપૂર્ણ જીવનવીમો : આ વીમો પૉલિસીધારકના સંપૂર્ણ જીવનને આવરીલે છે. પૉલિસીધારકના મૃત્યુપછી તેના પરિવારને ચોક્કસ રકમ મળે છે.આ રકમ સાથે પૉલિસીધારકના પરિવારને બોનસની પણચુકવણી કરવામાં આવે છે. સંપૂર્ણ જીવનવીમાનું પ્રીમિયમ મુદતજીવનવીમાંના પ્રીમિયમ કરતાં વધુ હોય છે.

3. થાપણ વીમા પૉલિસી[Endowmentપ્લાન] : થાપણ પૉલિસી વીમાઅને રોકાણ બનેનું સંયોજન છે. આ પૉલિસીપૉલિસીધારકનેભવિષ્યમાટે બચત કરવાની મંજૂરી આપે છે. આ પૉલિસી પણ ચોક્ક્સસમયગાળા માટે હોય છે. જો પીલીસીધારકનું મૃત્યુ એ સમયગાળાદરમિયાન થાય તો તેના

પરિવારને વીમા કંપની દ્વારા ચોક્કસ નિયતરકમની ચુકવણી કરવામાં આવે છે અને વિપરીત પરિસ્થિતિમાંપૉલિસી ધારકને ચોક્ક્સ મુદત પછી રકમની ચુકવણી થાય છે. આપૉલિસીનો સમયગાળો સામાન્યરીતે ૧૦ થી ૨૦ વર્ષ નો હોય છે.જેટલો પૉલિસીનો સમયગાળો ઓછો હોય, પ્રીમિયમની રકમતેટલી જ વધારે હોય છે.

4. મનીબેક પૉલિસી : આ પૉલિસી પ્રમાણે પૉલિસીધારકને નિયમિતઅંતરાલમાં પૈસા પાછા મળે છે. આ રકમની ચુકવણી પૉલિસીના કાર્યકાળદરિમયાન અમુક ચોક્ક્સ ટકાવારીને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે જોવીમાધારક યોજનાનાં કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામે તો સંપૂર્ણ વિમાનીરકમ આગળ ચૂકવાયેલી રકમને ધ્યાનમાં લીધાં વગર ચૂકવવામાં આવે છેજો આ સમયગાળામાં પૉલિસીધારકનું મૃત્યુ ન થાય તો મુદતની સમાપ્તિપછી બાકી વધેલી રકમની ચુકવણી વીમાધારકને કરવામાં આવે છે.

5. યુનિટ સાથે જોડાયેલ વીમા (Unit linked Insurance Plans:ULIPS):આ પૉલિસીનો રોકાણના સાધન તરીકે પણ ઉપયોગ થાય છે.આપૉલિસીમાં પ્રીમિયમનો એક ભાગ વીમાના આવરણ તરફ જાય છે અનેબાકી વધેલી રકમનું ઇક્વિટી અને દેવામાં (Equity & Debt) મ્યુચ્યુઅલફંડ દ્વારારોકાણકરવામાં આવે છે. જો પૉલિસીધારકનું મૃત્યુ થાય તો તેના પરિવારને યુનિટની નેટ એસેસ વેલ્યુ (NAV)ના આધારે રકમની ચુકવણી કરવામાં આવે છે.

6. બાળવીમા પૉલિસી: બાળવીમાપૉલિસી એ વીમા અને રોકાણનુંસમન્વય કરતી વીમા પૉલિસી છે. આ પૉલિસી પૉલિસીધારકના બાળકનાંભવિષ્ય માટે એક ભંડોળ ભેગું કરે છે આ પૉલિસી પૉલિસીધારકનાસંતાનને આર્થિક સુરક્ષા પ્રદાન કરે છે. પૉલિસીધારકના મૃત્યુનાં સંજોગોમાંતેના બાળકને નિયત રકમ મળે છે વીમાદાતા પૉલિસીધારકના મૃત્યુ પછીપણ પ્રીમિયમની રકમ ચૂકવે છે. જેથી પૉલિસીધારકના સંતાનને નિયમિતઅંતરાલો પર ચોક્ક્સ રકમ મળવાનું ચાલું રહે છે.

7. નિવૃત્તિવીમા ભંડોળ પૉલિસી(Pension Plan Policy): આ પૉલિસી નિવૃત્તિ ભંડોળનાં નિર્માણમાં મદદ કરે છે નિવૃતિ પછી પૉલિસીધારકને નિયમિતપેન્શનની રકમની ચુકવણી થાય છે જો પૉલિસીધારકનું અચાનક મૃત્યુથાય તો તેના પરિવારજનો વીમાની રકમનો દાવો કરી શકે છે. આપૉલિસીથી લાંબાગાળાની બચત થાય છે અને તે નિવૃત્તિ પછીનીઅનિશ્ચિતતાનો સામનો કરવામાં મદદરૂપ બને છે આ પૉલિસીથી નિવૃત્તિ પછી આવકના સતત પ્રવાહ સુનિશ્ચિત કરી શકાય છે.

## 12.7 સામાન્યવીમાનીપૉલિસીનાપ્રકાર:

1. આરોગ્ય વીમો: આ વીમો તબીબી સંભાળની કિમતની ચુકવણી સામેકવચ પૂરું પાડે છે. જો પૉલિસીધારકને કોઈ પણ પ્રકારની ઇજા થાયઅથવા બીમાર પાડે તો માંદગીની સારવારની રકમની ચુકવણીવીમાકંપની દ્વારા કરવામાં આવે છે. આ વીમો સામાન્?ય રીતે હોસ્પિટલમાંદાખલથવાનો ખર્ચ, ગંભીર બીમારીઓની સારવારનો ખર્ચ, હોસ્પિટલમાંભરતી થયા પહેલા અને પછીના તબીબી બિલ વગેરેનો સમાવેશ થાયછે.પ્રીમિયમની રકમ વધારીને પૉલિસીધારક વધુ સુરક્ષા પૂરી પડતીઆરોગ્યવીમા પૉલિસી પણ વધારવાનો વિકલ્પ લઇ શકેછે.પૉલિસીનવીકરણ સમયે પૉલિસી ધારકને વીમાની રકમ વધારવાનોવિકલ્પ હોય છે. આના માટે તબીબી પરીક્ષણો અને દાવાના ઇતિહાસનીપુન:વિચારણા જરૂરી છે.

2. મોટર વીમા પૉલિસી: મોટર વીમો કાર અથવા બાઇક માટે છે. આ એકસામાન્ય વીમા કવર પૉલિસી છે જે તમારા વાહનોને અકસ્માત, નુકસાન,ચોરી, આગ અથવા કુદરતી આફતોને કારણે થતાં નુકસાનથી આર્થિકસુરક્ષા પ્રદાન કરે છે. વ્યાવસાયિક વાહનો માટે પણ મોટરવીમો લઈશકાય છે મોટર્સ વ્હીકલ એક્ટ હેઠળ ભારતમાં મોટર વીમો ફરજિયાતછે.(મોટર્સ વાહન અધિનિયમ)મોટર્સ વ્હીકલ એક્ટ હેઠળ તમામ વાહનોમાટે પક્ષ જવાબદારીનાં કવરને ફરજીયાત બનાવવામાં આવ્યું છે. તૃતીયપક્ષવીમા કવર ગાડીના માલિક અથવા વાહનના ડ્રાઇવરને કાનૂની અનેઆકસ્મિક જવાબદારી,આર્થિક નુકસાન અથવા સંપત્તિને નુકસાન અથવાઇજા પહોંચાડવાની ઘટનામાં તબીબી ખર્ચ સામે ઉદભવતા તૃતીયપક્ષનાનુકસાન સામે વળતર આપે છે.

3. મુસાફરી વીમો: મુસાફરી વીમો તમારી વિદેશયાત્રા દરમિયાન ઉદ્ભવતીતબીબી અને બિન-તબીબી કટોકટીઓના લીધે થતી નાણાકીયજવાબદારીઓ સામે, વળતર આપે છે.મુસાફરી વીમો સામાન્?ય તેવિદેશયાત્રા દરમિયાન સમાન ચોરાઇ જવાથી થતાં નુકસાન, અણધાર્યાતબીબી ખર્ચ, વિલંબિત ઉડ્યન અથવા આકસ્મિક મોત સામે વળતર પૂરુંપાડે છે.

4. ઘરમકાનવીમો: મકાનવીમોએકએવુંસુરક્ષાકવચછેજેપૉલિસીધારકના ઘરને કુદરતી આફતો, માનવસર્જિત આપત્તિઓ અથવાઅન્ય વિપત્તિઓને લીધે ઘરને થતાં નુકસાન સામે ચુકવણી કરે છે અથવાવળતર આપે છે આ વીમો કુદરતી આફતો જેવી કે પૂર અને ધરતીકંપઅને માનવસર્જિત આફતો જેવી કે ચોરી, આગ, તોડફોડ વગેરે સામેઆર્થિક સુરક્ષા પૂરી પાડે છે. આ વીમો ઘરના અંદર રહેલી કીમતીચીજોની પણ સંભાળ લે છે.

5. આગવીમો: આગને લીધે મિલકત અથવા માલ સામાનને નુકસાન થાયતો વીમાકંપની પૉલિસીધારકને વળતર આપે છે.આ વીમો હેઠળમિલકતની બદલી, સમારકામ, પુનઃનિર્માણને પણ આવરી લેવાય છે. જોઆગને કારણે તૃતીયપક્ષને નુકસાન થાય તો તેને પણ સુરક્ષા હેઠળઆવરી લેવામાં આવે છે.

6. પાક વીમો[Crop Insurance] :આ એક પ્રકારની સુરક્ષાનીતિ છે. જે કૃષિઉત્પાદકોને આગાહી કરાયેલા પાકના ઉત્પાદનમાં થતાં અણધાર્યા નુકસાનસામે રક્ષણ આપે છે. બજારકિમતમાં ભાવના ઘટાડાને લીધે થતાં નુકસાનસામે પણ પાકવીમો સુરક્ષા આપે છે.

7. વ્યાપારીવીમો : આ વીમા હેઠળ વ્યવસાયો, તેમના માલિકો અને તેમનાકર્મચારીઓને સુરક્ષીત રાખવામા આવે છે. જેમાં ધંધાને થતાં નુકસાનનીસામે રક્ષણ આપવામાં આવે છે. આ વીમા હેઠળ દુકાનદારોનો વીમો,વખારનો વીમો, પરિવહન વીમો, જાહેર જવાબદારી વીમો, દરિયાઈ વીમો,ઉત્પાદન વીમો વગેરેને લીધે કોઈ નુકસાન કે સમસ્યા હોય તો સુરક્ષા પૂરીપાડવામાં આવે છે.

8. ગ્રામીણ વીમો : ગ્રામીણ વીમો કે ગ્રામીણ લોકોના રક્ષણ માટે બનાવાયોછે. ગ્રામીણ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન હોય છે.પ્રાણીઓના મૃત્યુ અથવા પાકના નુકસાનના કિસ્સામાં પૉલિસીધારક આવીમા હેઠળ લાભ મેળવવા માટે દાવો કરે છે.

## 12.8 વીમાનામધ્યસ્થીઓ:

વીમા મધ્યસ્થીઓ, વીમા પૉલિસીની ખરીદીને સરળ બનાવે છે. તેવીમા કંપની અને ગ્રાહકોને પૂરક બનાવે છે. પરંપરાગત રીતે વીમામધ્યસ્થીઓને વીમા એજન્ટ કે વીમા દલાલ તરીકે ઓળખવામાં આવે છે.

૧. વીમા એજન્ટ : વીમા એજન્ટ સામાન્?ય રીતે,વીમા કંપનીઓ વતીવ્યવસાય કરવા માટે લાયસન્?સ મેળવે છે. આવા એજન્ટો વીમાની પ્રક્રિયામાં વીમાદાતાનું પ્રતિનિધિત્વ કરે છે. સામાન્ય રીતે વીમા એજન્ટવીમાદાતા સાથે થયેલા એજન્સીના કરારની શરતો હેઠળ કામ કરે છે.માંધાતાં અને એજન્ટના સંબંધોના ઘણા સ્વરૂપ હોય છે. કેટલાંક એજન્ટએક કરતાં વધુ વીમા કંપની માટે પણ કામ કરતાં હોય છે. ઘણીવાર એકએજન્ટ ફક્ત એક વીમા કંપનીનું એક જ ભૌગોલિક ક્ષેત્રમાં પ્રતિનિધિત્વઅને વેચાણ કરતાં હોય છે.

૨. વીમા દલાલ : વીમા દલાલ [IRDAI: Insurance Regulatory And Development Authority of India]વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ દ્વારા [લાઇસન્સ] પરવાનગી પ્રાપ્ત કરેલ વ્યક્તિ છે. વીમા દલાલએક કરતાં વધુ વીમા કંપનીનું પ્રતિનિધિત્વ પણ કરી શકે છે. વીમાં દલાલગ્રાહકો વતી વીમા કંપનીઓ સાથે વીમા કરાર ગોઠવે છે. વીમા દલાલ એકકરતાં વધુ જીવનવીમા દાતા અને સામાન્ય જીવનવીમા દાતા અથવા બંનેસાથે વ્યવહાર કરી શકે છે. વીમા દલાલ સામાન્યરીતે બજારમાં ઉપલબ્ધવિવિધ વીમા કંપનીઓ સંબંધિત વીમા ઉત્પાદનો વેચે છે. વીમા દલાલગ્રાહકોની આવશ્યકતાને ધ્યાનમારાખીને વીમા પૉલિસીનું વેચાણ કરે છે. વીમાદલાલ તેમના વ્યાવસાયિક જ્ઞાનનો ઉપયોગ કરીને ગ્રાહકનેસારી સેવાનુંપ્રદાન કરે છે.

## 12.9 વીમા એજન્ટ અને વીમા દલાલ વચ્ચેના મુખ્ય તફાવત

| આધાર | વીમા એજન્ટ | વીમા દલાલ |
|---|---|---|
| ધ્યેય | સામાન્ય વીમા એજન્ટ એક કંપનીનું અથવા કંપનીના વિવિધ ઉત્પાદનનું પ્રતિનિધિત્વ કરતાં હોય છે. સમાજમાં કંપનીની છાપ વિકસાવવાનો પણ તેમનો ધ્યેય હોય છે. | જયારે વીમા દલાલ જુદી જુદી કંપનીઓના વિવિધ ઉત્પાદનોનું વેચાણ કરતાં હોય છે. |
| તાલીમ | સામાન્ય રીતે વીમા એજન્ટને જે તે કંપનીદ્વારા વિવિધ ઉત્પાદનો વિષે તાલીમ આપવામાં આવે છે. આ તાલીમમેળવ્યા બાદ તેમણે (વીમા નિયમનકારી અને વિકાસ સત્તા મંડળ) "ઇઠ્ઠછેં દ્વારા અધિકૃત પરવાનગી મેળવવી પડે છે. | વીમા દલાલને કંપનીઓ દ્વારા કોઈ વિશિષ્ટ પ્રશિક્ષણ આપવામાં આવતું નથી. પરંતુ બજાર માં કામ કરવા માટે ચોક્કસ સ્તરની પૂર્તિ કરીને "ઇઠ્ઠછેં પાસેથી લાઇસન્સ મેળવવું પડે છે. |
| કમિશન(દલાલી) | એજન્ટ આપવામાં આવતું કમિશન, સામાન્ય રીતે દલાલ કરતાં વધુ હોય છે કારણ કે સામાન્ય રીતે એજન્ટ એક કંપની હેઠળ કામગીરી કરે છે. | વીમા દલાલનું કમીશન તેમણે કરેલા બહુવિધ વેચાણોનો આધાર પર થાય છે જુદી- જુદી કંપનીઓની વેચાણનીતિના આધારે વીમા દલાલની આવકમાં પણ ફેરફાર થતાં રહે છે. |

## 12.10 IRDA[Insurance Regulatory and Development Authority]:

ખાનગીક્ષેત્રની વીમા કંપનીઓને અંકુશમાં રાખવા માટે ભારતસરકાર દ્વારા ૧૯૯૯માં વીમા નિયમનકારી અને વિકાસ સતામંડળ અધિનિયમપસાર કરવામાં આવ્યો હતો, હાલમાં ભારતીય વીમા ઉદ્યોગમાં 57 વીમાકંપનીઓનો સમાવેશ થાય છે. જેમાંથી ૨૪ જીવનવીમા વ્યવસાય હેઠળ અને ૩૩ સામાન્યવીમા (બિન જીવનવીમા) હેઠળ સુરક્ષા પૂરી પાડવાની કામગીરી બજાવેછે.જીવનવીમા કંપનીમાં દસેક જાહેર ક્ષેત્રની કંપની છે તે સિવાય બિનજીવનવીમા કંપનીમાં છે. જાહેરક્ષેત્રની કંપનીઓનો સમાવેશ છે.

- **IRDA ની સત્તાઓ:**

1. દરેક વીમા કંપનીઓએ IRDA સાથે ફરજિયાત નોંધણી કરાવવાનીરહેશે.
2. આ કંપનીઓ માત્ર વીમા વ્યવસાય કરી શકે છે દરેક કંપનીનું મૂડીમાળખું IRDA દ્વારા નક્કો કરવામાં આવશે.
3. દરેક કંપનીઓએ IRDAદ્વારા નક્કો કરેલી રકમ RBI [Reserve Bank of India]માં જમા કરવવાની રહેશે.
4. દરેક વીમા કંપનીઓએ પોતાના હિસાબો અને સરવૈયા IRDA ને રજૂકરવાના રહેશે.
5. દરેક વીમા કંપની કાર્યકારીની નિમણૂક કરશે અને તે IRDAને વીમાકંપનીની જવાબદારીનું મૂલ્યાંકન કરીને તે અંગે જાણ કરશે.
6. દરેક વીમા કંપનીઓએ પોતાની સંપતિનું IRDA માન્ય અને IRDAસૂચિત જામીનગીરીમાં રોકાણ કરવાનું રહેશે.
7. સામાન્ય વીમાના વ્યવસાય માટેના ધારાધોરણ IRDAદ્વારાસૂચવવામાં આવશે.
8. દરેક વીમા કંપનીઓએ દર વર્ષે IRDAસમક્ષ પોતાના સંપતિરોકાણના નિવેદનો રજૂ કરવાના રહેશે.
9. સમાજનાં નબળાં વર્ગીને રક્ષાનું કવચ પૂરું પાડવા માટે દરેક વીમાકંપનીઓએ તેમના વ્યવસાયની અમુક ટકાવારી પાક વીમા માટેઆપવી પડશે.
10. મુખ્યકારોબારીઅધિકારીનીનિમણૂકમાટેIRDAનીપૂર્વ પરવાનગી જરૂરી છે.

11. દરેક વીમા એજન્ટો અને વીમા દલાલોએ IRDAપાસેથી લાઈસન્સમેળવવું આવશ્યક છે.
12. જો વીમા કંપનીઓ IRDAદ્વારાબહાર પડેલા અધિનિયમોનું પાલનકરવામાં નિષ્ફળ જાય તો દંડ વસૂલ કરવાની પણ સત્તા રહેશે.

વીમા નિયમનકારી અને સત્તામંડળમાં અધ્યક્ષ, સંપૂર્ણ સમયનાં સભ્યો અનેપાર્ટ-.ટાઈમ સભ્યોનો સમાવેશ થાય છે. આ બધા સભ્યો ભેગા મળીને એકજૂથની જેમ કામ કરે છે.કે IRDAના મુખ્ય ઉદ્દેશો

1. વીમાપૉલિસીધારકોનાહિતઅનેઅધિકારોનેપ્રોત્સાહનઆપવુંતેIRDAનો મુખ્ય ઉદ્દેશ છે.
2. વીમા ઉદ્યોગના વિકાસ અને પ્રોત્સાહન માટે જરૂરી પગલાં લેવાનીજવાબદારીનો પણ IRDAના મુખ્ય લક્ષમાં સમાવેશ થાય છે.
3. વીમાના દાવાઓની ઝડપી સુનાવણી અને ચુકવણી કરવાનો અનેજો તેમાં કોઈ ગેરરીતી અથવા છેતરપિંડી થાય તો તેવા લોકો સામેકડક પગલાં લેવાનો પણ IRDAના હેતુમાં સમાવેશ થાય છે.
4. વીમા સાથે જોડાયેલા અને વીમા સાથે વ્યવહાર કરતાં નાણાકીયબજારોમાં સુવ્યવસ્થા અને પારદર્શકતાનો સંગમ કરાવવાનો પણIRDA નો ઉદ્દેશ છે.

## 12.11 પુન:વીમો:

પુન:વીમો એ વીમો છે જે એક વીમા કંપની બીજી વીમા કંપનીપાસેથી ખરીદે છે. પુન:વીમામાં એક કંપની પોતાની વીમા જવાબદારીનોઅમુક હિસ્સો બીજી વીમા કંપનીને આપે છે.આ વીમાને વીમાદાતા વીમોઅથવા નુકસાન ઓછું કરતાં વીમા તરીકે પણ ઓળખવામાં આવે છે.ઘણીવાર વીમા દાવાને લીધે કંપનીની જવાબદારીઓમાં ઘણો વધારો થઈજાય છે. આ જવાબદારીને ઘટાડવા માટે ઘણી વાર એક વીમા કંપની

પોતાના જોખમને એક કરાર દ્વારા બીજી વીમા કંપનીને હસ્તગત કરવામાંઆવે છે.

## સ્વાધ્યાય

**1) નીચેના પ્રશ્નોનાંમુદ્દાસરજવાબઆપો.**

1. “વીમો ભયની સામે સુરક્ષાની એક મજબૂત દીવાલ બનવાનું કાર્ય કરેછે.” આ વાકયને વિગતવાર સમજાવો.
2. વીમાનું મહત્ત્વ  સમજાવો.
3. ભારતમાં વીમાના ઉદભવ અને વિકાસની વિગતો જણાવો.
4. વીમાના મુખ્ય પ્રકાર જણાવો.
5. જીવનવીમો એટલે શું? જીવનવીમાની જુદી-જુદી પૉલિસી વિષેવિગતવાર ચર્ચા કરો.
6. સામાન્ય વીમો એટલે શું? સામાન્ય વીમાનો ક્યાં ક્યાં વીમાનોસમાવેશ થાય છે.વીમાના મધ્યસ્થીઓ અને તેમના મુખ્ય કાર્યની માહિતી આપો.
7. IRDAના મુખ્ય ઉદ્દેશો જણાવો.
8. IRDAની સત્તાઓ વિષે વિગતવાર માહિતી આપો.

**2) ટૂંકનોધ લખો.**

1. વીમા પૉલિસી
2. ભારતમાં વીમાનો ઉદભવ
3. જીવન વીમો

4. સામાન્ય વીમો અને પ્રકાર

5. આરોગ્ય વીમો

6. વીમા એજન્ટ

7. પુન:વીમો

**3) તફાવત લખો.**

1. જીવન વીમો અને સામાન્ય વીમો

2. મુદતજીવન વીમો અને સંપૂર્ણ જીવન વીમો

3. વીમાએજન્ટઅનેવીમાદલાલ

**4) ખાલી જગ્યા પૂરો.**

1. .............. ભયની સામે સુરક્ષાની દીવાલ બનવાનું કાર્ય કરે છે.

2. વીમો એ નિશ્ચિત પ્રીમિયમની ચુકવણી કરીને કોઈ પણ.............. ઘટનાને લીધે થતાં સંભાવિત નુકશાનને ભરપાઈકરવાનું સાધન છે.

3. વીમો બે પક્ષ વચ્ચેનો .............. છે.

4. વીમામાં એક પક્ષ .............. છે અને બીજો પક્ષ .............. છે.

5. ઈ.સ.૧૮૭0માં .............. કંપની દ્વારા ભારતમાં ભારતીય કંપની દ્વારાવીમો આપવાની શરૂઆત કરવામાં આવી.

6. દરેક વીમા કંપનીઓએ .............. સાથે ફરજિયાત નોંધણીકરાવવાની હોય છે.

**જવાબ:**

1. વીમો

2. અનિયમિત અને અનિશ્ચિત

3. કરાર

4. વીમાદાર,વીમાદાતા

5. બોમ્બે મ્યુચ્યુઅલ લાઈફ ઈન્સ્યુરન્સ

6. IRDA

**5) નીચેનાં વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

1) પાકવીમોએએકપ્રકારનોવ્યાપારીવીમોછે. જેવ્યવસાયનીસુરક્ષા માટે આપવામાં આવે છે.

2) વીમા મધ્યસ્થીઓ વીમા પૉલિસીની ખરીદીને સરળ બનાવે છે.

3) LIC ખાનગી ક્ષેત્રની કંપની છે.

4) વીમાપૉલિસીધારકોનાહિતઅનેઅધિકારોનેપ્રોત્સાહનઆપવુંતેIRDAનો મુખ્ય ઉદ્દેશ છે.

5) પુન:વીમોવીમાદાતાનાવીમાતરીકેપણઓળખાયછે.

(A) ખરાં વિધાન:2,4,5

(B) ખોટાં વિધાન :1,3

**5. નીચે આપેલાં વિકલ્પોમાની સાચો વિકલ્પ પસંદ કરો.**

1. આવીમોતબીબીસંભાળનીકિમતનીચુકવણીસામેકવચપૂરું પાડે છે.

(A) નિવૃત્તિ વીમો (B) બાળવીમો

(C) આરોગ્ય વીમો (D) મુસાફરીવીમો

2. આવીમોકૃષિઉત્પાદકોનેઆગાહીકરાયેલાપાકનાઉત્પાદનમાંથતાં અણધાર્યા નુકસાન સામે રક્ષણ આપે છે.

(A) વ્યાપારીવીમો (B) મકાનવીમો

(C) પાકવીમો (D) આગ વીમો

3. ઇ.સ. ........માં બોમ્બે મ્યુચ્યુઅલ લાઈફ ઇન્સ્યુરન્સ નામની,પ્રથમ ભારતીય કંપની દ્વારા વીમો આપવાની શરૂઆત કરવામાંઆવી.

(A) ૧૯૬૦ (B) ૧૮૭૦

(C)૧૯૬૫ (D)૧૯૭૫

4. વીમાના મુખ્ય ...........પ્રકાર છે.

(A) બે (B) ચાર

(C) ત્રણ (D) પાંચ

5. 1972માંરાષ્ટ્રીયકરણઅધિનિયમહેઠળ.............કંપનીઓનેએકીકૃત કરવામાં આવી.

(A)100 (B)105

(C)200 (D)107

**જવાબ:**

1. આરોગ્ય વીમો 2. પાકનો વીમો

3. 1870 4. બે

5. 107

**જવાબો:** 1(C), 2(C), 3(B), 4(A), 5(D)

# એકમ : 13 બેન્કિંગ અને નોન બેન્કિંગ સંસ્થાઓ

## : રૂપરેખા :

- પ્રસ્તાવના
- બેંકની વ્યાખ્યા
- ભારતીયરિઝર્વ બેંક અને તેના મુખ્ય કાર્યો
- ભારતીય બેંકોનું માળખું
- વાણિજ્ય બેંક અને તેના કાર્યો
- વાણિજ્ય બેંકોના પ્રકાર
- સહકારી બેંકો અને તેના કાર્યો
- ભારતમાં બેંકોનો ઈતિહાસ
- આધુનિક બેંકિંગપ્રણાલી
- મૂડી પર્યાપ્તતા
- બેંકિંગમાં NPA નું સંચાલન
- નોન બેંકિંગસંસ્થાઓ અને તેના મુખ્ય કાર્યો
- નોન બેંકિંગસંસ્થાના પ્રકાર
- બૅન્કિંગ અને નોન બેંકિંગસંસ્થાઓ વચ્ચેનો મુખ્ય તફાવત
- નોન-બેંકિંગસંસ્થાઓનો ઈતિહાસ અને વિકાસ
- રિઝર્વબેંક સાથે નોંધાયેલી નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીના પ્રકાર
- ભારતની વિવિધ નોન-બેંકિંગસંસ્થા
- સ્વાધ્યાય

---

- **પ્રસ્તાવના**

નાણાકીય સંસ્થાઓ દેશના આર્થિક વિકાસમાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. વધુ કાર્યક્ષમ નાણાકીય સંસ્થાઓ દેશમાં બચત અને રોકાણને વધારવામાં સહાય કરીને દેશના આર્થિક વિકાસને ગતિ આપે છે. નાણાકીય સંસ્થા દેશને વિવિધ પ્રકારના સાધનો અને આવશ્યક સેવાઓ પ્રદાન કરે છે. નાણાકીય સંસ્થાઓ દેશને જરૂરી ધિરાણ પૂરું પાડી દેશમાં રહેતા લોકોની આર્થિક સમસ્યા ઘટાડવામાં જરૂરી યોગદાન પૂરું પાડે છે. નાણાકીય સંસ્થાઓ નાના ઉધોગોને ધિરાણ પૂરું પાડીને દેશના અર્થતંત્રને બળ પૂરું પાડે છે. નાણાકીય સંસ્થાઓ નાના ઉધોગપતિને લાંબાગાળાની મૂડી અને કાર્યશીલ મૂડી પ્રદાન કરીને વધુ સારું પ્રદશન કરવામાં સહાય કરે છે. સારી વિકસિત નાણાકીય વ્યવસ્થા દેશની અર્થવ્યવસ્થાને પૂર્ણ ક્ષમતા પ્રદાન કરે છે. આવી રીતે નાણાકીય સંસ્થાઓ દેશની નાણાકીય સ્થિરતામાં સુધારો કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. નાણાકીય સંસ્થાઓના વ્યવહારો રોકાણો, લોન અને થાપણો પર કેન્દ્રિત થાય છે.

### 1 બેંક :

બેંક એક એવી નાણાકીય સંસ્થા છે કે જે નાણાનો વ્યવહાર કરે છે. બેંક એવી સંસ્થા છે જે નાણા અને થાપણનો સ્વીકાર કરે છે. અને માંગના આધારે તેની ચુકવણી પણ કરે છે. જે વ્યક્તિ પાસે બચત હોય એ બેંક પાસે નાણાં જમા કરાવી શકે છે અને વ્યાજ મેળવી શકે છે. તેવી જ રીતે બેંક એવી

વ્યક્તિને નાણાં/ધિરાણ આપે છે, જે વ્યક્તિને નાણાંની જરૂર હોય અને આ બદલામાં વ્યક્તિ બેંકને નિયત દરે વ્યાજની ચુકવણી કરે છે. બેંક સામાન્ય રીતે લોકો પાસેથી નીચા દરે થાપણો સ્વીકારે છે અને ધિરાણ લેનારને ઊંચા દરે લોન કે ધિરાણ આપે છે. બેંકનો મુખ્ય ઉદ્દેશ દેશના લોકોની બચતની મૂડીને એકઠી કરીને તેનું યોગ્ય રોકાણ કરીને દેશનો આર્થિક વિકાસ કરવાનો છે.

- ભારતીય રિઝર્વ બેંક અને મુખ્ય કાર્યો :-

-RBI (ભારતીય રિઝર્વબેંક ) દેશની મધ્યસ્થ બેંક છે. તે એક કાનૂની અને વૈધાનિક સંસ્થા છે. ભારતના સુવ્યવસ્થિત અર્થતંત્ર માટે ચલણી નોટોનું છાપકામ અને નાણાનાં જથ્થાનું સંચાલન ભારતીય રિઝર્વે બેંક દ્વારા કરવામાં આવે છે. તે ભારતના નાણાં પુરવઠા અને શાખાને નિયંત્રિત કરે છે. RBI ની સ્થાપના 1935માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા,1934 ના અધિનિયમ હેઠળ કરવામાં આવી હતી.

-ભારતમાં નાણાકીય નીતિઓનું નિર્માણ કરવાનું અને તેને લાગુ કરાવીને તેનું ચુસ્ત રીતે અમલ કરાવવાનું મુખ્ય કાર્ય રિઝર્વ બેંકનું છે.

-ભારતીય રિઝર્વ બેંક નાણાકીય વ્યવહારનું અસરકારક સંચાલન કરીને દેશમાં નાણાકીય કાર્યોને સુરક્ષા અને સુનિશ્ચિતતા પ્રદાન કરે છે.


-ભારતમાં વિદેશી વિનિમય દરમિયાન વિદેશી ચલણના પ્રવાહનું પરિવહન સરળ, પારદર્શક અને વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ હેઠળ રહે તે જોવાની જવાબદારી પણ રિઝર્વ બેંકની છે.

-ભારતમાં ચલણી નોટોને બહાર પાડવાની અને ક્ષતિગ્રસ્ત નોટોની આપ-લે કરવાની જવાબદારી પણ રિઝર્વ બેંકની છે.

-ભારતમાં તમામ નાણાકીય વ્યવહારોની ચુકવણી (PSSACT,payment and settlement system act) પીએસ એસ એક્ટ 2007 પ્રમાણે સલામતી પૂર્વક અને ઝડપી થાય અને લોકોનો ભારતીય પ્રણાલીમાં વિશ્વાસ જળવાઈ રહે તે પ્રમાણે નાણાકીય પતાવટ કરવાની જવાબદારી પણ રિઝર્વ બેંકની છે.

-રિઝર્વ બેંક ભારતીય સરકાર માટે વેપારી બેંકનું કાર્ય કરે છે.

-ભારતીય બેંકોRBI સાથે ખાતું રાખે છે. દરેક બૅન્કો અમૂક કાયદાકીય અનામતો અને અન્ય થાપણો રિઝર્વ બેંકમાં રાખે છે.




શિડયુઅલ અને નોન-શિડયુઅલ બેંક :-

આ બેંકોની ઓછામાં ઓછી મૂડી 5 લાખ છે અને તે રિઝર્વ બેંકની બીજી સૂચિમાં/બીજી યાદીમાં સૂચિબદ્ધ છે. આ બેંકો RBI પાસેથી નાણા ઉછીના લઈ શકે છે. અને તેમણે રિઝર્વ બેંકના નિયમ પ્રમાણે રોકડ અનામત ગુણોતર જાળવવો પડે છે. નોન -શિડયુઅલ બેંકે રિઝર્વ બેંકના નિયમોનું પાલન કરવું પડતું નથી અને રિઝર્વ બેંકની બીજી સૂચિમાં તે સૂચિબદ્ધ પણ નથી નોન - શિડયુઅલ,બેંક રિઝર્વ બેંક પાસેથી બેંક વ્યવહાર માટે નાણાં લઈ શકતી નથી.

**- વાણિજય બેંકો /વેપારી બેંકો :-**

વેપારી બેંક એ એક નાણાંકીય સંસ્થા છે કે જે સામાન્ય લોકો પાસેથી થાપણો સ્વીકારવાનું અને નફો મેળવવાનાં ઉદ્દેશ્યથી રોકાણ માટે લોન આપવાની કામગીરી કરે છે. વેપારી બેંકો સામાન્ય રીતે ટૂંકા ગાળાની લોન સાથે વેપાર અને વાણિજય માટે નાણા આપે છે. વેપારી બેંકો લોન લેનાર વ્યકિતઓ પાસેથી ઉંચા દરે વ્યાજ લે છે. અને થાપણદારોને ખૂબ ઓછા દરે વ્યાજે ચૂકવે છે.પરિણામે આ બે વ્યાજદર વચ્ચેનો તફાવત બેંકના નફામાં પરિણમે છે.

- વાણિજય બેંકોનાં મુખ્ય કાર્ય નીચે પ્રમાણે છે.

**(A) પ્રાથમિક કાર્ય :**

(1) વાણિજય બેંકો થાપણોનો સ્વીકાર કરે છે.

વેપારી/વાણિજય બેંકો વર્તમાન (Current) ,બચત (Saving) અને સ્થિર (Fixed) થાપણોનાં રૂપમાં નાણાનો સ્વીકાર કરે છે. તે વ્યકિતઓ ,પેઢીઓ અને કંપનીઓ પાસેથી વધારાનાં નાણા એકઠા કરીને વ્યાપારી વ્યવહારમાં ઉદ્ભવતી ટૂંકા ગાળાની જરૂરિયાતને સંતોષે છે. એવું કહી શકાય કે વાણિજય બેંકોનો પ્રથમ ઉદ્દેશ જાહેર જનતાની બચતનો સંગ્રહ કરવાનો છે. થાપણોને બેંકની જીવાદોરી પણ કહી શકાય છે.

વર્તમાન થાપણો માંગ પર ચૂકવવાપાત્ર હોય છે. આ ખાતામાં બાકી રહેલી સિલકને આધારે થાપણદારો તેનો ઉપાડ કરી શકે છે. બેંક આ થાપણો પર કોઈ વ્યાજ ચૂકવતી નથી. પરંતુ ચેક સુવિધા આપે છે. સામાન્ય રીતે વેપારી અને ઉધોગપતિઓ દ્વારા આ ખાતું જાળવવામાં આવે છે.

સ્થિર થાપણો ચોક્કસ સમયમર્યાદા પ્રમાણે હોય છે. એટલે કે આ થાપણોની પરિપક્વતાનો ચોક્કસ સમયગાળો હોય છે. તેને નિયત મુદતની થાપણ પણ કહેવામાં આવે છે. સ્થિર થાપણો ઉપર બેંક દ્વારા વધુ વ્યાજની ચુકવણી કરવામાં આવે છે. સ્થિર થાપણોનો વ્યાજ દર બચત થાપણના વ્યાજ કરતાં વધારે હોય છે. બચત ખાતામાં થાપણનો મુખ્ય ઉદ્દેશ બચત કરવાનો છે. આ ખાતામાં રહેલી રકમ માંગ પર ચૂકવવા -પાત્ર છે અથવા તો તેનો ચેક દ્વારા પણ ઉપાડ થઈ શકે છે. તેના પર વ્યાજનો દર પણ નિશ્ચિત હોય છે.

(2) વાણિજય બેંકો લોન અને ધિરાણ પણ આપે છે.વાણિજય બેંકોનું બીજું મોટું કાર્ય વેપારીઓ અને ઉધોગ પતિઓ અને સાહસિક ઉધમીઓને લોન અને ધિરાણ આપવાનું છે. આ કાર્યથી બેંક વ્યાજ પણ કમાય છે. આ વ્યાજ બેંકોની આવકનો મહત્વનો સ્ત્રોત છે. બેંક થાપણોમાંથી અમૂક હિસ્સો પોતાના માટે અનામત રાખી બાકીની રકમ રોકડ ધિરાણ ,ટૂંકા ગાળાની લોન અને ઓવરડ્રાફ્ટ રૂપમાં આપે છે. વાણિજય બેંક દ્વારા વ્યક્તિગત લોન પણ આપવામાં આવે છે. ઓવરડ્રાફ્ટ સુવિધાના કિસ્સામાં ખાતાધારકને બેંકમાં જમા કરાયેલ રકમ કરતા વધુ રકમ ઉપાડવાની છૂટ આપવામાં આવે છે. પરંતુ અહીં સુવિધા લેનાર વ્યકિતને આ વધારાના ઉપાડ પર વ્યાજ ચુકવવું પડે છે.બેંક ધિરાણનું બીજું મહત્વનું સ્વરૂપ વિનિમય બીલોમાં વ્યવહાર કરવાનું પણ છે.

(3) વિદેશી વેપાર ધિરાણમાં સહાય કરે છે.વાણિજય બેંકો તેનાં ગ્રાહકને ધિરાણ આપીને વિદેશી વિનિમય બીલ સ્વીકારીને વિદેશી વેપારમાં મદદ કરે છે.

**(B) : અન્ય વધારાના કાર્ય:-**

(4) વાણિજય બેંકો તેનાં ગ્રાહકોને એજન્સી સેવા પણ આપે છે. વાણિજય બેંકો ગ્રાહકવતી ડિવિડન્ડ અને ચેક દ્વારા નાણાની ચુકવણી કરે છે. બેંક ગ્રાહકવતી શેર અને ડિબેન્ચરની ખરીદી અને વેચાણ પણ કરે છે. બેંક ગ્રાહકો વતી (Telegraphnic Transfar) તારથી નાણાની તબદીલી કરી બેંક દ્વારા જુદા જુદા સ્થળોએ પૈસા ચુકવે છે. આમ વાણિજય બેંકો મધ્યસ્થીનું કામ પણ કરે છે અને તેના માટે ફી પણ વસુલે છે.

(5) વધારાની આવશ્યક સેવાઓ પણ આપે છે. વાણિજય બેંકો સોનાનાં તથા અન્ય ધરેણાં ,દસ્તાવેજ રોકાણનાં કાગળો,શેર સર્ટીફીકેટ, દસ્તાવેજ વગેરેની રખેવાળી માટે લોકરની સુવિધા આપે છે.

**- વાણિજય બેંકોનો પ્રકાર:**

1 જાહેર ક્ષેત્રની બેંકો : જયારે કોઈપણ જાહેર સુચિબધ્ધ બેંકિંગ કંપનીની શેરમૂડીમાં ભારત સરકાર 51% કરતા વધુ હિસ્સો ધરાવે તો આવી કંપનીને જાહેર ક્ષેત્ર ની કંપની/ જાહેર ક્ષેત્રની બેંક કહેવામાં આવે છે. જાહેર ક્ષેત્રની બેંકમાં એક મોટો હિસ્સો સરકારનો હોય છે. આ બેંકને રાષ્ટ્રીયકૃત બેંકો પણ કહેવામાં આવે છે. આ રાષ્ટ્રીયકૃત બેંકો દેશમાં થતા કુલ વ્યવહારનો આશરે 75% હિસ્સો ધરાવે છે.તાજેતરનાં અહેવાલો મુજબ ઘણી નાની નાની બેંકોનાં મોટી બેંકો સાથે જોડાણ થયા પછી ભારતમાં હાલ જાહેર ક્ષેત્રની 12 બેંકો છે. ભારતીય સ્ટેટ બેંક ,પંજાબ નેશનલ બેંક બેંક ઓફ બરોડા,બેંક ઓફ ઇન્ડિયા ,કેનેરા બેંક ,યુનિયન બેંક ઓફ ઇન્ડિયા ,ઇન્ડિયન બેંક ,ઇન્ડિયન ઓરવસીઝ બેંક, યુકો બેંક વગેરે જાહેર ક્ષેત્રની બેંકો છે.

2 ખાનગી ક્ષેત્રની બેંકો :ખાનગી ક્ષેત્રની બેંકો રાષ્ટ્રીયકૃત બેંકની જેમ જ કામ કરે છે. માત્ર એટલો જ તફાવત છે કે આ બેંકમાંમોટા ભાગનો હિસ્સો ખાનગી માલિકીનો હોય છે. ખાનગી ક્ષેત્રની બેંકમાં ઇકિવટીનો મોટો હિસ્સો ખાનગી હિસ્સેદારો અથવા કંપનીઓ પાસે હોય છે. ખાનગી ક્ષેત્રની બેંકો પણ મોટાભાગે નાણાકીય પ્રવૃત્તિઓથી સંબધિત લોન અને અન્ય ઉત્પાદનો પ્રદાન કરતી થાપણોને રાખી નફો મેળવવાની તર્જ પર કામ કરે છે. ભારતમાં ખાનગી ક્ષેત્રની નામાંકિત બેંકોમાં HDFC બેંક ,કોટક મહિન્દ્રા બેંક, ICICI બેંક ,IDFC બેંક વગેરેનો સમાવેશ થાય છે.

3 પ્રાદેશિક ગ્રામીણ બેંકો :આ બેંકોની સ્થાપના પાછળનો મુખ્ય હેતુ સમાજનાં આર્થિક નબળા વર્ગ જેવા કે મજુરો ,ખેડૂતો, ગ્રામીણ વેપારીઓ અને નાના વેપારીઓને નાણાકીય વ્યવહાર માટે સરળતાથી ધિરાણ પુરૂં પાડવાનો છે. મોટા ભાગની પ્રાદેશિક બેંકો ખાસ પ્રદેશમાં કાર્યરત હોય છે અને ઘણીવાર મહાનગરમાં પણ તેની શાખાઓ હોય છે. ખાસ કરીને આ બેંકો ગ્રામ્ય અને અર્ધ શહેરી વિસ્તારમાં સેવા પૂરી પાડે છે. આ બેંકો રાષ્ટ્રીય પેન્શન યોજના અને મનરેગા લાભાર્થીઓ માટે નાણાની ચુકવણી પ્રકિયામાં સહાય કરીને સરકારી યોજનાઓને ટેકો આપે છે. પ્રાદેશિક ગ્રામીણ બેંકો રિઝર્વ બેંક (RBI) દ્વારા નિયંત્રિત છે અને રાષ્ટ્રિય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (NABARD) દ્વારા તેની દેખરેખ રાખવામાં આવે છે. રાષ્ટ્રિયકૃત બેંકોની દેશભરમાં શાખાઓ છે જયારે પ્રાદેશિક ગ્રામીણ બેંકો રાજયનાં ચોક્કસ ક્ષેત્ર માટે આરક્ષિત છે.

4. વિદેશી બેંકો : વિદેશી બેંકો એવી બેંકો છે કે જેમનું મુખ્ય મથક દેશની બહાર હોય છે. આ બેંકોની વિવિધ શાખાઓ ભારતમાં છે.RBI એ ભારતમાં વિવિધ વિદેશી બેંકોની સ્થાપના અને સંચાલન માટે વિવિધ નિયમો અને માર્ગદર્શિકાઓ બહાર પાડી છે. વિદેશી બેંકો દેશની કેન્દ્રીય બેંક (RBI) રિઝર્વ બેંક અને ભારતની બહાર સ્થિત પિતૃ સંગઠન દ્વારા સૂચવેલા નિયમોનું પાલન કરીને કામ કરે છે. HSBC બેંક, સિટીબેંક,સ્ટાન્ડડ ચાર્ટર્ડ બેંક વિદેશી બેંકો છે જે ભારતમાં પણ કાર્યરત છે.

**- સહકારી બેંકો :**

સહકારી બેંકો એવી નાણાંકીય સંસ્થા છે કે જેની રચના તેનાં સભ્યોથી થાય છે. આ સભ્યો એક જ સમયે બેંકનાં માલિકો અને ગ્રાહકો છે. ભારતમાં સહકારી બેંકો રાજય સહકારી સોસાયટી અધિનિયમ હેઠળ નોંધાયેલી હોય છે. સહકારી બેન્કોને ભારતીય રિઝર્વ બેંક દ્વારા પણ નિયંત્રિત કરવામાં આવે છે. સહકારી બેંકો સામાન્ય રીતે “એક વ્યકિત એક મત” ના સહકારી સિધ્ધાંત અનુસાર સમાન મતદાનનાં અધિકારનાં પ્રમાણે કાર્યરત હોય છે.

સહકારી બેંકો ગ્રામ્ય વિસ્તારમાં નાણાની વ્યવસ્થા માટે ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. સહકારી બેંકો ગ્રામીણ વિસ્તારમાં લોકોને ઓછા દરે નાણા ધીરે છે. સહકારી ધિરાણ ચળવળ દ્વારા બચત અને રોકાણને પ્રોત્સાહન મળ્યું છે . નાણા સંગ્રહ કરવાને બદલે ગ્રામીણ લોકો તેમની બચત સહકારી બેકોમાં જમા કરાવે છે.સહકારી બેંકો થાપણો પર પણ વધુ વ્યાજ આપે છે. સહકારી બેંકોએ ખાનગી નાણા ધીરનારાઓનાં વર્ચસ્વને દૂર કરીને મધ્યમ વ્યાજ દરે સામાન્ય વ્યકિતને ધિરાણ આપવાનું લક્ષ્ય રાખ્યું છે. સહકારી બેંકો ભારતીય બેન્કિંગ નાં માળખાનો ખૂબ જ જૂનો અને અગત્યનો હિસ્સો છે.

· સહકારી બેંકોનાં મુખ્ય કાર્યો નીચે પ્રમાણે છે.

1. સહકારી બેંકો ગ્રામીણ વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકો અને ખેડુતોને આર્થિક સહાય પૂરી પાડે છે.
2. સહકારી બેંકો ગ્રામીણ અને અર્ધશહેરી તથા શહેરી લોકો માટે નાના પાયે ઉધોગ અને સ્વરોજગાર આધારિત પ્રવૃત્તિઓમાં રોકાયેલા લોકો માટે વ્યકિતગત આર્થિક સેવાઓ પ્રદાન કરે છે.
3. સહકારી બેંકોનું મુખ્ય કાર્ય વચેટિયાઓનું વર્ચસ્વ દૂર કરી ગ્રામીણ લોકોને ઓછા દરે ધિરાણ કરવાનું છે.
4. સહકારી બેંકો ગ્રામીણ ઉધોગને ધિરાણ આપીને દેશનાં વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.
5. એવા ગ્રામ્ય વિસ્તારો જયાં બેકિંગ સેવાઓનો અભાવ હોય ત્યાં સહકારી બેંકો નાણાંકીય સેવાઓ પ્રદાન કરીને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોની આર્થિક પરિસ્થિતિને સુધારી તેને સ્થિર કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

## - ભારતમાં બેન્કિગનો ઈતિહાસ.

બેન્કોની સ્થાપના પહેલા ભારતમાં નાણાંકીય પ્રવૃતિઓ નાણા ધીરનાર શરાફો અને અમુક ધનવાન વ્યકિતઓ દ્વારા કરવામાં આવતી હતી. તે સમયે વ્યાજના દર ખૂબ જ વધારે હતા. જાહેર બચતની કોઈ સુરક્ષા ન હતી અને લોન ધિરાણમાં પણ કોઈ એકરૂપતા ન હતી. આવી સમસ્યાઓના સમાધાન માટે એક સંગઠીત સંસ્થાની જરૂર હતી જે સરકાર દ્વારા સંપૂર્ણ નિયમકારી હોય, જે ગ્રાહકોને તેમની બચતની સુરક્ષા પૂરી પાડે ,નાણા અને ધિરાણનાં પ્રવાહને નિયંત્રિત કરે, દેશમાં નાણાકીય વ્યવસ્થાનાં કામોમાં લોકોને પ્રોત્સાહિત કરીને બચતને વેગ આપી દેશનાં આર્થિક વિકાસમાં જરૂરી સહાય પ્રદાન કરી શકે. બેંકિગ ક્ષેત્રમાં પણ ઘણા બધા બદલાવ જોવા મળ્યા છે. ભારતમાં આઝાદી કાળ પહેલાથી જ બેંકોનું અસ્તિત્વ જોવા મળ્યું છે. બેંકોના ઇતિહાસને મુખ્ય ત્રણ તબક્કામાં વર્ગીકૃત કરી શકાય છે.

1. 1947 પહેલાનો તબક્કો /સ્વતંત્રતા પૂર્વનો તબક્કો
2. બીજો તબક્કો - 1947 થી 1991
3. ત્રીજો તબક્કો - 1991 અને ત્યારબાદ

{1} -> 1947 પહેલાનો તબક્કો :

સ્વતંત્રતા પૂર્વના તબકકામાં ઘણી જ મહત્વની ઘટનાઓ બની હતી. ભારતમાં બેન્કિંગની શરૂઆત 1770 માં બેંક ઓફ હિન્દુસ્તાનની સ્થાપનાથી થઈ હતી.પરંતુ આ બેંક 1832 સુધીમાં બંધ થઈ. 18મી સદીના છેલ્લા દાયકામાં બોમ્બે અને કલકતામાં એજન્સી ગૃહોના પાયા નખાયા.19મી સદીમાં બ્રિટીશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સનદ હેઠળ ત્રણ બેંકો ,બેંક ઓફ બંગાલ,બેંક ઓફ બોમ્બે અને બેંક ઓફ મદ્રાસનું વિલિનીકરણ થયું અને [Imperial Bank of India ] ઈમ્પિરીયલ બેંક ઓફ ઇન્ડિયા નામની નવી બેંકની રચના થઈ.ઈમ્પિરીયલ બેંકને ત્યારબાદ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાનું નામ આપવામાં આવ્યું.1865માં અલ્હાબાદમાં પ્રથમ ભારતીય બેંકની સ્થાપના પછી પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ

ઇન્ડિયાની સ્થાપના 1895 અને 1906 માં થઈ,ત્યારબાદ 1906 થી 1913 નાં ગાળામાં,ભારતીય માલિકી હેઠળ કેનરા બેંક,ઇન્ડિયન બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા,બેંક ઓફ બરોડા ,બેંક ઓફ મૈસુર જેવી ઘણી બેંકોની સ્થાપના થઈ.

1 હિલ્ટન યંગ કમિશનની ભલામણ બાદ, 1935માં ભારતીય રિઝર્વ બેંકની સ્થાપના કરવામાં આવી. આ સમયમાં બેંકીગ વ્યવસ્થા ફક્ત શહેરી વિસ્તારને આવરી લેતી હતી અને ગ્રામીણ અને કૃષિક્ષેત્રની જરૂરિયાતને ઓછું પ્રાધાન્ય આપતી હતી.

{2} બીજો તબક્કો : 1947 થી 1991

અર્થતંત્રનાં સારા વિકાસ માટે ભારત સરકારે 1949માં ભારતીય રિઝર્વ બેંકને રાષ્ટ્રીયકૃત કરી આ સમયગાળાદરમિયાન બેન્કિંગ અધિનિયમ ધારો પસાર કરવામાં આવ્યો.1967 માં ભારત સરકારે 14 મોટી બેંક જેમની રાષ્ટ્રીય થાપણો 50 કરોડ કરતા વધુ હતી.તેમનું રાષ્ટ્રીયકરણ કર્યું. ત્યારબાદ ભારતીય બેંકિંગ પ્રણાલીનો ઘણો વિકાસ થયો પરતું સમાજનાં ગ્રામીણ અને નબળા વર્ગને હજી પણ બેંકીગ વ્યવસ્થામાં જોડાવાની તક મળી ન હતી. આ મુદ્દાઓને હલ કરવા માટે નરસિંહમન સમિતિએ 1974 માં ગ્રામીણ બેંકોની સ્થાપના કરવાની સલાહ આપી. 1975 માં [ RRB : Regional Rural Bank ] પ્રાદેશિક ગ્રામીણ બેંકની સ્થાપના કરવામાં આવી. આ પ્રાદેશિક ગ્રામીણ બેંકનો મુખ્ય હેતુ ગ્રામ્ય લોકોને ધિરાણ આપીને તેમને સક્ષમ બનાવીને ભારતનો વિકાસ કરવાનો હતો. 1980 માં વધુ છ બેંક આંધ્રબેંક ,કોપોરેશન બેંક,ન્યુ બેંક ઓફ ઇન્ડિયા,વિજયા બેંક,ઓરીએન્ટેલ બેંક ઓફ કોર્મસ ,પંજાબ અને સીંધ બેંક] નું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને કૃષિ ,આરોગ્ય અને વિવિધ અગ્રતા ક્ષેત્રના ધિરાણને વધારીને (40%) કરવામાં આવ્યું.

{૩} ત્રીજો તબક્કો : ઉદારીકરણ તબક્કો 1991 અને ત્યારબાદ 1991 ના વર્ષથી ભારતીય અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું.સરકારે વિદેશી અને ખાનગી રોકાણકારોને ભારતમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું. તેના લીધે બેંકીગ ક્ષેત્રમાં ખાનગી સંસ્થાઓનો પ્રવેશ થયો.રિઝર્વ બેંકે 10 ખાનગી બેંકોને લાઈસન્સ આપ્યું. જેમાં એકિસસ બેંક,એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક ,ઈન્ડસઈન બેંક અને ડીસીબી બેંકને ભારતમાં બેંકીગ વ્યવહારો કરવાની પરવાનગી મળી. રિઝર્વ બેંકે 2001 માં કોટક મહિન્દ્ર બેંક અને 2005 માં યસ બેંક જેવી ખાનગી બેંકોને લાઈસન્સ આપ્યું.2013-15 માં પણઆઈડીએફસી અને બંધન બેંક જેવી ખાનગી ક્ષેત્રની બેંકોને રિઝર્વ બેંક દ્વારા લાઈસન્સ આપવામાં આવ્યું.ખાનગી ક્ષેત્રને પરવાનગી આપવાનો મુખ્ય હેતુ બેંકોને મજબૂત , સ્પર્ધાત્મક અને નાણાકીય વ્યવસ્થા માટે અનુકૂળ બનાવવાનો હતો. આજે, ભારતીય બેન્કિંગવ્યવસ્થાને સૌથી વિકસિત વિકાસશીલ સેક્ટર તરીકે ઓળખાય છે. દેશની અસરકારક અને કાર્યક્ષમ બેન્કિંગ પધ્ધતિ દેશનાં આર્થિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

**- આધુનિક બેન્કિંગ પ્રણાલી :**

દેશમાં આધુનિક ટેકનોલોજીનાં આગમન સાથે બેન્કિંગ સેવાઓમાં પણ ઘણું પરિવર્તન આવ્યું છે. બેન્કિંગ પધ્ધતિમાં આધુનિક વલણો જેવા કે આઈએમપીએસ (તત્કાલ ચુકવણી સેવા ) ,આરટીજીએસ (વાસ્તવીક સમય પ્રમાણે ગ્રોસ સેટલમેન્ટ) એનઈએફટી(રાષ્ટ્રીય ઈલેકટ્રોનિક/ફંડ ટ્રાન્સફર),ઓનલાઈન બેન્કિંગ, ઈ-બેન્કિંગ, મોબાઇલ-બેન્કિંગ ના લીધે બેંકનાં વ્યવહારો સરળ અને ઝડપી બની ગયા છે,તેના લીધે બેન્કિંગ પ્રક્રિયાઓનો ખર્ચ ઓછો થયો છે અને આવકમાં વધારો થયો છે. “ ગમે ત્યાં અને ગમે ત્યારે બેન્કિંગ” નાં લીધે બેન્કિંગ સેવાઓ સરળ ,સુવ્યવસ્થિત, અને આરામદાયક બની છે.

- મૂડી પર્યાપ્તતા :

1971 માં ગોલ્ડ સ્ટાન્ડર્ડનાં પતન બાદ અને 1973 માં સ્મિથસોનીયન વ્યવસ્થાનાં પતન પછી ઘણી બેંકોને એ ચિંતા થવા લાગી કે આંતરરાષ્ટ્રીય હાજરીવાળી બેંકો પાસે પૂરતા પ્રમાણમાં મૂડી નથી.આ સમયગાળામાં ભારતમાં પણ આંતરરાષ્ટ્રીય નાણાકીય પ્રણાલી ઊંડાણપૂર્વક સંકલિત થઈગઈ

હતી. આ એક એવું સંકટ હતુ કે જે બધા દેશોને અસર કરી શકતું હતું. આ સમસ્યાના ઉકેલ માટે અગ્રણી G- 10 રાષ્ટ્રોની મધ્યસ્થી બેંકોએ નિષ્ણાતોની સમિતિ બનાવી. આ સમિતિની રચના બેંકનાં વ્યવહારોની દેખરેખ કરવા માટે થઈ. આ સમિતિને "બેસલ સમિતિ" તરીકે ઓળખવામાં આવે છે. આ સમિતિની ભલામણો મુજબ બેસલનાં ધોરણો બી.આઈ.એસ[ Bank ForInternational Settlement ] ના સમર્થન હેઠળ ઘડવામાં આવ્યા.

મૂડી પર્યાપ્તતા ગુણોતરથી મૂડી અને સંપતિ નો ઉપયોગ કરીને બેંકની આર્થિક સ્થિતિ જાણી શકાય છે. તેનો ઉપયોગ નાણાકીય પ્રણાલીઓની થાપણો અને થાપણદારોનાં રક્ષણ માટે કરવામાં આવે છે. આ ગુણોત્તરમાં બેંકનાં જોખમને ધ્યાનમાં રાખીને બેંક દ્વારા જાળવીને રાખવાની મૂડીની માત્રાને માપવામાં આવે છે.

પ્રથમ બેસલ સમજૂતિ 1988 માં અસ્તિત્વમાં આવી આ સમજૂતિ જી-10 જૂથ એટલે કે 10 દેશોનાં સભ્યો માટે જ બંધનકર્તા હતી. પરંતુ વિશ્વના લગભગ 190 થી વધુ દેશોએ આ ધોરણોનું પાલન કરવા માટે સ્વૈચ્છિકતા બતાવી હતી. આ સમજૂતીનો મુખ્ય ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય નાણાકીય પ્રણાલીને સુનિશ્ચિત કરીને બેંકોનાં નાણાકિય જોખમને ઘટાડવાનો હતો.પરતું આ કરાર અમલી બન્યા પછી તેની ઘણી બધી ખામીઓ સ્પષ્ટ થઈ. આ કરારમાં ફક્ત ધિરાણ જોખમ પર ધ્યાન કેન્દ્રિત થયું હતું. પરતું અન્યજોખમોને વિશ્લેષણમાંથી બાકાત રખાયા હતા. જુદાં- જુદાં દેવાદારોની ગુણવતા અને તેનાં આધારે જોખમની ગણતરી પણ ધ્યાનમાં લેવાઈ ન હતી. ધિરાણ જોખમની ગણતરી ચોપડા કિંમત પર કરવામાં આવતી હતી. પરતું બજારકિંમતને ધ્યાનમાં લેવાતી ન હતી.

બીઆઈ એસ [ Bank For International Settlement ] ને સમજાયું કે પ્રથમ બેસલ સમજૂતી બેન્કિંગ ક્ષેત્રની જરૂરિયાતોને પહોચી વળવા સક્ષમ નથી. આથી જૂન 2004 માં દ્વિતિય બેસલ મોડેલની રચના કરવામાં આવી .આ સમજૂતી માં અનેક નવા વધારા કરીને કરારનાં અવકાશને વિસ્તૃત કરવામાં આવ્યો. આ મોડેલમાં વેશ્વિક બેન્કિંગને ધ્યાનમાં રાખીને મૂડી નિયંત્રણ, બજારની સ્થિતી અને બેંકોનાં નાણાકીય વ્યવહારને વધારે મહત્વ આપવામાં આવ્યું. આ સમજૂતીમાં બજારના જોખમને પણ ધ્યાનમાં લેવામાં આવ્યું. પ્રથમ બેસલની ઘણી બધી મર્યાદાઓને દ્વિતિય બેસલ સમજૂતીથી દૂર કરાઈ.

2008 માં ફરીથી નાણાકીય કટોકટી સર્જાઈ અને બેન્કિંગ ક્ષેત્રની મર્યાદાઓ છતી થઈ. દ્વિતિય બેસલ સમજૂતીમાં ફરીથી સુધારોવધારા કરવાની જરુરિયાતો ઉભી થઈ. બેસલ 3 ની રચના બેંકોની પારદર્શિતા વધારવા અને બેંકનાં જોખમોને નિયંત્રીત કરવા માટે કરવામાં આવી. બેસલ 3 કરારની ન્યૂનતમ મૂડીની આવશ્યક્તા ઈકિવિટીનાં 2% થી વધારીને 4.5 % સુધી કરવામાં આવી છે. બેસલ 3 માં વધારાની (બફર ) પ્રતિરોધક 2.5% મૂડીની આવશ્યકતાની પણ જોગવાઈ કરવામાં આવી છે. જો બેંક કયારેક નાણાકીય તણાવનો સામનો કરતી હોય તો આ પ્રતિરોધક મૂડીનો ઉપયોગ કરી શકે છે. 2015 સુધીમાં ટાયર -1 મૂડીની આવશ્યક્તા ,જે બેસલ 2 માં 4% હતી તે વધારીને બેસલ 3માં 6% કરવામાં આવી.જેમાં સામાન્ય ઈકિવિટી ટાયર -1 નાં 4.5 % અને વધારાની ટાયર -1 ની મૂડી 1.5% સમાવેશ થાય છે. આ નિયમનો અમલ હવે જાન્યુવારી 1 ,2022 પછી કરવામાં આવશે. આ ઉપરાંત બેસલ 3 માં બેંકની પ્રવાહિતા અને જોખમ વિનાના લાભ વિશે પણ જોગવાઈ કરવામાં આવી છે.

**બેન્કિંગમાં NPA નું સંચાલન :**

બેન્કિંગ ક્ષેત્ર એ દેશનાં અર્થતંત્રની કરોડરજ્જુ છે અને દેશનાં વિકાસમાં તેનો મહત્વનો ફાળો છે. જો દેશમાં સતત વૃદ્ધિદરનો દર ( વિકાસનો દર) / વધારવો હોય તો તે આવશ્યક છે કે બેંકો અને નાણાકીય સંસ્થા તેની તાણ અથવા તેના જોખમોનું સુવ્યવસ્થિત સંચાલન કરે છે. ખરાબ લોન કે NPA પણ બેંકના નાણાકીય વ્યવહારોમાં અડચણરૂપ બની બેંકની તરલતાને અવરોધરૂપ બને છે.

NPA એ લોન અથવા એડવાન્સ છે. જેના માટે મુદ્દલ ( Principal Amount ) અથવા વ્યાજની ચુકવણી મુદત 90 દિવસ ઉપર ચડી ગઈ હોય છે. આ એવી રકમ છે જેની ભરપાઈ થઈ હોતી નથી.

NPA એવી રકમ છે જે ચુકવવાપાત્ર હોય છે. પરતું તેની ચુકવણી કોઈ કારણોસર કરવામાં આવતી નથી.

NPA નું વગીકરણ ત્રણ ભાગમાં થાય છે.

નીચાધોરણવાળી [Substandard] મિલકતો -> એવી મિલકતો કે જે 12 મહિના કરતાં ઓછા સમય માટે NPA રહી છે.

શંકાસ્પદ મિલકતો ->એવી મિલકતો કે જે 12 મહિના કરતાં વધુ સમય માટે NPA રહી છે.

એટલે કે જો નીચાધોરણવાળી મિલકતો કે જે 12 મહિના સુધીમાં ભરપાઈ ના થાય તો તેને શકાસ્પંદ મિલકત ગણવામાં આવે છે.

નુકશાનની મિલકતો :-> એવી મિલકતો/લોન જે શંકાસ્પંદ હોય છે,અને બેંકના ઓડિટર અને સેન્ટ્રલ બેંકનાં નિરીક્ષકો દ્વારા તેને વસૂલ ન થઈ શકે તેવી લોન જાહેર કરી દેવામાં આવે છે.

NPA દેશની અર્થવ્યવસ્થા માટે ભારરૂપ છે. NPA બેંકની પ્રવાહિતા, નફાકારકતા,કામગીરીને અસર કરે છે NPA બેંકો ઉપર બેગણો બોજ લાદે છે.પ્રથમવાર લોન આપતી વખતે બોજો ઊભો થાય છે અને બીજીવાર લોનની સમયસર ચુકવણી ન થતા બેંકની ભવિષ્યની લોન આપવાની ક્ષમતા પર અવરોધ ઉભો થાય છે.

NPA સંચાલન અને નિવારણ ત્યારેજ શકય બને જયારે તેનાં ઉદ્ભવઅને વૃદ્ધિનાં કારણોની વિગતાવર ચર્ચા અને વિચારણા થાય.

NPAપાછળનાં મહત્વના કારણો નીચે પ્રમાણે છે.

1. રાજકીય પ્રભાવો અને રાજકીય દબાણો
2. કાયદાકીય વાતાવરણ
3. અગ્રિમ ક્ષેત્રો તરફ નિર્દેશિત લક્ષ્યાંકિત ધિરાણ
4. ધિરાણનાંહેતુ સિવાય અન્ય હેતુ માટે ધિરાણનો ઉપયોગ
5. વ્યાવસાયિક નિષ્ફળતા (અયોગ્ય સંચલાન,ખોટી ટેક્નોલૉજી,ઉત્પાદનમાં અપ્રચલિતતા,મજૂરો સાથે તાણ,કાચા માલ સામાનની તંગીનાં લીધે ઉત્પાદન અને વેચાણમાં વિલંબિતા. વગેરે વ્યાવસાયિક નિષ્ફળતા માટે જવાબદાર છે.)
6. બાહય કારણો જેવા કે ઔધોગિક મંદી, કુદરતી આફતો, સરકારી નીતિઓમાં ફેરફાર અને માંદગી વગેરે.
7. અપૂરતી જોખમ વયવસ્થાપન પદ્ધતિઓ
8. નાણાં લેનારની નૈતિક અધોગતિ

છેલ્લા પાંચ વર્ષમાં NPA માં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. જે બેંક અને નાણાકીય સંસ્થાઓ માટે ચિંતાનો વિષય છે. છેલ્લા થોડાં વર્ષમાં ગ્રોસ NPA જે 2008 માં 2.3 % હતી જે 2017 માં વધીને 9.3% થઇ હતી. ભારતીય રિઝર્વ બેન્કનાં રિપોર્ટ પ્રમાણે ભારતમાં 2020 માં ગ્રોસ NPAવધીને 9.9% થવાની શકયતા છે. જેનાં મુખ્ય કારણોમાં દેશની અર્થવ્યવસ્થામાં થઈ રહેલું પરીવર્તન,ધિરાણની વૃધ્ધિમાં ઘટાડો ,લોનધિરાણમાં છેતરપીંડીનો વધારો વગેરેનો સમાવેશ થાય છે. વૃધ્ધિદર માટે પણ NPA જવાબદાર છે. NPAનો આ જથ્થો ભૂતકાળનાં બાકી લેણા અને તાજા લેણાનાં એકત્રીકરણ સમસ્યાને પ્રતિબિંબિત કરે છે.

NPA નાં નાણાંને વસૂલ કરવા માટે લોક અદાલતો,દેવું વસૂલાત પંચ,સમાધાન યોજના કંપનીઓનું પુનઃ ગઠન ,રાષ્ટ્રીય કંપની કાયદાપંચ ,સિવિલ કોર્ટ,ધિરાણ માહિતી બ્યૂરો વગેરેની સ્થાપના કરવામાં આવી છે. આ કાયદાકીય પગલા ઉપરાંત પુનઃ પ્રાપ્તિ શિબિરો,માંદા એકમોનું પુનર્વસન,લોન સમાધાન,ચેતવણી પ્રણાલી,કસૂર કરનારની યાદી વગેરે દ્વારાNPA ને સતત ઓછા કરવાના પ્રયાસ થાય છે.

- નોન બેન્કિંગ સંસ્થાઓ :

નોન બેન્કિંગ સંસ્થાઓ એવી કંપનીઓને સંદર્ભિત કરે છે જે નાણાકીય સેવાઓ પ્રદાન કરે છે. પરતું બેન્કિંગ લાઈસન્સ ધરાવતી નથી. આ સંસ્થાઓ થાપણો સ્વીકારી શક્તી નથી.વીમા કંપનીઓ,દલાલ કંપનીઓ( બ્રોકરેજ કંપનીઓ) અને સૂક્ષ્મધિરાણ (નાની રકમની લોન ) આપતીકંપનીઓ નોન-બેંકિંગ સંસ્થાઓ છે. બજાજ ફાઈનાન્સ,મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઈનાન્સિયલ સર્વિર્સ લિમિટેડ,મુથુટ ફાઈનાન્સ લિમિટેડ ઈન્ડિયન રેલવે ફાઈનાન્સ, વગેરે નોન-બેન્કિંગ સંસ્થાઓના દાખલા છે.

- **મુખ્ય કાર્યો : નોન-બેંકિંગ સંસ્થાઓ નીચેના કાર્ય માટે ધિરાણ પુરું પાડે છે.**

1. ભાડે ખરીદી સેવાઓ : ભાડે ખરીદી સેવા એ એક એવો માર્ગ છે જેના દ્વારાવેચનાર માલનું માલિકીપણું હસ્તાંતરિત કર્યા વગર ખરીદનારને માલ પહોંચાડે છે. માલની ચુકવણી હપ્તામાં કરવામાં આવે છે. એકવાર ખરીદનાર માલના તમામ હપ્તા ચૂકવે પછી માલની માલિકી ખરીદનાર વ્યક્તિને સોપવામાં આવે છે. નોન -બેંકિંગ સંસ્થાઓ ભાડે ખરીદની સેવા પૂરી પાડે છે.
2. છૂટક ધિરાણ : નોન-બેંકિંગ કંપનીઓ જે તે કંપનીના શેર,સોના, મિલકત વગેરેની સામે લોન આપીને ટૂંકા ગાળાના ભંડોળ પ્રદાન કરે છે.
3. આધાર રૂપ વ્યવસ્થા માટે ધિરાણ : આ એક એવો વિસ્તાર છે કે જે દેશના વિકાસ માટે પાયાની સેવાઓ પૂરી પડે છે. વિવિધ આધારરૂપ વ્યવસ્થાઓ જેમ કે જમીન-જાગીર, રેલવે,મેટ્રોઝ ,બંદરો , ફ્લાઈ ઓવર,હવાઈ મથકો વગેરેના નિર્માણ માટે પણ ધિરાણ પૂરું પાડે છે.
4. મિલકત સંચાલનની સેવાઓ : [Assets Manement Co.]આ કંપનીઓમાં ફંડ મેનેજર્સ હોય છે જે નાના રોકાણકારો દવારા પૂરા પાડવામાં આવતા ભંડોળનું રોકાણ કરે છે અને સક્રિયપણે તેનું સંચાલન કરીને મિલકત માં વધારો કરે છે.
5. ભાડા પટ્ટાઓની સેવાઓ : નોન-બેંકિંગ કંપનીઓ મોટી કંપનીઓ તેમજ નાના ઉધોગકારોને ભાડાપટ્ટાના કરાર માટે પણ ધિરાણ પૂરું પડે છે.
6. સાહસિકમૂડી ધિરાણ સેવાઓ :જે કંપની નાના ઉધોગોમાં રોકાણ કરે છે અથવા તો જે કંપનીઓ નવા ધંધાની શરૂઆત કરી રહી છે અને ધંધામાં વૃધ્ધિ અને સફળતાનો દર ઊંચો રહેવાની તકો વધુ છે એવી કંપનીઓને પણ નોન-બેન્કિંગ સંસ્થાઓ નાણાં ધિરાણ પૂરું પાડે છે.

   આ ઉપરાંત કાર્યશીલ મૂડી માટે પણ નોન-બેન્કિંગ સંસ્થાઓ વિવિધ કંપનીઓ અને વેપારીઓને લોન પૂરી પડે છે.

- **નોન-બેન્કિંગ સંસ્થાઓનાં વિવિધ પ્રકારો :**

નોન-બેંકીગ નાણાકીય સંસ્થાઓ એવી કંપની છે જે કંપની કાયદા 1956 અથવા 2013 હેઠળ નોંધાયેલી હોય છે. આ કંપનીના કાર્યોનું સંચાલન [Ministry of Corporate Affairs ] કંપની બાબતોનાં મંત્રાલય અને ભારતીય રિઝર્વ બેંક બંને દ્વારા કરવામાં આવે છે.

§ અમુક નોન-બેન્કિંગ સંસ્થાઓ એવી છે કે જે નાણાકીય પ્રવૃતિઓનાં વ્યવસાય સાથે જોડાયેલી હોય છે. પરંતુ તેમને ભારતીય રિઝર્વ બેંક સાથે નોંધણી કરવાની જરૂર નથી. આ એકમોનું નિયમન અન્ય નાણાકીય ક્ષેત્રનાં નિયમનકારો દ્વારા થાય છે. આવી સંસ્થાની યાદી નીચે પ્રમાણે છે.

| સંસ્થાઓનાંપ્રકાર | નિયમનકાર |
|---|---|
| 1. વીમા કંપનીઓ | : વીમા નિયમનકારી અને વિકાસસતામંડળ |
| 2. આવાસ નાણાં કંપની | : રાષ્ટ્રીય આવાસ બેંક હાઉસીંગ ફાઈનાન્સ કંપની |
| 3. શેર દલાલ કંપનીઓ | : ભારતીય સુરક્ષા વિનિમય મંડળ |

4. વેપારી બેન્કિંગ કંપનીઓ : ભારતીય સુરક્ષા વિનિમય મંડળ
5. મ્યુચ્યુઅલફંડ : ભારતીય સુરક્ષા વિનિમય મંડળ
6. સાહસીક મૂડી ધિરાણ કંપનીઓ : ભારતીય સુરક્ષા વિનિમય મંડળ
7. સામૂહિક રોકાણ યોજના ધરાવતી કંપનીઓ :ભારતીય સુરક્ષા વિનિમય મંડળ
8. ચિટફંડ કંપનીઓ : સંબધિત રાજ્ય સરકાર
9. નિધિ કંપનીઓ : કંપની વેપાર મંત્રાલય

- નોન બેન્કિંગ કંપનીઓનું તેમનાં કાર્યો અને થાપણોનાં આધારે પણ વર્ગીકરણ કરવામાં આવે છે. થાપણોને આધારે તેને થાપણ સ્વીકારતી નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપની અને થાપણ ન સ્વીકારતી નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપની તરીકે વર્ગીકૃત કરાય છે.

- **બેંકિંગ અને નોન બેંકિંગ સંસ્થાઓ વચ્ચે નો મુખ્ય તફાવત:**

1. અર્થ : બેંક સરકાર માન્ય નાણાકીય મધ્યસ્થી સંસ્થા છે. જેનો હેતુ ગ્રાહકોને બેન્કિંગ સેવા પ્રદાન કરવાનો છે. નોન બેન્કિંગ કંપનીઓ પાસે લાઈસન્સ હોતું નથી. પરતું તે લોકોને અમુક પ્રકારની બેન્કિંગ સેવા પ્રદાન કરે છે.
2. નોંધણી : બેંકની નોંધણી બેન્કિંગ કાયદા,1947 હેઠળ થયેલી છે, જ્યારે નોન બેન્કિંગ સંસ્થાઓ કંપનીના અધિનિયમ 1956 હેઠળ નોંધાયેલી હોય છે.
3. લાઈસન્સ : બેન્કિંગ કંપનીઓએ ભારતીય રિઝર્વે બેંક પાસેથી લાઈસન્સ મેળવવું આવશ્યક છે. નોન બેન્કિંગકંપનીઓને આ પ્રકારના કોઈ લાઈસન્સની જરૂર નથી.
4. થાપણો : બેંક થાપણો સ્વીકારે છે અને ધિરાણ પણ કરે છે. બેંક વર્તમાન અને બચત ખાતા પણ ખોલી શકે છે. નોન બેન્કિંગ સંસ્થા વર્તમાન અને બચતખાતું ખોલી શકતી નથી.
5. રોકડ અનામત ગુણોત્તર અને પ્રવાહિતા ગુણોત્તર : કેન્દ્રિય બેંકે તમામ બેંકો માટે નિયત રોકડ અનામત ગુણોત્તર અને પ્રવાહિતા ગુણોત્તર જાળવાનું ફરજિયાત બનાવ્યું છે . નોન બેંકિંગ કંપનીએ નિયત રોકડ અનામત ગુણોત્તર રાખવાની જરૂર નથી પરતું જો આ બેંકો થાપણ લેતી હોય તો નોન બેંકિંગ કંપનીઓએ પ્રવાહિત ગુણોત્તર જાળવવો પડે છે.
6. પ્રાધાન્ય ક્ષેત્ર માટે ધિરાણ : તમામ બેંકો માટે કુલ 40% ધિરાણ પ્રાધાન્ય ક્ષેત્ર માટે આપવા ફરજીયાત છે અને વિદેશી બેંકો માટે આ પ્રમાણ કુલ ધિરાણનાં 32% છે ,પરતું નોન બેંકિંગ કંપનીઓ આવા કોઈપણ નિયમ સાથે બંધાયેલા નથી .

- **નોન બેંકિંગ સંસ્થાનો ઈતિહાસ :**

1960 નાં દાયકામાં રોકાણકારો અને બચતકારોની આર્થિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને એક નવી નાણાકીય વૈકલ્પિક સંસ્થા તરીકે નોન-બેન્કિંગ સંસ્થાનો જન્મ થયો. આ દાયકામાં નોન-બેન્કિંગ સંસ્થાઓએ રોકણકારો પાસેથી બાંધી મુદતની થાપણને આમંત્રણ આપ્યું. અને મોટી ઔદ્યોગિક કંપનીઓ માટે ભાડાપટ્ટાનાં સોદા પર કામ કરવાનું શરુ કર્યું .શરૂઆતમાં તેઓ મર્યાદિત ધોરણે કાર્યરત હતી.જેના લીધે ભારતીય નાણાકીય વ્યવસ્થા પર ખાસ અસર કરી શકી નહિ. શરૂઆતમાં નોન-બેન્કિંગ સંસ્થાનું નિયમન કંપની કાયદા દ્વારા કરવામાં આવતું હતું.આ સમય દરમિયાન નોન-બેન્કિંગ સંસ્થાઓ નાણાકીય મધ્યસ્થી બનીને કાર્ય કરવા લાગી જેને લીધે સમગ્ર પ્રકિયામાં જટિલતાનો વધારો થયો. ત્યારબાદ પ્રકરણ-3બી ને ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ ,1934 માં સામેલ કરવામાં આવ્યું અને ત્યારથી રિઝર્વ બેંકે નોન-બેન્કિંગ સંસ્થાઓ પણ નિયંત્રિત કરવાનાં પગલા શરૂ કર્યા.ત્યારબાદ રિઝર્વ બેંક દ્વારા 1975 માં જેમ્સ એસ રાજની અધ્યક્ષતા હેઠળ બનેલસમિતિની મુખ્ય ભલામણો પ્રમાણે નોન-બેન્કિંગ સંસ્થાઓ કે જે ભાડેથી ખરીદી અને ભાડા પટ્ટાની સેવાઓ પૂરી પાડતી હતી. તેમને કંપનીના ચોખ્ખા માલિકી ભંડોળની મર્યાદા પ્રમાણે થાપણો સ્વીકારવાની મંજુરી

આપવામાં આવી. આવી કંપનીઓએ સરકારી જામીનગીરીનાં રૂપમાં પ્રવાહિતા પણ જાળવવી જરૂરી હતી. 1980 થી 1990 નાં દાયકામાં નોન-બેન્કિંગ સંસ્થાઓ ગ્રાહકો સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર દાખવ્યો તેથી ઘણા બધા રોકાણકારો તેનાં પ્રત્યે આકર્ષાયા .1981 માં માત્ર 7000 નોન-બેન્કિંગ સંસ્થાઓ હતી. જે 1992 માં વધીને 30000 ની આસપાસ પહોંચી ગઈ,જેના લીધે ભારતીય રિઝર્વ બેંક દ્વારા આ ક્ષેત્રમાં વધુ નિયમન માટે જરૂરી સૂચનો ઘડવા એક સમિતિની રચના કરવામાં આવી. બેંક ઓફ બરોડાનાં પૂર્વ અધ્યક્ષ શ્રી.એ.સી.શાહની અધ્યક્ષતામાં એક સમિતિની રચના થઈ જેણે નોન-બેન્કિંગ સંસ્થાની નોંધણીથી લઈને તેનાં ધારાધોરણો અંગે ઘણા મંતવ્યો અને સૂચનો કર્યા .1997માં રિઝર્વ બેંક અધિનિયમ ,1934માં [પ્રકરણ III (૩) B અને C ] પ્રકરણ 3 બી અને સી તથા વી માં ઘણાં એવા વ્યવસ્થિત માળખાની રચના થઈ કે જેના લીધે નોન-બેન્કિંગ સંસ્થાઓની કામગીરી સરળ બની અને જનહિતનાં રક્ષણને પણ તેમાં આવરી લેવામાં આવ્યુ.આ સુધારા પછી નોન બેન્કિંગ સંસ્થાની પ્રગતિમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે.

નોન બેન્કિંગ સંસ્થાનો દેશનાં આર્થિક વિકાસમાં બહુ મોટો ફાળો છે. તે દેશની બચતને રોકાણમાં પરિવર્તિત  કરે છે. તે કંપનીઓની મૂડીમાં વધારો કરવા માટે પણ સહાય કરે છે. તેના દ્વારા લાંબા ગાળાની અને વિશેષીત ધીરાણ માટેની જોગવાઈ શક્ય બને છે. આ ઉપરાંત નાણાકીય બજારોના વિકાસ માટે અને વિદેશી અનુદાનને આકર્ષવામાં પણ નોન બેન્કિગ સંસ્થાઓ મહત્વનો ભાગ ભજવે છે.

## - રિઝર્વ બેંક સાથે નોંધાયેલી નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓનાં પ્રકારો

નોન બેન્કિગ કંપનીઓને થાપણ સ્વીકારવીઅને બિન -થાપણ કંપનીઓ એમ તેમની જવાબદારી પ્રમાણે, તેમનાં કદ પ્રમાણે અને કાર્ય પ્રમાણે વગીકૃત કરવામાં આવે છે, આ વ્યાપક -વગીકરણમાં વિવિધ પ્રકારનાં એનબીએફસી [NBFC] નીચે પ્રમાણે છે.

1. [મિલકત નાણા ધિરાણ કંપની ] એસેટ ફાઈનાન્સ કંપની : આ એવી કંપનીઓ છે. જે તેના મુખ્ય વ્યવસાય તરીકે ઓટોમોબાઈલ ,ટ્રેકટર,કાષ્ટ્ર મશીનો,જનરેટર જેવા ઉત્પાદક અને આર્થિક પ્રવૃતિઓને ટેકો આપતા સાધનો માટે ધિરાણની સેવા પૂરી પડે છે.
2. રોકાણ કંપની : આ કંપનીઓ એવી નાણાકીય સંસ્થાઓ છે કે જે સિકયોરિટીનાં સંપાદનનાં ધંધા સાથે સંકળાયેલી હોય છે.
3. લોન કંપની : આ કંપનીઓ એવી આર્થિક સંસ્થા છે કે જે તેનાં મુખ્ય વ્યવસાય તરીકે નાણા પૂંરા પાડતી હોય છે. પરંતુ તેનો એસેટ ફાઈનાન્સ કંપનીમાં સમાવેશ થતો નથી.
4. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપની : આ કંપનીઓ કુલ સંપતિના 75 ટકા જેટલી સંપતીનો

ઈન્ફ્રાસ્ટ્રક્ચર લોનમાં ઉપયોગ કરે છે. આ કંપનીઓ પાસે ઓછામાં ઓછું  300 કરોડ જેટલું

ભંડોળ હોય છે. તેમનો લઘુતમ ધિરાણ આંક A અથવા તેનાં સમકક્ષ હોય છે.

5. પધ્ધતિસર  અગત્યના રોકાણ કરતી કંપનીઓ :આ કંપનીઓ શેર અને સિકયોરિટીઝનાં રોકાણમાં આગળ પડતી હોય છે અને તે શેર અને સિકયોરિટીઝનાં સંપાદનનાં વ્યવ્સાય ને આગળ ધપાવે છે.
6. ગીરો ગેરેટી કંપનીઓ : આ કંપનીઓ એવી નાણાકીય સંસ્થાઓ છે.જેમનું ઓછામાં ઓછું 90% વેચાણ ગીરો વ્યવહારનાં લીધે થાય છે. અથવા તેમની 90% કમાણી ગીરોનાં વ્યવહાર થી થાય છે. જેમનું ચોખ્ખી માલિકી ભંડોળ 100 કરોડ હોય છે.

## - ભારતની વિવિધ નોન-બેન્કિંગ સંસ્થાઓનાં નામ :

1. પાવર ફાઈનાન્સ કોર્પોરેશન :પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લિમીટેડ દેશનાં વિવિધ પાવર પ્રોજેક્ટને આર્થિક સહાય પૂરી પાડવા માટે જાણીતું છે. તે પાવર ઉત્પાદન ,પરિવહન અને વિતરણ સાથે સંકળાયેલા સંગઠનોને સમર્થન આપે છે.

2. સાંઈરામ ટ્રાન્સપોટ ફાઈનાન્સ કંપની લિમીટેડ: આ કંપની વાણિજક અને વ્યવસાયિક સેવા માટે વાહનોનાં ભંડોળ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
3. બજાજ ફાઈનાન્સ લિમીટેડ :આ કંપની હોમ લોન ,સોના સામે ધિરાણ,અભ્યાસલોન, વ્યક્તિગતલોન,ઉધોગસાહસિક લોન આપે છે. આ સિવાય કંપની સંપતિ/મિલકત સંચાલન ,સામાન્ય વીમો જેવી પણ સેવા પૂરી પાડે છે.
4. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઈનાન્સિયલ સર્વિસ લિમીટેડ : આ ખુબ જ પ્રચલિત થયેલી સંસ્થા છે જે વીમા સેવા અને ગ્રામીણ આવાસ નાણાકીય સેવાઓ પ્રદાન કરે છે.આ ઉપરાંત કંપની સોના સામે ધિરાણ, હોમ ધિરાણ,કાર્યશીલ મૂડી માટે ધિરાણ વગેરે સેવાઓ પૂરી પડે છે.

આ ઉપરાંત ટાટા કેપીટલ ફાઈનાન્સ લીમીટેડ ,L&T ફાઈનાન્સ લીમીટેડ,આદિત્ય બિરલા ફાઈનાન્સ લીમીટેડ વગેરે કંપનીઓ ભારતની ટોચની નોન-ધિરાણ બેંન્કિગ કંપનીઓ છે જે દેશનાં વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.

**સ્વાધ્યાય**

**(1) નીચેનાં પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો.**

1. ભારતમાં નાણાકીય સંસ્થાઓની ભૂમિકા સમજાવો.
2. ભારતમાં રિઝર્વ બેંક અને તેનાં મુખ્ય કાર્ય વિશે માહિતી આપો .
3. વાણિજય બેંક અને તેના મુખ્ય કાર્ય વિશે જણાવો.
4. સહકારી બેંક અને તેના મુખ્ય કાર્ય વિશે જણાવો.
5. ભારતમાં બેન્કિગનો ઈતિહાસ વિગતવાર સમજાવો.
6. મૂડી પર્યાપ્તતાનું બેંકીગમાં મહત્વ સમજાવો.
7. બેન્કિંગમાં NPA નાં મહત્વનાં કારણો સમજાવો.
8. નોન-બેન્કિંગ સંસ્થાનો ઈતિહાસ અને વિકાસ જણાવો.

**(2) ટૂંકનોંધ લખો.**

1. વાણિજય બેંક અને તેના કાર્યો
2. પ્રાદેશિક ગ્રામીણ બેંક અને તેના કાર્યો
3 આધુનીક બેન્કિંગ પ્રણાલી
4 મૂડી પર્યાપ્તતા.
5 નોન-બેન્કિંગ સંસ્થાઓનાં પ્રકાર.
6 બેન્કમાં NPA નુ સંચાલન

**(3) તફાવત લખો.**

1. બેન્કિંગ અને નોન બેન્કિંગ સંસ્થાઓ

2.જાહેર ક્ષેત્રની બેંક અને ખાનગી બેંકો

૩.વાણિજય બેંકો અને સહકારી બેંકો

4. શિડ્યુઅલ અને નોન- શિડ્યુઅલ બેંકો

**(3) ખાલી જગ્યા પૂરો .**

1. બેન્ક એક ______________ સંસ્થા છે.
2. શિડયુઅલ બેંક ______________ ગુણોત્તર જાળવવો પડે છે.
3. વાણીજય બેંકને _____________ બેંક પણ કહેવાય છે.

4. અર્થતંત્રનાં સારા વિકાસ માટે ભારત સરકારે ઈ.સ.________ માં ભારતીય રિઝર્વ બેંકને રાષ્ટ્રીયકૃત કરી.

5. વાણિજય બેંકો ____________ નો સ્વીકાર કરે છે.

**જવાબ :** 1 .નાણાકીય

2. રોકડ અનામત ગુણોત્તર

3. વેપારી

4. ઈ.સ.1949

5. થાપણો

**(5) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો**

1. ભારતીય રિઝર્વ બેંક દેશની મધ્યસ્થ બેંક છે.
2. વાણિજય બેંકો થાપણોનો સ્વીકાર કરે છે.
3. મૂડી પર્યાપ્તતા ગુણોત્તરથી મૂડી અને સંપતિનો ઉપયોગ કરીને બેંકની આર્થિક સ્થિતિ જાણી શકાય છે.
4. જૂન.2014 માં દ્વિતીય બેસલ માડેલની રચના કરવામાં આવી
5. સાહસિક મૂડી ધિરાણ કંપનીઓનું નિયમન ભારતીય સુરક્ષા વિનિમય મંડળ દ્વારા થાય છે.
6. વાણિજય બેંકો ગ્રાહકોને એંજન્સી સેવા આપતી નથી

ખરા વિધાનો : 1,2,3,5

ખોટા વિધાનો :4,6

**(6) નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો**

1. _______ દેશની મધ્યસ્થ બેંક છે.

a) RBI - રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા b) BOB - બેંક ઓફ બરોડા

c) સીટી બેંક d) ICICI બેંક

2. ______ નો મૂળ હેતુ સમાજનાં આર્થિક રીતે નબળા અને ગરીબ વર્ગને સરળતાથી ધિરાણ પૂરૂં પાડવાનો છે.

a) ખાનગી ક્ષેત્રની બેંકો b) પ્રાદેશિક ક્ષેત્રની બેંકો

c) વિદેશી બેંકો d) સહકારી બેંકો

3. કઈ સંસ્થા વીમા કંપનીઓ માટે નિયમનકાર સંસ્થા ગણાય છે?

a) રાષ્ટ્રીય આવાસન બેંક b) વીમા નિયમનકારી અને વિકાસસત્તા મંડળ

c) કંપની વેપાર મંત્રાલય d) ભારતીય સુરક્ષા વિનિમય મંડળ

4. ______સંસ્થાઓ નાણાંકીય સેવાઓ પ્રદાન કરે છે, પરંતુ બેન્કિંગ લાઈસન્સ ધરાવતી નથી.

a) નોન-બેન્કિંગ સંસ્થાઓ b) જાહેર ક્ષેત્રની બેંકો

c) વિદેશી બેંકો d) સહકારી બેંકો

5. ભારતમાં બેંકોનાં વિકાસના ત્રીજા તબક્કાને _______ તબક્કો પણ કહેવામાં આવે છે.

a) મૂડીકરણ b) ઉદારીકરણ

c) વિકાસનો d) ટેકનોલોજીકરણ

જવાબ- 1 - a 3 - b 5 - b

2 - b 4 - a

# એકમ : 14 રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)

## : રૂપરેખા :

**14.1** પ્રસ્તાવના

**14.2** ઈતિહાસ

**14.3** ઉદ્દેશો

**14.4** રિઝર્વ બેંકનું સંગઠન

**14.5** સહાયક કંપનીઓ

**14.6** RBIનાં મુખ્ય કાર્યો

**14.7** RBIની સત્તા બહારના કાર્યો

**14.8** પારિભાષિક શબ્દો

**14.9** યાદ રાખવાના મુદ્દા

● સ્વાધ્યાય

## 14.1 પ્રસ્તાવના

દરેક દેશમાં કિંમતોની સ્થિરતા, બેંકિંગ ઉદ્યોગના સમતોલ વિકાસ સાધવા તથા નાણા બજારનું સંચાલન કરવા માટે મધ્યસ્થ બેંકની સ્થાપના કરવામાં આવે છે. મધ્યસ્થ બેંક જુદા-જુદા દેશોમાં જુદા-જુદા નામથી ઓળખાય છે. ભારતમાં **રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા**, અમેરિકામાં **ફેડરલ રિઝર્વ સિસ્ટમ**, ઈંગ્લેન્ડમાં **બેંક ઓફ ઈંગ્લેન્ડ** અને જાપાનમાં **બેંક ઓફ જાપાન**ના નામથી ઓળખાય છે.

અર્થશાસ્ત્રી ડી. કોકના મત મુજબ - **મધ્યસ્થ બેંક દેશના નાણાકીય તથા બેંકિંગ માળખાનું શિખર છે અને દેશના આર્થિક હિતને અનુલક્ષીને કાર્ય કરે છે.**

**મધ્યસ્થ બેંક બેંકોની બેંક છે.** - Samueuon

**જે બેંકની નાણાને લઈને ઈજારાશાહી છે.** - Vera Smith

**મધ્યસ્થ બેંક એ સરકારની બેંક છે.** - Saylrs

## 14.2 RBIનો ઈતિહાસ

⇨ RBIની સ્થાપના **Hilton Yong Commission**ની સલાહથી કરવામાં આવી.

⇨ તેની શરૂઆત 5 કરોડ શૅરમૂડીથી શૅરહોલ્ડર બેંક તરીકે થઈ.

⇨ RBIની સ્થાપના 1934માં ભારતીય રિઝર્વ બેંક ધારા 1934 મુજબ કરવામાં આવી હતી.

⇨ RBIએ 1 એપ્રિલ, 1935થી કાર્ય કરવાનું શરૂ કર્યું હતું.

⇨ શરૂઆતમાં તેનું વડું મથક કલકત્તામાં હતુ. 1937માં તેને મુંબઈમાં ખસેડવામાં આવ્યું.

⇨ તે મૂળ રીતે ખાનગી માલિકીની હતી. 1949માં તેનું રાષ્ટ્રીકરણ કરવામાં આવ્યું. તે ભારતની સર્વપ્રથમ બેંક હતી જેનું રાષ્ટ્રીયકરણ થયું.

⇨ RBIના પ્રથમ ગર્વનર Sir Osborne A. Smith (1st એપ્રિલ 1935 થી 30th જૂન 1937) હતા.

⇨ RBIના પ્રથમ ભારતીય ગર્વનર Sir Chintaman D. Deshmuk (11th ઓગસ્ટ 1943 થી 30th જૂન 1949) હતા.

⇨ 27 જૂન 2006ના રોજ ભારત સરકારે 13 સભ્યો સાથે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટરની રચના કરી જેમાં અઝીમ પ્રેમજી અને કુમાર મંગલમ્નો સમાવેશ કરવામાં આવ્યો.

⇨ RBIના વર્તમાન ગર્વનર શક્તિકાંતા દાસ છે.

## 14.3 રિઝર્વ બેંકના ઉદ્દેશો

RBI અધિનિયમનની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે, "નાણાકીય સ્થિરતાને સુરક્ષિત કરવાના દ્રષ્ટિકોણથી બેંકની નોંધો અને અનામતની જાળવણીના મુદ્દાને નિયંત્રિત કરી, દેશની ચલણ તથા ક્રેડિટ સિસ્ટમ ચલાવવા માટે ભારતમાં રિઝર્વ બેંકની રચના કરવી હિતાવહ છે."

ઉપરની પ્રસ્તાવના પરથી મુખ્યત્વે બે હેતુઓ નીચે મુજબ છે.

i) દેશની અંદર નાણાકીય સ્થિરતાને સુરક્ષિત કરવા માટે

ii) દેશના લાભ માટે યોગ્ય રીતે ચલણ તથા ક્રેડિટ સિસ્ટમ ચલાવવા માટે.

## 14.4 રિઝર્વ બેંકનું સંગઠન (વ્યવસ્થાતંત્ર)


RBI ની કાર્યકારીને નીચે મુજબ આકૃતિની મદદથી વર્ણવી શકાય.

ગર્વનર
↓
ડેપ્યુટી ગર્વનર
↓
એક્ઝિક્યુટિવ ડિરેક્ટર
↓
પ્રિન્સિપલ ચીફ જનરલ મેનેજર
↓
જનરલ મેનેજર
↓
ડેપ્યુટી જનરલ મેનેજર
↓
આસિસ્ટન્ટ જનરલ મેનેજર
↓
મેનેજર
↓
આસિસ્ટન્ટ મેનેજર
↓
સપોર્ટસ્ટાફ

↳ RBIનું સંચાલન સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર અને ચાર સ્થાનિક બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા કરવામાં આવે છે.

↳ સેન્ટ્રલ બોર્ડની નિમણૂક 4 વર્ષ માટે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. જેમાં ઓફિશિયલ તથા નોન-ઓફિશિયલ ડિરેક્ટરનો સમાવેશ થાય છે.

- ઓફિશિયલ ડિરેક્ટરમાં રાજ્યપાલ તથા 4થી વધુ ડેપ્યુટી ગર્વનરનો સમાવેશ થાય છે.
- નોન ઓફિશિયલ ડિરેક્ટરની કુલ સંખ્યા 15 છે જેમાં-




નો સમાવેશ થાય છે.

- RBIની કુલ 22 પ્રાદેશિક કાર્યાલય છે. જે સામાન્ય રીતે રાજ્યની રાજધાનીમાં આવેલા હોય છે.
- RBIના કુલ 6 ટ્રેનિંગ સેન્ટર છે.

a) જેમાં 3ના નામ અનુક્રમે,

- The Collage of Agricultural Banking
- The Bankers Training Collage
- The RBI Staff Collage

નો સમાવેશ થાય છે.

b) અન્યમાં

- National Institute of Bank Management
- Indira Gandhi Institute for Development Research (IGIDR)
- Institute of Development and Research in Banking Technology (IDRBT) are antonomous.

## 14.5 સહાયક કંપનીઓ

⇨ RBIના નેજા હેઠળ 3 સહાયક પેટા શાખાઓ છે. જેમાં નીચેનો સમાવેશ થાય છે.

- National Housing Bank (NHB)
- The Deposit Insurance and Credit Guarantee Corporation of India (DICGC)
- Bhartiya Reserve Bank Note Mudran Private Bank (BRBNMPL)

⇨ RBIએ NABARD તથા NHBનો મોટો હિસ્સો રાખેલ છે.

⇨ NHBની સ્થાપના જુલાઈ 1988માં લોકસભાના વિશિષ્ટ ખરડાથી કરવામાં આવી છે. NHB આવાસ ક્ષેત્રને લગતા સ્થાનિક અને પ્રાદેશિક સ્તરે હાઉસિંગ ફાયનાન્સ સંસ્થાઓને પ્રોત્સાહન આપે છે.

⇨ DICGC RBIના નેજા હેઠળ ડિપોઝિટ તથા ક્રેડિટ ગેરંટીનું કાર્ય જણાવે છે.

## 14.6 મધ્યસ્થ બેંકના મુખ્ય કાર્યો

RBIના કાર્યો

1) ચલણી નોટો બહાર પાડવાનું કાર્ય
2) સરકારની બેંક તરીકે
3) બેંકોની બેંક તરીકે
4) શાખ નિયમનનું કાર્ય
5) વિદેશી હૂંડિયામણના દરની સ્થિરતા
6) અન્ય કાર્ય

**1) ચલણી નોટો બહાર પાડવાનું કાર્ય :**

દરેક દેશમાં કાયદેસરનું નાણું બહાર પાડવાનો અધિકાર માત્ર મધ્યસ્થ બેંકને હોય છે. વેપારી બેંકો કે અન્ય કોઈ સંસ્થા ચલણી નોટો બહાર પાડી શકતી નથી. ભારતમાં 1 રૂપિયાની નોટ કેન્દ્ર સરકાર બહાર પાડે છે. તે સિવાયની તમામ ચલણી નોટો RBI બહાર પાડે છે. કાગદી નાણાની સામે કાનૂની રીતે અમુક સોનુ સરકારી જામીનગીરીઓ અને વિદેશી હૂંડિયામણ વગેરે અનામત તરીકે રાખવામાં આવે છે. ચલણ વ્યવસ્થામાં ચલણી નોટોના ઉત્પાદનમાં આત્મનિર્ભરતાની ક્ષમતા પ્રાપ્ત કરવાના પ્રયત્નો સામેલ થાય છે. નોટ ઈશ્યુ અને ચલણ વ્યવસ્થાપનની કામગીરી 18 પ્રાદેશિક ઈશ્યુ કચેરીઓ દ્વારા છૂટા કરવામાં આવે છે. સમગ્ર દેશમાં કરન્સી ચેસ્ટનું તમામ નેટવર્ક પેટા કચેરીઓ, બેંકો અને સરકારી તિજોરીઓ દ્વારા જાળવવામાં આવે છે. ચલણી નોટો ચાર પ્રેસમાં છાપવામાં આવે છે જે કરન્સી નોટ પ્રેસ નાસિક અને બેંક નોટ પ્રેસ દેવાસ કેન્દ્ર સરકારની માલિકીની છે. જ્યારે મૈસુર અને સાલવોની પ્રેસની માલિકી ભારતીય રિઝર્વ બેંક નોટ મુદ્રન લિમિટેડની છે જેની માલિકી RBIની છે. RBI દ્વારા ભોપાલ તથા ચંદીગઢમાં ચલણી નોટોની ચકાસણી તથા બહાર ન પાડેલી ચલણી નોટોને યોગ્ય રીતે નાશ કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. RBIએ મુંબઈમાં ડિસપ્લે અને આર્કાઈવલ સાથે ચલણ સંગ્રહાલય સ્થાપવાની દરખાસ્ત કરી છે. જેમાં ચલણી નાણાના ઈતિહાસ અંગે માહિતી આપવામાં આવશે.

**2) સરકારી બેંક તરીકેનું કાર્ય :**

દેશની મધ્યસ્થ બેંક સરકારી ભંડોળની વ્યવસ્થા તથા સરકારના અન્ય નાણાકીય સોદાઓની વ્યવસ્થા કરે છે. તેમજ સરકારી ખાતાઓ અને જાહેર સાહસોનું બેંકિંગને લગતું કામકાજ તે કરે છે. જેમ વેપારી બેંક પોતાના ગ્રાહકોને બેંક તરીકે સેવાઓ આપે છે તે જ રીતે મધ્યસ્થ બેંક કેન્દ્ર સરકારને બેંકર તરીકેની સેવાઓ આપે છે. જેવી કે -

⌖ સરકારી ભંડોળ મધ્યસ્થ બેંકમાં જમા રખાય છે.

- સરકારના ખર્ચની ચૂકવણી મધ્યસ્થ બેંક દ્વારા થાય છે.
- સરકાર તરફથી લોન આપી તે ઉઘરાવવાનો વહીવટ કરે છે.
- સરકારના વિદેશ ઋણનો વહીવટ કરે છે.
- સરકારના તમામ આંતરરાષ્ટ્રીય લેણાં-દેણાંની વ્યવસ્થા કરવાનું કાર્ય મધ્યસ્થ બેંક કરે છે.
- સરકારના નાણાકીય સલાહકાર તરીકે કામ કરે છે.

**3) બેંકોની બેંક તરીકેનું કાર્ય :**

મધ્યસ્થ બેંકને બેંકોની બેંક તરીકે ઓળખવામાં આવે છે. બેંકોને મધ્યસ્થ બેંક નીચે મુજબની સેવા આપે છે.

- વેપારી બેંકોએ પોતાની થાપણોના અમુક ટકા રકમ મધ્યસ્થ બેંકમાં જમા રાખવાની હોય છે. શાખ નિયમન તેમજ ગ્રાહકોના હિતની સાચવણી માટે આ એક અગત્યની જોગવાઈ છે. આમ, મધ્યસ્થ બેંક બેંકોની અનામતોના રક્ષક તરીકે કાર્ય કરે છે.
- વેપારી બેંકો જ્યારે કટોકટીમાં હોય ત્યારે મધ્યસ્થ બેંક અંતિમ સહાયક તરીકે કામ કરે છે.
- કોઈ આકસ્મિક કારણોસર બેંકના થાપણદારોમાં બેંક વિશે અવિશ્વાસ ઊભો થાય ત્યારે થાપણદારો પોતાની થાપણો રોકડમાં રૂપાંતર કરવાની માંગ કરે ત્યારે મધ્યસ્થ બેંક વેપારી બેંકને જોઈતી સલાહ આપે છે.
- આમ મધ્યસ્થ બેંક વેપારી બેંકની સંકટ સમયની સાંકળ તરીકે કાર્ય કરે છે.

**4) વિદેશી હૂંડિયામણના દરની સ્થિરતા જાળવવાનું કાર્ય :**

દેશના નાણાનું વિદેશી નાણામાં થતું મૂલ્ય સ્થિર રાખવાનું કાર્ય મધ્યસ્થ બેંક કરે છે. જો કોઈ અન્ય દેશમાં નાણાની અછત પેદા થાય તો તેની કિંમત આપણા દેશના નાણાના સંદર્ભમાં ઊંચી જાય છે. આવા સંજોગોમાં મધ્યસ્થ બેંક દેશમાં નાણાનો પૂરવઠો વધારે છે. અને તે જ રીતે નાણાની માંગ પર અંકુશ મૂકે છે. તેમજ જો દેશના નાણાનું વિદેશી નાણા મૂલ્ય વધી જાય તો દેશમાં નાણા વધુ પ્રમાણમાં ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરે છે. આ ચલણો વચ્ચેના વિનિમય દરને હૂંડિયામણનો દર કહે છે. જેને સ્થિર રાખવાનું કાર્ય RBI કરે છે.

**5) શાખ નિયમનનું કાર્ય :**

અર્થશાસ્ત્રી બર્ગરના મતે - ‘‘શાખી નાણાના પ્રમાણનો વેપાર-ઉદ્યોગની જરૂરિયાત સાથે મેળ બેસાડવો તેને શાખ નિયંત્રણ કહે છે.’’

વેપારી બેંકો ચલણી નોટો અથવા સિક્કાઓ બહાર પાડી શકતી નથી, પરંતુ શાખનું સર્જન કરી તે દેશના કુલ નાણાના પ્રમાણમાં વધારો કરે છે. દેશના કુલ નાણાના પ્રમાણ પર અસરકારક અંકુશ રાખવાના હેતુથી મધ્યસ્થ બેંકને શાખી નાણું બેંક નાણું નિયંત્રિત કરવાની સત્તા આપવામાં આવી છે.

શાખના નિયંત્રણના મુખ્યત્ત્વે નીચેના ત્રણ ઉદ્દેશો છે.

1) વિનિમય દરની સ્થિરતા જાળવવી.

2) ભાવ સપાટીમાં સ્થિરતા જાળવવી.

3) વ્યાપાર ચક્રો અટકાવી અર્થકરણમાં આર્થિક સ્થિરતા જાળવવી.

શાખ નિયંત્રણ માટે મધ્યસ્થ બેંક જે સાધનોનો ઉપયોગ કરે છે તે સાધનોને મુખ્યત્ત્વે બે વિભાગમાં વહેંચવામાં આવે છે.

**1) પરિણાત્મક શાખ નિયંત્રણના ઉપાયો :**

શાખના પરિણામ અને તેની કિંમત પર અંકુશ મૂકવા માટે જે ઉપાયો RBI દ્વારા હાથ ધરવામાં આવે છે તેને પરિણાત્મક શાખ નિયંત્રણના ઉપાયો કહે છે. જે નીચે મુજબ છે.

a) બેંક દરની નીતિ

b) ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું ખરીદ - વેચાણ

c) અનામતના પ્રમાણમાં ફેરફાર

**2) ગુણાત્મક શાખ નિયંત્રણના ઉપાયો :**

ગુણાત્મક શાખ નિયંત્રણના ઉપયોગ દ્વારા નાણાની ફાળવણી બદલીને નાણાના વિવેકપૂર્ણ ઉપયોગ પર ધ્યાન રાખવામાં આવે છે જે નીચે મુજબ છે.

a) જે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું છે તેમને માટે જ શાખનું સર્જન કરવામાં આવે, અન્ય માટે નહિ તેને શાખની માપબંધી કહે છે.

b) વેપારી બેંકો RBIના આદેશની વિરૂદ્ધ વર્તે તો RBI તે બેંકો સામે સીધા પગલાં લે છે. જરૂર પડે તો શિક્ષણાત્મક પગલાં પણ લઈ શકે છે.

c) RBI અન્ય બેંકોને યોગ્ય માર્ગદર્શન આપી, સમજાવી પોતાની નીતિ અનુસરવા પ્રોત્સાહન આપે છે.

d) ગ્રાહકોને ક્યારે અને કેટલા પ્રમાણમાં શાખ આપવી તે મધ્યસ્થ બેંક નક્કી કરે છે.

**6) અન્ય કાર્યો :**

આ સિવાય RBIના અન્ય કાર્યોનો સમાવેશ થાય છે જે નીચે મુજબ છે.

a) દેશમાં સદ્ધર બેંકિંગ માળખાની રચના કરવી.

b) પ્રજામાં બેંકિંગ ટેવનો વધારો કરવો.

c) પ્રજાની નાની બચતો રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે ઉપયોગમાં લઈ શકાય.

d) સમગ્ર દેશમાં બેંકોનો સમતુલિત વિકાસ થાય.

RBI નીચેના કાર્યો કરતી નથી.

- કોઈપણ ઉદ્યોગ, વ્યાપાર કે ધંધાને નાણાનુ સીધું ધિરાણ કરતી નથી.
- કોઈ કંપની વતી શૅર ખરીદવાનું કે બાંયધરી આપવાનું કાર્ય કરતી નથી.
- તે કોઈપણ પ્રકારની સ્થિર મિલકત ખરીદતી નથી.
- તે શૅર કે મિલકતો પર લોન આપતી નથી.
- તે કોઈપણ પ્રકારના વ્યાજ આપતી નથી.

## 14.8 પારિભાષિક શબ્દો

**1. રોકડ અનામત ગુણોત્તર - CRR (Cash Reserve Ratio) :**

બેંકે અમુક ટકા લઘુત્તમ રોકડ જે RBI પાસે રાખવી પડે છે તે રોકડ અનામત ગુણોત્તર - CRR કહે છે.

**2. બંધારણીય પ્રવાહિતા ગુણોત્તર - SLR (Statutory Liquidity Ratio) :**

બેંકો જે લઘુત્તમ અનામત RBI મુજબ રાખવી પડે તેને SLR કહે છે.

**3. રેપો રેટ :**


બેંકમાં નાણાની અછત તથા RBI જે રેટથી બેંકોને નાણા લોન તરીકે આપે છે તે રેટને રેપો રેટ કહે છે. વર્તમાન રેપો રેટ 5.15% છે.

**4. રિવર્સ રેપો રેટ :**


જ્યારે RBI વ્યાપારી બેંકો પાસેથી ઉછીના નાણા લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહે છે. વર્તમાનમાં તે રેપો રેટ 4.90% છે.

## 14.9 યાદ રાખવાના મુદ્દા

**1.**




**2. RBIના ડિપાર્ટમેન્ટ**



**3. ટ્રેનિંગ કોલેજ**




4. પૂરા નામ

| | | | |
|---|---|---|---|
| 1) | RBI | : | Reserve Bank of India |
| 2) | CRR | : | Cash Reserve Ratio |
| 3) | SLR | : | Statutory Liquidity Ratio |
| 4) | NPA | : | Non Performing Assets |
| 5) | NHB | : | National Housing Bank |
| 6) | DICGC | : | The Deposit Insurance and Credit Gaurantee Corporation of India |
| 7) | BRBNMP | : | Bhartiya Reserve Bank Note Mudran Private Bank |

**સ્વાધ્યાય**

**વૈકલ્પિક પ્રશ્નો**

**નીચે આપેલ પ્રશ્નોના તેની નીચે આપેલ વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. RBIની સ્થાપના .................. શૅરમૂડીથી થઈ.

(અ) 10 કરોડ (બ) 5 કરોડ

(ક) 50 કરોડ (ડ) 100 કરોડ

2. RBI ................ કરી શકતી નથી.

(અ) પોતાના નામે શૅર ખરીદી

(બ) કંપનીને લોન આપવી

(ક) પોતાના નામે સ્થિર મિલકતની ખરીદી

(ડ) ઉપરના બધાં

3. ................. બેંકને બેંકોની બેંક કહે છે.

(અ) RBI (બ) SBI

(ક) IDBI (ડ) ICICI

4. .................... બેંકને મધ્યસ્થ બેંક કહે છે.

(અ) SBI (બ) RBI

(ક) IDBI (ડ) ICICI

5. RBIની સ્થાપના .................. સાલમાં થઈ.

(અ) 1934 (બ) 1940

(ક) 1949 (ડ) 1942

6. RBIનું રાષ્ટ્રીયકરણ ................ સાલમાં થયું.

(અ) 1934 (બ) 1940

(ક) 1949 (ડ) 1942

7. ભારતની પ્રથમ ............... બેંકનું રાષ્ટ્રીયકરણ થયું.

(અ) RBI (બ) SBI

(ક) BOI (ડ) IDBI

8. ............. એ RBIની સહાયક કંપની છે.

(અ) NHB (બ) NABARD

(ક) (અ) તથા (બ) (ડ) કોઈ પણ નહિ

9. દેશમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે RBIએ ...................

(અ) CRR ઘટાડવો (બ) CRR વધારવો

(ક) ખુલ્લા બજારમાં રોકાણો વેચવા (ડ) બેંક દર વધારવો જોઈએ

10. કરન્સી ચેસ્ટ ................ દ્વારા સમયાંતરે ચકાસવામાં આવે છે.

(અ) બેંકના નિમણૂક કરેલ અધિકારી (બ) RBIના અધિકારી

(ક) (અ) તથા (બ) (ડ) એક પણ નહિ

11. RBI દ્વારા નીચેનો દર નક્કી કરવામાં આવતો નથી.

(અ) CRR (બ) PLR

(ક) બેંક દર (ડ) SLR

12. RBIનું પ્રથમ મુખ્ય કાર્યાલય ................ માં હતું.

(અ) મુંબઈ (બ) કલકત્તા

(ક) બેંગલોર (ડ) ગુજરાત

13. વર્તમાન સમયમાં RBIનું મુખ્ય કાર્યાલય ...............માં છે.

(અ) મુંબઈ (બ) કલકત્તા

(ક) બેંગલોર (ડ) ગુજરાત

14. RBIનાં પ્રથમ ગર્વનર ..................... હતા.

(અ) માર્શલ (બ) સ્મિથ

(ક) દેશમુખ (ડ) ફીશર

15. RBIના પ્રથમ ભારતીય ગર્વનર ............... હતા.

(અ) માર્શલ (બ) સ્મિથ

(ક) દેશમુખ (ડ) ફીશર

16. RBIનાં વર્તમાન ગર્વનર ...................... છે.

(અ) રઘુરામન (બ) ઉર્જિત પટેલ

(ક) ચિદમ્બરમ્ (ડ) શક્તિકાંતા દાસ

17. રિઝર્વ ફંડને ....................ના નામથી ઓળખવામાં આવે છે.

(અ) ડિવિડન્ડ (બ) સ્ટેચ્યુટરી રિઝર્વ

(ક) સામાન્ય અનામત (ડ) એક પણ નહિ

18. RBI ACT ......................માં પાસ થયો.

(અ) 6 માર્ચ 1930 (બ) 6 માર્ચ 1934

(ક) 6 માર્ચ 1935 (ડ) 6 માર્ચ 1939

19. RBIનાં ગર્વનરની નિમણૂક ................ દ્વારા કરવામાં આવે છે.

(અ) રાજ્ય સરકાર (બ) રાષ્ટ્રપતિ

(ક) ભારત સરકાર (ડ) કોઈ નહિ

20.. ...................... માં RBIના કાર્યનો સમાવેશ થતો નથી.

(અ) નોટ બહાર પાડવી (બ) બેંકોની બેંક

(ક) ક્રેડિટ કંટ્રોલ (ડ) બેંકનું ઓડિટ

21. RBIએ Bill Market Scheme .....................માં બહાર પાડ્યા.

(અ) 1952 (બ) 1960

(ક) 1970 (ડ) 1980

22. બેંકિંગ ઓફ એગ્રિકલ્ચર ટ્રેનિંગ કોલેજ ...............માં સ્થાપવામાં આવી.

(અ) પૂના (બ) જયપુર

(ક) ઉદયપુર (ડ) ગુજરાત

23. વર્તમાન રેપો રેટ .................. છે.

(અ) 5.20% (બ) 5.30%

(ક) 6% (ડ) 5.15%

24. RBIનાં વર્તમાન રિવર્સ રેપો રેટ ................. છે.

(અ) 4% (બ) 4.90%

(ક) 5% (ડ) 5.90%

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. (બ) | 2. (ડ) | 3. (અ) | 4. (બ) | 5. (અ) | 6. (ક) | 7. (અ) |
| 8. (ક) | 9. (અ) | 10. (ક) | 11. (બ) | 12. (બ) | 13. (અ) | 14. (બ) |
| 15. (ક) | 16. (ડ) | 17. (બ) | 18. (બ) | 19. (ક) | 20. (ડ) | 21. (ડ) |
| 22. (અ) | 23. (ડ) | 24. (બ) | | | | |

**પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

1. રિઝર્વ બેંકનો ઇતિહાસ સવિસ્તાર સમજાવો.
2. રિઝર્વ બેંકના ઉદ્દેશો જણાવો.
3. રિઝર્વ બેંકનું સંગઠન સવિસ્તાર સમજાવો.
4. RBIની વિવિધ સહાયક કંપનીઓ વિશે નોંધ લખો.
5. મધ્યસ્થ બેંકના મુખ્ય કાર્યો સવિસ્તાર સમજાવો.
6. પારિભાષિક શબ્દોનો અર્થ આપો.
    1) CRR
    2) SLR
    3) રેપો રેટ
    4) રિવર્સ રેપો રેટ
7. નીચેનાના પૂરા નામ આપો.
    1. RBI
    2. CRR
    3. SLR
    4. NPA
    5. NHB
    6. DICGC
    7. BRBNMP

BAOU
Education for All

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે, હો દશે દિશે શુભ-લાભ. ?

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળાં પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મહેંકે;
બંધન નહીં કો’ સ્થાન સમયનાં જવું ન ઘરથી દૂર,
ઘર આવી મા હરે શારદા દૈન્યતિમિરનાં પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે,મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ
ભવ્ય રાષ્ટ્રનિર્માણ...
દિવ્ય રાષ્ટ્રનિર્માણ...
ભવ્ય રાષ્ટ્રનિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**